દ્રવ્ય તથા રૂપાના મૂલની ન્યૂનતા

વિષેનાં

ભાષણ:

["જ્ઞાન પ્રસારક મંડળી" આગળ કીધેલાં.]

ઇંગ્રેજીમાં અગત્યના ખોલાસા સાથે.

કર્ત્તા

નસરવાનજી હીરજીભાઈ પટેલ.

"કરકસર એતેજ એક મોટી આવક કહેવાય."

સિસરો.

મુંબઈ:

કયેસરે હિંદ છાપાખાનામાં ફરામજી ભીમજીભાઇ પ્રિંતરે છાપ્યું છે.

૧૮૮૦.

"કયેસરે હિંદ છાપાખાનું"
ના૦ ૨, તૅાદ સ્ત્રીત: કોટ;
મુંબઈ.

LECTURES

ON

WEALTH & THE SILVER QUESTION:

DELIVERED IN CONNECTION WITH THE "DNYAN PRASARAK MANDALI."

WITH COPIOUS NOTES IN ENGLISH.

BY

N. H. PATEL.

"Economy is of itself a great revenue."
Cicero

Bombay:
Printed by Framji B. Printer, at the "KAISER-I-HIND Press."
1880.

Registered under Act XXV of 1867.

The "KAISER-I-HIND Printing Press,"
No. 2, Todd Street, Fort;
BOMBAY.

લિંબડીના માનવંતા ઠાકોર સાહેબ,

મહારાણા શ્રી જસવતસીંગજી,

જેઓ એક રાજ્યકર્ત્તાતરીકે પોતાના સુધરેલા વિચારો માટે તથા
પોતાના દેશી ભાઇયોમાં કેળવણીનો પ્રસાર કરવાની
ઉત્કંઠામાટે પ્રસિદ્ધ થયલાછે,

તેઓને

આ પુસ્તક

કર્ત્તાએ

સન્માનપૂર્વક

અર્પણ કર્યુંછે.

DEDICATED

TO

HIS HIGHNESS JASVATSINGJI,

THAKORE SAHEB

OF

LIMRI,

A Prince remarkable for his enlightenment
and love of educational progress
among his countrymen,

AS A MARK OF RESPECT AND ESTEEM,

BY

THE AUTHOR

પ્રસ્તાવના.

કાળના ફરતા ચક્ર સાથે કેળવણી, વિદ્યા-કળા, ભણતર, શાસ્ત્ર, નીતિ, તત્વ-જ્ઞાન, ઇત્યાદિનો વધારો અને ફેળાવો થતો જાયછે. એવા સમયે પ્રજાઓની સંપત્તિ અને સમૃદ્ધિ વિષે શીખવનારા એક અગત્યના શાસ્ત્રના નિયમો જેનું જ્ઞાન થોડું ઘણું સર્વ કોઇને અગત્યનું છે તે વિષે સાધારણ સમજણ આપનારાં જે ભાષણ અત્રેની પ્રખ્યાત **જ્ઞાન પ્રસારક મંડળીમાં** ૧૮૭૩ના વર્ષથી મેં કીધાં હતાં તેમાં **રૂપાના મૂલની ન્યૂનતાને** લગતા આખી સુધરેલી દુનિયામાં અગત્યના થઇ પડેલા પ્રશ્ન વિષે આ ચાલુ સાલમાં આપેલું ખાસ ભાષણ ઉમેરી, અભ્યાસીને તેમજ સાધારણ વાંચનારને કામ લાગે એવા ઇંગ્રેજી ખોલાસા સાથે, તે સર્વનું એક સામટું પુસ્તક કેટલાક મિત્રોની ભલામણથી છપાવી બાહેર પાડવાને મને યોગ્ય લાગ્યુંછે.

જેઓએ આ પુસ્તકને આગમજથી આશ્રય આપ્યોછે તેઓનો અને તેમાં મુખ્ય કરી કેટલાંક **દેશી રાજ્યોનો**, તથા મારા આગલા માનવંતા **ઍલફિન્સ્તન કૉલેજના મુખ્ય પાઠક** ને હાલના **કેળવણી-ખાતાના વડા મી૦ ચૅટફીલ્ડ** જેઓએ ચૉકસ સરતે સારો આશ્રય આપવા માન્ય કર્યુંછે તે સર્વનો આ પ્રસંગે હું ઉપકાર માનુછું.

અત્રે મારે જણાવવું જોઇયે કે કેટલાક વિદ્વાનોનાં મતને અનુસરીને, સાધારણ રેવાજથી વેગળા જઇ, આ પુસ્તકમાં ઇંગ્રેજી કે બીજી યુરોપિયન ભાષાના જે જે શબ્દો આવેલાછે તેઓની વર્ણ-શુદ્ધિ મેં તે ભાષાઓને અનૂકુળ રાખીછે, જેથી કોઇપણ ઠેકાણે તેવા શબ્દોમાં મુર્દ્ધાક્ષર વાપરવામાં આવ્યો નથી. વળી જ્યાં જ્યાં ઉચ્ચાર ટુંકો હોયછે ત્યાં ત્યાં મેં ˘ માત્રા વાપરીછે, જેમકે **ચૅાળી** = એક જાતની તરકારી. ^ માત્રા **લાંબા** ઉચ્ચાર માટેજ વાપરીછે, જેમકે **ચોળી** = એક જાતનું પેહેરણ.

ઘણી સંભાળ રાખવા છતાં આ પુસ્તકમાં કેટલીક જોડણીની ભૂલો રહી ગઇછે તે વાંચનાર ક્ષમા કરશે એવી આશા છે.

ન. હી. પ.

સાંકળિયું.

શુદ્ધિપત્ર.

પાન	અશુદ્ધ	શુદ્ધ
૨	ડૉકતર હાવિ	ડૉકતર હાર્વિ
૩૮—૪૦ (મથાળે)	દૉલતની ઉત્પંતી	દૉલતની વેંહેંચણી
૯૬	૧૬૭૫	૧૬૯૪
૧૬૧ (Note 8)	if two sorts	of two sorts
૧૬૫ („ 13)	cresa	cares

દૉલત કૅમ પૅદા થાયછૅ તે વિષે

તા૦ ૮મી એપ્રિલ ૧૮૭૩ ને દિને "જ્ઞાન પ્રસારક મંડળી" માં તથા તા૦ ૨૮ મી મે ૧૮૭૩ ને દિને "ખોજા જૅનરલ મીતિંગ" માં કીધેલું

ભાષણ.

સાહેબો,

જે ભાષણ સાંભળવાને આજ દિને તમો સઘળા અતરે ભેગા થયાછો તે ભાષણ દૉલતની ઉત્પંતી વિષેછૅ. એ બાબદ "પોલિતિકલ ઇકૉનૉમિ" ઇઆને "અર્થવિદ્યા" નો એક ભાગછૅ. 'અર્થવિદ્યા'ના બીજા ભાગો બીજા ભાષણોમાં સમજાવવાનો મારો વિચારછૅ માટે એ ખુદ અર્થવિદ્યા શી છૅ તે મારાં આ પેહેલાં ભાષણ મધે ટુકમાં જણાવવાની જરૂરછૅ. એ બાબદ એવી મનોરંજક અને તે સાથે એવી અગત્યનીછૅ કે તેનું જ્ઞાન એક મોટામાં મોટા રાજ્યઅધિકારીથી તે હલકામા હલકી કિસમના એક વીદ્યાર્થિએ પણ મેળવવું જોઇએ એટલુંજ નહિ, પણ એ એક એવી માહાભારત વિદ્યાછૅ કે જેમાં માહા વિદ્વાનોના મતફેરથી તેના મુખ્ય કાનુનો વખ્ત જતે વધારે અને વધારે અગત્યના થઇ પડેછે. વળી એજ વિદ્યા માણસજાતની એટલેજે પ્રજાઓની ચહડતી અને પ્રજાઓની કુશળતા અને સુખાકારીના વધારાની અને તે વધારવાના મુખ્ય હથિયારો, મુખ્ય ઉપાયો, મુખ્ય મુળ, મુખ્ય ઝરા—એ સઘળાંની અગત્યની, જાણવા યોગ્ય, બોધ શિખાડનારી, બારીક, વિગતવાર સમજણ આપેછૅ; માટે એ વિદ્યા કેટલી માહાભારત, કેટલી મોતેબર, કેટલી ઉમદા, કેટલી અગત્ય ધરાવનારી, કેટલી જાણવા લાયક અને કેટલી ઉપયોગી હોવી જોઇએ અને છૅ તેની મુનસફી તમોનેજ હું સોંપુંછું, અને એ વિદ્યાના કાનુનો એક સારી રચાયલી વિદ્યા

તરીકે કયારથી હસ્તીમાં આવ્યા તે પર તમારૂં ધ્યાન લગાડવા માગુંછું. તમો સર્વને સારી પેઠે રોશનછે કે ખુદરતી કાયદાઓ હમેશ જેવાને તેવાજ રહેછે. પણ જ્યાંસુધી તે કાયદાઓ અંધારામાં રહેલા હોયછે એટલેજે જ્યાંસુધી તે કાયદાઓ આપણને આશકારા થાયલા નહિ હોતા, ત્યાંસુધી જાણે તેઓ હસ્તીમાંજ નહિ હોય એમ આપણને લાગેછે. દાખલા તરીકે, **લોહીનું ફરવું** એજ લઇએ. હવડાં આપણ જાણયે છીએ કે લોહી આપણાં શરીરમાં ફરેછે. એજ મિસાલ મગરેબથી મશરેક સુધી અને ઉત્તરથી દક્ષિણ સુધી પૃથ્વિના દરએક ભાગના હવડાંના રેહેવાસીઓનાં દિલમાં જેમ લોહી ફરેછે, તેમ અસલી જમાનાનાં લોકોનાં દિલમાં પણ ફરતું હતું અને ફરવુંજ જોઇએ એ વાત હવડાં કોણ ના પાડી શકશે? કોણ અતરે એવી તાકાત ધરાવેછે કે તે કહે કે જેમ લોહી હવડાં આપણાં શરીરમાં ફરેછે તેમ આપણી આગલ આફાની દુનિયામાં વાસો કરી ગએલાંઓનાં બદનમાં કાંઈ ફરતું ન હતું? ત્યારે જોકે '**લોહીનું ફરવું**' એ ખુદરતી કાયદો **અસલથીજ** હસ્તી ભોગવેછે તોપણ **દાકતર** હાર્વિના વખ્ત અગાઉ એ બીનાના જ્ઞાનથી લોકો બેનસિબ રહેલાં હતાં, અને લોકોનાં અજ્ઞાનપણામાં એ ખુદરતી કાયદાની હસ્તી ગોયા હતીજ નહિ. એજ પ્રમાણે જોકે '**અર્થવિદ્યા**' ના કાનુનો કાંઈ ખુદરતી કાયદા નથી પણ તેઓમાંના કેટલાક ખુદરતી કાયદાઓને આધીન હોયાથી ઘણુંક થયું હસ્તીમાં હતા, તોપણ જ્યાં સુધી તેઓ સારી ગોઠવણથી રચાયલા ન હતા ત્યાં સુધી ગોયા તેઓની હસ્તી નકામી હતી. જોકે '**ઇકૉનૉમિ**' એ શબ્દ ઘરખટલાના કીફાયતી કારભાર પરથી રાજ્યદ્વારી કારભારને નામીચા યુનાની ફીલસુફ '**ઍરિસતૉતલ**' ના વખ્તથી લાગુ પડેલોછે, જોકે ૧૭મી સદીની આખેરીએ ફ્રાન્સ અને ઇંગ્લંદ ના કેટલાક લખનારાઓએ ખેતીવાડી અને વેપારના કાયદાઓનો મુકાબલો કરવાનું શરૂ કર્યું હતું, અને જોકે એ અરસામાંજ કેટલાકો વેપારના કાનુનો સંબંધી ભારે ચરચા ચલાવતા હતા, તોપણ લગભગ ૧૮મી સદીની અધવચ્ચ સુધી '**અર્થવિદ્યા**' ના કાનુનોએ એક સારી રચાયલી વિદ્યાના આકારમાં દેખાવ દીધેલો ન કહેવાય. ૧૮મી સદીની અધવચ્ચમાંજ નામીચો ફ્રેન્ચ ફીલસુફ મો. કેને એ વિદ્યાને સારી ગોઠવણથી રચવામાં બહુ મશગુળ હતો, અને

તેની મેહેનતથીજ તે વખ્તે એ વિદ્યાપર લખનારાઓનો એક વર્ગ ઉભો થયો જે ફ્રેન્ચ **ઈકૉનૉમિસ્ટ્સ** ને નામે ઓળખાયછૅ અને જેમાં ઘણાક વખાણાયલા વિદ્વાનોનાં નામો દીઠામાં આવેછૅ. હવે અર્થવિદ્યાનો વિષય **દૉલત** છૅ. પણ એટલુંજ કહેવું બસ નથી. લંબાણથી ખોલાસો કરી એ વિદ્યા શું શિખવેછૅ ઇઆને શા વિષે શિખવેછૅ તે બરાબર રીતે જણાવવું જોઇએ, અને તૅમ કરતાં આ જમાનાના સર્વથી વખાણાયલા ફીલસુફ **જૉન સ્તુઅર્ત મિલ**ના બોલોમાં બોલીએતૉ "પોલિતિકલ ઇકૉનૉમિ" એ "એવી વિદ્યાછૅ કે જે દૉલતના ગુણો અને તેની ઉત્પંતી અને વેંહેંચણીના કાનુનો શિખાડેછૅ." એ ઉપરાંત દૉલતની અદલબદલી અને ખર્ચ વિષે પણ એજ વિદ્યા શિખાડેછૅ.

નામાંકિત ફ્રેન્ચ ગ્રંથકાર મો. સે પોતાના **"કૂર દૅકોનૉમી પોલીતીક પ્રાતીક"** નામના વખાણાયલા ગ્રંથની શરૂઆતમાંજ વિચાર આપેછૅ કે "**પોલિતિકલ ઈકૉનૉમિ**" માણસના મંડળી તરીકેના કારભાર શિવાય બીજું કાંઈ નથી તેટલા માટે એ વિદ્યાને "**સોશિયલ ઈકૉનૉમિ**" નું નામ આપવું વધારે છાજતું લાગે. જે પ્રમાણે માણસનાં શરીરના ગુણો અને તેના જુદા જુદા ભાગોના ઉપ્યોગ અને અખત્યારનો અભ્યાસ કર્યાથી વિચારોનો સંગ્રહ ઉપજી એક વિદ્યા બનીછૅ જેને '**ફિઝિઑલૉજી**' ઇઆને **પ્રાણી–ગુણ–જ્ઞાન**નું નામ આપ્યામાં આવ્યુંછૅ, તેજ પ્રમાણે **માણસાઈ મંડળીના બાંધા**ના જુદા જુદા ભાગોના ખાસ ગુણો અને કામકાજોના અભ્યાસથી પૅદા થતા વિચારોના સંગ્રહને '**પોલિતિકલ ઈકૉનૉમિ**' નું નામ આપ્યામાં આવ્યુંછૅ, જે વિદ્યા ટુકમાં બોલીએ તૉ '**મંડળીક શરીરની ફિઝિઑલૉજી**' છૅ.

રિકાર્દોનાં મત પ્રમાણે અર્થવિદ્યાનું મુખ્ય કામ જમીનના માલેકો, થાપણવાળાઓ અને મેહેનત કરનારાઓ વચ્ચે થતી દૉલતની વેંહેંચણીના બરાબર કાનુનો ચૉક્સ કરવાનું છૅ.

આગળ મૅં ઘણીવાર 'દૉલત' શબ્દ વાપર્યોછૅ. હવે સાધારણ રીતે 'દૉલત' ને લોકો **પૈસા** અથવા **શિક્કા** તરીકેજ ગણેછૅ, પણ મારે કેહેવું જોઇએ કે 'અર્થવિદ્યા' થી અણજાણા એ બોલનો જે અર્થ ઉઠાડે તેથી તદન જુદાજ અર્થમાં એ વિદ્યા પર લખનારાઓ તેને વાપરેછૅ.

બધાઓને પડતા મેળી એ શબ્દ 'મિલ' કૅમ વાપરેછે તે પરજ ધ્યાન આપવું બસ થશે. એ ગ્રંથકારનાં કહેવા મુજબ "દરેક ઊપ્યોગી અથવા દિલપસંદ ચીજ જે કાંઈ પણ કિમત ધરાવતી હોય અને જેને બદલે કાંઈ પણ તેવી બીજી કિમત મળી શકે ઇઆને જેની ફેરબદલી થઇ શકે અને જે જેટલી આપણને જૉઇએ તેટલી મેહેનત કે એવોજ બીજો દામ આપ્યા વિના મળી ન શકે તેને 'દૅાલત' કહેવી." એ ઊપરથી તમો જૉશો કે સાધારણ રીતે 'દૅાલત' થી જે કાંઈ લોકો સમજે છ તે માત્ર દૅાલતની એક જાત છૅ, માટે એક જાતનીજ દૅાલતને દૅાલત તરીકે ગણવી અને દૅાલતની બીજી સઘળી જાતોને દૅાલત ન કહેવી એ કેટલું બેહુંધું અને ભુલભરેલું કહેવાય? જે 'પુલપિત' પર ઉભો રહી અતરે હું બોલુંછું, જે ખુરસીઓ પર બૅસી તમો હવડે મને સાંભળોછો, જે મેજ આગળ આ સભાના સરનશીન બીરાજેલાછે, જે પંખાથી આ ફરમાશુ ગરમીમાં અતરે કેટલાકો પોતાનાં બદનપર શિતળ વાયુ ફુકે છૅ—એ 'પુલપિત', એ 'ખુરસીઓ', એ 'મેજ', અને એ 'પંખા' ને સાધારણ રીતે કૅાણ 'દ્રવ્ય' ગણેછૅ? પણ અર્થવિદ્યા પ્રમાણે તો તેઓને દ્રવ્ય કહેવુંજ જૉઇએ અને તેઓ દ્રવ્ય છૅજ એ વાત કોઈ પણ ના પાડી શકશે નહિ.

હવે 'અર્થવિદ્યા'નો ઈતિહાસ ઇઆને તવારીખ સાથનો સંબંધ જુઓ. અર્થવિદ્યા એવી વિદ્યા છૅકે જેનો મુળ પાયો ગણત્રી અને ખરેખરી બનેલી બીનાઓ જેઓનાં 'ખરાંપણાંની પુરવારી થઇ શકે' તેઓ પર સ્થાપેલોછૅ. હવે 'ગણત્રી' જેને ઇંગ્રેજીમાં 'સ્તૅતિસતિકસ' (એટલેજે 'દેશસ્થિતી રીતિ પ્રકરણ) કહેછૅ તેનું તત્વ કહેવાય, પણજે ખરી બીનાઓ અને માણસજાત વચેના જુદા જુદા સંબંધોની નોધ લૅવાવીજૉઇએ તે 'તવારીખ' માં નોધાયછૅ અને બરાબર રીતે ગોઠવ્યામાં આવેછૅ. આ ઉપરથી તરત દેખાઇ આવેછૅ કે જે મુળ ઉપર એ વિદ્યાનો મુખ્ય પાયોછૅ તે સઘળું તવારીખમાંથી મળેછૅ. એટલા માટે જો એ વિદ્યાને એક મુલક સાથે સરખાવીએ અને પછી તે મુલકના દરવાજા તવારીખ ઇઆને 'ઈતિહાસ'છે એમ આપણે કહીએ તો અર્થવિદ્યાનો ઈતિહાસ' સાથનો સંબંધ હરકોઇના ધ્યાનમાં સેહેલથી ઉતર્યાવિના રહે નહિ.

મેં ઉપર કહયુંછેકે અર્થવિદ્યાનો મુખ્ય પાયો ગણત્રી અને ખરેખરી બનેલી બીનાઓ જે તવારીખમાં નોધાયછે તેપર સ્થાપેલોછે, અને ગણત્રી એ 'સ્તૅતિસતિક્સ' નું તત્વછે. માટે અર્થવિદ્યા સાથ જેટલો સંબંધ 'ઇતિહાસ' ધરાવેછે તેટલોજ સંબંધ ઘણું કરીને સ્તૅતિસતિક્સ એટલે જે 'દેશ–સ્થિતી–રીતિ–પ્રકરણ' બી ધરાવેછે એમ જો હું કહું તો મને આ નિચલી બીનાથી ટેકો મળ્યા વિના રહે નહિ. તે બીના એ છે જે અર્થ-વિદ્યાપર લખનારાઓને એક દેશના વિસ્તાર, તેનાં રહેવાસીઓની સંખ્યા, તેની ખેતીવાડી અને કારખાનાઓ, તેનું દ્રવ્ય અને બળ, તેનો ઉદ્યોગ અને વેપાર, તેની ઉપજના મુખ્ય મુળો, ઇત્યાદિ, વિષેની સઘળી ચોકસ હકીકત 'સ્તૅતિસતિક્સ' એટલે 'દેશ–સ્થિતી–રીતિ–પ્રકરણ' પર-થીજ મળેછે.

એક ગ્રંથકારના મત પ્રમાણે અર્થવિદ્યાનો પાયો ચાર તત્વ-સિદ્ધાંતો પર રચાયલોછે જે નિચે મુજબછે;—અવ્વલ, દરેક માણસને દ્રવ્ય મેલ-વવાની અને કાંઇ પણ ભોગ ઇચ્છા નુકસાન વગર તેમાં વધારો કરવાની ખાએસ હોય છે;—બીજું, એજે, નીતિ સંબંધી અડચણો, અંગ સંબંધી પીડાઓ એટલેજે દર્દો, અને ઉપયોગી, દિલપસંદ, કિમતવાળી, ફેર-બદલી થઇ શકે એવી, અગત્યની વસ્તુઓ બરાબર ન મળી શકે તેની ભય– એ ત્રણ મુખ્ય કારણોને લીધે પૃથ્વિના રહેવાસીઓની સંખ્યા હદમાં રહે-છે;—ત્રિજું એકે, 'મેહેનતથી નિપજેલી દૉલતને વધારે દૉલત ઉત્પન્ન કરવામાં બરાબર રીતે કામે લગાડયાથીમેહેનતનો અમલ બેહદ વધી શકેછે;' —ચોઠું એજે, 'ખેતીવાડીના હુનરમાં સુધારો ન થતો જાય, અને જમીન પર કામે લગાડેલી મેહેનત જો વધારીએ તો તે વધારાના પ્રમાણ મુજબ પૅદાસનો વધારો થાય નહિ,' ઇઆને, બીજા બોલોમાં બોલીએતો, ખેતી-વાડીનો હુનર જેમનો તેમ રહે અને જમીનપર કામે લગાડેલી મેહેનતનો જો વધારો થાય, તો પૅદાસનો જે કાંઇબી વધારો નિપજે તે, તે મેહેન-તના વધારાના પ્રમાણથી ઓછોજ હોવો જોઇએ. આ છેલાં સિદ્ધાંત વિષે મારે એટલુંજ કહેવુંછે કે ખેતીવાડીનાં બાબમાં તે એક ઘણોજ અગત્યનો કાનુન ગણાયછે.

આ ખોલાસો કીધા બાદ હવે માણસજાતની મંડલી તરીકેની હા-

લતમાં અવ્વલથી રફ્તે રફ્તે થાયલા સુધારાના નામાંકિત મિલે આપેલા પાંચ તબક્કાનો હું મુખ્તેસર અહેવાલ આપુંછું.

તબક્કો પેહેલો.—જે હાલત સર્વથી ગરીબાઇ ભરેલી હતી તે એકે જેમાં માણસો ફક્ત શિકાર કરી કે માછલાં મારી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેઓ જંગળી જનાવરોનાં ચામડાંઓ વસ્ત્ર તરીકે વાપરતા અને કામરાંનાં બાંધેલાં જુફડાંઓમાં રેહેતા. તેઓમાં ઘણુંકરી દરેક થોડાક જમીનના કટકાનો, થોડા શિકારના અણકિસબી હથિયારોનો, અને કેટલાંક જેવાં તેવાં બનાવેલાં કામસરે એવાં અગત્યનાં વાસણોનો ધણી ગણાતો. ઘણું કરી દરેક પોતપોતાની મેહેનતથી પોતાનું ગુજરાન કરતો. એ સ્થિતી ગોયા **જંગળી હાલતની** હદ પર આવેછે એમ કહીએતો ચાલે.

તબક્કો બીજો એકે જેમાં મેહેનતુ અને કરકસરવાલાં માણસો પોતાની અથવા લાગતાંવળગતાંઓની મેહેનતથી કરી પશુ જાનવરો ઇઆને ઢોરોને ચરાવતાં, પાળતાં અને તેઓથી નિપજતી પૅદાસ—મુખ્ય કરી, દુધ અને દુધથી બનતી તહરેવાર ચીજો, (મલાઇ, માખણ, દહી, ઇત્યાદિ) પર પોતાનું ગુજરાન કરતાં. આ હાલત ખરી રીતે જોતાં "**ભરવાડ સ્થિતી**" કેહેવાઇ શકાય. એ સ્થિતીમાં દરેકને ફુરસદ ભોગવવાનું બની આવતું, મેહેનત અને કરકસરના પ્રમાણ મુજબ દ્રવ્યનો સંગ્રહ એક કરતાં બીજા પાસે વધારે ઓછો થવા લાગ્યો, સારી જાતનાં વસ્ત્રો અને સારી બનાવતનાં વાસણો, હથિયારો, ઇત્યાદિ; વપરાવા લાગ્યાં, નવી નવી હાજતો અને નવી નવી ચીજોનો ખપ નિકળતો ગયો, જે પુરી પાડવાને આ હાલતમાં ખોરાકની પુષ્કળતાથી કરી બની આવતું, અને '**મનશીળ વિધાઓ**' પર ધ્યાન આપવાનું શરૂ થયું. લોક–કથા એવીછે કે **કાલદિયાના ભરવાડોએ** 'ખગોળ-વિધા' ના સંબંધમાં કેટલીક શોધો કીધી હતી. આ દંતકથામાં થોડી સચ્ચાઇ લાગેછે એમ '**મિલ**' કહેછે, અને આ ૧૯મી સદીના વખાણાયલા ફીલસુફી કવિ '**ઉઅર્દઝઉઅર્થ**' ની "**ધ ઍક્સકરશન**" નામની પ્રસિદ્ધ કવિતામાં તેને ટેકો મળેલોછે. આ પસંદ કરવા જોગ સ્થિતીના સંબંધમાં નાટક–કવિઓના સરદાર જગપ્રસિદ્ધ '**શેક્સપીઅર**' ના "**કિંગ હેનરી ધ સિક્સ્થ**" નામના નાટકના ત્રિજા ભાગમાં (બીજા અંકના પાં-

ચમાં પ્રવેશે) ઇંગ્લંદના છઠા હેનરી રાજાના મોહોમાં મુકેલા "અરે ખોદા! ફકત એક સાદા ભરવાડ કરતાં વધારે ઉંચે દરજ્જેનો હું ન હતે તો મને લાગેછે કે મારી હાલત બહુ સુખાકારી ભરેલી હતે," ઇત્યાદિ, એ બોલોની યાદ આપ્યાથી અને એજ મતલબના સખુનો તાજુબી ઉપજાવનારા 'તેલેમાક' નામના ફ્રેન્ચ ગ્રંથમાં અને બીજે ઘણે ઠેકાણે આવેલાછે એમ કહયાથી આ હાલતની ખુબી તમારી મેલે પીછાણવાને તમોને બની આવશે.

તબક્કો ત્રિજો.—હવે જેમ જેમ માણસ અને ઢોરની વૃદ્ધી થતી ગઈ તેમ તેમ માણસની મેહેનત વગર ખુદરતથી નિપજતા ખોરાક અને ઘાસચારાની તંગી પડવા લાગી અને માણસોને ખેતી કરવાની ફરજ પડી જેથી **ખેડુતો ઇઆને કણબીઓનો** વર્ગ ઉભો થયો. એજ હાલતમાં વેપારીઓનો એક વર્ગ **હસ્તીમાં** આવ્યો જે બે ભાગમાં વેહેંચાઈ ગયો હતો—એકતો '**દાના ઇઆને અનાજના વેપારીઓ**' અને બીજો '**નાણું ધીરનારાઓ**' નો.

તબક્કો ચોહો અને પાંચમો.—કણબીઓના બપથી જીઆદા નિપજતી પેદાસ ઘણું કરીને આગળા વખતમાં એશિયાખંડનાં અને બીજાં રાજયોમાં રાજયકર્તાઓ તેઓ પાસથી છિનવી લેતા હતા, જેથી તે રાજયકર્તાઓ, તેઓનાં કુટંબો, તેઓના માનીતાઓ, અને તેઓના ઓધેદારોને માટે મોજમજાહની અને કિમતી ચીજો હુનરથી બનાવવાનો ખપ પડવા લાગ્યો જે ખપ પુરો પાડવાને **કારીગરો અને કીસબીઓનો** એક વર્ગ ઉભો થયો અને તે બનાવેલી ચીજો જેઓના ખપને માટે બનાવેલી હોય તેઓને સેહેલ અને સગવડભરેલી રીતે પોહોંચાડવાને વેપારી અને **દુકાનદારો** નિકળવા લાગ્યા.

સાધારણ રીતે એમ કહેવાયછે કે લશ્કરી અમલદારો સર્વ ચીજ લશ્કરી નજરે જુએછે, ન્યાયધીશો અને ધારાના હિમાએતીઓ સર્વ ચીજ ધારાની નજરે જુએછે, અને ધર્મગુરૂઓ સર્વ ચીજ ધર્મની નજરે જુએછે, તે પ્રમાણે વેપારીઓ સર્વ ચીજ વેપારીની નજરે જુએછે, માટે નામાંકિત '**એદમ સ્મિથ**' ના વખત અગાઉ જે કાનુનો **મરકનતાઈલ થીઅરી** ને નામે ઓળખાતા હતા તેઓએ લોકોને શું શિખવવાનું ધારણ કર્યું હતું

તેપર હવે તમારૂં ધ્યાન હું લગાડવા માગુંછું. એ કાનુનો પ્રમાણે **પૈસોજ** 'દૅાલત' ગણાતો હતો, સૅાનારૂપાં જેવી કિમતી ધાતુઓની **આયાત** અને માલની નિકાસને બહુ ટેકો મળવા લાગ્યો, અને જેકાંઇ ઉદ્યોગથી એક દેશમાં પૈસા ઇઆને કિમતી ધાતુઓને જહાબંધ આવવાને બનતું તે ઉદ્યોગજ તે દેશની **એકંદર દૅાલત**માં ઉમેરો અને ફાયદો કરવામાં સર્વથી સારો અને સુતરો ગણાતો હતો. જે દેશો માલની આયાત અને પૈસા અને કિમતી ધાતુઓની નિકાસ કરતા તેઓ ખોટનો ધંધો કરતા અેમ ગણાવા લાગ્યું, જેથી એ કાનુનોનું ખોટારૂં **'અૅદમ સ્મિથે'** પ્રસિદ્ધ કીધું તેની આગમજ **દેશદેશો વચેના વૅપારમાં** બહુ ખલલ પડવા લાગી, કારણકે યુરપની સઘળી વૅપારી પ્રજાઓ પોતપોતાના દેશોમાં સર્વથી વધારે નાણું અને કિમતી ધાતુઓ આણવાને નુકસાનકારક રીતે હરીફાઇ કરતી હતી. એ કાનુનોથી **યુરપનાં** અને મુખ્ય કરી ઇંગ્લંદનાં મેહેસુલ સંબંધી **'અૅદમ સ્મિથ'** ના વખ્ત અગાઉ બહુ માઠી અસર થઇ હતી. આ **'મરકનતાઇલ થીઅરી'** જેથી **દ્રવ્ય** અને **પૈસો** એકજ અર્થના ગણાતા તેને દરેક વહિવાટમાં થતા **નફા** અને **ખોટ, આએપત** અને **ખર્ચ** ના હિસાબ આપવા કે દેખાડવાની સાધારણ રીત, ઇઆને **ચાલતા રેવાજ**થી કરી ઘણો ટેકો મળતો હતો. હવડાં પણ અગર આપણે કોઇને પુછીશું કે ફલાના શખ્શ પાસ કેટલી દૅાલત છે તૅા, તે ધણીની દૅાલત **સઘલી નાણાં રૂપી** હોય, કે **નાણાં અને મિળકત રૂપી** ભેગી હોય, કે **સર્વે મિળકત રૂપીજ** હોય, તૅાય ઘણુંકરીને તે દ્રવ્યના અરસાનો જવાબ નાણાંનાંજ રૂપમાં આપણને મળશે, કે તેની પાસે **આટલા હઝાર** કે **આટલા લાખ રૂપિયા છે.** પણ પૈસા અને દ્રવ્યને એકજ અર્થમાં લૅવા—એ બહુ બેહુંધું અને બેવકુફી ભરેલું લાગેછૅ, કારણકે, પૈસો ફકત દ્રવ્યની એક જાત છે ઇઆને એક જાતનું દ્રવ્ય છૅ, અને દરેક જણને પોતાની આએપત સગવડ ભરેલી રીતે લૅવાને તે એક સારો અને સુતરો માર્ગ ઇઆને મારફત છૅ. એક દેશમાં દ્રવ્ય પૈસાના આકારમાં હોય કે ન હોય તેમાં ફેર માત્ર સગવડનો છૅ, અને તેનો મિસલ જો આપવો હોય તૅા ('મિલ' કહેછે તેમ) **'પાણી ઈઆને બાફના જોસથી દલવા પિસવા'** અને **'હાથે દલવા પિસવા'** વચેનો ફેર છૅ. નાણાં રૂપી

દ્રવ્યથી હાંસલ થતી સગવડનો પુરતો ખ્યાલ નિચલા દાખલા પરથી તમારાં મગજમાં સેહેલથી ઉતરશે. કોઇએક શખ્શ પાસે કાંઈ પણ નાણું નથી પણ ફક્ત પોતાની જરૂરીઆત વતરોગે તેની પાસ પાંચ સાત ખુરસીઓ છે, જે વેચી તેના બદલામાં પોતાનાં ગુજરાન માટે તે ધણીએ ચોખા, દાળ, વતરોગે, થોડોક અનાજ અને બીજી ખોરાકી ખરીદવીછે. હરકોઈ ચોખાવારાને ત્યાં જઈ તે તેને કહેછેકે 'ભાઈ મારી પાસે આ ખુરસીઓ છે તેમાંથી થોડી હું તને આપવા માગુંછું અને તેના બદલામાં તું મને તેટલી કિમતના ચોખા આપ'. તે ચોખાવારાને કાંઈ ખુરસીઓ જોઇતી નથી અને ખુરસીઓના બદલામાં ચોખા આપવાને તે ના પાડેછે. ત્યારે તે કોઈ બીજા ચોખાવારાને ત્યાં અને કાંઈ બીજી ખોરાકી વેચનારને ત્યાં જાયછે અને ચોખા વતરોગે બીજી ખોરાકી તે ખુરસીઓના બદલામા માગેછે, પણ જ્યારે ત્યાંથી પણ કાંઈ વળતું નથી ત્યારે કોઈ સુથાર કે કૅબિનૅત-મેકર કે જેકોઇને ખુરસીઓ જોઇતી હોય તેવાઓની શોધમાં તે ફરેછે અને બહુ પછાડા માર્યાબાદ કોઈ હાથ લાગેછે તેને ખુરસીઓ આપી તેનું જે કાંઈ દામ મળેછે તેમાંથી ચોખા, દાળ, વતરોગેની જોઇતી ખોરાકી તે ખરીદેછે. આ ઉપરથી તમો જોશોકે તેની પાસે નાણાંરૂપી દ્રવ્ય ન હોયાને લીધે આટલી બધી રંજ અને અગવડ તેને ખમવી પડી; પણ હવે જો આ ખુરસીઓને બદલે તેની પાસે થોડાક રૂપિયા હતે તો પોતાની જરૂરીઆતની ખોરાકી તેને કાંઇપણ અડચણ વગર તરતજ મળી શકતે.

મુળ આરંભ ને લગતું સઘળું કહયાબાદ આ ભાષણની ખુદ બાબદના બારીક સવાલો પર આવ્યાં આગમજ મારે એટલું કહેવુંછેકે, આગલ ઍસારો કીધા મુજબ, 'અર્થવિદ્યા' **દૌલતની ઉત્પંતી, વેંહેંચણી, અદલબદલી અને ખર્ચ**–એ બધાં વિષે શિખાડેછે, તોપણ એકજ ભાષણની અંદર એ સઘળી બીનાઓ સમાઈ ન શકે અને જો સમાવી હોય તો એ મોતેબર વિદ્યાની ખરી કિમત ઇઆને ખુબી પીછાણવાને બની ન આવે–એ કારણોને લીધે એ સઘળી બીનાઓપર બોલવું હાલતરત મોકુફ રાખી આજ દિને ફક્ત "**દ્રવ્યની ઉત્પંતી**" એ એકજ બીના પર લંબાણથી વિગતવાર ખોલાસો કરવો ઠીક દીસેછે.

આપણ સર્વ સારી પેઠે જાણ્યે છીએ કે આદમજાતનું બચ્ચું કાંઈ પણ ચીજ એટલેજે મુળતત્વ પૅદા કરવાની તાકાત ધરાવતું નથી. સર્વેનો સાહેબ તે સર્વ શક્તિવાન જગકિરતારજ સર્વ ચીજ અને સર્વ તત્વો પૅદા કરેછૅ, અને ઇનસાન, એટલેજે ઇનસાનની મેહેનત, ફકત પૅદા કીધેલી ચીજોમાં ઉપયોગી ગુણો મુકી શકેછૅ, જેથી તે ચીજો કિમત ધરાવેછૅ અને અદલબદલ થઈ શકેછૅ. માટે "**દ્રવ્યની ઉત્પંતી**" એટલે ઍમ કે 'જે ચીજોની રજો ખુદરતથીજ હસ્તીમાં હોયછૅ તેઓમાં એવા ખાસ ગુણો મુકવા કે જેથી તેઓ ઉપયોગી, કિમત ઇઆને ખરીદ કરવાની શક્તિ ધરાવનારી, અને અદલબદલ થઈ શકે એવી બને.'

દ્રવ્યની ઉત્પંતીના ત્રણ અવશ્યક વિષયો ઇઆને બીજી રીતે કહીએતો **દૌલતના ત્રણ મુખ્ય ઝરા** અથવા **મુળ—જમીન, મેહેનત,** અને **થાપણ** છે.

મો. કેને અને તેના શાગિર્દો અને મલતીઆઓ જેઓ "ફ્રેન્ચ ઇકૉનૉમિસ્ટ્સ"ને નામે ઓળખાયછૅ તેઓના કહયા મુજબ "જમીન દૌલતનું અસલ અને મુખ્ય મુળછૅ." તેઓ કહેછૅકે 'એક પ્રજાની સધળી દૌલત તેના જમીનના માલેકોનાજ હાથમાં પેહેલ વેહેલી જાયછૅ, અને પછી સીધી કે આરકતરી રીતે તેમાંથી બીજા સધળાઓનો ખર્ચ થાયછૅ'.

"**ઍદમ સ્મિથ**" અને "**મકલક**" પોતાના ગ્રંથોમાં "**મેહેનત**" પર દ્રવ્યના મુળ તરીકે ખાસ ભાર મુકેછૅ. એ બૅ માહેલો પેહેલો કહેછૅકે "સર્વ ચીજોનું જે **અસલ ખરીદ—દામ** આપાવામાં આવ્યું હતું તે મેહેનત છૅ," અને બીજો કહેછૅકે "મેહેનતજ દ્રવ્યનું મુળછૅ, સર્વ પૅદાસ ઇઆને દૌલત મેહેનતનુંજ ફળછૅ, અને મેહેનત ધુળનું સૉનું કરવાની શક્તિ ધરાવેછૅ." આ બૅ ગ્રંથકારોનાં મતને મલતા આવતા ઇંગ્રેજી કવિ **દાયર**ના કવિતારૂપમાં આપેલા વિચારોનો સાર આ પ્રમાણેછૅઃ—"ખુદરત પોતાની ફરજ બજાવતાં જે કાંઈ આપેછૅ તે વસ્તુઓ બનાવવાનો **જંગલી અસબાબ** છે જે મેહેનતથીજ કરી દ્રવ્ય બનેછૅ."

દ્રવ્યના ખાસ ગુણો ઇઆને જે ખાસ ગુણો ધરાવ્યાથી એક ચીજ 'દૌલત' ગણાઇ શકે તે ત્રણછૅઃ—એકતૉ, **ઉપયોગમાં આવે અથવા કામ** લાગે તે ગુણ; બીજો, **હદમાંજ મળી આવવાનો ગુણ; અને** ત્રિજો,

કિમત ધરાવી અદલબદલ થઈ શકવાનો ગુણ. પણ '**માણસજાતનાં એકંદર દ્રવ્ય**' અને '**દરેક માણસનાં દ્રવ્ય**' વચ્ચે આ વિદ્યા પ્રમાણે ઘણો જાણવાયોગ્ય તફાવત છે, તેએકે, જે ચીજો જાતેજ કાંઈ ખુદ ઉપયોગી અને દિલપસંદ હોય તેજ માણસજાતનાં એકંદર દ્રવ્યમાં ગણાય, પણ, 'એક માણસનાં દ્રવ્ય' તરીકે તો હરકાંઇ ચીજ ગણાઇ શકાય કે જે જાતે ઉપયોગી હોય કે ન હોય તોય તેના ધણીને તેથી કરી જાતે ઉપયોગી ચીજોનો જે સંગ્રહ થાયલો હોય તેના થોડાક ભાગનો બીજાઓ પાસથી દાવો કરવાનો હક મળે. એના સંબંધમાં એક માણસનાં દ્રવ્યનો ખ્યાલ આ નિચલી સમજણ પરથી આપણાં મગજમાં સેહલથી ઉતરેછે. અગર એક જાદુઇ ખેલ કરનાર સાથ મારી અને મારે ગમે તેટલા મારા દોસ્તોની હજુર ત્રણ રાત સુધી તેનાં જાદુઇ તલેસમાતો કરી દેખાડવાની, અને તે ત્રણ દહાડા પુરા થયા પછી તેની મેહેનતનાં દામ તરીકે તેને ૩૦૦) રૂપિયા આપવાની હું કબુલાત કરૂં, અને પછી તે કબુલાત પ્રમાણે ચાલું કે ન ચાલું તોય માણસજાતનાં એકંદર દ્રવ્યમાં કાંઇ પણ વધઘટ થાય નહિ, કારણકે જો હું કબુલાત પ્રમાણે ચાલું તો પેલા જાદુઇ ખેલ કરનારને કબુલેલું દામ મારે આપવું પડે, જેથી ફકત એટલુંજ થાય કે એક ધણીના હાથમાંથી તે ૩૦૦) રૂપિયા બીજાના હાથમાં જાય, એટલેજે, મારા હાથમાંથી તે જાદુઇ ખેલ કરનારના હાથમાં જાય, અને તેથી તેનાં દ્રવ્યમાં વધારો થાય પણ માણસજાતનાં કુળ દ્રવ્યમાં કાંઇબી વધારો કે ઘટાડો ન નિપજે, કારણકે પેલો જાદુઇ ખેલ કરનાર જે દામ મારી પાસેથી લે તેના બદલામાં તે કાંઇ જાડુક, પાયદાર, હાથમાં જલવાઇ શકાય એવી ચીજ નહિ આળતો. પણ જે કાંઇ તે આળેછે તે ફકત એજકે મારા અને મારા દોસ્તોનાં દિલમાં તે ખુશી ઉપજાવેછે જે ખુશી જેટલો વાર લાગે તેટલાજવારની અને પછી તો કાંઇ ન મળે. હવે જુઓકે કબુલ્યા પ્રમાણે હું ન ચાલું તો શું પરિણામ નિપજે; કાંઇજ નહિ.—માણસજાતનાં એકંદર દ્રવ્યમાં ના થાય વધ કે ના થાય ઘટ અને વળી ફેરબદલી પણ ન થાય.

'મેહેનત' દોલતનું એક મુખ્ય મુળછે, અને તેટલામાટે તે વિષે લંબાણથી બોલવાની થોડીઘણી અગત્ય જણાયછે. આપણ સારી પેઠે જાણયે છીએ કે મેહેનત અંગથી થાયછે કાંતો મનથી થાયછે. **તનની મેહેનત**

ઇઆને **અંગની મેહેનત** તે એકે જેમાં શરીરના સ્નાયુ અથવા સાંધાઓ-નો ખાસ ઉપ્યોગ કરવામાં આવેછે, અને બરાબર બોલીએતો, તેને **સ્નાયુસંબંધી મેહેનત** કહેવી જૉઇએ. **મનની મેહેનત** એકે જે મનશકિતઓનો ઉપ્યોગ કરી કાંઇ પણ વિચાર કરવામાં કામે લાગેછે. પણ ઘણું કરી તન અને મનની મેહેનત ભેગી હોયછે.—અતરે હું બોલુંછું તેમાં તન અને મનની મેહેનતનો મેળાવડોછે. હવે બોલવાને બદલે અગર હું વિચાર કરી કાંઇ પણ લખવા બેસું તૉ તેમાં પણ તન અને મનની મેહેનત ભેગીજ હોવી જૉઇએ.

ફીલસુફો અને કવિઓ મનની મેહેનત બહુ પસંદ કરેછે અને તેને તન–મેહેનત કરતાં વધારે ઉંચો દરજ્જો આપેછે, જેની સાહાદતમાં **'શેકસપીઅર'**ના **"ધ તેમિંગ ઑવ ધ શ્રૃ"** નામના નાટકમાં તે નાટકના **નાયક પૅટ્રૂચિયોના** મોહોડામાંથી નિકળતા "અરે કૅત? મનથી કરી તનને જેબ મળેછે ઇઆને મન તનને માતબર કરેછે"—એ ચુનંદા સખુનોની તમોને યાદ અપી મારે કહેવું જૉઇએ કે 'અર્થવિદ્યા' પર લખનારાઓતૉ મન-મેહેનતની જે જાતથી તન–મેહેનત સવલ થઇ પડે એવા ઇલાજો કે સાંચા-ઓની શોધ નિપજે તેજ જાતને ફકત પસંદ કરેછે અને તેનેજ બહુ કિમતી ગણેછે.

દ્રવ્યની ઉત્પતીમાં મેહેનત **સીધી રીતે** કામે લાગેછે અથવાતૉ **આરકતરી રીતે** મદદ આપેછે. મેહેનત સીધી રીતે કામે લાગેલી ત્યારેજ કહેવાય કે જયારે જે ચીજ બનાવવી હોય તેજ ચીજ તેનાં પરિણામ તરીકે નિપજે, અને આરકતરી રીતે કામે લાગેલી ત્યારે કહેવાય કે જયારે જે ચીજ બનાવવી હોય તે ચીજની બનાવત સેહેલ કરવાને જે કાંઇ અગત્યનું હોય તેમાં ફાયદાકારક રીતે મદદ આપે. એની સમજણ આ નિચલા દાખલા પરથી જુઓ. મારી પાસે બૅવાર સકલાતછે; તેનો મારે એક દગલો સિવરાવવોછે; એક દરજીને બોલાવી તેની પાસે તે કપડું વેતરાવી તેનો દગલો કરવા હું તેને કહુંછું. દરજી ચાર કે પાંચ દહાડા પછી દગલો તૈયાર કરી લાવેછે. હવે એ દગલાની બનાવતમાં ફકત દરજીનીજ મેહેનત **સીધી રીતે** કામે લાગેલી કહેવાય, અને **મેંઢાના ગોવાલીઆની, ઉન કાપનાર, કાંતનાર, વણનાર, રંગનાર, સૉઇ દાગો બનાવનાર**—એ

સઘળાઓની મેહેનત તેમાં **આરકતરી રીતે** કામે લાગેલી કહેવાય. હવે દ્રવ્યની ઉત્પંતીમા મેહેનત ६) આરકતરી રીતે કામ લાગેછે તે જુઓ; **પેહેલીતૅા**, દ્રવ્ય ઉપજાવનારા ઉંદ્યોગમાં મેહેનત કરનારાઓના ખપને માટે ખૅારાક અને બીજી અગત્યની ચીજો બનાવવા અને પુરી પાડવામાં;—**બીજીતૅા**, જે જિન્નસો બનાવવી હોય તેની બનાવતમાં આવતો **અસબાબ** (જૅમકે કાપડ બનાવવાને માટે રૂકે ઉન) તૈયાર કરવામાં; **ત્રિજીતૅા**, જિન્નસોની બનાવતમાં કામે લાગતાં હથિયારો બનાવવામાં; **ચૅાઠીતૅા**, ઉદ્યોગથી નિપજેલી પૅદાસને ખુદરતી કારણોથી ખરાબ થતી તૅમજ માણસ કે જાનવરથી લુટાતી અટકાવવામાં, (જેવીકે કારખાનાંઓને માટે મકાનો બાંધવાની, અથવા શેહેરોના બચાવ માટે કિલ્લાઓ બાંધવાની, તૅમજ લડાઇના સિપાઇઓ પોલીસ, ન્યાયધીશ તથા કોટવાલની);—**પાંચમીતૅા**, એ પૅદાસો જયાં બનેલી હોય ત્યાંથી જયાં ખપે ત્યાં લઇ જવામાં અને જેઓને અગત્યની હોય, તેઓને વેંહેંચી આપવામાં, (જેવીકે આગગાડી, રસતા, વાહાણ, તથા આગબોત બાંધવાની, વૅપારીઓની, દુકાનદારોની, ઇત્યાદિ); અને **છેલીતૅા**, માણસોને પાળી પોષી ઉધારવામાં, (જેવીકે **માબાપો, રખેવાલો, દૅાક્તરો, શિક્ષકો, ધર્મગુરૂઓ, અને સરકારની**).

કેટલાક લખનારાઓ કહેછૅ કે ચૅાકસ કામોમાં માણસની જાતી મેહેનત કરતાં ખુદરતથી વધારે યારી મળેછૅ, અને કેટલાંકમાં મેહેનતથી વધારે બનેછૅ. એ તદન ગલતછૅ, કારણકે, કોઇપણ માણસ એવી તાકાત નથી ધરાવતો કે તેનાં કામમાં ખુદરત શૅા ઇઆને કેટલો ભાગ બજાવેછૅ તે બરાબર કહી શકે. **ફ્રૅન્ચ ઇકૅાનૅામિસ્ટસ** ઍમ કહેતા કે "હુનરથી ચીજો બનાવવામાં જે યારી ખુદરત આપેછૅ તે કરતાં વધારે મદદ તે ખેતીવાડીમાં આપેછૅ." **ઍદમ સ્મિથ** કહેછૅકે "હુનરથી ચીજો બનાવવામાં ખુદરત કાંઇ નથી કરતી, સઘળું માણસજ કરેછૅ."* પણ ઍમ કહેવું વાજબી નહિ ગણાય, કારણકે, જો એક ચીજ બનાવવામાં ખુદરત અને માણસની મેહેનત એ બંધે વગર ચાલેજ નહિ તૅા પછી તે ચીજ એ બંધેનું એકસરખું પરિણામ ગણાય. તમો તમારા હાથમાં એક કાતર ધરો અને તે વતે કાંઇ કપડું કાપો; પછી તમો પોતાનેજ સવાલ કરો કે તે કપડું કાપવામાં તે કાતરનાં બૅ પાનાંમાંથી કયાં પાનાએ વધારે કામ કીધું અને

જુઓ કે ખરી રીતે જોતાં શો જવાબ અપાઇ શકાય? એજ કે બન્ને પાનાંનો ઉપયોગ એકસરખો ગણાવો જોઇએ. હવે 'કાતર'નો દાખલો પડતો મેલી એક 'ચિપ્યા'નો દાખલો લઇએ. તમારી બાજુએ પેલી દેવાલ છે; એમ સમજો કે તેમાં એક ખીલો ઠોકેલોછે જે તમારે કહાડી નાખવોછે. એક ચિપ્યો લઈ તેનાં બે પકડ વચે પેલો ખીલો પકડી તે વતે તે ખીલો તમો ખેંચી કહાડો, અને પછી તમો પોતાનેજ સવાલ કરો કે એ બે પકડમાંથી દેવાલમાંથી ખીલો ખેંચી કહાડવામાં કયાં પકડે વધારે કામ કીધું અને જુઓ કે વાજબીની રાહે શો જવાબ મળી શકે? એજ કે તે બન્ને પકડનો ઉપયોગ એકસરખો ગણાવો જોઇએ. આ જવાબો ધ્યાનમાં રાખી ચોકસ કામોમાં કુદરત અને મેહેનતની યારી વિષે તમો જો વિચાર કરશો તો મેં જે આગલ કહયું તેને તમો સ્વિકાર્યા વિના રેહેશો નહિ.

મેહેનતથી ઉપજતા ઉપયોગ ત્રણ જાતનાછે, તે એકે, **ચીજોમાં ઉપયોગી ગુણો મુકવા, માણસોમાં ઉપયોગી ગુણો મુકવા, અને કામ કરવા ઇઆને સેવા બજાવવામાં આવતો ઉપયોગ.**

હવે મેહેનત કેઇ બે રીતે વધી શકે તે જોઇએ. મેહેનત એકતો **વિસ્તારમાં** અને બીજીતો **ખુબી** ઇઆને **ગુણમાં** વધી શકેછે. ઉપયોગથી નિપજતી પેદાસનો ઉપયોગ કરનારાઓની જેમ સંખ્યા વધે તેમ જો મેહેનત કરનારાઓની પણ સંખ્યા વધે તો મેહેનત **વિસ્તારમાં** વધેલી કહેવાય, પણ જો મેહેનત કરનારાઓની સંખ્યા જેટલીને તેટલીજ રહે અને યંત્રો તથા સાંચાઓની ખુબીથી દરેકની હુશિયારી વધી, વખતની કરકસર થયાથી તે વધુ ખપ પુરો પડી શકે તો મેહેનત **ખુબી** ઇઆને **ગુણમાં વધેલી** ગણાય.

પણ 'અર્થવિદ્યા' પ્રમાણે મેહેનત '**દ્રવ્ય ઉપજાવનારી**' અથવા '**દ્રવ્ય ન ઉપજાવનારી**' કેહેવાયછે.

દ્રવ્ય ઉપજાવનારી મેહેનત તે એવી મેહેનત કે જે કાંઈ પણ ખરીદ કરવાની શકિત ધરાવનારી, ઉપયોગી, અને અદલબદલ થઈ શકે એવી ચીજો ઉત્પન્ન કરે અને જે ચીજો જાહુક ઉપયોગ ધરાવ્યાના સબબે પોતાના બનાવનારાઓની હાજરી કે ગેરહાજરીમાં પણ પોતાનું

દામ ઉપજાવી શકે, જેવીકે, મોચીની, દરજીની, કાંતનાર, લોહાર, રૂ ઉગાડનાર, કાપડ બનાવનાર, ઇત્યાદિની. દ્રવ્ય ન ઉત્પન્ન કરનારી મેહેનત એ કે જેથી માણસજાતનાં સામતાં દ્રવ્યમાં કાંઈ પણ ઉમેરો ન થઈ શકે ઇઆને જાદુક ઉપયોગના કિમત ધરાવનારા સંગ્રહમાં કાંઈ પણ વધારો ન થાય. તે એવી મેહેનત કે જેથી જે કાંઈબી બને તે કાંઇ જાતેજ ઉપયોગી અને ખુદ કિમત ઉપજાવી શકે એવું નહિ, જેવીકે, નાટકકારો, મશખેરાઓ, લહુઆઓ, ગવૈયાઓ, વાજું વજાડનારાઓ, જાદુઈ તલેસમાત અથવા બીજા ખેલ કરનારાઓ, ઇત્યાદિની. આ જાતની મેહેનતથી જોકે કુળ માણસજાત હોય તે કરતાં વધારે તવંગર ન થઈ શકે તોય એક માણસ કે એક ટોળી, એક મંડળી અથવા એક પ્રજા, બીજા પુરૂષો કે બીજી ટોળીઓ, અને બીજી મંડળીઓ અથવા બીજી પ્રજાઓના ખર્ચે વધારે માતબર થઈ શકેછે. એનો ઉદાહરણ આપતાં મુંબઈની ૧૮૬૪) ના સાલની તવારીખ થોડી ઘણી મને યાદ આવેછે જે વિષે બે બોલ બોલવા વ્યર્થ નહિ ગણાશે. તવારીખના સફાપર નોંધી રાખવા યોગ્ય અમેરિકામાં થાયલી છેલી માહાભારત લડાઈથી ઈંગ્લંદમાં ત્યાંનો જતો રૂ બંધ પડયો, અને અતરેનો એટલેજે હિંદુસ્થાનનો રૂ બહુ જહાબંધ જવા લાગ્યો, તે એટલાં સુધી કે રૂનો ધંધો હિંદુસ્થાનના, અને મુખ્ય કરી, મુંબઈના એકલા હાથે રહ્યો, અને અતરે બહુ નગડી ધસડાઇ આવી, જે કામે લગાડવાના ઉપાયો શોધતાં લોકોને શૅર-સટ્ટાનું દિવાનું લાગ્યું, અને ૧૮૬૪) નાં સાલમાં, જે વખ્તે હિંદુસ્થાનના વૅપાર-સંબંધમાં સરદારી ભોગવનાર પશ્ચિમ હિંદુસ્થાનની રાજ્યધાની-મુંબઈ ગોયા "ખુશી રામસનીનું મકાન અને દ્રવ્યનું તેજી બજાર" હતું, તે વખ્તે શૅર-સટ્ટાની પરપોતા કંપનીઓ સંખ્યાબંધ ઉભી થઇ જે થોડા વખ્તમાંજ પરપોતા મિસાલ ફુટી ગઈ, તે વખ્તેજ સટ્ટાબાજો અને ઉઠલપાઠળ કરનારાઓનાં મગજ જેને ફ્રેન્ચ ભાષામાં "મૅઝોનૅસપાઈન્યોલ" અથવા "શાતો આંનૅસપાઈન" અને ઇંગ્રેજીમાં "કાસતલ્સ ઈન ધ ઍર" કરી કહેછે તેવા હવાઇ મેહેલો બાંધવા પરજ લાગેલાં હતાં, સટ્ટા પાછળજ મુંબઇના લોકો ગાંડાં

ઘેલાંબની ગયાં હતાં, દરરોજ ધુમ ધામથી મેજબાનીઓ ચાલતી હતી અને નાચરંગ થતા હતા, પારકા દેશોની નાટક-ટોળીઓ અતરે ઉભાઇ જતી અને નાટકશાળા દરરોજ ખિચોખિચ ભરાઇ જતી હતી—જે સર્વેનું સેવતનું પરિણામ કેવું દુખદાયક નિપજ્યુંછે તે આપણને સારી પેઠે મહશુરછે, અને તેની યાદ આપણાં જીગરમાં ગોયા ભાલા મિસાલ ખુંચેછે. આવી સઘળી નાટક કરનારી અથવા ગાયણ કરી રમુજ આપનારી ટોળીઓને એક કોરે મુકી, **દ્રવ્ય ન ઉપજાવનારી મેહેનત**થી કરી જે નફો મુંબઇના લોકોનાં ગજવાંમાંથી **ઈતલીઅન ઑપેરા-વાલાઓએ** મેળવ્યો હતો, તે વિષે થોડુંક બોલવુંછે;– તે એકે ઉપર કહેલાં ૧૮૬૪)નાં સાલમાં તે વખતનાં મુખ્યકરી એકાએક શ્રીમંત થાયલાં લોકોના ખર્ચે **ઈતલીઅન ઑપેરાવાલાઓએ** હઝારો રૂપિયાનો નફો કીધો હતો, જે સઘળો દ્રવ્ય ન ઉપજાવનારી મેહેનતથી થાયલો હતો, અને જેથી જોકે માણસજાતનાં સામતાં દ્રવ્યપર માઠી અસર થઈ હતી તોય મુંબઈના ખર્ચે 'ઈતલી' ને ફાયદો થયો હતો. એ નફો 'દ્રવ્ય ન ઉપજાવનારી મેહેનત' પણ કેવી ફાયદાકારક રીતે કામે લાગી શકેછે તેનો એક અછો દાખલો છે.

આ બીના વિષે બોલ્યા પછી, માણસની હાલની જોગવાઈ તરફ નેધા કરતાં કેટલીક ખુદરતી ચીજો બેહદ મળી અવેછે અને કેટલીક **હદમાંજ** મળી આવેછે તે પર તમારૂં ધ્યાન હું લગાડવા માગુંછું. **બેહદ** મળતી ખુદરતી ચીજોના દાખલા તરીકે **હવા, જીંદગીના સાધારણ ઉપ્યોગ માટે પૃથ્વિના ઘણાખરા ભાગોમાં મળતું પાણી, નવાં વસાયલાં સંસ્થાનોમાં ખેતીની જમીન, અને દરીઆઓમાં માછલાં પકડવાની જગ્યાઓ,** વતરોગેછે. હદમાં મળી આવતી ખુદરતી ચીજોના ઉદાહરણ તરીકે **ચૉકસ જગ્યાઓમાં ચૉકસ કામોને માટે મળતું પાણી, નદીઓમાં માછલાં પકડવાની જગ્યાઓ, ફળવંત જમીન, અને દરીએ કાંઠે અથવા મોટી નદી કાંઠે આવેલી જમીન.**

હવે દરીએ કાંઠે અથવા મોટી નદી કાંઠે આવેલી જમીન ઘણીજ ઓછી હદમાં મળી આવેછે, અને ખુદરતી ચીજોમાં આ વિદ્યાના સંબંધમાં બહુ અગત્ય ધરાવેછે, કારણકે, તેને ઘણાક ફાયદાઓ ભોગવ-

પાનું બની આવેછે, જે ટુકમાં બોલીએ તો નિચે મુજબછે;—(૧) તેની પૅદાસનો જયાંથી ઘણો ખપ હોય ત્યાં લઈ જવામાં **વખત, મેહેનત.** અને **ખર્ચના** સંબંધમાં થતો **બચાવ**; (૨)—તે જમીનમાંથી **ઉપયોગી પૅદાસ વધતામાં વધતી** જેટલી નિપજી શકે તેટલી બધી આ ઉપલા સબબોને લીધે **ઉપજાવી કહાડવી** તે; (૩)—આ છેલી બીનાથી તેની **દૉલતમાં હાંસલ થતો વધારો.** પ્રાચીન કાળની કે પ્રાચીન અને અર્વાચીન કાળના દરમેઆનની તવારીખના સફા ફેરવતાં દરીએ કાંઠે આવેલાં શેહેરોએ પોતાનાં દરીઆઈ સ્થળનો લાભ લઇ મેળવેલી મોટાઈ અને આબાદાનીનું અસરકારક ચિત્ર વારંવાર આપણી નજરે પડેછે. એવાં શેહેરો **'ઍથન્સ'** **'તાયર', 'વૅનિસ', 'માર્સેલ્સ'**, ઈત્યાદિ, હતાં. તમો કેટલાકને યાદ હશે કે નામાંકિત **મિલતન** પોતાની "**પૅરેડાઈઝ રીગેન્ડ**" નામની નાદર કવિતામાં **'ઍથન્સ'**નું સુંદર બ્યાન આપતાં તેને ગોયા "**ગ્રીસની આંખ, વિદ્યા હુનરની માતા, ફીલસુફી, કવિતા, અને દાનેશમંદીનું અસલ મંદીર, પેલું ઈજિયન કાંઠે આવેલું ખુશનુમા હવાવાલું ઉમદા શેહેર**" કરી કહેછે. નામીચો ફ્રૅન્ચ ગ્રંથકાર **ફૅનેલૉં 'તાયર'**ની ઓળખ આ પ્રમાણે આપેછે;—"**તે દરીઆની સપાટી પર તરતું, દરીઆમાં ગોયા રાજ્ય કરતું**, આગલા વખતમાં પૃથ્વિનાં સર્વ લોકોના **વૅપારનું મુખ્ય મથક, નાવિક હુનર શોધી કહાડનાર** નામીચું શેહેર **તાયર**, જે દુનિયાનાં ઘણાંખરાં લોકો સૌ઼થી આગલ દરીઆઈ સ્થળને લીધે પોતાની **ખંડણી** અથવા **ખૅરાજ મેળવતું હતું.**" જાણીતો કવિ **બાઈરન 'વૅનિસ'** શેહેરને "**દરીઆમાંથીજ ગોયા નિકળી આવેલું, પાણીના મોજાઓપર સરદારી ભોગવતું**, રાજાઓ અને રાજવંશીઓની **ખુશાળી અને ખાણાંપીણાંનું રેહેઠાણ**, અને જુદી જુદી પ્રજાઓ પાસથી ખૅરાજ લેતું દૉલતનું માતબર **બજાર**" કરી કહેછે. પણ આ સઘળી જાહેજલાલી અને આબાદાનીનું મુખ્ય અને ખરૂં કારણ શું? નાકે તેઓની 'જમીનનો વિસ્તાર'; નાકે તેઓની 'જમીનના ફળવંત ગુણો'; કારણકે, એ બંનીતો એ શેહેરોમાં હસ્તીજ નહિ હતી. ત્યારે શું? ફકત "**તે શેહેરોનું સગવડભરેલું દરીઆઈ સ્થળ અને તે સ્થળનો ઉમંગ અને મેહેનતથી મેળવેલો લાભ**" ઍમ હું કહુંછું: અને તવારીખના સફાઓ જે સાહાદત આપેછે તેપરથી તેને ટેકો મળેછે. **'યુરપ'**નાં આ શેહેરોનાં દરીઆઈ સ્થળની સ્તુતી ગાયા બાદ

અંતરના એટલેકે 'હિંદુસ્થાન' જે દેશમાં આપણ વસીએ છીએ તે ખુદ દેશનાં એકાદ બે શેહેરોની આ બાબમાં નોંધ લેવાની અગત્ય જણાયછે, અને તેમ કરતાં પેહેલ વેહેલે 'ભરૂચ' શેહેર વિષે બે બોલ હું બોલવા માગુંછું. **ખુશનુમા હવાવાળું, ફળવંત જમીનથી આરોગ્યદ થાયલું, નર્મદા નદી કાંઠે આવેલું, પેલું રળિયામણું શેહેર 'ભરૂચ' થોડુંક અગાઉ એક મોટું, જાહોજલાલી ભોગવતું, આબાદાનીથી ભરપુર, બોહોળા વેપારનું મથક** હતું—એ વાતથી તમો અજાણ્યા નહિ હશો. હવે એ સઘળી આબાદાની અને મોટાઇનાં કારણો શાં હતાં? તે કારણો બે છે; એકતો, **તેનું સગવડ-ભરેલું, નદીકાંઠે આવેલું સ્થળ, અને બીજુંતો, તેની ફળદ્રુપ જમીન.** આ બીજું કારણ ઉપલાં 'યુરપ'નાં શેહેરોની જાહોજલાલીનું કાંઇ તત્વ નહિ હતું, અને એ પરથી તમો જોશો કે તે શેહેરો કરતાં અંતરનાં એક શેહેરને એક જીઆદો ખુદરતી ફાયદો ભોગવવાનું બની આવેછે. જેથી એવાં એક શેહેર વિષે બોલવું થોડીક અગત્ય ધરાવેછે. **'આગગાડી'** જે કવિ નર્મદાશંકરના પેલા આબેહુબ ચિતાર આપતા પણ લગાર રમુજી શબ્દોમાં બોલીએતો **"પેલું ઘેલું, જંગલી ગજનૂં, જુપડૂં મ્હોટૂં, ખૂબ હાંફતું, ફૂં ફૂં, ફૂં ફૂં, ફૂં ફૂં કરતૂં, વરાળ રૂપે દમ કાહડતું, ચીંઈ શબ્દે ચીસ પાડતૂં,"** ઇત્યાદિ, છે. જેથી હજારો કોશની મંજલો અને હજારો કોશથી માલ લાવલઇજાવ કરવાનું બહુ સરળ થઇ પડેછે, તે અંતરે દાખલ થયા **આગમજ, ભરૂચ** શેહેર જેનો **રૂનો, ઘંઉનો અને બીજા અનાજનો પાક ઘણો સારો** કેહેવાયછે, તે પોતાની પેદાસ જેમ હવડાં **આગગાડી-**ની મારફતે અંતરે અને બાહાર મોકલેછે તેમ આગળ **દરીઆ—માર્ગે** મોકલતું હતું અને તેમ મોકલવાને એ શેહેરને પોતાનાં સગવડભરેલાં સ્થળને લીધે કેવું સરળ થઇ પડતું હતું તે જેઓએ એ શેહેરનો થોડો-ઘણો અહેવાલ વાંચેલો હશે તેઓને મહશુર હોવું જોઇએ. એ શેહેર એકવાર જાહોજલાલી અને વેપારનું મોટું મથક ગણાતું હતું તેના બાબમાં સર્વને સારી પેઠે જાણીતી આપણી ગુજરાતી ભાઇઓની **"ભાગી પણ ભરૂચ"** એ અસલી કેહેવતની તમોને યાદ આપવાને મને એક સબબ મળેછે. આ સબબ એ છે કે આ કેહેવત જાતેજ તેની એક વખતની મોટાઇની સાબેતી તરીકે ચાલી શકે. **'ભરૂચ'** નો અહેવાલ હવે ખતમ કરી **'સુરત'** શેહેર વિષે કાંઇક ઈસારો કરવો અગત્યનો છે. **'તાપી'** નદીને કાંઠે

આવેલું એ સુંદર શેહેર પણ એકવાર ભારે દબદબા અને જાહોજલાલીનું મકાન હતું. હવે એ જાહોજલાલી શાંને લીધે હતી એવો જો તમે મને સવાલ પુછો તો તેનો હું ટુકમાં એમજ જવાબ આપીશ કે એનાં કારણો ઘણાં હતાં પણ તે માહે તેનું **ફાયદામંદ સ્થળ** એક અગત્યનું તત્વ હતુ. એ થયા બાદ ખુદ '**મુંબઈ**' શેહેર જેના આપણ રેહેવાસી છીએ તે શેહેર હિંદુસ્થાનની અર્વાચીન કાળની તવારીખ તરફ નિધા કરતાં એ બાબમાં આપણું ધ્યાન બહુ ખેંચેછે. આ સબબને લીધે, દરીઆઈ સ્થળવાલી જમીનના બાબનું સેવત આણતાં 'મુબઈ' શેહેર વિષે કાંઈ પણ બોલ્યા વિના મને ચાલતું નથી. જોકે **મુંબઈ** ફકત **પશ્ચિમ હિંદુસ્થાનનીજ રાજ્યધાની** છે, જોકે હિંદુસ્થાનની આખી બ્રિતિશ શાહાનશાહાતના **સુબાનું** મથક **કલકતામાં** છે અને **કલકતા** એ શાહાનશાહાતની રાજ્યધાની કેહેવાયછે, તોપણ વેપારના સંબંધમાં **મુંબઈ** એ શાહાનશાહાત પર સરદારી ભોગવેછે, અને **વેપારના સંબંધમાં મુંબઈ હિંદુસ્થાનની રાજ્યધાની** ગણાયછે. પણ સવાલ ઉઠેછે તે એકે શાંને લીધે? આ પ્રશ્નનો ઉતર વાળતાં એટલુંજ કહેવું છે કે મુંબઈની એ સઘળી મોટાઈ **તેનાં સારાં ખુદરતી બારાંને લીધે**, ઇઆને, બીજા બોલોમાં બોલીએતો, તેનાં 'ફાયદામંદ સગવડભરેલાં ખુદરતી સ્થળ'ને લીધે છે, તે એટલાં સુધી કે એ સ્થળના બાબમાં બોલતાં આપણને જાણીતો **મીઠ રૉબર્ત નાઈત** 'મુંબઈ'ને '**આખી દુનિયાનું મધ્યબિંદુ**' કેહેછે. એ સ્થળને લીધે 'મુંબઈ' કેટલી અગત્ય ધરાવેછે તેની વધારેતો રહી પણ ફકત એક બીના પરથી ઘણી સારી સાબેતી આપણને મળેછે તે એ કે '**ઇંગ્લંદની મેલ સ્તીમરો**' સઘળી અતરેજ, એટલેજે, **મુંબઈ બંદરમાંજ** આવેછે, અને જે સઘળા સમાચારો કે કાગજીઆંઓ તેમાં આવેછે તે બધાં **કલકતાને** માટે હોય કે **મદ્રાસને** માટે હોય તોપણ અતરે આવી અતરેથી તે મકાનો પર મોકળવામાં આવેછે. એ બીના કાંઈ થોડી અગત્ય ધરાવતી નથી. એ બીના મુંબઈને જેબ પોહોંચાડવામાં કાંઈ નજીવી નથી. એ બીના મુંબઈની વેપાર સંબંધી સરદારી સ્થાપવામાં કાંઈ હલકી કિસમની સાબેતી ન કેહેવાય.

હિંદુસ્થાનનાં શેહેરો વિષે બોલી હવે પ્રાચીનકાળમાં વખણાયલા પારસીઓના પુરાતન વતન **ઇરાન દેશનાં** એક બે શેહેરો વિષે સગવડભરેલાં ખુદરતી સ્થળથી હાંસલ થતા લાભ અને મલતી મોટાઈના સંબંધમાં ફકત એસારેટ

કરવો બસ થશે. અને તેમ કરતાં મારે એટલુંજ કહેવુંછે કે એ સંબંધમાં **'બુશાયર'** અને **'બંદર આબ્બાસ'** હાલ અગત્ય ધરાવેછે. એ બે માહેલું છેલું નામ **બંદર આબ્બાસ'** ઇરાનમાં થોડુંક થયું ગુજરેલા દુકાળથી કંગાળ હાલતમાં આવી પડેલા ઇરાની જરથોસ્તીઓના થોડાક ભાગને **ભુખ મરાની** જાળમાંથી છોડવવાના હેતુથી જ્યારે અતરે આણવામાં આવ્યો હતો ત્યારથી ઘણાકોને સારી પેઠે જાણીતું થાયલું છે.

અર્થવિદ્યાના સંબંધમાં દરીઆઇ રસ્થળથી હાંસલ થતા ફાયદાઓ વિષે બોલી, તે સ્થળનો લાભ ભોગવતાં કેટલાંક 'યુરપ'નાં તેમજ 'હિંદુસ્થાન'નાં શેહેરોનું ટુંક વર્ણન કરી, અને 'ઇરાન'નાં એક બે શેહેરો વિષે ઈસારો કરી, 'દૌલતની ઉત્પતી'ને લગતા બીજા અગત્યના સવાલો પર હું આવુંછું. અને તેમ કરતાં જે સવાલ હું પેહેલ વેહેલાં પુછવા માગુંછું તે એ છે કે **'દૌલતની ઉત્પતીનો વધારો કયારે થઈ શકે ઈઆને શાથી થઈ શકે'.** આ સવાલ જેમ ઘણી અગત્ય ધરાવેછે તેમ તેનો જવાબ ઘણો સેહેલોછે. આગલ કહ્યા મુજબ **'જમીન'** કે **'મેહેનત'** કે **'થાપણ'** હરેકબી બરાબર રીતે વધ્યાથી દૌલત વધી શકે, અને દૌલતનાં એક બે મુળ નહિ, પણ એ સઘળાં ત્રણે મુળ એકદમ સાથે વધ્યાથી કરી દ્રવ્યની વધ સર્વથી ઘણી થાય.

પણ દૌલતની ઉત્પતી વધારવામાં બહુ અડચણો પડેછે. એ અડચણો બધા દેશોમાં એકસરખી કિમ્બાને એકજાતની હોતી નથી. જુદા જુદા દેશોને જુદી જુદી અડચણો નડેછે, કારણકે કુદરતની મેહેરથી જે કાંઈ એક દેશમાં બની કે મળી શકેછે તે સઘળું બીજા બધા દેશોમાં બનવું કે મળવુંજ જોઈએ એમ નથી. કુદરતના ખાવંદની રેહેમથી જો એક દેશમાં જમીન બહુ ફળવંત હોયછે તો બીજા દેશમાં મેહેનત કરનારાઓની સંખ્યા મોટી હોયછે; એક દેશમાં કિમતી ધાતુઓ જડાબંધ મળી આવેછે તો બીજા દેશમાં માણસની જાતી હુશિયારી ધન તરીકે કામે લાગેછે; અને એ પ્રમાણે જો એક દેશને એક જાતનો ફાયદો મળેછે તો બીજા દેશમાં જુદીજ જાતનું સુખ હાંસલ થાયછે. એજ મિસાલ દૌલતની ઉત્પતીનો વધારો કરવામાં જો એક દેશને એક અડચણ નડેછે તો બીજા દેશને બીજી અડચણ નડેછે, જેમકે, આપણા રાજ્યકર્તાઓની ભૂમી–ઈંગ્લંડમાં **સસ્તા ખોરાકની તંગી.** જે તે દેશની ખેતી–જમીનનો વિસ્તાર વધાર્યાથી, અથવા ખેતીના હુનરમાં સુધારો કર્યાથી. કે બાહાર દેશોનો ખોરાક આણ્યાથી પુરી પડી

શકે; **અમૅરિકામાં મેહેનતની**, એટલેજે, **મેહેનત કરનારાઓની ખુટ**, જે બીજા દેશોમાં નકામાં બેરોજગાર પડી રહેલાં લોકને આણી અમેરિકામાં કામે લગાડયાથી ઘણે દરજજે પુરી પડે; **હિંદુસ્થાનમાં થાપણની ખુટ**, અને તેથી નિપજતી વૅપારના સંબંધમાં **સગવડભરેલા અને સેહેલ માર્ગો તથા પૅદાસ લાવલઈજાવ કરવાની સગવડભરેલી મારફતો ઈઆને હથિયારોની તંગી**, જે બીજા દેશોની થાપણ અતરે કામે લગાડયાથી મટી શકે.

ઇંગ્લંદના રાજ્યથી હિંદુસ્થાનને જે ત્રણ મોટા ફાયદા હાંસલ થાયછૅ તે એ કે તેના ઇનસાફની રૂએ હિંદુસ્થાનમાં વખ્તજતે દરેક માણસનો પોતાની માલમિલકતપરનો હક વધારે અને વધારે મજબુતીથી જળવાયછૅ, હુનરોમાં થાયલી શોધો અને સુધારાઓ અતરે દાખલ થાયછે, અને પેલો નામીચો નર ફૉસૅત જેનું નામ દેતાં મને અત્યંત હર્ષ ઊપજેછૅ અને જેનું નામ સાંભળતાં તમને પણ હર્ષ ઊપજ્યા વિના રહેશે નહિ,—તે હિંદુસ્થાનના ખરા મિત્ર જૉન **બ્રાઈત** સાથ આપણું ભલું કરવાની તારીફલાયક હરીફાઇ કરતો **આપણો ખૅરખાહ દોસ્ત**—તે તન-આંખે અંધો પણ **મન-આંખે સર્વ ચીજ બારીકીથી અજાયબ રીતે દેખતો ઇંગ્લંદની પારલામૅંતનો સભાસદ**—તે ઇંગ્લંદના ગહુવેર અને **અર્થવિદ્યાપર એક નાદર પુસ્તક રચનારના** બોલોમાં બોલીએતો "હિંદુસ્થાનની રેલઉએપર ઇંગ્લંદની થાપણમાંથી દર વર્ષે નજદીક ૭) કરોડ રૂપિયા ખર્ચાયછૅ." વૅપારના સંબંધમાં રેલઉએ કે બીજી સારી સગવડભરેલી મારફતો અથવા સુતરા ઉપાયોમાં નાણું ખર્ચાયલું બહુ અગત્યનું ગણાયછૅ, એટલામાટે અર્થવિદ્યાના સંબંધમાં હિંદુસ્થાનને ઇંગ્લંદથી થતા ફાયદાઓની જે ટીપ આપીછૅ તે ધ્યાન રાખવા યોગ્ય છૅ.

આગલ મૅં કહ્યુંછૅ કે દૉલતની ઊત્પંતીનો વધારો કરવામાં ઇંગ્લંદને સસ્તા ખૉરાકની તંગીથી અને **અમૅરિકાને** મેહેનત કરનારાઓની ખુટથી બહુ અડચણ પડેછૅ, માટે દૉલતની ઉત્પંતીના સંબંધમાં **અમૅરિકા** અને ઇંગ્લંદને એક બીજાથી થતા ફાયદાઓ વિષે બોલતાં મારે એટલુંજ કહેવું છૅ કે જે પ્રમાણે જહાબંધ ખૉરાક ઇંગ્લંદને પુરો પાડયાથી 'અમૅરિકા' તેને ફાયદો કરેછૅ તેપ્રમાણે 'ઇંગ્લંદ' ના કેટલાક બેરોજગાર લોકો (જેઓ એકબારગી ઇંગ્લંદમાંજ રહ્યાથી તે દેશને કદાચ એક ભારે બોજો થઇ પડે

•

તોય) **પરદેશવાસ કરી** અમેરિકા જઇ રહી ત્યાં મેહેનત–મજુરી કર્યાથી અમેરિકાની એક મોટી તંગી પુરી પાડેછે અને એ રીતે અમેરિકાને ઇંગ્લંડથી ફાયદો થાયલો ગણાય.

હવે એક દેશ કરતાં બીજા દેશમાં દોલતની ઉત્પંતી વધારે હોયાના ૬) જુદાં જુદાં કારણો અપાઇ શકાય તે એકે **એકતો, ખુદરતી ફાયદાઓ** (જેવાકે, ફળવંત જમીન, પેદાસની વધને માફક આવતી હવા, ખનિજ પદાર્થોની પુષ્કળતા, પ્હાડી દેશોમાં પાણીના જોસનો ખુદરતીજ વધારો, સારી નદીઓ, સારૂં દરીઆઇ મકાન અને તે સાથે સારાં ખુદરતી બારાંઓ); **બીજુંતો,** દરરોજનું કામ બરાબર વખ્તે વધારે અને વધારે ધ્યાન આપી કરવું તે; **ત્રિજું,** ઉદ્યોગી લોકોમાં કે તેઓને રાહદેખાડનારાઓમાં હોતું વધારે ઉંચી કિસમનું ગ્નાન અને કળા જેથી નવાં નવાં ફાયદામંદ યંત્રો અને હથિયારો જન્મ પામી ખર્ચ, મેહેનત અને વખ્તની કરકસર થાય; **ચોથું,** વધારે જાતી હુશિયારી અને પ્રમાણીકપણું; **પાંચમું,** રાજ્યકર્તાથી રૈયતને મળતા બચાવ અને રાજ્યકર્તાના જુલમાત સામે ફાવવાની રૈયત-ની શક્તિનું પ્રમાણ; **છેલું,** દિલસોજીથી એકસંપ થઈ જોઇએ તેવી મે-હેનત કરવી તે, અને મુખ્યકરી **'મેહેનતનો યોગ્ય વિભાગ.'**

પણ **'મેહેનતનો વિભાગ'** એટલે શું! **'મેહેનતનો. વિભાગ'** એટલે એક ચીજ બનાવવામાં જુદાં જુદાં કામો જુદાં જુદાં માણસોને વેંહેંચી આપવાં, ઇઆને, એક ચીજની બનાવતને જુદા જુદા ભાગોમાં વેંહેંચી નાખવી તે. દાખલા તરીકે **'એક ટાંચણી બનાવવાનું કામ'** ૧૮) જુદા જુદા ભાગોમાં વેંહેંચાયછે, અને, એક લખનારનાં કહેવા મુ-જબ, **ગજવામાં રાખવાનું એક ઘડિયાળ બનાવવામાં** ૧૦૨) જુદી જુદી જાતની મેહેનત કામે લાગી શકે. 'એદમ સ્મિથ' કહેછે કે "એક કાર-ખાનામાં ૧૦) માણસો મેહેનતના વિભાગથી કરી દરરોજ ૧૨) રતલ ટાંચણીઓ બનાવી શકતા. હવે મધ્યમ કદની ટાંચણીઓ રતલની આસરે ૪૦૦૦) ઉતરે, ત્યારે ૧૨) રતલની ૪૮૦૦૦) ઉતરે અને જયારે ૧૦) માણસોથી દરરોજ ૪૮૦૦૦) ટાંચણીઓ બનતી ત્યારે દરેક માણસને ભાગે ૪૮૦૦) ટાંચણીઓની રાસ આવેછે. પણ જો આ ૧૦) માણસો એ કામના જુદા જુદા ભાગો વેંહેંચી ન લેતે અને દરેકજન એખલોજ એક ટાંચણી બનાવવાનું કામ સરંજામ પોંહોંચાડવામાં મશગુળ રહેતે તો ૧૦) કે ૨૦)

ટાંચણી તૉ રહી, પણ ભાગ્યે એકેક જન એકેકી ટાંચણી બનાવી શકતે." જાણીતો ફ્રેન્ચ ગ્રંથકાર મો૦ સે કહેછે કે '**રમવાનાં પાનાં**' બનાવવાનું એક કારખાનું જે તેણે જોયું હતું તેમાં "મેહેનત-વિભાગથી ૩૦) માણસો દરરોજ ૧૫૫૦૦) પાનાં બનાવતા, જે પરથી દરેકને ભાગે ૫૦૦) થી વધારે પાનાંની રાસ આવવી જોઇએ. હવે જો એમાં મેહેનતનો વિભાગ ન હતે તૉ દરેક જન ૨) પાનાં ભાગ્યે બનાવી શકતે. અને ૩૦) માણસો ૧૫૫૦૦) ને બદલે કદાચજ ૬૦) પાનાં બનાવતે." હવે એ સઘળાંનાં કારણો, પ્રથમને, બીજા બોલોમાં બોલીએ તૉ, **મેહેનત-વિભાગના ફાયદાઓ**, 'ઍદમ સ્મિથ'-નાં કહેવા મુજબ, ત્રણ છે;—**એકતૉ**, દરેક કારીગરની પોતાના હુનરની ચૉકસ સાખા સંબંધી જીઆદા હુશિયારી, જે એક ચૉકસ કામજ વાડે-ઘડીએ કર્યાથી તેના હાથમાં તે કરવાની તાળ રમી રહયાથી નિપજેછે; **બીજોતૉ**, એક કામના એક ભાગ પરથી બીજા ભાગ પર ધ્યાન આપવાને ગુમાતા વખ્તનો બચાવ; અને **ત્રિજો**, 'મેહેનત ટુંક અને સવળ થઇ પડે એવા સાંચાઓની શોધ. **બૅબેજ** અને **મિલ**ના કહ્યા પ્રમાણે બીજા બે ફાયદાઓ એમાં ઉમેરાઇ શકાય, તે એકે, 'કારીગરો પ્રથમને મેહેનત કરનારાઓને તેઓની શકતિ મુજબ વેંહેંચાઇ અપાતી મેહેનત' અને 'હથિયારોનો સર્વથી સારો અને વધતામાં વધતો થતો ઉપયોગ'. પણ મારે કહેવું જોઇએ કે **મેહેનત-વિભાગનો વિસ્તાર** બે ચીજ પર આધાર રાખેછે;—એક તૉ, 'બજાર-નો વિસ્તાર' અને બીજીતૉ, 'તહરેવાર ઉદ્યોગની ચૉકસ જાતો અને ચૉકસ ગુણો,' જેમકે, ખેતીવાડી કરતાં કારખાનાં એટલે હુનરથી થતી ચીજોની બનાવતમાં મેહેનતનો વિભાગ ઘણો વધારે થઇ શકેછે. આગલ આપેલો ટાંચણીનોજ દાખલો લેઓ કે જેની બનાવતમાં ૧૮) જુદી જાતની મેહેનત કામે લાગી શકે;—**એકતૉ**, તાર ખેંચી કહાડવામાં; **બીજી**, તે તારને સીધો કરવામાં; **ત્રિજી**, તેને કાપવામાં; **ચોથી**, તેને માથાં આગળથી ઘસવામાં; **પાંચમી**, તેની અણી બનાવવામાં; **બે ત્રણ જાતની**, તેનું માથું બનાવવામાં; **એકજાતની**, તેને સફેદ કરવામાં, ઇત્યાદિ. વળી 'ટાંચણીને કાગજમાં ખોસવી' તેપણ એક જાતનો ધંધો થઇ લાગ્યો છે.

હવે એક દેશની બજારનો વિસ્તાર ઘણો કે થોડો હોયછે તેનાં ચાર મુખ્ય કારણો છે,—(૧) વસ્તિ બહુ હોય કે થોડી હોય તે; (૨) ઉદ્યોગથી નિપજતી પેદાસ વાપરનારા બજારની ઘણા નજદીક કે તેથી

ઘણા દુર હોય તે; (૩) સારા રસતાઓ અને ખુશકી કે દરીઆ માર્ગે માલ લાવલઇજાવ કરવાના તેમજ લોકને આવજાવ કરવાના સગવડભરેલા ઉપાયો હોય કે નહિ હોય તે; અને (૪) રેહેવાસીઓ તવંગર હોયાના સબબે જિન્નસોનો ખપ ઘણો હોય કે ગરીબ સ્થિતીમાં હોયાને લીધે ખપ ઘણો ઓછો હોય તે.

આપણને સારી પેઠે રોશન છૅ કે કોઇ પણ ઉદ્યોગમાં નવા સાંચા દાખલ થયાથી માણસની મેહેનત અને દૌલતની ઉત્પંતી સબળ થઇ પડેછે. જોકે એક ઉદ્યોગમાં નવાં યંત્રો દાખલ થયાથી તે ઉદ્યોગમાં રોકાયલા કામગરોની હાલતપર પછવાડેથી ઘણી સારી અને ફાયદાકારક અસર થાયછૅ, તોપણ થોડુંક મુદ્દત તેપરે માઠી અસર થાયછૅ અને થવી જોઇએ, કારણકે શરૂઆતમાં જે જાતની મેહેનત તેઓ કરતા હતા તે ઘણે દરજ્જે નકામી થઇ પડયાથી, તેઓનો મોટો ભાગ બેરોજગાર થઇ પડે, પણ પછવાડેથી બીજી જાતની મેહેનત કરવામાં તેટલાંજ બલકે વધારે માણસો કામે લાગી શકે, જેમકે, **છાપવાના સાંચાની** શોધથી કરી ૧૫ મી સદીમાં પેહેલાં કેટલાક લેખકો બેરોજગાર થઇ પડયા હતા, પણ થોડુંક પછી તેટલીજ સંખ્યા, બલકે તેથી વધારે, **બીબાં ગોઠવનાર** તરીકે રોજગારે લાગી.

હવે એક દેશમાં **જિન્નસોની રેળછેળ** થવાનું ખરૂં કારણ શું, તે જોઇએ. કેટલાક અણજાણાઓ એમ કહેછૅ કે એક દેશમા બનતી જિન્નસોની રેળછેળ દૌલત પૈદા કરનારી શક્તિ વધાર્યાથી કરી થાયછૅ, પણ એમ કહેવું ગલતછૅ. બરાબર રીતે જોતાં, એક દેશમાં જિન્નસોની રેળછેળ ત્યારે થાયછૅ કે જયારે જે ચીજોનો ખપ હોય તેને બદલે જે ચીજો નહિ જોઇતી હોય તે બનાવ્યામાં આવે, એટલેજે, બીજી રીતે કહીએતો, દૌલત ઉપજાવનારી શક્તિ વધાર્યાથી નહિ પણ તે શક્તિ આડે માર્ગે વાપર્યાથી ઇઆને ખરે માર્ગે નહિ વાપર્યાથી.

અર્થવિદ્યા પ્રમાણે '**થાપણ**' એટલે શું તે પર હવે ધ્યાન આપવું છે. મેહેનતથી ફકત સંગ્રહ કીધેલું દામ '**થાપણ**' નહિ ગણાય, પણ જયારે તે દામ દૌલતની ઉત્પંતીમાં ફરીથી કામે લગાડયામાં આવે ત્યારે તે 'થાપણ' કહેવાય. 'થાપણ' ચાર જુદી જુદી રીતે ઉપયોગમાં આવેછૅ. તે એક કુદરતીજ સ્થિતીમાં મળી આવતી ચીજો, ઇઆને, હુનરથી બનતી ચીજોનો અસબાબ મેળવવામાં; તે અસબાબની હુનરથી ચીજો

બનાવવામાં; તે અસબાબ અને હુનરથી બનેલી ચીજો જ્યાં પુષ્કળ હોય ત્યાંથી જ્યાં તેઓનો ખપ હોય ત્યાં લઈ જવામાં; અને તે પેદાસોનો ઉપયોગ કરનારાઓની સગવડ પ્રમાણે તે પેદાસોના વાંટા ઇશ્માને ભાગલા કરવામાં. પેહેલી રીતે, જમીનની ખેતી કરનારા અથવા કરાવનારાઓની, ખાણ ખોદનારાઓની, અને માછીની થાપણ રોકાય છે; બીજી રીતે, કારખાનાવાલાઓની; ત્રિજી રીતે, જથાબંધ વેચનાર વેપારીઓની; અને ચોથી રીતે, છુટક વેચનારાઓની. થાપણના પેહેલી જાતનો ઉપયોગ સર્વેથી વધારે અગત્ય ધરાવેછે, કારણકે, જે જે ચીજો આપણી હાજતો પુરી પાડેછે તે સઘળાંનો અસબાબ મેળવ્યા વિના ચાલે નહિ અને તે અસબાબ જમીનમાંથીજ નિપજેછે. આ સબબને લીધે નામાંકિત **સિસરો** પોતાના **"ધી ઑફિશિઈઝ"** નામના **લૅટિન ગ્રંથમાં** ખેતીના ઉતમ ધંધાની જે તારીફ ગાયછે તેને થોડે દરજ્જે ટેકો મળેછે. **સિસરો** કહેછેકે "ઉપયોગની સઘળી જાતો અથવા સાખાઓ જેમાંથી કાંઈપણ દોલત મેળવી શકાય તેઓમાં ખેતી કરતાં કોઇપણ વધારે સારી, વધારે દિલપસંદ, વધારે ફાયદાકારક, અને સ્વતંત્ર માણસને વધારે છાજતી છેજ નહિ." એમ કેહેવું તદન ખરૂં નથી, કારણકે, હુનરથી ચીજો બનાવવામાં તેમજ વેપારમાં વપરાતી થાપણથી કેટલીક વખ્તે વધારે સંગીન ફાયદાઓ હાંસલ થાયલા અનુભવ પરથી આપણ જાણયે છીએ.

'થાપણ'નો બે રીતે સંગ્રહ થઇ શકે. **રિકાર્ડોનાં** કહેવા મુજબ તે ઇશ્માતો વધતી ઊપજનું ઇશ્માતો ઓછા ખપ અને ખર્ચનું પરિણામ હોય. દાખલા તરીકે, એક કારખાનાવાલો લઇએ કે જેનો વર્ષ દહાડાનો નફો ૧૮૭૨નાં સાલની આખેરીએ ૧૨૦૦૦) રૂપિયા હતો. હવે જો આ ૧૮૭૩નાં સાલની સેવતે એ કારખાનાવાલાના ખર્ચમાં વધારો કે ઘટાડો નહિ થાય અને જો તેનો નફો વધીને ૧૩૦૦૦) રૂપિયા થાય તો તેની થાપણમાં ૧૮૭૨નાં સાલ કરતાં ૧૦૦૦) રૂપિયાનો વધારો થાય. વળી નફો જેટલોને તેટલોજ રહે અને ખર્ચમાં ૧૦૦૦) રૂપિયાનો ઘટાડો થાય તોપણ પરિણામ એકસરખું નિપજે.

ભવિષ્ય કાળને માટે બંદોબસ્ત કરવાનો વાજબી દહાપણભરેલો દુરંદેશી અને નફો થાય એવાં કામોમાં વાપરવાની ખાએસ—એ બે મુખ્ય

સબબોથી થાપણનો વધારો કરવાને બહુ ઉત્તેજન મળેછે. જોકે જંગલી લોકોનો તો રેવાજ છે કે "આજની વાતજ આજે કરવી અને કાળની વાત કાળ પર સોંપવી," તોય જેઓ સુધરેલા હોયછે તેઓ આવ-તા વખ્તના બંદોબસ્તનો બારીકીથી દુરંદેશી રાખેછે.

એક દેશની થાપણની વધની સર્વથી સારી સાબેતી જોઈએ તો તે દેશની વસ્તિમાં ઉતાવળે થતો વધારો ગણાય, કારણકે, જો લોકની વધ થઈ હોય તો તેઓને પાળવા માટે તે વધનાં પ્રમાણ મુજબ થાપણમાં પણ થોડીઘણી વધ થવી જોઈએ. સારી જોગવાઈએ એક દેશની વસ્તિ ૨૫) સાલના અરસામાં નજદીક બેવડી થઈ શકેછે એમ **માલથસ** અનુભવ અને ખરી બનેલી બીનાઓ પરથી કહેછે, અને **રિકાર્દો** એવું મત આપેછે કે સારી જોગવાઈ હાથ લાગ્યાથી એક દેશની થાપણ ૨૫) સાલ કરતાં વધારે ટુક અરસામાં બેવડી થઈ શકે. વસ્તિની ઉ-તાવળી વધ વતરીગે થાપણની વધની બીજી પાંચ સાબેતીઓ છે, તે એકે, ખેતીના ઉદ્યોગનો બોહોળો વિસ્તાર; વાહાણ, આગબોત અને લાવલઈ-જાવ કરનારાં બીજાં હથિયારોની વધ; કારખાનાંઓ અને હુનરથી બનતી ચીજોની વધ; વેપારીઓ, દુકાનદારો, ઇત્યાદિની વધ; અને ગોદીઓ તથા નેહેરોનું બંધાવું તેમજ એવાં બીજાં ભારે તથા ખર્ચવાળાં કામો સરંજામ ઉતરવાં તે.

થાપણને લગતાં ચાર તત્વ-સિદ્ધાંતો **મિલનાં** આપ્યા મુજબ નિચે પ્રમાણે છે;—(૧) ઉદ્યોગનો વિસ્તાર થાપણના વિસ્તાર પર આધાર રાખેછે; (૨) 'થાપણ,' મેહેનતથી નિપજેલી પેદાસનો બચાવ, એટલે, જેટલી નિપજે તેથી ઓછી ખપાવવાનું પરિણામ છે; (૩) જોકે 'થાપણ' દોલતના બચાવનું ફળ છે તોપણ તે વપરાવી જોઈએ, કારણકે, સંગ્રહ થાયલી દોલત થાપણ ન ગણાય; (૪) વસ્તુઓના ખપથી મેહેનતનો ખપ ઉભો થતો નથી, અથવા, બીજા બોલામાં બોલીએ તો, વસ્તુઓ ખરીદવી એટલે મેહેનત ખરીદવી એમ નહિ. આ છેલું સિદ્ધાંત બહુ અગત્યનું છે, અને ઘણું ગુચવણભરેલું હોયાને લીધે તે વિષે થોડો ખોલાસો કરવો વ્યર્થ નહિ ગણાશે. વસ્તુઓનો ખપ ફક્ત મેહેનતની નેમ કઈઆને થાપણનો ચોકસ ઉપયોગ મુકરર કરેછે, પણ મેહેનતનો વધારો કે ઘટાડો જાતે તે પર આધાર રાખતો નથી, કારણકે, તે તો 'મેહેનત-દામ'

તરીકે કામે લગાડેલી થાપણનાં પ્રમાણ મુજબ હોય છે. વસ્તુઓના ખપથી કરી મેહેનતનો ખપ ઉભો નહિ થતો—એ બીના બગબર સમજવાને નિચલા દાખલા પરથી તમને સેહેલ પડશે. એમ ધારો કે 'ફ્લૅનલ'નો ખપ પડયો છે અને 'ફ્લૅનલ' ખરીદવાને નાણું તૈયાર છે, પણ 'ફ્લૅનલ' બનાવવાનું કારખાનું સ્થાપવાને કાંઇબી થાપણ નથી. હવે 'ફ્લૅનલનો' ખપ ગમે તેટલો બાહોળો હોય તોપણ જયાંસુધી 'ફ્લૅનલ' ખરીદવા ધારનારાઓ પોતાનાં નાણાંનો થોડો ભાગ 'ફ્લૅનલ' બનાવવાનું કારખાનું સ્થાપવામાં, એટલેજે, 'ફ્લૅનલ'ની બનાવત માટે અસબાબ લાવવામાં અને મેહેનત કરનારાઓને તેઓની મજુરી આપવામાં નહિ રોકે ત્યાંસુધી 'ફ્લૅનલ' નિપજી ન શકે; માટે, જે પ્રમાણે 'વસ્તુઓનો ખપ' 'ખરીદવાની મરજી' અને તે સાથે 'ખરીદવાની શકતિ' પર આધાર રાખેછે, તે પ્રમાણે 'મેહેનતનો ખપ' થાપણનો જે ભાગ 'મેહેનત—દામ' તરીકે વાપરવાને જુદો કહાડી મુકયો હોય તે કેટલો છે તેપર આધાર રાખેછે.

હવે '**ફ્રતી થાપણ**' અને '**સ્થાવર થાપણ**' વચ્ચે અર્થશાસ્ત્ર પ્રમાણે શો તફાવત છે તે જુઓ. (**મિલ**નાં કહેવા મુજબ) '**ફરતી થાપણ**' તે એવી થાપણ કે જે હરકાંઇ પ્રકારની દોલતની ઉત્પત્તીમાં સરંજામ ઉતરે, ઇઆને, બીજી રીતે કહીએતો, એવી થાપણ કે જે એકજ જાતની ઉત્પત્તીમાં જેવીને તેવીજ રીતે અને જેવીને તેવીજ હાલતમાં, એક વખ્ત કરતાં વધારે, ઉપયોગમાં નહિ આવી શકે. એક હાથથી બીજે હાથ ફર્યાવિના તે રહેતીજ નથી, અને તૈયાર થાયલી પૈદાસોનાં વેચાણથી ફરી ફરીને તેને નવો જન્મ મળેછે. જે સબબને લીધેજ તેને '**ફરતી થાપણ**'નું નામ આપ્યામાં આવ્યું છે. દાખલા તરીકે, 'ચીજોની બનાવતમાં કામે લાગતો અસબાબ' અને 'મેહેનત-દામ તરીકે વપરાતી થાપણ'. '**સ્થાવર થાપણ**' તે એ કે જે ટકાઉ હોયાના સબબે દોલતની ઉત્પત્તીમાં જેવીને તેવીજ રીતે અથવા જેવીને તેવીજ હાલતમાં એક કરતાં વધારે વખ્ત વપરાયાથી તેનો નાસ થાય નહિ, અને જેની ઉપજ એક કરતાં વધારે વખ્ત ઉપયોગ થયાથી નિપજે. દાખલા તરીકે, દોલતની ઉત્પત્તીને લગતાં કામો માટે બાંધેલાં કારખાનાં અથવા એવાંજ બીજાં મકાનો, સાંચાઓ, હથિયારો, ઇત્યાદિ; વળી ખાણ ખોદવામાં, નેહેરો, રસતાઓ, તથા ગોદીઓ બાંધવામાં, અને દરીઓ હટાવી જમીન કરવામાં કામે લાગેલી થાપણ. પણ સર્વથી વધારે 'જાહેર સ્થાવર થાપણ'

તે એકે જે જમીનની દ્રવ્ય–ઉપજાવનારી શક્તિમાં વધારો કે સુધારો કરવામાં રોકાયલી હોય. **'ફરતી'** અને **'સ્થાવર' થાપણ** વચેનો ફેર આ નિચળી સમજણ પરથી તમને તરત જણાશે ;—**સાબુ** બનાવવામાં **ચરબી** અને **ખાર** કામે લાગેછે ; હવે જે **ચરબી** અને **ખાર**નો એક વખત **સાબુ** બનાવ્યો હોય તેજ **ચરબી** અને **ખાર** જોકે **સાબુ** તરીકે તહરેવાર રીતે કામ લાગી શકે, તોય **ચરબી** અને **ખાર** તરીકેજ બીજી વાર **સાબુ** બનાવવામાં કામે લાગી શકતાં નથી. એટલેજે, 'એકજ વાર વપરાયાથી તે ચીજોનો તે ચીજો તરીકે નાસ થાયછે.' વળી પકવાન તૈયાર કરવા માટે બળતણ બાળવામાં આવેછે, પણ એક બાળવાનાં લાકડાંની ચીરનો જેટલો ભાગ એક પકવાન બનાવવામાં બળી ગયો હોય તેજ ભાગ જોકે **'કોલસા'** તથા 'રાખ' તરીકે પછવાડેથી ઘણી રીતે કામે લાગેછે તોપણ તેજ જાતનું કે બીજું પકવાન રાંધવામાં બળતણ તરીકેજ બીજી વાર કામે લાગી શકતો નથી. પણ એક 'કોહાડી' વડે એક ઝાહાડ કાપ્યું એટલે 'કોહાડી' તરીકેની તેની હસ્તી બંધ પડતી નથી, ઇબ્બાને, તે કોહાડીનો 'કોહાડી' તરીકે નાસ થતો નથી. બીજાં ૧૦૦) કે ૧૦૦૦) ઝાહાડોને તે કાપી શકે અને પછીપણ કદાચ તેનો તે હથિયાર તરીકે નાસ નહિ થાય, પણ ફક્ત તેની કામ કરવાની શક્તિમાં ઘટાડો થાય.

જે પ્રમાણે મેહેનતનો વધારો મેહેનત કરનારાઓની સખ્યાના અને મેહેનત–દામ તરીકે વપરાતી રકમના વધારાનાં પ્રમાણ પર આધાર રાખેછે, જે પ્રમાણે જમીનની ઉત્પંતી કરવાની શક્તિનો વધારો ખેતીના હુનર સંબંધી થતા સુધારા અને ફાયદામંદ શોધોની વધ પર આધાર રાખેછે, તે પ્રમાણે થાપણનો વધારો, જેમાંથી થાપણ નિપજે તેની વધ, થાપણ વધારવાની લોકોની ખાએસ અને તે ખાએસ પાર પડે એવાં કારણોની વધ, તેમજ થાપણને મળતા બચાવની અને ભવિષ્યને માટે બંદોબસ્ત કરવાના દુરંદેશાની વધ પર આધાર રાખેછે.

દેશ દેશો વચે ચાલતા વેપારથી ઉદ્યોગને આગલ વધવાની ગતિ મળેછે, દુનિયાના સુધરેલા ભાગોમાં મેહેનત જોઇએ તેવી વાજબી અને ફાયદાભરેલી રીતે વેહેંચાઇ જાયછે. પેદાસનો જોઠો વધેછે, પેદાસની તહરેવાર જાતોમાં ઉમેરો થાયછે, અને જુદી જુદી પ્રજાઓમાં દિલસોજી અને સંપનો ગાંઠ બંધાયછે. તેથી ફરી થાપણના વધારને ઉત્તેજન મળેછે.

વળી 'આંટ'થી કરી નાણું ધીરવાને અથવા ઉછીનું લેવાને બની આવેછે, અને દરેક માણસને પોતાના ખપથી જીઆદા મેળવવાને સબબ મળેછે, જેથી થાપણના વધારા સંબંધી લાભ થાયછૅ. તમો સારી પેઠે જાણોછો કે 'આંટ' વગર દેશ દેશો વચેનો વૅપાર પણ ભાગી પડે, કારણકે, નામાંકિત ઇંગ્રેજી કિસ્સા-લખનાર **લૉર્ડ લિતન** જેનાં મરણુકના દુખદાયક સમાચાર ગયા જાન્યુઆરી માસમાંજ અતરે આપણને મળ્યા હતા, તેનાં કહ્યા મુજબ "આંટ એવું માતબર દ્રવ્ય છૅ કે જે વૅપારીઓને સર્વથી વધારે કિમતી લાગે છૅ."

થાપણના વધારાથી મેહેનત-દામ તરીકે કહાડેલી રકમમાં ઘણોખરો ઉમેરો થાયછૅ, જેથી મેહેનત-દામનો દર પણ વધેછૅ. આ વાતમાં **ઍદમ સ્મિથ, રિકાર્દો, મિલ, મકલક,** કૅાસૅત અને બીજા ઘણા લખનારાઓ એકમત થાયછૅ. થાપણના વધારાથી **'નફા'** અને **'વ્યાજ'**ના દર પર તદન જુદીજ અસર થાયછૅ. **ઍદમ સ્મિથ**નાં કહ્યા પ્રમાણે થાપણની વધથી થાપણના જુદા જુદા માલેકોમાં હરીફાઈ દાખળ થાયછૅ અને એક જન બીજા કરતાં ઓછે વ્યાજે નાણું ધીરવા અથવા પોતાનો માલ ઓછે ભાવે વેચવા તૈયાર થાયછૅ, જેથી 'નફા' અને 'વ્યાજ'નો દર ઘટેછૅ.

મેહેનતનો વધારે અને વધારે વિભાગ ફાયદાભરેલી રીતે થઈ શકે, કિમતી સાંચાઓ દાખળ થયાથી વખત અને મેહેનતનો બચાવ થઈ હુનરથી બનતી ચીજેનો જથો વધે અને તે વધારો થવાને ઉત્તેજન મળે. અને વળી તે બનેલી ચીજો સસ્તે ભાવે વેચવાને બની આવ્યાથી જેટલી નિપજે તેટલી બધી જલદીથી ખપી જાય—એ કારણોને લીધે ઘણુંકરી મોટાં કારખાનાંઓ હસ્તીમાં આવેછૅ.

હવે **"જૉઈન્ત-સ્તૉક કંપની"** એટલે શું અને **"જૉઈન્ત-સ્તૉક કારભાર"ના ફાયદા અને ગૅરફાયદા** શા છૅ તે જોઇએ. દૉલત ઉપજાવનારા ઉદ્યોગ સંબંધી કાંઇપણ માહાભારત અને જોખમભરેલું કામ માથે ઉઠાવી લૅવા માટે નાની રકમોથી એક મોટી થાપણ કરવાને જ્યારે કેટલાક પુરૂષો સામેલ થાય ત્યારે તે **'જૉઈન્ત-સ્તૉક કંપની'** કહેવાય, જેમકે, **રેલવેએ કંપનીઓ, બૅંકો, વિમો ઉતારનાર કંપનીઓ,** ઇત્યાદિ. **'જૉઈન્ત-સ્તૉક કારભાર'** જેમ કેટલીક રીતે ફાયદાકારક તેમ કેટલીક રીતે ગૅરફાયદાભરેલો છૅ. તેના ફાયદા નિચે મુજબ છૅ;—

(૧) જે માહાભારત, ખર્ચવાલાં, ઉપ્યોગી કામો એક ઘણો તવંગર આદમી અથવા બે કે ત્રણ માતબર પુરૂષો સાથે મળી માથે ઉઠાવી લેવાની જોગવાઈ ન ધરાવે, અને જે કામો અગર **સરકાર** પણ ઉઠાવી લે તો ઘણુંકરી લોકો પાસેથી **કર** તરીકે નાની નાની રકમો ઉઘરાવીને પાર ઉતારે, તેવાં કામો **માથે લઈ પાર પાડવાની શક્તિ** 'જૉઇન્ત-સ્તૉક કંપનીઓ' ધરાવેછે.

(૨) સુધારા અને આબાદાનીમાં વધારે અને વધારે આગલ પગલાં ભરતી પ્રજાઓની હાજતો જેટલી સગવડ અને ઝડપથી પુરી પડવી જોઈએ તેમ પુરી પાડવાને જે કામો ચાલુ કરવાં જોઇએ અને જે ચાલુ કરવાને બે ત્રણ માતબર આદમીઓનું ગજવું પુરતું નહિ કહેવાય તે કામો 'જોઇન્ત-સ્તૉક કંપનીઓ' સરંજામ ઉતારી શકેછે.

(૩) **બૅંક અને વિમા જેવાં કામોમાં** નાણાંના વહીવાત સંબંધી સરતો પુરી પાડવા કાજે લોકોમાં વિશ્વાસ બેસાડવાને જે **મોટી થાપણની જામીનગીરી** અગત્યની ગણાય તે 'જૉઇન્ત-સ્તૉક કંપની'થી મળેછે.

(૪) **સઘળા વહીવાતનો હિસાબ લોકોની જાણ માટે પ્રસિદ્ધ થાયછે.**

પેહેલા ફાયદાના સંબંધમાં માહાભારત કામો તરીકે **આગગાડીઓ, ગોદીઓ, નેહેરો,** ઇત્યાદિ, છે. ઇંગ્લંદમાં **ત્રિજા જિયૉર્જ રાજા**ના વખ્તમાં જે **"ઉઍસ્ત ઇન્દિયા દૉકસ"** બંધાઈ હતી અને હાલની રાજ્યકર્તા આપણી **માયાળુ રાણી વિકતોરીઆ**નાં **રાજ્યમાં ઉઘડેલી "ગ્રેત ઉઍસ્તર્ન રેલઉએ,"** ઇત્યાદિ, તથા હિંદુસ્થાનમાં થોડુંક થયું **ઉઘડેલી "જી. આઈ. પી. આર" અને "બી. બી. સી. આઈ. આર."** ને નામે તમો સર્વને સારી પેઠે જાણીતી **રેલઉએ,** અને એ ઉપરાંત **દરીઆમાં નાખેલું તારનું દોરડું**-એ સઘળાં માહાભારત કામો "જૉઇન્ત-સ્તૉક કંપની"થીજ સરંજામ ઉતર્યાંછે, કારણકે, તે પાર ઉતારવાને એક બે તવંગર આદમીની ગુંજાસ કદીપણ ચાલી શકતી નથી.

બીજા ફાયદાના સંબંધમાં મુખ્ય કરી દુનિયાના જુદા જુદા ભાગોમાં આવવા જવાને અને વેપારના બાબમાં કાગજપત્રો, ઇત્યાદિ, લાવલઈજાવ કરવાને "જૉઇન્ત-સ્તૉક કંપની" જેવી કે જાણીતી **"પી. ઍન્દ ઓ. કંપની"** ની **સ્તીમરોથી** થતી સગવડનો ફક્ત એસારો કરવો બસ છે.

'જૉઇન્ટ–સ્ટૉક કંપની'ઓનો કારભાર ઘણુંકરી પગારે રાખેલા **મૅનેજરોને** સોંપવામાં આવેછે, જેઓને પોતાનો કબુલેલો મુસારો મળે કે પછી તે કંપનીઓએ ઉઠાવી લીધેલાં કામની બીજી થોડીજ દરકાર રહેછે, માટે પેહેલો ગેરફાયદો એ કે, અનુભવ પરથી ધડો મળ્યા મુજબ, જેઓને જૉઇન્ટ–સ્ટૉક કારભાર સાપેલો હોયછે તેઓમાં તે કારભાર સારો નિવડવાને જેટલી જોઇએ તેટલી આતુરતા ઇઆને ઇંતેજારી હોતી નથી. આ ગેરફાયદાના સંબંધમાં **"ધણી વગરનાં ઢોર સુણાં,"** ઇઆને, **"દીવા પાછલ અંધારૂંજ"**–એ વારંવાર વપરાતી કહેવતોની તમને યાદ આપવી વ્યર્થ જશે નહિ. બીજો ગેરફાયદો "મૅનેજરોમાં પ્રમાણિકપણાંની અને જોઇએ તેટલી ધમકની ખુટ," અને ત્રિજો ગેરફાયદો "નજીવા નફા અને ખર્ચના ટુકટુક બચાવ, ઇઆને, કરકસર વિષે બેદરકારપણું" કહેવાય. આ બેદરકારપણું જુજ વખ્ત હોય તો કાંઇ ઘણું નુકસાન નહિ થાય, પણ આપણામાં કહેવત છે કે **"ટિપે ટિપે સરોવર ભરાય,"** ઇઆને, **"કાંકડે કાંકડે પાર બંધાય,"** તે પ્રમાણે જો નાના નફા અને ખર્ચમાં ટુકટુક બચાવ કરવાના બાબમાં આપણ વારંવાર બેદરકાર રહીએ તો ઘણો મોટો નફો આપણા હાથમાંથી જતો રહે અને આપણને મોટું નુકસાન થાય.

એ થયા બાદ **ઇંગ્લંદમાં મોટા પાયા પર ખેતી** ચાલેછે તે કે યુરપના બીજા દેશોમાં જે રીતે **નાની પાયરી પર ખેતી** કરવામાં આવેછે અને જેને **"પેઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ"** કરી કહેછે—એ બે માહેલી કેઇ રીત અનુભવ પ્રમાણે સારી નિવડેલી સાબેત થઇછે તે વિષે, તેમજ એ બન્નેના ફાયદાઓ તથા ગેરફાયદાઓ શા છે તે, અને **હિંદુસ્થાનમાં મોટી** કે **નાની ખેતી** સારી નિવડે તે વિષે હું બોલવા માગુંછું. હુનરથી ચીજો બનાવવામાં મેહેનતનો જેટલો વિભાગ થઇ શકે તેટલો ખેતીમાં થઇ શકતો નથી, અને એ કારણને લીધે મોટી કે નાની પાયરી પર ખેતી કરવી વધારે ફાયદાકારક છે તે સવાલ જેમ અગત્ય ધરાવેછે તેમ તે બાબમાં ગ્રંથકારોનાં મતફેર પડેલાં છે. કેટલાક લખનારાઓ મોટી પાયરી પર ખેતી કરવાની રીત બહુ પસંદ કરેછે. તેઓના વિચાર પ્રમાણે મોટી પાયરી પર ખેતી કરવી અને મોટા પાયા પર કારખાનાં ચલાવવાં– એ બેમાં નિપજતા ફાયદા એકસરખા છે. એ

વિચાર ભુલભરેલો છે, કારણકે, ઉપર કહ્યા મુજબ, મોટા પાયા પર કારખાનાં ચલાવવામાં મેહેનતનો વિભાગ સર્વથી ઘણો તેમજ ફાયદાકારક થઇ શકેછે, પણ ખેતીનું કામ એવા ગુણો ધરાવેછે કે તેમાં મેહેનતના વિભાગનો વિસ્તાર ઘણો બાહોળો થઇ શકતો નથી, અથવા થયાથી કાંઇ મોટો ફાયદો નિપજી શકતો નથી. જેમ કેટલાક મોટી પાયરી પર ખેતી કરવાની તરફેણ કરેછે, તેમ, બીજા હાથ ઉપર, ઘણાક વખણાયલા, કાબેલ, અને ખુદ અનુભવને લીધે ખેતીના બાબમાં વજણદાર મત આપવાને યોગ્ય થાયલા આપણું માન ધરાવે એવા લખનારાઓ **નાની પાયરી પર ખેતી** કરવાની રીત, મુખ્ય કરી, નાની ખેતીની જે જાત **"પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ"** ને નામે ઓળખાય છે, એટલેજે, જેમાં ખેડુતો **પોતેજ જમીનના માલેક હોયછે અને જેઓને જમીન ઈજારે કે ભાડે લેવી પડતી નથી,** તેની વાજબી હિમાયત કરેછે.

જોકે ફ્રેન્ચ ખેતી ઇંગ્રેજી ખેતી કરતાં ઘણી ઉતરતી છે એમ ઘણા લખનારાઓએ મંજુર રાખ્યુંછે, અને જોકે **'ફ્રાન્સ'માં** નાની પાયરી પર અને **'ઇંગ્લંદ'માં** મોટી પાયરી પર ખેતી ચાલેછે, તોપણ એમ નહિ કહેવાય કે મોટી ખેતીજ વધારે ફાયદામંદ છે, કારણકે, ફક્ત એકજ દાખલા પરથી આવું સાધારણ મત બાંધવું વજણદાર નહિ ગણાય. **યુરપના** બીજા દેશો, જેવાકે, 'નૉરવે,' 'ઇતલિ,' 'સ્વીતઝર્લૅન્દ,' 'બૅલજિયમ,' 'હોલંદ,' 'ફ્લૅનદર્સ,' 'પ્રશિયા,' 'જરમનિ'નાં કેટલાંક સર્વથી આબાદ રાજ્યો જેવાંકે પૅલેતાઇનેત,' 'હોલ્સ્તીન' અને 'ફ્સ્લ-ફ્રીસલૅન્દ'માં, તે ઉપરાંત વળી **'ચૅનલ આયલન્દસ'ને** નામે ઓળખાતાં 'જરસી,' 'ગર્નસી,' અને **'આલદરની'**ના ટાપુઓમાં **અને ઉત્તર અમેરિકા**ના જે જે દેશોમાંથી ગોલામગીરીનો ધંધો નિકળી ગયોછે તેમાં કેમ રીતે ખેતી કરવામાં આવેછે તે તપાસી, તેથી નિપજતા ફાયદાઓનો ઇંગ્લંદમાં ચાલતી મોટી ખેતીથી હાંસલ થતા ફાયદાઓ સાથે મુકાબલો કરી, એ વિષે મત બાંધવું વાજબી ગણાય. ઉપર કહેલાં યુરપનાં રાજ્યોમાં તેમજ 'ચૅનલ આયલન્દસ'માં અને ઉત્ત્રર અમેરિકાના ગોલામગીરીની જાળમાંથી છુટા થાયલા દેશોમાં **"પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ"** ને નામે ઓળખાતી **નાની કિસમની** ખેતી ચાલેછે એમ ભરૂસો રાખી

શકાય એવા ગ્રંથો પરથી માલમ પડેછે, અને તેઓ માહેલાં ઘણાખરાં રાજ્યોની જમીનની પેદાસ એટલી પુષ્કળ ઉપજેછે કે તેઓની ખેતી દુનિયામાં સર્વેથી ચહડતી કિસમની ગણાય. નામીચા ગ્રંથકારોનાં લખાણો પરથી ઇંગ્લંદમાં ચાલતી મોટી ખેતી કરતાં નાની ખેતી વધારે સારી, પસંદ કરવા યોગ્ય, અને ફાયદામંદ નિવડેલી જણાયછે.

"પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ" વાલી કે કોઇપણ બીજી કિસમની નાની ખેતી ઇંગ્લંદમાં ત્રણ મુખ્ય અડચણોને લીધે દાખળ નહિ થઇ શકતી. તે ત્રણ અડચણો એ કે-**એકતો,** ઇંગ્લંદના લોકને પોતાની જમીન-મિલકત પોતાનાં પરથી બીજાંનાં નામ પર ફેરવી આપવામાં ધારાની રૂએ ભારે મેહેનત અને ખર્ચ બેસેછે; **બીજતો,** મોટી મિલકતનાં 'વેચાણ-ખત' પછવાડે બેસતા ખર્ચ સાથે મુકાબલો કરતાં નાની મિલકતનાં 'વેચાણ-ખત' પર થતો ખર્ચ ઘણો આકડો પડેછે; **ત્રિજતો,** ઇંગ્લંદના ધારાની રૂએ ત્યાંના લોકને **જમીન-મિલકત વંશાપરંપરાગત કરવાને,** ઇઆને, જન્મેલાં નહિ હોય તેઓને પણ તે મિલકતનાં વારેસ ઠરાવવાને અખત્યાર મળેછે.

મોટા પાયાપર ખેતી કરવાના જેમ ગેરફાયદા ઘણાછે તેમ થોડા ફાયદા પણ છે. **ફાયદા** એ કે-જોઇવી ચીજો મોટા જહામાં ખરીદતાં સસ્તી પડેછે; ખેતીનાં સારાં અને કિસબથી બનાવેલાં મોઘાં પણ ફાયદો કરે એવાં હથિયારો વાપરવાની સંધિ મળેછે; ખેતીથી નિપજતી પેદાસને બજારમાં જહાબંધ લઇ જતાં ખર્ચમાં કીફાયત પડેછે; અને વિધ્યાના કાનુનોનું જ્ઞાન ધરાવનારા કાબેલ શખ્શોનાં ઉપરીપણાં હેઠળ તપાસ કરી ખેતીના હુનરમાં નવીન શોધો અને ફાયદાભરેલી રીતો દાખળ કરવાને પુરતી થાપણની જોગવાઇ હાથ લાગેછે. **ગેરફાયદાની** ટીપ નિચે મુજબ છે;- (૧) પગારદાર ખેડુતો જોઇએ તેટલા મેહેનતુ, પ્રમાણિક અને ઉમંગ ધરાવનારા ભાગ્યેજ હોય; (૨) તેઓપર ઉપરી રાખવો જોઇએ જેથી ઉપરીનાં મેહેનત-દામનો ખર્ચ વધે; (૩) ખાતરનો મોટો જથો ગાડાં ભરી ખેતરમાં લઇ જવો પડે તેમજ પાકનો મોટો જથો ઘરે કે વખારે લઇ જવો પડે તે પર ભારે ખર્ચ બેસે; (૪) જમીનના બાબમાં કરકસર નહિ થાય; (૫) પગારદાર ખેડુતને પોતાના શેઠની તાયબેદારી કરવાના તેમજ પોતાનાં ગુજરાન માટે તે શેઠ પર આધાર રાખવાના વિચારથી કામ કરવામાં

ખલલ પડે એ સ્વભાવિક છે, કારણકે, મોટી પાયરી પર ખેતી ચલાવનાર ધણીતો ઘણુંકરી પોતાનાં માણસોને એમ હુકમ કરે કે "એ, તું આ કામ કર; ફલાણા ચીણા તું ફલાણું કામ કર", પણ નાની ખેતી ચલાવનારને અગર એક બે પગારદાર માણસો રાખવાની જરૂર પડે તો તે લોકોને કામ કરવાની ઉલત છુટે એવી રીતે તે તેઓને કહે, જેમકે, "ચાલો, ચાલો, ફલાણું કામ કરી નાખીએ", અને વળી તે પોતે તેઓ સાથે કામ કરવા લાગે.

"પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ" ને નામે ઓળખાતી નાની પાયરી પર ખેતી કરવાની રીતમાં ખેડુતો પોતેજ જમીનના માલિક હોયાને લીધે તેના જેમ ઘણા ફાયદા છે, તેમ, બીજા સબબોને લીધે, એક બે ગેરફાયદા પણ છે એમ મારે કહેવું જોઇએ. આ ફાયદા તથા ગેરફાયદાની ટીપ આપ્યા આગમજ એ નાની ખેતીની રીત હિંદુસ્થાનમાં કેવી નિવડે તે વિષે હું બે બોલ બોલવા માગુંછું. હિંદુસ્થાનમાં નાની પાયરી પર ખેતી કરવાની રીત ઘણી લાભકારક કહેવાય, પણ નાની ખેતીની "પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ" ને નામે ઓળખાતી જાત ઘણી પસંદ કરવા યોગ્ય નથી, કારણકે, તેજ ખેડુતો ખેતી–જમીનના માલિક હોવા જોઇએ કે જેઓનાં મન સુધરેલાં હોય અને જેઓએ થોડીઘણી પણ કેળવણીનો લાભ લીધો હોય, જેથી ભવિષ્યના બંદોબસ્તનો દુરંદેશો તેઓનાં મનમાં રમી રહે. પણ હિંદુસ્થાનના કણબીઓ તરફ નિધા કરતાં આપણને દેખાઇ આવેછે કે તેઓમાં એવા ગુણોની હસ્તી હોવી મુશકેળ છે. તેઓમાં ઘણાખરા "આજની વાત આજે અને કાળની વાત કાળે"—એ જંગલી રેવાજને વળગી રહી ભવિષ્યને માટે બંદોબસ્ત કરવાની દહાપણભરેલી અગમચેતી રાખતા નથી. આવી અગમચેતીની ખાસ્એસ તેઓમાં હોતી નથી, અને ખેતી–જમીનનું ભાડું આપવાની પણ જો તેઓને ધાસતી નહિ હોય તો જેટલું હાલ ઉપજાવેછે તેટલું પણ ઉપજાવવાની તેઓ દરકાર નહિ રાખે. હવે એકબારગી ભાડું નહિ આપવું પડે તે છતાં જો આ ખેડુતો જમીનમાંથી જેટલી નિપજી શકે તેટલી પૅદાસ ઉપજાવી કહાડે તોય બીજી કેટલીક અડચણો નડે, જેમાં મુખ્ય એ કે તે પૅદાસનો કેટલોક ભાગ હિંદુસ્થાનના જુદા જુદા ભાગોમાં લાવલઇજાવ કરવામાટે એ દેશમાં કેટલેક ઠેકાણે સારા સગવડભરેલા માર્ગો અથવા મારફતો નથી અને એ ખુટને લીધે લાવલઇજાવ કરવાનો ખર્ચ ઘણો લાગે.

હવે "પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ"ના કોઇ પણ ચૉકસ દેશના સંબંધમાં નહિ પણ સામાન્ય રીતે જોતાં શા શા ફાયદાઓ અને શા શા ગૅરફાયદાઓ છૅ તે આપણે જોઇએ. સ્વતંત્રપણાંથી કામ કરવામાં એવી ઉલત છુટે કે થાક પણ ન જણાય; સ્વાર્થને ખાતર કામ પાછલ સંભાળ જારી રાખવી પડે, કામ ઉપર જાહુક એકસરખું ધ્યાન આપવાની હોંસ થાય, ખર્ચમાં કરકસર કરવાનું મન થાય, અને જોઇએ તેવીજ રીતે ખાતર નાખી જાહુક પૅદાસ નિપજે એવી રીતે ખેતી—જમીનના દરેક ભાગને ખેડવા તથા સુધારવાની કૉશિશ કરવી પડે; 'મધ્યમપણું' ઇઆને 'ખાવા-પીવામાં અંદાજો' જે 'પ્લેતો'ના વિચાર પ્રમાણે 'દહાપણ', 'હિંમ્મત', અને 'રાસ્તી' સાથે ઉમેરાયાથી માણસના 'ચાર મુખ્ય સદ્દગુણો' પુરા થાયછે તે અખત્યાર કરવાને સબબ મળે; ખેતીને લગતી દંતકથા વિષે બને તેટલી માહેતગારી મેળવવાની ફરજ પડે; રખેતાનું કામ કરવામાં સંભાળ તેમજ અનુભવથી હુશિયારી હાંસલ થાય;—એ સઘળા "પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ" ને નામે ઓળખાતી નાની ખેતીના ફાયદા કહેવાય. એ કિસમની ખેતીના જો કાંઇપણ ગૅરફાયદા હોય તૉ તે નિચે આપેલાજ ત્રણ ગણાઇ શકાય;—(૧) આવા ખેડુતો વિધ્યાનાં તત્વો વિષે કાંઈ પણ ગ્નાન ધરાવતા નથી; (૨) આવા ખેડુતોને ખેતીની નવી નવી સુધરેલી રીતો દાખળ કરવાની જોગવાઇજ નહિ મળે; (૩) નવી નવી તપાસો લાભ થાય એવી રીતે ફતેહમંદીથી સરંજામ ઉતારવા, નેહેર કે તળાવ તથા કુવા વગેરેની મારફતે ખેતરને પાણી પાવા, તેમજ ખેતરમાંથી પાણી કહાડી નાખવા માટે ગતરો બાંધવાનાં મોટાં કામ પાર ઉતારવાને આવા ખેડુતોથી નહિ બની શકે.

સેવતે કોઇપણ દેશમાં દૉલતની ઉત્પંતી મોટા પાયા પર ફતેહમંદીથી ક્યારે ચાલી શકે તે આપણે જોઇએ. એ માટે ચાર સરતો જરૂરની છે. પેહેલી સરત એકે તે દેશનાં બજારનો વિસ્તાર ઘણો મોટો હોવો જોઇએ, એટલેજે, તે દેશમાં થાતી પૅદાસનો ત્યાંજ ઘણો ખપ હોવો જોઇએ અથવાતૉ તે પૅદાસની બાહારદેશ થતી નિકાસ ઘણી મોટી હોવી જોઇએ; બીજી સરત એ છૅ કે તે દેશમાં થોડા હાથમાં ઘણી મોટી થાપણ હોવી જોઇએ; ત્રિજી સરત એ છૅ કે તે થાપણને એવી દહાપણભરેલી રીતે કામે લગાડવી કે તેના ઉપયોગથી ફરી જાહુક તે થાપણમાં ઉમેરોજ થતો જાય; અને ચૉથી સરત એ છૅ કે વૅપાર સંબંધી ઉડાવી લીધેલાં માહાભારત

કામોનો તેમજ વૅપારના સંબંધમાં વિશ્વાસનો અને તેટલો ફેળાવો કરવો જોઇએ. આ સધળી સરતો પાર પાડનાર તરીકે જો કોઇપણ દેશ ગણાઇ શકાય તૉ તે ઈંગ્લંદ છૅ.

દૉલતની ઉત્પંતીને લગતા સઘળા અગત્યના સવાલો આપણે તપાસી રહ્યા છીએ, અને આ ભાષણનું સેવત આણતાં જાણીતા ફ્રેન્ચ ગ્રંથકાર **બાસ્તિયાના** માણસજાતની સુધરતી જતી હાલત વિષેના સત સબ્દુનો અતરે ટાંકી લૅયા વિના મને ચાલતું નથી. "**ખુદરતી ભાઈબંધીની હાલત**, એટલેજે, એવી હાલત કે જેમાં તે કિરતારની ધણીખરી પૅદાસનો સધળાઓને બનતાં સુધી સરખો અને સામાન્ય લાભ મળે એવી જોગવાઇ આપવાની તે કિરતારની મકસદ રાખેલી તે સ્થિતી ભોગવવાને જોકે આપણે કદીપણ શક્તિવાન નહિ થઇએ— ઍમ બને, તૉય તે તરફ, વખ્ત જતે આપણ (એટલેજે, માણસજાત) અજ્ઞાનપણાં અને ગરીબાઇમાંથી મોકળા થઈ, વધારે અને વધારે નજદીક કદમ ભરીએ છીએ, અને તે પગલાં ભરવામાં ફતેહ પામીએ છીએ" ઍમ **બાસ્તિયા** કહેછૅ, અને જૅમ જૅમ વખ્ત પોતાનો રસતો આગલ કાપતો જાય તૅમ તૅમ ઉપલી કિસમની "ખુદરતી ભાઇબંધીની સ્થિતી" તરફ માણસજાત પોતાનાં પગલાં એથી પણ વધારે નજદીક ભરવાને ઇશ્વરની યારીથી કરી શક્તિવાન થાય એવી દોઆ ગુજારી આ ભાષણ સમાપ્ત કરૂંછું.

સમાપ્ત.

દૉલત કૅમ વેંહેંચાયછૅ તે વિષે

'જ્ઞાન પ્રસારક મંડળી' માં તા૦ ૧૩ મી મે

૧૮૭૪ ને દિને કીધેલું

ભાષણ.

સાહેબો,

"જ્ઞાન પ્રસારક મંડળી" ની ગઈ મૉસમમાં 'અર્થશાસ્ત્ર' ના સંબંધમાં જે પેહેલું ભાષણ મૅં કીધું હતું તેમાં ફકત 'દૉલતની ઊત્પતી' વિષે મૅં લંબાણથી ખોલાસો કીધો હતો અને 'અર્થશાસ્ત્ર'ના બીજા ભાગો જુદાંજ ભાષણોમાં સમજાવવાનો મારો વિચાર મૅં જાહેર કીધો હતો—એ બીના તમો સાહેબોમાંથી તે વખતે જેઓ હાજર હતા તેઓને યાદ હશે. આ કિસમનો વિચાર એવા પ્રસંગે અને એવાં મકાનમાં મૅં પ્રસિદ્ધ કીધો હતો કે તેને ગોયા એક કબુલાત તરીકે સમજ્યા વિના ચાલે નહિ, અને તે કબુલાત પાર પાડવાને સામર્થવાન થઈ આજ દિને 'અર્થશાસ્ત્ર'ના બીજા ભાગ 'દૉલતની વેંહેંચણી' પર મારૂં ભાષણ કરવાને તમારી સનમુખ ઊભો છું-એ બીનાથી મને અત્યંત સંતોષ ઊપજેછૅ. 'દૉલતની વેંહેંચણી' નો બાબ 'દૉલતની ઉત્પતી' ના બાબ કરતાં વધારે રસીલો, વધારે મનોરંજક અને વધારે ધ્યાન ખેંચે એવોછૅ, કારણકે, મારાં પેહેલાં ભાષણમાં કહયા મુજબ. 'અર્થશાસ્ત્ર' નો પાયો "ચાર મુળ સિદ્ધાંતો" પર રચાયલો છે, જે માહેલું પેહેલું સિદ્ધાંત એ છૅ કે, 'દરેક માણસને દૉલત મેળવવાની અને તેમાં કાંઈપણ નુકસાન વગર ઊમેરો કરવાની ખાએસ હોયછૅ'; આ ખાએસનો અંગાર માણસનાં જીગરમાં એવા જોસથી જળેછૅ કે તે કદીપણ હોળવાઈ ન શકાય. આ ખાએસની હરતી મગરેબથી મશરેક સુધી અને ઊત્તરથી દક્ષિણ સુધી આ પૃથ્વિની

સપાતી પર વસનારાં સર્વ જીવજંતો અને જીવડાઓ પર સરદારી ભોગવતું અને હાકમઈ ચલાવતું પેલું ઊમદા જાનવર–માણસ, જે, પ્રીખ્યાત કવિ '**ઉઅર્ડ્ઝઉઅર્થ**'ના બોલોમાં બોલીએ તો, "પૃથ્વિનું સર્વોતમ જાનવર" છે, અને જેના બાબમાં દૌલતનો સંગ્રહ કરવાની ખસલતના સંબંધમાં બોલતાં, પેલો નામાંકિત **લેતિન કવિ 'હૉરેસ' સખ્ત ટીકા સહિત મુર્ખાઈ તથા બોડખાપણ ઊઘાડી પાડનારી** પોતાની **કવિતાઓની** પેહેલી કેતાબની પેહેલી કવિતા જેમાં તે માણસના '**ધન–લોભ**' વિષે બોલછે તેમાં એમ કહેછે કે "તેને (એટલેકે, માણસને) નાકે કકરતો ઊન્હાળો, નાકે અકડાવી નાખે એવો શિયાળો, નાકે જળજળતો ઇંગાર, નાકે મોટો માહાસાગર, નાકે વળી તળવાર પણ ધન પ્રાપ્ત કરવાનાં લાભકારક કામમાંથી અટકાવી શકવાની તાકાત ધરાવે"—તે, તે પૃથ્વિ પર સરદારી ભોગવતાં જાનવરમાંજ નહિ, પણ વળી તેથી ઊતરતાં હલકી કિસમનાં જીવજંતો, તેમાં મુખ્ય કરી, પેલી નાની, નજીવી સરખી, આપણાં બેદરકારપણાંથી પગ તળે વારંવાર કચડાઇ મરતી, તોય દહાપણવાલી, ભવિષ્યના બંદોબસ્ત માટે અજાયબજેવી અગમચેતી રાખનારી, અને કેટલીક રીતે આપણને ધડો શિખાડનારી તથા ચાનક આપનારી કીડી જેના માણસજાતે નકલ કરવા યોગ્ય સદગુણોનું ઘણુંજ સુંદર અને અસરકારક ચિત્ર **લેતિન કવિ હૉરેસના** ગ્રંથમાં આપણી નજરે પડેછે–તે **નાની કીડી**માં પણ હોયછે. આ ખાએસ જે "ધન મેળવવાનો પવિત્ર જુસ્સો" કરી કહેવાયછે તે જયારે હદ બાહેર જાયછે ત્યારે ઘણાંજ માઠાં પરિણામો નિપજેછે, તે એટલાં સુધી કે, જુઠા સમ ખાવા કે પારકા જાનનો ઘાત કરવાનું તો રહ્યું, દુરના પરદેશીઓના જીવ લેવાનું તો રહ્યું, પણ તેથી નિપજતાં **માબાપ તથા ભાઇબેહેનોનાં ખુનનાં** જો દાખલાઓ આપણ જોઇએ તો **સંખ્યાબંધ** મળી આવે. નાટક–કવિઓના સરદાર–'**શેકસપીઅર**'ના "**કિંગ હેન્રી ધ ફૉર્થ**" નામના નાટકના બીજા ભાગમાં, ચોઠા અંકના ચોઠા પ્રવેશમાં, ઇંગ્લંદનો **ચોહો હેન્રી રાજા** સખ્ત માંદગીના સબબે જયારે પોતાનાં બિછાણાપર પડેલો હતો તે વખ્તે તેનો વડો બેટો **શાહાજાદો હેરી** જે પછવાડેથી ઇંગ્લંદના **પાંચમાં હેન્રી રાજા** તરીકે વખણાયો હતો તે તેની પાસે તેના તકિયા પર મુકાવેલું તેનું તાજ લઇ ગયો, ત્યારે તેનાં મોહોડામાંથી નિકળતા ("તાઇમન ઑવ

એથન્સ" ના નાટકમાં બીરાજનાર પેલો સારા સ્વભાવનો ઉમદા નર "તાઇ-મન" જે ઘણો તવંગર અને ઉદાર દિલનો હતો પણ જેની મોટામાં મોટી એબ એ હતી કે તે ઘણો જલદીથી ફુળણજી બની જતો અને પોતાનો ખજાણો કદીપણ ખુટે નહિ એવો વિચાર રાખતો, જેથી થોડા વખ્તમાં તે કંગાળ હાલતમાં આવી પડયો હતો, તેના બોલોમાં કહીએ તો "સોનું, પેલું પીલા રંગનું, ચલકતું, કિમતી સોનું" મેળવવાનોજ જ્યારે માણસની મુખ્ય મકસદ થાયછે ત્યારે) પુત્રો પોતાના પીતા તરફની સઘળી ફરજો ભુળી જઈ કેવા બેવફાદાર, કેવા નિમખહરામ, કેવા નગુણા થઇ જાયછે અને ખુદરતથી નિયમીત થાયલી પોતાની ફરજો વિષે કેવું બેદરકારપણું બતાવેછે તે વિષેના તાણા-મારતા તથા પીતાઓની સુભ મેહેનતનો કેવો દુઃખદાયક અંત આવેછે તે વિષેના અસરકારક સખુનોની તમને યાદ આપ્યાથી આ જુસ્સાનો પુરતો ખ્યાલ તમારાં મનમાં સેહેલાઈથી ઊતરશે. 'ચોથો હેન્રી રાજો' શું કહેછે તે સાંભળો.—"શું તે (એટલે તેનો વડો બેટો શાહાજાદો 'હેરી') તાજ પેહેરવાને એટલોબધો ઊતાવળો પડી ગયોછે કે મને ઊંઘમાં જોઇ તે મુએલો સમજેછે ? તેનું આ કામ મારૂં દુઃખ ઊલટું વધારેછે અને મારી જીંદગીના અંતને નહિ આવતો પાસે આણેછે. પુત્રો ! ઓ પુત્રો ! તમો જુઓ કે તમે કેવા છો ! જ્યારે ધન મેળવવુંજ માણસની મકસદ થઇ પડેછે ત્યારે માણસાઈ સ્વભાવ કેવો ફરી જાયછે અને પોતાની સામે કેવો ફિતનો ઊઠાવેછે ! આવી જાતનોજ બદલો મેળવવા કાજે બેવકુફ અને જોઇએ તે કરતાં વધારે સંભાળ લેનારા પીતાઓએ પોતાની ઊંઘને વિચારોથી, પોતાનાં મનને ચિંતાથી અને પોતાનાં હાડકાં-ઓને મેહેનતથી તોડયાં છેની કે પેલી મધમાખી જે દરેક ફુલમાંથી તેનો મધુર રસ ચુસી લઇ એકઠો કરેછે તેની માફક અમ-સરખા પીતાઓ અમારાં મોહોડાં મધથી ભરી જ્યારે તે જમા કીધેલું સઘળું મધ તેની રાખવાની બરાબર જગ્યામાં લઇ આવીએ છીએ ત્યારે તે મધમાખીની માફકજ અમારી સુભ મેહેનતનું ફળ એજ આવે કે અમો અમારો પ્યારો જાન ખોઇએ."

'દૌલત' ને સાધારણ રીતે લોકો પૈસા ટંઆને શિક્કા તરીકેજ

ગણેછે. અર્થશાસ્ત્ર પ્રમાણે તે કયા જુદા અર્થમાં વપરાયછે તે મેં મારાં પેહેલાં ભાષણ મધે લંબાણથી સમજાવ્યું હતું, પણ આ ભાષણમાં 'દૌલત અથવા '**દ્રવ્ય**' વારંવાર વાપરવામાં આવશે તેથી અર્થશાસ્ત્ર પ્રમાણે 'દૌલત' એટલે શું તે ફરીથી કહેવું દરૂસ્ત દિસેછે. અને તેમ કરતાં તે શાસ્ત્ર પર લખનાર એક નામાંકિત ફીલસુફનાં દુઃખદાયક મરણના વિળાપમાં બે બોલ બોલ્યા વિના મને ચાલતું નથી, કારણકે, તે નામવર એક કિમતી ગોહેર હતું. આ કિમતી ગોહેર '**સરસ્વતી માતાનાં મંદીરનું સઘળું તેજ અને શોભા**' હતી; આ ગોહેરને ગયા મે માસના એક સીહા સનિવારને દિને સરસ્વતી માતાનાં મંદીરમાંથી **રાક્ષી કાળ** ચોરી ગયો; આ ગોહેરની દીપક મંદીરમાંજ નહિ પણ તેની આસપાસ પણ મારતી હતી; અને આ ગોહેર ચોરાઈ ગયાથી આ ફાની દુનિયા પર ગોયા ભારે સેતમ ગુજર્યોછે. અફસોસ! ઓ અફસોસ! આ ગમખારી બીના શું કરવા મને યાદ આવેછે કે અફસોસના પોકાર કહાડવાની અતરે મને દુઃખદાયક ફરજ પડેછે! 'વિદ્યા–એલમ' ની દુનિયામાં સર્વ ઠેકાણે જે નરનાં મરણની વેલાય અફસોસના પોકાર મચી રહયા હતા, જે નરનું નામ દેતાં "જ્ઞાન પ્રસારક મંડળી" ની સભામાં ગયે સાલ મને જેટલો હર્ષ ઊપજતો હતો તે કરતાં હઝાર દરજજે વધારે દલગીરી આજ દિને મને ઊપજેછે, અને જે નામ તે વખ્તે જેટલી મગરૂબી સાથે દેવાને મને સબબો હતા તે કરતાં હઝાર દરજજે વધારે મગરૂબી સાથે તે નામ આજ દિને દેવાને મને પુરતાં કારણો મળી આવેછે,—તે નર, તે ફીલસુફી ગ્રંથકાર, **જોન સ્તુઅર્ત મિલ**ના બોલોમાં બોલીએ તો "દરેક ઉપયોગી અથવા દિલપસંદ ચીજ જે કાંઇપણ કિમત ધરાવતી હોય અને જેને બદલે કાંઇપણ બીજી કિમત મળી શકે, જે એક હાથથી બીજે હાથ જઇ શકે, અને જે જેટલી આપણને જોઇએ તેટલી મેહેનત કે એવુંજ બીજું દામ આપ્યા વિના મળી ન શકે તેને '**દૌલત**' કહેવી."

દૌલત કેમ પૈદા થાયછે તે વિષે મારાં પેહેલાં ભાષણમાં સમજાવ્યું છે. હવે આ ભાષણમાં પૈદા થાયલી દૌલત લોકોના તહરેવાર વર્ગોમાં કેમ વેંહેચાઈ જાયછે અથવા ફેળાવો પામેછે તે તપાસવું છે. આપણે પેહેલાં ભાષણમાં જોયું કે જે કાંઈ દૌલત પૈદા થાયછે તે 'જમીનના

માલેકો', 'મેહેનત કરનારાઓ,' અને 'થાપણવાલાઓ'—એ ત્રણ કિસમના લોકની મદદથી કરી થાયછે; એટલામાટે, પેદા થાયલી દૌલત પણ તેઓનાજ હાથમાં જવી જોઇયે, એટલેજે, પેદા થાયલી દૌલતનો એક ભાગ (પછી તે નાનો હોય કે મોટો તે) 'જમીનના માલેકો' હસ્તગત, બીજો ભાગ 'મેહેનત કરનારાઓ' ઉર્ફે 'કામગરો' હસ્તગત, અને ત્રિજો ભાગ 'થાપણવાલાઓ' હસ્તગત થવો જોઇયે. હવે એ ત્રણ વર્ગોમાં જેણેપણ દૌલતનો કોઇ ભાગ લીધો તેની પાસે તે હમેશ એમનો એમ રેહેતો નથી. જીવતાં જીવત તેને પોતાની જરૂરીઆતની ચીજો લેવા માટે તેમાંનો થોડોઘણો ભાગ પણ બીજાઓને આપી દેવો પડેછે. એમ ધારો કે કોઇ **જમીનનો માલેક** કે **કામગર** કે **થાપણવાલો** પોતાની **જમીનમાંથી** અથવા પોતાની **મેહેનતથી** અથવા પોતાની **થાપણ** કામે લગાડીને મહીને દહાડે ૧૦૦) રૂપિયા કમાયછે. હવે આ રકમમાંથી તે ધણીને પોતાનાં ગુજરાન માટે ૫૦) કે ૬૦) કે ૭૦) રૂપિયાની કે એવી જે રકમ ખર્ચ લેખે વાપરવી પડે તે તેના હાથમાંથી બીજાના હાથમાં જવી જોઇયે. એ પ્રમાણે અસલ ત્રણ વર્ગોમાં વેંહેંચાયલી દૌલત બીજાઓના હાથમાં જાયછે. પણ એ ઊપરાંત વળી **વારસાની** રૂએ અસલ ત્રણ વર્ગોમાં વેંહેંચાયલી દૌલત બીજાઓને હસ્તગત થાયછે. કોઇપણ 'જમીનનો માલેક' કે 'કામગર' કે 'થાપણવાલો' પોતાની મેળવેલી દૌલતનો ચોકસ ભાગ જેમ જીવતાં જીવત કામકાજની વસ્તુઓના બદલામાં બીજાઓને આપેછે તેમ મુઆબાદ તે દૌલતનો બાકી રહેલો ભાગ તે પોતાનાં ફરજંદો અથવા બીજાં સગાંસ્નેહીને **વારસા** તરીકે આપી જાયછે. હવે જીવતાં જીવત જરૂરીઆતની ચીજો વેચાતી લેતાં દૌલતની જે ફેરબદલી થાયછે તેમાં અને મુઆબાદ વારસાની રૂએ જે ફેરબદલી થાયછે તેમાં ફેર એટલો છે કે પેલા દૌલતના ધણીને પેહેલા બાબમાં જે દૌલત તે આપેછે તેના બદલામાં કાંઇ અવેજ મળેછે, પણ જે દૌલત વારસામાં જાયછે તેનો અવેજ તેને મળી શકતો નથી. આપણે આગલ કહ્યું તેમ દુનિયામાં પેદા થતી સઘળી દૌલત પેહેલાં જમીનના માલેકો, કામગરો, અને થાપણવાલાઓમાં વેંહેંચાઇ જાયછે, અને પછી તે માંહેલો થોડો ભાગ જીવતાં જીવત કામની વસ્તુઓના બદલામાં અને બાકી રહેલો ભાગ મુઆબાદ વારસા તરીકે તેઓના હાથ-

માંથી બીજાના હાથમાં જાયછે. આ પ્રમાણે ત્રણ અને બે મળી પાંચ રીતે દોલતની વેંહેંચણી થાયછે, જે માહેલી જરૂરીઆતની વસ્તુઓના બાબમાં થતી વેંહેંચણી વિષે સમજણ આપવી બીજી જોગવાઈ પર મુળતવી રાખી, આજ દિને બાકી રેહેલી ચાર રીત વિષેજ બોલવું છે.

પણ પેહેલાં 'દોલતની ઊત્પત્તિ' અને 'દોલતની વેંહેંચણી' વચ્ચે માણસજાતના અખ્ત્યારના સંબંધમાં શો ફેર છે તે આપણે જોઈએ. 'દોલતની ઊત્પત્તિ' હમેશાં ખુદરતી કાયદાઓનેજ આધીન હોયછે કે જે ખુદરતી કાયદાઓ પર આદમજાતનો કશો પણ અખ્ત્યાર ચાલતો નથી એટલુંજ નહિ પણ કદી ચાલી શકેજ નહિ. આવાં ખુદરતી કારણોમાં માણસનાં શરીર અને મનના બાંધાના ખુદરતી ગુણો અને તેઓથી નિપજતાં પરિણામો વતરીકે, મુખ્ય કરી, "રૂતુના તહેરેવાર ફેરફારો" હું ગણુંછું. ખેતીથી નિપજતી પેદાસના બાબમાંતો "રૂતુના ફેરફારો" ઘણી અગત્ય ધરાવતા અને અમલ ચલાવતા કાયદાઓ ગણાયછે. એ રીતે 'દોલતની ઉત્પત્તિ'ના બાબમાં માણસની મરજી જેવું કાંઇ નથી, પણ 'દોલતની વેંહેંચણી' કેવળ જુદાજ કાયદાસર થાયછે. 'દોલતની વેંહેંચણી' તો મુખ્ય કરી, ઇઆને, વધારે બરાબર બોલીએતો, ઘણુંકરી તદન, માણસોના જુદાજુદા રેવાજો અને કાયદાઓ પ્રમાણે થાયછે. 'દોલતની વેંહેંચણી' ને લગતા કાયદા કાનુનો જેવા માણસ ચાહે તેવા બનાવી શકે, પણ 'દોલતની ઉત્પત્તિ' ના બાબમાં આદમજાતનું બચ્ચું આવી તાકાત ધરાવતું નથી.

'દોલતની વેંહેંચણી'—એ શબ્દોજ કહી આપેછે કે ચોકસ માલમતા, ધન, દ્રવ્ય, પુંજી, કે અસક્યામત પર ચોકસ પુરૂષોનું ધણીપણું ઇઆને માલિકી હોવીજ જોઇયે, અને વળી તે માલિકીનો હક ધારાથી જળવાયલોજ હોવો જોઇયે, કારણકે, જો એમ નહિ હોય તો, 'દોલતની વેંહેંચણી' પણ કેમ થાય ? જો એમ નહિ હોય તો એક માણસ પોતાનાં અંગ-બલથી, તો બીજો જાતની વાપરી જીંદગીની જરૂરીઆતો કે બીજું દ્રવ્ય મેળવે. એટલામાટે, મિલકત પર ચોકસ ધણીઓની માલિકી હોવી જોઇયે અને તે માલિકીનો પવિત્ર હક જાળવનારા ધારાઓની હસ્તી પણ હોવી જોઇયે. બધા દેશોમાં દોલતની માલિકીના હકો જાળવનારા ધારા બાંધેલા હોયછે. જુદા જુદા દેશોમાં તો રહ્યા પણ એકજ દેશમાં જુદી

જુદા વખ્તે આ ધારાઓ બદલાઇ જાયછે, અને તેથી 'દૉલતની વેંહેંચણી' પર તે ફેરફારોને અનુસરતી અસર થાયછે. **પ્રોફૅસર ફૉસૅત** કહેછે તેમ માલમતાના માલિકોના હક તરફ નિધા કરતાં હવડાં પણ ચૉકસ દેશોમાં "ઘોડાઓ અને ગોલાઓમાં કશો પણ ફરક નથી. **ગોલામગીરીની બંદી-માંથી મુક્તિ આપનારો ધારો** પસાર થયો તે આગમજ કોઇપણ નવાં સંસ્થાનમાં વસનાર ઇંગ્રેજે હરકોઇ હબસીને (ગોલામ તરીકે) વેચાતો લીધો હોય તો પછી તે હબસી પણ પેલા ધણીનાં ઘરની બીજી સઘળી માલમતાની માફક થઇ પડતો." એટલેજે, પેલા ધણીને તેની બીજી સઘળી માલમતા તે ચાહે તો જાળવે અને ચાહે તો તેનો નાસ કરે અથવા તે પર ચાહે તે કરી શકે એવો જે અખ્ત્યાર હોયછે તેવોજ હક પેલા ગોલામના બાબમાં પણ તે ભોગવતો.

મિલકતના ધણીઓને પોતાની મિલકત બીજાઓને વારસા તરીકે વેંહેંચી આપવાની સતાનો કાબુ જુદા જુદા દેશોમાં વધતો ઓછો હોયછે, જેમકે, ઇંગ્લંદમાં ધારાની રૂએ જમીન-મિલકત વંશપરંપરાગટ કરવાનો, ઇઆને, જનમેલાં નહિ હોય તેઓને પણ તે મિલકતનાં વારેસ ઠરાવવાનો અખ્ત્યાર મળેછે, પણ સઘળા દેશોમાં કાંઇ તેમ નથી. **ફ્રાન્સ-**નોજ દાખલો લઇએ કે જ્યાં એક જમીન-મિલકતના ધણીનાં મરણ બાદ તેનાં સઘલાં છોકરાંઓને તે 'જમીનના સરખા હિસ્સા લેવાનો જે હક છે' તે હક તેઓનો પીતા કાંઇપણ રીતે તેઓ પાસેથી છિનવી લેવાનો અખ્ત્યાર ધરાવતો નથી.

'જમીન-મિલકત' કાંતો ખાનગી આસામીઓ કે કંપનીને લગતી હોયછે, કાંતો સરકારને લગતી હોયછે. વળી એતોને માટે જમીન પત્તે કે ઇજારે લીધેલી હોયછે. 'યુરપ'માં ઘણીખરી એતી-જમીનના માલેક ખાનગી આસામીઓ હોયછે. જે ખુદ દેશમાં આપણ વસીએ છીએ તેમાં, એટલેજે હિંદુસ્થાનમાં, ઘણીખરી એતીની જમીન **સરકારની** માલેકી તળે છે.

આપણ જાણ્યે છીએ કે ખાનગી આસામીઓ પાસે વધતું ઓછું દ્રવ્ય હોયછે. આપણ જોઇએ છીએ કે કોઇ ઘણાજ તવંગર તો બીજાઓ છેક કંગાળ સ્થિતીમાં હોયછે. એનું કારણ શું? એનું કારણ માત્ર એ કે હાલ આપણામાં **દૉલતની વેંહેંચણીનો મુખ્ય કાયદો** એવો છે કે

જે આદમી પોતે પોતાની મન-શક્તિ, અંગ-શક્તિ, કે કળાથી, અથવા વારસાની રૂએ, જે કાંઈ મેળવે તે ઉપર તેના શિવાય બીજા કોઇનો રતીભાર હક હોતો નથી. આથી કરી નિચે પ્રમાણેના દેખાવો આપણી નજરે પડેછે;—કોઈ અક્કલહિન આદમીને હાથ વારસામાં મોટી મિલકત આવી જાયછે, તો, બીજા હાથ ઉપર, એક મન કસનારો વિદ્વાન ભુખમરામાં પોતાના દહાડા ગુજારેછે, કારણકે, જે મેહેનતમાં તે પોતાનો વખ્ત ગુજારેછે તેની બુજ તેની આસપાસનાઓ પીછાણી શકતા નથી અને તેથી તે મેહેનતના અવેજમાં તેને ઘણું થોડું મળેછે. 'દૉલતની વેંહેંચણી' ના ઉપર જણાવેલા મુખ્ય કાયદાની રૂએ વારંવાર નાલાયક આદમી પાસે પુષ્કળ પૈસો આવેછે ત્યારે લાયક આદમી હાથ અગત્ય જેટલું નાણું પણ હોતું નથી. આવો મામલો જોઈ આદમીની સ્થિતી પર નિઘા રાખનારાઓએ સઘળી પૅદા થતી દૉલત વેંહેંચી નાખવા વિષે કેવળ જુદીજ સૂચનાઓ કીધીછે. આ સૂચનાઓ અને તદબીરોનું ટુક બ્યાન કીધેલું વ્યર્થ નહિ ગણાશે.

જગ-મિત્રો કેટલીકવાર ઉસકેરાઇને એવી જાતની મંડળીક હાલતની તરફેણ કરતા કે જેમાં ખાનગી મિલકતની તો હસ્તીજ નહિ હોય, અને જેમાં સઘળાઓ 'દૉલતની ઉત્પત્તિ'માં ખુશીથી મેહેનત કરી મંડળીની પૅદા થતી દૉલતનો સામાન્ય રીતે એકસરખોજ લાભ લે, એટલેજે, જેમાં દૉલતની ઉત્પત્તિમાં મશગુળ થાયલાં સઘળાંઓમાં દૉલતની વેંહેંચણી સરખે હિસ્સે થાય. દૉલતની આવી પ્રકારની વેંહેંચણીને **'કમ્યુનિઝમ'**નું નામ આપ્યામાં આવ્યુંછે, જે જોકે તેમાં રાખેલી મકસદ માટે ઘણી વખાણવા લાયક છે, તોય થોડી કફોડી લાગેછે. જુઓ કે, અગર મને કોઇ એમ કહે કે "ભાઈ, દૉલત પૅદા કરવાના હેતુથી ફળાણી મંડળી ઉભી થઇછે તેમાં તારેથી બને તેટલી મેહેનત તું કરજે અને તે મંડળીની ઉપજનો જે દરેક જનને હિસ્સો મળશે તે તને પણ મળશે, કારણકે, તે ઉપજ સઘળાંઓને સરખે હિસ્સે વેંહેંચી આપવાનો ઠરાવ થાયલોછે; માટે, તેમાં તું પણ સામેલ થા," તો તે વાત હું ખુશીથી બાહાલ રાખું. અને પછી શું કરૂં વારૂં ? બને તેટલી મેહેનત કરૂં, એટલેજે, ઘણુંકરી થોડું કામ કીધું કે ન કીધું એટલે બીજાં કામ વિષે બ્હાનું કહાડી મારો હિસ્સોજ મેળવવાની હું વાત કરૂં. નહિ વારૂં ? ખરેખર, જો મારૂં અંતઃકરણ

અને પ્રમાણિકપણું હું એક કોરે મુકું તો આવી રીતની વળાણ પકડવાની મને ઘણીજ ખાએસ થાય, અને હું ધારૂં કે બીજાઓ કામ કરશે એટલે મને આઇતું મળશે તેમ દરેક જન પોતાને મેહેનતમાંથી જેમ બને તેમ મોકળો કરવાની કોશેશ કરે, કારણકે, જ્યારે આઇતું જમવાનું બની શકે ત્યારે વળી મેહેનત કરવા કોણ મરે ? આ વાત ધ્યાનમાં રાખી, જો તમો જોશો તો આ 'કમ્યુનિઝમ' ની રીત તમને વાંધાભરેલી લાગ્યા વિના રેહેશે નહિ. પેહેલો વાંધો જે તે સામે સાધારણ રીતે ઉઠાવ્યામાં આવેછે તે એકે દરેક પુરૂષે જેટલું કામ વાજબીની રાહે બજાવવું જોઇયે તેટલું તે નહિ બજાવે પણ ઘણુંખરૂં ઉડાવ્યા કરવાની કોશેશમાં મશગુળ રહે. મારે એટલું તો કહયા વિના નહિ ચાલે કે હવડાં પણ ઘણુંખરૂં કામ એવી રીતે ચાલેછે કે તે આ વાંધામાંથી તદન મોકળું નહિ થઇ શકે. વળી બીજો વાંધો જે ઉઠાવી શકાય તે એ છે કે જે ઇંગ્લંદમા દરેક ગામડાં પર તેમાં વસનારાં ગરીબ લોકોનું રક્ષણ કરવાની ફરજ પાડનારા ધારા સામે ઘણાકો ઊઠાવેછે. આ વાંધાની મકસદ એમ છે કે મેહેનત કરવાને રાજી છે એવી ફકત એકજ સરત પર જો મંડળીના દરેક શખ્શની ખાતરી કીધી હોય કે તેનું અને તેનાં ગમે તેટલાંબી બચ્ચાં કચ્ચાં હોય તે સઘળાંઓનું પાળણ પોષણ કરવાને મંડળી બંધાયલીજ છે તો પછી તે શખ્શને પોતાનાં બાળ-બચ્ચાંની કાંઇપણ દરકાર નહિ રહે, અને બચ્ચાંઓ ભુખે મરશે કે તેઓને જીંદગીની જરૂરીઆતો બરાબર નહિ મળશે એવી ભય નાબુદ થયાથી તે પોતાની ઓલાદ વધારવામાં આંચકો નહિ ખાય. પણ **મિલ**નાં મત પ્રમાણે એમ કાંઇ બને નહિ, કારણકે, ઉપલી કિસમની મંડળી માહેલા કોઇએ પણ અંદાજો ઇઆને મધ્યમપણું તજી દેવાના સબબે તે મંડળીને કાંઇક અડચણ ખમવી પડે તો તેવા ધણીને તે વાંક માટે ઠપકો આપવાને તે મંડળીને પુરતો હક છે, જે હક વાપર્યા બાદ પણ, જો તે ધણી નહિ સુધરે તો, તેને પુરતી સજા કરી તે અડચણનો અટકાવ કરવાને તે મંડળીને સતા છે. **મિલ**નાં એમ કહેવાથી આ રીત વાંધાભરેલી નહિ હોય એમ કાંઇ ઠરતું નથી. તે વાંધાભરેલી તો છે અને **મિલ** પોતે પણ તે વાત બાહાલ રાખેછે. બીજા વાંધા કરતાં પેહેલો વાંધો વધારે મજબુત લાગેછે, પણ સર્વથી મોટો વાંધો એ છે કે આવી

મંડળીમાં જે તહરેવાર કિસમનાં કામકાજો ચાલે તે સઘળાં કોઇને પણ ગેરઇનસાફ કીધા વગર બરાબર રીતે સરખે હિસ્સે વેંહેંચી આપવામાં જે ભારે અડચણ નડે તે કેમ મટાડી શકાય? એક કિસમનું આટલું કામ બીજી કિસમનાં કેટલાં કામની બરાબર થઇ શકે તે કોણ મુકરર કરે અને કેમ મુકરર થાય? જયાં બધાંજ ઘણુંકરી સરખાં ગણાય ત્યાં ફલાણે ઠેકાણેથી ફલાણો બોજો લઇજવાનું કામ કોણ કરે અને તે કામ જો એક કરે તો તેનાં પ્રમાણ મુજબ બીજાને કાંતવાનું અને ત્રિજાને વણવાનું તો ચોથાને જમીન ખેડવાનું અને પાંચમાને વળી જુદીજ કિસમનું કેટલું કામ સોંપવું તે કોણ ઠરાવે અને તે ઠરાવવું શું સેહેલ છે?

બીજી રીત જે તેના સૂચવનાર સેંત **સાઈમન** પરથી **સાઈમનિઝમ** ને નામે ઓળખાયછે—તે રીત પ્રમાણે દોલતની વેંહેંચણી સર્વમાં સરખે હિસ્સે નહિ પણ વધતાં ઓછાં ઇમ્આને ચહડતાં ઉતરતાં પ્રમાણમાં થવી જોઇયે, સઘળાંઓએ પોતાની શકિત મુજબ પોતાથી બને એવાં કામોમાં યોગ્ય રીતે મશગુળ રહેવું જોઇયે, મંડળીના વડાઓ ઇમ્આને સરદારોએ દરેક શખ્શ માટે ચોકસ કામ અને તે કામની અગત્યનાં પ્રમાણ મુજબ તથા બજા—લાવનારની યોગ્યતા અને ખુબી પ્રમાણે તે કામનો ચોકસ લવાજમ મુકરર કરવો જોઇયે, અને જે કાંઇ દોલત દરેક જનને હિસ્સે આવે તેનો તે પોતાની ખાનગી મિલકત માફક મરજીમાં આવે તેવો ઉપયોગ કરી શકે. હાલના સુધરેલા જમાનામાં આ રીત દાખલ થઇ નહિ શકે, કારણકે, **સુધારો** અને **છુટાપણું**—એ બે બેહેનો હમેશાં એકમેકનો હાથ ઝાલી, અથવા, વધારે રાસ્તી અખ્તયાર કરી કહીએ તો, **એકમેકની બગલમાં હાથ લઈ ચાલેછે,** અને તેથી મંડળીના વડાઓને ઉપલી કિસમની હદ વગરની સતા ભોગવવા દેવી એ માહાલ સરીખું છે.

ઉપલી બન્ને રીતો કરતાં વધારે પસંદ કરવા યોગ્ય અને વધારે સુધરેલા પાયા પર રચાયલી રીત તે છે કે જે તેના શોધી—કહાડનાર **ફૂરિયર** પરથી **ફૂરિયરિઝમને** નામે ઓળખાયછે. આ રીત પ્રમાણે દરેક મંડળીમાં ૨૦૦૦) માણસો હોવાં જોઇયે, અને તેવી મંડળીએ પોતાને પસંદ પડતા સરદારો ચુંટી કહાડી તે સરદારોના કાબુ તળે ૯) ચોરસ માઇલ જગ્યા ઉપર સાથે મળીને મેહેનત કરવી જોઇયે. તેમાં કેટલાંક મેહેનત કરવાને શકિતવાન હોય કે નહિ હોય તોપણ સઘળાંઓને

પેહેલવેહેલાં તૉ ઓછામાં ઓછી હદ સુધીનો બાંધી રાખેલો લવાજમ મળે અને ત્યાર બાદ જે પૅદાસ કે ઉપજ બાકી રેહે તે ઠરાવેલાં પ્રમાણ મુજબ **થાપણવાલાઓમાં** થાપણના ઉપયોગને લીધે તથા **કામગરોમાં** અને તેઓના **ઉપરીઓમાં** મેહેનત અને હુશિયારીને લીધે વેંહેંચાઈ જવી જોઈયે. જે બે સબબોને લીધે આ રીત ઉપળી બન્ને રીતો કરતાં મને વધારે પસંદ પડેછૅ તે નિચે મુજબ છૅ ;—(૧) **કમ્યુનિઝમ**માં તદન નહિ હોતો અને **સાઈમનિઝમ**માં ઘણે થોડે દરજ્જે બાહાલ રેહેલો **ખાનગી મિલકત ધરાવવાનો પવિત્ર હક** આ રીત યોગ્ય રીતે બાહાલ રાખેછૅ; (૨) **વારસા** તરીકે મિલકત મેળવવાની આ રીત વધારે જોગ-વાઈ આપેછૅ.

હવે **હરીફાઈ** અને **રવૈયાથી** દૉલતની વેંહેંચણીમાં થતી અસર વિષે બે બોલ બોલવા છૅ. જોકે ચૉકસ જાતની દૉલતની વેંહેંચણી ફકત **રવૈયાથી** અને ચૉકસ જાતની **હરીફાઈથીજ** મુકરર થાયછૅ, તૉય ઘણી-ખરી દૉલતની વેંહેંચણીમાં એ બન્નેની ભેગી અસર થાયછૅ. કેટલાક લખનારાઓ **રવૈયા** કરતાં **હરીફાઇને** વધારે અગત્યનું તત્વ ગણેછૅ, પણ **મિલની** ધારણ મુજબ ચાલી હું ઍમ કહુંછું કે **હરીફાઈ** અને **રવૈયો** બન્ને એકસરખી અગત્ય ધરાવેછૅ. **હરીફાઈ** તે શી છૅ અને **હરીફાઇથી** હરકોઈ ચીજનું કે મેહેનતનું દામ કેવી રીતે ઓછું થાયછૅ તેનો થોડો-ઘણો ખ્યાલ આપણી આસપાસ બનતા નિચળા દાખલાઓથી આપણાં મનમાં તરત ઉતરેછૅ. વકીલોના બાબમાં લોકને આપણ વારંવાર ઍમ બોલતાં સાંભળીએ છીએ કે "અરે ભાઈ, હવડાંતો જેના આગલ ૫૦) રૂપિયા આપતા હતા તે કજીઓ ૧૦) રૂપિયે અને વળી ૧૦ રૂપિયાવાલો કજીઓ ૨) રૂપિયે વકીલો લેછૅ, કે જે ૨) રૂપિયા આજને કાળ તેઓનાં ગજવામાં પડયા તે ખરા." એક ખાનગી શિક્ષકને લોકો કેહેછૅ કે "બાવા, તે ચાલીસ પચાસના આગલા વખત તૉ ગયા જો; હવડાં તૉ ચોખ્ખા વીસ રૂપિયાં આપીશું, કારણકે, ફળાણા ઢળાણા તૉ પંદર રૂપિયે શીખવેછૅ. કૅમ મરજી છૅ કે? બોલો." કોઈ ખાનગી નિશાળમાં જતા વિદ્યાર્થીના પીતા કે રખેવાળને તે નિશાળના માલેકને ઍમ કેહેતાં આપણ સાંભ-ળીએ છીએ કે "નહિ ભાઇ, હવે કાંઇ સોરાબશાહનો પગાર બે રૂપિયા નહિ અપાય ; ઢળાણી નિશાળમાં એક રૂપિયે લેછૅ તે હિંયાથી

ઉડાડી ત્યાંજ મુકુંની." અતરેની યુરોપિયન પેહેડીઓને **નાણાં પુગં-પાડનાર દલાલો** જેઓ આગલ રૂ **વેચનારાઓ** પાસેથી સેંહેંકડે બ **ટકા દલાલી** લૅવા ઉપરાંત વળી તે યુરોપિયન વેપારીઓની પેહેડી સૉડેથી પેહેલાં એક અને ત્યાર બાદ અર્ધો ટકો દલાલી લૅતા હતા, તૅમજ વળી કાપડ **ખરીદનારાઓ** પાસેથી પણ બૅ ટકા દલાલી લૅવા ઉપરાંત યુરો-પિયન પેહેડીઓ પાસેથી દલાલી લૅતા હતા, તેઓ હવડાં તે યુરોપિયન પેહેડી-ઓ પાસેથી દલાલી લૅવાને બદલે રૂ **વેચનાર** કે **કાપડ ખરીદનાર** સૉડેથી મળતી દલાલીમાંથી થોડોક હિસ્સો પેલી પેહેડીઓને આપવાની સરત પર કામ કરેછૅ, કારણકે, જૅમ, એક હાથ ઉપર, અતરે એવા દલાલો-ની સંખ્યા ઉભાઈ જાયછૅ, તૅમ વળી, બીજા હાથ ઉપર, વૅપારીની પેહેડીઓને ઍકની મારફતે તહરેવાર સગવડનો લાભ લૅવાનું બની આવેછૅ. વળી અતરેના દુકાણદાર વૅપારીઓને તેઓને જોઇતો માલ **યુરપથી** મંગાવી આપવા માટે હિંયાની વૅપારી પેહેડીઓ આગલ જે ત્રણ, ચાર, અને વળી પાંચ ટકા **કમિશન** લૅતી તેને બદલે હવડાં કેટલીક હડી તો કેટલીક બૅ અને કેટલીક દોહોડ તૉ વળી કેટલીક એક ટકો પણ લૅછે. મોટાં શેહેરોમા છુટક વેચાણમાં ભાવ પડેછૅ તેનાં કારણોમાં હરીફાઇ એક મુખ્ય કારણ હોયછૅ. **બાસતિયાનાં** કહેવા મુજબ "ઉપર ટપકેથી તપાસ અથવા વિચાર કરનારાઓ **હરીફાઈ** વિષે એવું કહેછૅ કે તેથી લોકોમાં દુશમની પૅદા થાયછૅ." આ દોષ ખોટો છૅ. હું તૉ ઍમ કહુંછું કે **હરીફાઇ** ખુદરતી કાયદાઓને અનુસરતી છૅ અને તેની હસ્તી હોવીજ જૉઇએ. પણ ઘણા દેશોમાં **રવૈયાથી** દૉલતની વેંહેંચણીનું પ્રમાણ મુકરર થાયછૅ. **હરીફાઈ** કરતાં **રવૈયો** વધારે પુરાનો છૅ. તવારીખના સફા ફેરવતાં આપણને માલમ પડેછૅ કે ઘણુંકરી આગલા વખતમાં આખાં **યુરપમાં** જે રીત પ્રમાણે લોકો જમીનનો કબજો ધરાવતા હતા, તે "**ફિયુડલ સિસતીમ**"ની રીતમાંપણ જમીનના માલેક અને જમીન સ્વા-ધીન લૅનારાઓ તથા તેઓ અને **જમીનની** ખેડણી કરનારાઓ વચેનો વહેવાર **રવૈયા** પ્રમાણે ચાલતો હતો. હિંદુસ્થાનમાં "**ધ રાયત સિસતીમ**" ને નામે ઓળખાતી જમીનનો કબજો ધરાવવાની ચાલતી રીતમાં પણ ભાડાંનો બંદોબસ્ત રવૈયાથી થાયછૅ. **મધ્ય યુરપમાં** ચાલતી "**ધ મિતેઅર સિસતીમ**"માંભાડાંને બદલે જમીનની પૅદાસનાં રૂપમાં જે અનેજ આપ્યામાં

આવેછે તે **રવૈયા** મુજબ થાયછે. **ઇજનેર, દાકતર, બૅરિસતર, સોલિસિતર** વતરેગેના ઘણાખરા ધંધામાં **રવૈયાથીજ** મેહેનત–દામ મુકરર થાયછે. પણ એ માહેલા કેટલાક ધંધામાં મેહેનત–દામ ઓછું થાયછે તે **હરીફાઇથી** થાયછે.

દૉલત પૅદા કરવામાં જે ત્રણ કિસમના લોક કામે લાગેછે અને જેમાંજ સઘળી દૉલત પેહેલાં વેંહેંચાઇ જાયછે તે જોકે **ઇંગ્લંદમાં, સ્કૉતલંદમાં,** અને **હૉલંદ** તથા **બૅલજિયમ**ના ચૉકસ ભાગોમાં **જમીનના માલેકો, કામગરો** અને **થાપણવાલાઓ**ના ત્રણ જુદા વર્ગો તરીકે હસ્તી ભોગવેછે, તૉય ઘણુંકરી તેઓના બૅજ જુદા વર્ગ હોયછે. **ફ્રાન્સ, સુઇતઝરલૅન્દ, ઇતલિ,** અને **જરમનિ**ના ચૉકસ ભાગો તૅમજ **સ્કૅનદિનેવિયા** અને **યુનાઇતૅદ સ્તેત્સ**ના ઊત્તર તરફના ભાગોમાં તથા આપણા ખુદ દેશમાં દૉલત પૅદા કરતાં અને વેંહેંચી લેતાં આ ત્રણ કિસમનાં લોક બૅજ વર્ગોમાં હસ્તી ભોગવેછે. **મંતકી**ના કાનુનો મુજબ, આવો મામલો ત્રણ જુદાં રૂપમાં બની શકે. ઍમ હોય કે **કામગર** પોતે **જમીનનો માલેક** હોય પણ **થાપણવાલો** જુદો હોય, અથવા **કામગર** પોતે **થાપણવાલો** હોય પણ **જમીનનો માલેક** જુદો હોય, અથવા તૉ **જમીનનો માલેક** પોતે **થાપણવાલો** હોય પણ **કામગર** જુદો હોય. આખાં **યુરપ**ને એકવાર ધ્રુજાવનાર પેલો ૧૭૮૯ નો ભયંકાર **ફ્રૅન્ચ રૅવોલ્યુશન** થયો તે આગમજ જોકે ફ્રાન્સના ઘણાખરા ભાગોમાં કામગર પોતે થાપણવાલો હોતો પણ જમીનનો માલેક જુદો હોતો, તૉય હવડાં ત્યાં કામગર પોતે જમીનનો માલેક હોયછે પણ થાપણવાલો જુદો હોયછે. **ઇતલિ**ના કેટલાક ભાગોમાં જમીનનો માલેકજ થાપણવાલો હોયછે, પણ કામગર અથવા ખેડુત જુદો હોયછે. **ઇતલિ**ના બીજા ભાગોમાં તૅમજ **બૅલજિયમ, જરમનિ** તથા **સુઇતઝરલૅન્દ**ના ચૉકસ ભાગોમાં, **યુનાઇતૅદ સ્તેત્સ**નાં ઉત્તર તરફનાં રાજ્યોમાં અને **સ્કૅનદિનેવિયા**માં ખેડુતો પોતે જમીનના માલેક હોયછે, પણ થાપણવાલા જુદા હોયછે. આપણા ખુદ દેશ **હિંદુસ્થાન**માં ઘણીખરી **જમીનનો માલેક સરકાર** છે અને ખેડુત પોતે થાપણવાલો હોયછે. વળી વખ્તે **સરકાર** કોઈ વચલે વાઘેના માણસો સૉડે ચૉકસ ઠગવેલા દર મુજબ ભાડું લઇ તેઓને જમીન આપેછે અને પછી તે જમીનદારો ખેડુતોને તે જમીન પાછી ભાડે આપે-

છે. જૅમ **એશિયાની** અંદર **આપણા દેશમાં** તૅમ **યુરપમાં** આખાં **આયરલંદમાં** ખેડુત થાપણવાલો હોયછે, પણ જમીનનો માલિક જુદો હોયછે. વળી એકજ શખ્સ જમીનનો, થાપણનો, અને કામગરોનો ધણી અથવા માલિક હોય ઍમ પણ બનેલુંછે. **"ઉઍસ્ત ઇન્દિઆ કૉલનીઝ"**માંથી ગોલામગીરીની બેડી તુટીને ગોલામગીરીનો ધંધો નિકળી ગયો તે આગમજ ત્યાં એકજ ધણી ખેતી કરનાર ગોલામનો, જમીનનો અને થાપણનો માલિક હોતો. 'ફ્લૅનદર્સ,' 'પ્રશિયા,' 'જરમનિ'નાં કેટલાંક આબાદ રાજ્યો જેવાંકે 'પૅલિતાઇનેત,' 'હૉલસ્તીન' અને 'ઇસ્ત ફ્રીસલૅન્દ' 'બૅલજિયમ,' 'હૉલંદ,' 'ઇતિલિ, તથા 'સુઇતઝરલૅન્દ'ના ચૉકસ ભાગો, 'નૉરઉએ,' 'ચૅનલ આયલંદસ' અને 'ઊત્તર અમેરિકા'નાં ગોલામગીરીની બેડીમાંથી મોકળાં થાયલાં રાજ્યો જ્યાં "પૅઝન્ત પ્રોપ્રાયતરી સિસતીમ" ને નામે ઓળખાતી નાની કિસમની ખેતી ચાલેછે ત્યાં ખેડુતો પોતે જમીનના માલિક હોયા ઉપરાંત પોતાની થાપણ કામે લગાડેછે અને પોતાની જમીનમાંથી નિપજતી સઘળી પૅદાસ એકલા પોતે લૅછે.

જ્યારે સઘળી દૉલત 'જમીનના માલેકો' 'કામગરો,' અને 'થાપણવાલાઓ'—એ ત્રણ વર્ગોમાં પ્રથમ વેંહેંચાઇ જાયછે, ત્યારે 'દૉલતની વેંહેંચણી' ત્રણ જુદાં રૂપમાં થાયલી કહેવાય, તે એકે, (૧) **'જમીનનું ભાડું,'** (૨) **'મેહેનત-દામ,'** અને (૩) **'નફો.'** આ સઘળાં વિષે અનુક્રમે મારે બોલવુંછે.

ઍદમ સ્મિથના વિચાર પ્રમાણે જમીન વાપરવા દેવા માટે તે જમીનના માલિકને મળતું દામ **જમીનનું ભાડું** કહેવાય. તે કહેછે કે "કેટલીક જાતની જમીનની પૅદાસમાંથી હમેશાં ભાડું મળેછે અને મળવુંજ જોઇયે." આ ખીના ભુલભરેલી છે ઍમ હું કહુંછું, અને જ્યારે એજ પાયાના આધારે તેણે **જમીનનાં ભાડાં** બાબેનાં પોતાનાં મતનું બંધાંન રચેલું હોય ઍમ લાગેછે, ત્યારે ખુદ પાયો લુલો અને ધસી જતો હોયાને લીધે તે પર બાંધેલી ઇમારત પણ તેવીજ હોવી જોઇયે, એટલેજે, જમીનનાં ભાડાં બાબે 'ઍદમ સ્મિથ'ના વિચારો ભુલભરેલા હોવા જોઇયે. તે કહેછે કે 'જમીનની પૅદાસની જે ચૉકસ જાત હમેશાં ભાડું આળેછે અને જેમાંથી હંમેશાં ભાડું મળવુંજ જોઇયે

તે માણસને જોઇતો ભોગક છે, અને ઘણીખરી પૈદાસ એવી હોયછે કે જે કોઇવાર ભાડું આળે તો કોઇવાર નહિ આળે. જમીન ગમે તે ઠેકાણે આવેલી હોય તોપણ તેમાંથી નિપજતી પૈદાસ હમેશાં એટલી બધી હોયછે કે તે પર કામે લગાડેલી મેહેનતનું સઘળું દામ મનમાનતી રીતે આપ્યા ઉપરાંત તે પર વપરાયલી થાપણ હકવાજબી નફા સાથે પાછી ઊભી થાયછે એટલુંજ નહિ પણ જમીનના માલેકને ભાડાંને અર્થે આપવા કાજે હમેશાં કાંઇ બાકી રેહેછે.' આ છેલા વિચારની સાબેતીમાં ફક્ત તે નૉરઉએ અને સ્કૉતલંદની ભીનાસવાલી જમીનનાં કેટલાંક ઊજડ રાનમાં થતા ઘાસચારાનો એકજ દાખલો આપેછે. તે કહેછે કે આ ઘાસચારો ઢોરોને ખવાડયાથી તે ઢોરોમાંથી એટલુંતો દૂધ નિપજેછે કે તેમાંથી તે ઢોરોને ચરાવનારા તથા તેઓની બરદાસ્ત લેનારાઓનું મેહેનત-દામ મળ્યા ઊપરાંત, તેઓના ધણીઓને હકવાજબી નફો ઉપજેછે, અને જમીનના માલેકોને ભાડું મળેછે. વધારે દલીલની ગેરહાજરીમાં તેનો ઊપળો વિચાર કેવો વાંધાભરેલો છે તેની મુનસફી તમો પોતેજ કરી શકશો. 'ખેતી-જમીનનાં ભાડાં' બાબે 'ઍદમ સ્મિથે' જો કાંઇપણ અગત્ય ધરાવે એવું કહયું હોય તો તે એજ છે કે "મેહેનતનું ભારી કે હલકું દામ તેમજ ભારે કે હલકો નફો વસ્તુઓની ભારી કે હલકી કિંમતનાં કારણો છે. પણ જમીનનું વધતું કે ઓછું ભાડું તો વસ્તુઓની ભારી કે હલકી કિમતનું પરિણામ છે."

'ઍદમ સ્મિથ' પછીના કેટલાક ગઇ સદીના તેમજ કેટલાક ચાલુ સદીના વખાણાયલા લખનારાઓએ **જમીનનાં ભાડાં** બાબે આપેલા વિચારો જે "**ધ મૉદર્ન થીઅરી ઑવ રેન્ત**" ને નામે પ્રસિદ્ધ થાયલાછે તે શા છે, તેઓનો પેહેલો પ્રસિદ્ધ કરનાર કોણ હતો, અને પછવાડેથી તેને કોણ એકમત થયા-તે હવે જોઇએ. ભાડાં બાબેનું આ નવું શાસ્ત્રાર્થ રચવાનું માન નામાંકિત **દાકતર ઍનદરસનને** ઘટેછે જેણે તે ઈ. સ. ૧૭૭૭માં પેહેલ વેહેલું બાહેર પાડયું. આ શાસ્ત્રાર્થમાં **સર ઍદઉઅર્દ ઉઍસ્ત, 'માલથસ,' 'રિકાર્દો,' 'મિલ,' 'મકલક,' અને 'પ્રોફેસર ફૉસૅત'**-એ સઘળાઓ એકમત થાયછે. **દાકતર ઍનદરસને** ઈ. સ. ૧૭૭૭ માં પ્રસિદ્ધ કીધેલું આ શાસ્ત્રાર્થ **માલથસે** ઈ. સ. ૧૭૮૯માં અને **રિકાર્દોએ** ઈ. સ. ૧૮૧૭ માં ઉંચકી લીધું. ત્યારબાદ '**મિલ**' અને બીજા-

ઓ તેની હિમાયતે નિકળ્યા, આ નવાં શાસ્ત્રાર્થની મકસદ રિકાર્દોના થોડાઘણા શબ્દો વાપરી કહીએ તો નિચે મુજબ છે ;—"ખેતીમાં કામ આવતી સર્વથી ખરાબ જમીન ભાડું આળતી નથી, ઇઆતો, જે ભાડું તે આળે-છે તે માત્ર નામનું છે; માટે **જમીનનું ભાડું** એટલે ખરાબ જમીનની ઊપજને સારી ફળવંત જમીનની ઊપજમાંથી બાદ કરતાં જે બાકી રહે તે." આ મત પ્રમાણે હરીફાઈ જમીનનાં ભાડાં સંબંધી બહુ અગત્ય ધરાવતી લાગેછે. જાણીતો વિદ્વાન **'દાકતર હયુઍલ'** આ મત સામે વાંધો ઊઠાવતાં કહેછે કે 'ઇંગ્લંદ'ના જે જે ભાગોમાં જમીનભાડે આપવામાં હરીફાઈ વચે આવેછે તે ભાગોમાં પણ જમીનનું ભાડું મુકરર કરવામાં રિકાર્દોની રીત કાંઇ કામે લાગતી નથી, કારણકે, કોઇપણ ખેડુત એક જમીનનો કકડો ભાડે લેતી વખ્તે તે કકડાની ઉપજ અને તેટલાજ વિસ્તાર-ની સર્વથી ખરાબ જમીનની ઊપજ વચેના ફરકની કાંઇ ગણત્રિ કરવા બેસતો નથી. વળી. દુનિયાના ઘણાખરા ભાગોમાં જમીનનું ભાડું **રવૈયા**-થી મુકરર થાયછે જેથી આ રીત ઘણે ઠેકાણે લાગુ પડી શકતી નથી, અને જ્યાં લાગુ પડી શકે ત્યાં અમલમાં આવતી નથી. જ્યાં હરીફાઈ-થી જમીનનાં ભાડાં વિષે બંદબસ્ત થાયછે ત્યાં પણ રિકાર્દોની રીતનો ખેડુત કાંઇપણ વિચાર કે ઉપ્યોગ કરતો નથી એવી કિસમનો **દાકતર હયુઍલનો** જે વાંધો છે તેનો રદિયો આપતાં **પ્રૉફેસર** ફૉસેતનાં કદમ પર ચાલી મારે એટલુંજ કહેવુંછે કે "દમ લેવાના તથા પાચનને લગતા નિયમો વિષે દમ લેતી વખ્તે તથા ખાતી વેળાય કોઇપણ વિચાર કરતો નથી, ત્યારે તે નિયમોની સમજણ આપવી વ્યર્થ છે"—એ કિસમની દલીલ જેવી કફોડી અને બાતલ લાગેછે તેવોજ કફોડો અને બાતલ **દાકતર હયુઍલનો** વાંધો પણ છે. 'જમીનનાંભાડાં' બાબેનું 'નવું શાસ્ત્રાર્થ' **મિલ** હેઠળ ટાંકેલા શબ્દોમાં આપેછે;—"સર્વથી ખરાબ ખેતી–જમીન પર કામે લગાડેલી થાપણ અને મેહેનતના બદલામાં જે અવેજ તેમાંથી નિપજે તે અવેજ કરતાં હરકોઇ બીજી ખેતી–જમીનમાંથી જેટલો અવેજ વધારે નિપજે તે તે જમીનનું ભાડું કહેવાય."

'જમીનના ફળવંત ગુણો' અને 'જમીનનું સગવડભરેલું ફાયદા-કારક સ્થળ'—એ બે તત્વો જમીનનાં ભાડાં સંબંધી ઘણી અગત્ય ધરાવે-છે જમીનના એકસરખા વિસ્તારના બે કકડામાંના એકનું ભાડું બીજા

કરતાં વધતું કે ઓછું હોયછે તે પણ આ ઊપળા બે ગુણો વધતાં કે ઓછાં પ્રમાણમાં ધરાવવાનું પરિણામ ગણાય. હવે જો બે જમીનના કકડા એકસરખા વિસ્તારના તેમજ એકસરખા ફળવંત ગુણો ધરાવતા હોય તે છતાં પણ એકનું ભાડું બીજા કરતાં વધતું કે ઓછું હોય તો તેનું કારણ માત્ર એજ કે તેનું સ્થળ પેલા બીજા કકડાનાં સ્થળ કરતાં વધતું કે ઓછું સગવડભરેલું અને ફાયદાકારક હોવું જોઇયે. મુકાબલો કરી તપાસવાનું પડતું મેળી, સામાન્ય રીતે જોતાં 'ખેતી–જમીન'નું ભાડું વધતું ઓછું થવાનાં શાં કારણો છે તેની નોધ લઇએ. જ્યારે એક દેશમાં વસ્તિ ઘણી હોય, ખેતીવાડીના હુનરમાં સુધારો થયાને લીધે ખેતી પાછલ ખર્ચ ઓછો લાગે, અને તેથી નફાનો દર પણ ઓછો હોય, ત્યારે 'ખેતી–જમીન'નું ભાડું વધે, પણ જ્યારે વસ્તિ ઓછી હોય, ખેતી પાછલ ખર્ચ ઘણો લાગે, અને તેથી નફાનો દર વધે, તેમજ પારકાં દેશોથી ખોરાક આણ્યામાં આવે, ત્યારે જમીનનું ભાડું ઘટે.

હવે જેમ 'જમીનનું ભાડું' તેમ 'મેહેનતનું દામ' પણ મુકરર કરવામાં રવૈયો અને હરીફાઈ દાખળ થાયછે. 'કામગરોની સંખ્યા' અને 'મેહેનત–દામ તરીકે કહાડેલી થાપણ'નાં પ્રમાણ પર મેહેનત–દામનો દર આધાર રાખેછે. મેહેનત સરખી હોવા છતાં જુદા જુદા ધંધાઓમાં 'મેહેનત–દામ' વધતું ઓછું હોયછે. 'ઍદમ સ્મિથે' તેનાં પાંચ કારણો આપ્યાંછે. તેનાં કહેવા મુજબ, જો કામ એવું હોય કે તેમાં ઘણો જોખમ હોય, અથવા તે ઘણું મુશકેળ હોય, અથવા તે વર્ષના માત્ર થોડાજ મહીના ચાલતું હોય (જેમકે, આપણા દેશમાં રૂનું કામ,) અથવા તેમાં અતિઘણું પ્રમાણિકપણું અને વિશ્વાસ જોઇયે, અથવા તે ઘણુંખરું પાર ન પડે એવું હોય, તો તેમાં મેહેનતનું દામ વધતું હોયછે. આથી ઊલટી કિસમનાં કામમાં મેહેનતનું દામ ઓછું હોયછે. વળી 'દેશાદેશોના ચોકસ ફરકો' ને લીધે એક જાતની મેહેનતનું જે દામ એક દેશમાં મળેછે તે કરતાં બીજા દેશમાં તેજ મેહેનતનું દામ વધતું કે ઓછું હોયછે. આ ફરકો એ કે, એક દેશમાં ઘણીજ વસ્તિ હોય અને બીજુ ઘણું ઊજડ હોય ; એક દેશમાં થાપણ ઘણી મોટી હોય અને બીજા દેશમાં થાપણની ઘણી તંગી હોય;'સુઑન રિવર સૅટલમૅન્ત,' ઇઆને 'પશ્ચિમ ઑસ્ટ્રેલિયા'માં જેમ આગલા વખતમાં હતું તેમ કોઇ દેશમાં થાપણ

પુષ્કળ હોય પણ કામગરોની તંગી હોય, તો વળી કોઈ દેશમાં કામગરો ઘણા હોય પણ થાપણની ખુટ હોય. વળી જ્યારે વેપાર સારો ઇઆને આબાદ સ્થિતીમાં હોય, એટલે, જ્યારે તેમાં કામે લગાડેલી થાપણ વધતી જાય, ત્યારે **મેહેનતનું દામ** પણ વધે, અને જ્યારે વેપાર ભાગી પડેલો હોય, એટલે, જ્યારે તેમાં કામે લગાડેલી થાપણ તેમાંથી કહાડી લેવાને લોકો આતુર હોય, ત્યારે **મેહેનત–દામ** ઘટે. જેમ, એક હાથ ઉપર, થાપણ વધ્યાથી મેહેનત–દામમાં વધારો થવાને, તેમ, બીજા હાથ ઉપર, વસ્તિ એટલે કામગરોની સંખ્યા વધ્યાથી મેહેનત–દામમાં ઘટાડો થવાને સબબ મળેછે.

હવે દૌલતની વેંહેંચણીનાં ત્રિજાં રૂપ—**નફા** વિષે બોલવું છે. **પ્રોફેસર સીનિયર**'નાં મત પ્રમાણે જેમ **મેહેનત–દામ** મેહેનત કરનારાઓને તેઓની મેહેનતનો બદલો છે, અને જેમ **જમીનનું ભાડું** જમીનના માલેકોને તે જમીનના થતા ઉપયોગનો બદલો છે, તેમ **નફો** થાપણવાલાઓને તેઓનાં દહાપણ અને સારી સમજણનો બદલો છે. 'નફો' વધતો ઓછો હોયછે તે ઘણુંકરી **હરીફાઈથી** મુકરર થાયછે. નફાના બાબમાં રવૈયાનું ઘણું ચાલતું નથી. નફો એકંદર હોય અથવા **નક્કિ** હોય. '**એકંદર નફો**' એટલે **ખર્ચ બાદ કર્યા વગર** જેટલોબી **નફો** થયો હોય તેની **સામટી રકમ** અને **નક્કિ નફો** એ કે જે **ખર્ચ બાદ કર્યા પછી વસુલ થાય** તે. વળી **નફો એકંદર** ગણાયછે અથવા **સેંહેંકડેને હિસાબે** ગણાયછે. '**સેંહેંકડેને હિસાબે ગણાતો નફો**' તે સેંહેંકડે જેટલા ટકા સામટો કે નક્કિ નફો થયો હોય તે. એમ સમજો કે મારી પાસે ૨૦,૦૦૦ રૂપિયા હતા તેને એક જાતના ઉદ્યોગમાં થાપણ તરીકે મેં કામે લગાડયા, જેથી ૨૦,૦૦૦ રૂપિયાના ૨૫,૦૦૦ રૂપિયા થયા, એટલે જે ૫,૦૦૦ રૂપિયા વધુ આવ્યા. હવે આ ૫,૦૦૦ રૂપિયામાંથી ૩,૦૦૦ રૂપિયા ખર્ચ તરીકે મારા હાથમાંથી પાછા જાયછે, ત્યારે **૫,૦૦૦ રૂપિયા** મારો **એકંદર નફો** કહેવાય, **૨,૦૦૦ રૂપિયા** મારો **નક્કિ નફો** કહેવાય, અને **૨૫) ટકા સામટો** તથા **૧૦) ટકા નક્કિ** મારો **સેંહેંકડેને હિસાબે નફો** ગણાય. 'દહાપણ અને સમજણનો બદલો,' 'ઊપરીપણું ઇઆને તપાસ રાખવાની મેહેનતનું દામ,' અને 'માથે ખેંચી લીધેલા જોખમનો અવેજ'–એ નફાનાં ત્રણ તત્વો ગણાયછે, અને જુદા જુદા ધંધાઓમાં નફો વધતો ઓછો હોયછે તે

મુખ્ય કરી ઉપગીપણાંનું દામ વધતું ઓછું બેસતું હોય તે પર તેમજ જોખમ વધારે ઓછો હોય તે પર આધાર રાખેછે. રિકાર્ડો કહેછે કે 'જ્યારે-બી મેહેનત–દામ વધે ત્યારે નફાનો દર ઘટે.' અનુભવથી એ કાંઇ ખરૂં ઠરતું નથી. ઘણાક દાખલાઓમાં નફા અને મેહેનત–દામની વધ-ઘટ એકજ સરખી રીતે થાયલી આપણ જાણ્યે છીએ. એક ધંધાની એકંદર ઉપજ જેટલીને તેટલીજ રેહે અને તેમાં મેહેનત–દામ વધે એવો ઓચિંતો બનાવ બને તોજ રિકાર્ડોનું કેહેવું તેમાં ખરૂં ઠરે. કોઇપણ કામમાં નફો કેટલો થયો તે મુકરર કરવાને તે કામનો સામટો અવેજ કેટલો મળેછે તે પેહેલાં જાણવું જોઇયે, અને પછી તે કામ પર મેહે-નત–દામ તરીકે અને બીજી પ્રકારે સઘળો ખર્ચ કેટલો લાગેછે તેનો હિસાબ કરી પેલા સામટા અવેજમાંથી બાદ કરવો. જે બાકી રેહે તે નફો ગણાય.

મેં થોડુંજ આગલ કહ્યું કે વસ્તિની એટલેજે મેહેનત કરનારાઓ-ની વધ થયાથી. મેહેનત–દામનો દર ઘટેછે. ત્યારે મેહેનત–દામને નુકસાન કરનારી એ વધ શાથી અટકી શકે તે જોઇએ. મનને કબજામાં રાખવું જેથી બાળ–લગ્ન અથવા નાની ઉમરે થતાં લગ્ન અટકે, બચ્ચાંઓ ભુખે મરે તેની ભય, અને મંડળીમાં મરતઓ ઘટે એવો દર—એ ત્રણ કારણો જેને માલથસ "પ્રિવેંનતિવ ચૅકસ" ને નામે ઓળખેછે તે, અંગ–સંબંધી પીડાઓ એટલે દર્દો, મરકી અથવા લડાઈ અથવા દુકાળ-થી થતી પાયામાલી, તહરેવાર રોગોથી થતો નાસ, તંદરોસ્તીમાં બિગાડો કરનારા ધંધાઓ, ઘણીજ સખ્ત મજુરી, અત્યંત ગરીબાઇ, અને બદી તથા કંગાળિયતપણાંથી નિપજતાં પરિણામોનો દર—જે સઘળાંને માલથસ "પૉઝિતિવ ચૅકસ" કરી કહેછે તે, અને વળી પરદેશવાસ—એ સઘળાં વસ્તિની વધને અટકાવનારાં કારણો ગણાઇ શકાય. પરદેશવાસથી મેહે-નત–દામના દરનો ઘટાડો થતો અટકે એટલુંજ નહિ, પણ મેહેનત–દામનો દર વધે, ખોરાક સસ્તો થઇ શકે, અને આબાદાની તથા સુધારામાં આગલ પગલાં ભરવાને બની આવે.

દોલતની વેંહેંચણી વારસા–હિસ્સા દાખલ પણ થાયછે, માટે વારસા–હિસ્સાઓને લગતા ધારાની ટુક તપાસ કરીએ. વારસા–હિસ્સા તરીકે થતી દોલતની વેંહેંચણી વસિયતનામાંની મારફતે, કંઆતો

વસિયતનામાં વગર થઈ શકે. વસિયતનામાંથી થતી દૉલતની વેંહેંચણીના બાબમાં એટલુંજ કહેવુંછ઼ કે જો એક શખ્શ ખરૂં ધારા પ્રમાણેનું વસિયતનામું કરી જાય તૉજ તેનાં મરણ બાદ તેમાં મુકરર કીધેલી દૉલતની વેંહેંચણી બોલેબોલ અમલમાં આવે, પણ જો ધારાની કોઇપણ બારીકી તોડવામાં આવી તૉ વસિયતનામું કરનારે મુકરર કીધેલી દૉલતની વેંહેંચણી રદ થાય. ધારો એવો છઁ કે એક આદમી એક વસિયતનામાંની રૂએ કાંઇપણ વારસો મેળવનાર હોય તેનાથી તે વસિયતનામાં પર સાખ થઈ શકે નહિ અને જો તે સાખ કરે તૉ તેનો હિસ્સો રદ બાતલ થાય. વસિયતનામાંને લગતા આ તથા બીજા કાયદાઓનું સાધારણ અને અગત્ય જોગું ગ્નાન સર્વે લોકોએ ધરાવવું જૉઇયે. હવે વસિયતનામું કીધા વગર મરી જનારાઓની પુંજી ઇઆને દૉલતની વેંહેંચણીને લગતા જુદા જુદા દેશોમાં ચાલતા જુદા જુદા ધારાઓ માહેલો એક ચૉકસ ધારો શૉ છઁ અને તેનો ચૉકસ ભાગ કેવો વાંધાભરેલો છઁ તે મારે જણાવવુંછ઼. આ ધારાની મકસદ ઍમ છઁ કે વસિયતનામું કર્યા વિના મરનારની બાયડી અને ફરજંદો જો તેનાં મરણ બાદ જીવતાં હોય તૉ મરનારની દૉલત ઠરાવેલાં પ્રમાણ મુજબ પ્રથમ તેઓમાંજ વેંહેંચાય, અને જો તેઓ નહિ હોય તૉ મરનારની ઊપળી ઑલાદ તરફ જતાં તેના પીતા, માતા, ઇત્યાદિ, હોય તેઓને મળે, પણ જો ઊપળી કે નિચળી સીધી ઑલાદના વારેસોની હસ્તીજ નહિ હોય તૉ મરનારની પુંજી તેનાં નજદીકનાં આસપાસનાં ખેશીઓને, અને, તેવાં નજદીકનાં સગાંની ગેરહાજરીમાં, દુરનાં આજુબાજુનાં સગાંઓને વેંહેંચી આપવી. કેટલાક વખાણાયલા લખનારાઓ આ ધારાની સદંતર હિમાયત કરેછ઼, ત્યારે, બીજા હાથ ઉપર, 'ઍનથૅમ' અને 'મિલ' જેવા નામાંકિત વિદ્વાનો આ ધારાનો જે ભાગ 'નજદીકનાં તથા દુરનાં આજુબાજુનાં સગાંઓને વારસો આપવાને લગતો છઁ' તે સામે વજણદાર, પાયદાર, મજબુત, મુસ્તકીમ તકરારો સાથે વાંધો ઉઠાવેછ઼. નામાંકિત 'ઍનથૅમે' કીધેલી સૂચનાની મકસદ ઍમ છઁ કે, 'વસિયતનામું કીધા વિના મરી જનારનાં ઊપળી કે નિચળી સીધી ઑલાદનાં કોઇપણ વારેસ નહિ હોય તૉ મરનારની પુંજી તેનાં નજદીકનાં કે દુરનાં સગાંઓને નહિ પણ સરકારને હસ્તગત થાય એવો ધારો જૉઇયે.' આ સૂચના ઘણે દરજજે વાજબી

અને પસંદ કરવા યોગ્યછે. ફીલસુફી નજરે જોતાં કે ગમે તે રીતે ખ્યાલ કરતાં પણ ઊપળી કે નિચળી સીધી ઑલાદના વારેસોનો દાવો ઇઆને હક ઘણોજ વાજબી ગણાય, તેમાં, મુખ્યકરીને, **છોકરાંઓનો** પોતાનાં **માબાપની** પુંજી પરનો દાવો. વળી એક **બાયડીનો** પોતાના **ભરથારની** તેમજ એક **ભરથારનો** પોતાની **બાયડીની** મિલકત ઊપરનો દાવો રદ નહિ થઇ શકે એવો છે. હવે નજદીકનાં તો સમજ્યાં પણ છેક દુરનાં આજુબાજુનાં સગાંને મરનારની પુંજી શા માટે વારસા તરીકે મળે—એ સવાલ કુદરતી રીતે મારાં મનમાં ઉભો થાયછે, અને તેનો મનમાનતો જવાબ મને મળી શકતો નથી. સવાલ ઉઠેછે તે એ કે વસિયતનામું કીધા વિના મરણ પામનાર ધણીની બાયડી કે તેની ઊપળી અથવા નિચળી સીધી ઑલાદના વારેસો તેનાં મરત્યુક બાદ જીવતાં નહિ હોય તો, મરનારનાં કોઈ દહાડે પણ દીદાર દીઠાં નહિ હોય અથવા પુંજી નહિ મળવાની હોય તો તેની સાથે શી સગાઇ છે તે પણ નહિ જાણે એવા કોઈ તેના **બાપના કાકાના મામાસસરાની દીકરીના દીકરાના હાથમાં,** કે **મમાવાની બેહેનના કાકાસસરાના ભાણેજની ભત્રીજીના પિત્રાઈના સાહાડુ હસ્તગત** કે એવા કોઇ કિસમના સગાનાં હાથમાં **મરનારની દૉલત શા માટે જાય?** દુરનાં રહયાં પણ વળી નજદીકનાં આજુબાજુનાં સગાંના બાબમાં બોલતાં 'મિલ' ઍમ કહેછે કે મરનારની મિલકતનાં વારેસ થવાનો કાંઇપણ સગાઇ ન ધરાવનારનો જેટલો હક ગણાય તેટલોજ આવાં સગાંનો પણ હક ગણાય. હવે જે લખનારાઓ આ ધારાની સદંતર તરફેણ કરેછે તેઓ તેના ટેકામાં એ દલીલ લાવેછે કે અગર મરનારે કાંઈ પણ વસિયતનામું કીધું હતે તો તે પોતાની દૉલત જેઓને વસિયતનામું નહિ હોયા છતાં હાલ ધારાની રૂએ મળેછે તેઓનેજ વારસા તરીકે મેળી જતે ઍમ માણવું સ્વભાવિક લાગેછે. વળી તેઓ કહેછે કે મરનારનાં ફરજંદોએ પોતાના પીતા જો તાલેવંત હોય તો તેની હૈયાતીમાં અમનચમનમાં દહાડા કહાડી જે સઘળી પ્રકારનું સુખ ભોગવ્યું હોય તે તેનાં મરણ બાદ ધારાની રૂએ તેઓ પાસેથી છિનવી લેવામાં આવે તો તેઓપર કેવી ધાટકી, ગેરવાજબી મુસીબત તથા જાસતી ગુજારેલી કહેવાય? ફરજંદો તથા વિધવાના બાબમાં આ દલીલ વજણદાર અને વાજબી લાગેછે, પણ આજુબાજુનાં સગાંના બાબમાં વાંધા તરીકે ફક્ત આ સવાલ મારે પુછવો છે કે જ્યારે ધણી

વેળાય ઍમ બનેછૅ કે એક ધણી પોતાનાં ચૉકસ ફરજંદોને તેઓ સાથે અણબનાવ હોયાને લીધે પોતાના વારેસ તરીકે બાતલ કરી જાયછૅ ત્યારે આવાં સગાંઓને બાતલ થવાનો કેટલો વધારે સંભવ હોવો જૉઇયે?

આ ભાષણનું સેવત આણતાં **જમીનનો કબજો ધરાવવાની,** ઇઆને, સેહેલાઇથી સમજ પડે તેવી રીતે કહું તો, **ખેતીથી નિપજતી પૅદાસની વેંહેંચણીની દુનિયામાં ચાલતી તહરેવાર રીતોની** ટુક તપાસ કરવી છૅ. આપણામાં વારંવાર સંભળાતી પેલી જાણીતી કહેવત—**"ઊત્તમ ખેતી, મધ્યમ વૅપાર, નકુત ચાકરી, નધ્યાન ભીખ"**—જે માહિલો પેહેલો બાબ ખેતીના ધંધા વિષે નામાંકિત **સિસરોએ** આપેલાં મતને અનુસરતો લાગેછૅ, તે કહેવતને માન આપી, કારખાનાં, વૅપાર, ઇત્યાદિ, વતરોગેનાં તહરેવાર કામોમાં રોકાયલા ઊધ્યોગી લોકોને પડતા મેળી, **ખેતીમાં રોકાયલા જે તહરેવાર કિસમના મેહેનત કરનારાઓ ઇઆને ખેડુતો આ દુનિયાની સપાતીપર હસ્તી** ભોગવેછૅ તેઓને, જે હકો અને છુટા-પણું તેઓ ભોગવેછૅ તે પ્રમાણે, જે સગવડો અને ફાયદાઓ તેઓને હાંસલ થાયછૅ તે પ્રમાણે, મંડળીમાં તેઓને કેવો બોજ મળેછૅ તે પ્રમાણે, અને તેઓની હાલત કેટલે દરજ્જે પસંદ કરવા યોગ્ય છૅ તે પ્રમાણે, મારા ખુદ વિચાર મુજબ, હિંયા ચહડતા ઊતરતા વર્ગોમાં હું મુકી દેખાડ-વા માગુંછું.

ખેડુતોમાં સર્વથી વધારે પસંદ કરવા યોગ્ય, સર્વથી વધારે ફાયદા હાંસલ કરતી, અને સર્વથી વધારે સ્વતંત્રપણું ભોગવતી સ્થિતી **પૅઝન્ત પ્રોપ્રાયતર્સ**ને નામે ઓળખાતા નાની પાયરી પર ખેતી ચલાવનારા ખેડુતો-ની છૅ. આ ખેડુતો પોતેજ **જમીનના માલેક** હોયા ઉપરાંત પોતાનીજ થાપણ પોતાની જમીન પર વાપરેછૅ. આ કિસમની ખેતીના ફાયદા વિષે **'દૉલતની ઉત્પત્તિ'** વિષેનાં મારાં ભાષણમાં મૈં વિગતવાર સમજણ આપીછૅ માટે તે વિષે હિંયા વધારે બોલવું હું દરૂસ્ત ધારતો નથી. **આ ખેડુતોની હાલતથી** ઊતરતી ખુદ **મુંબઈ ઇલાકામાં** ચાલતી **"ધ થર્તી યર્સ લીસ"** ને નામે ઓળખાતી **૩૦ વર્ષને પત્તે જમીનનો કબજો ધરાવવાની રીત** પ્રમાણે ચાલનારા ખેડુતોની હાલત હું ગણુંછું. આ રીતમાં સરકાર જમીન-માલેક તરીકે ખેડુતો પાસેથી મુકરર કીધેલું ભાડું લેછૅ. ખેડુતોનાજ બાબમાં નહિ પણ વળી સરકારના બાબમાં આ રીત

ઘણી પસંદ કરવા યોગ્ય છે, કારણકે, **લાંબી મુદતના પત્તાને** લીધે જૅમ બને તૅમ જમીન સુધારવામાં ખેડુતને પોતાની થાપણ વાપરવાને સબબ મળેછે, જેથી તેની પોતાની ઉપજમાં વધારો થાય એટલુંજ નહિ, પણ વળી **જમીનમાંથી નિપજતું મેહેસુલ** જે આપણા દેશમાં સરકારનું અતિ અગત્યનું અને મોટું મેહેસુલ ગણાયછે તે, મુદત પુરી થયા બાદ, જમીનમાં થાયલા સુધારાનાં યોગ્ય પ્રમાણમાં, ભાડાંને અર્થે વધારવાને સરકારને બની આવે અને તેથી રૈયત પર બીજી રીતના કરોનો બોજો વધારવાની સરકારને ફરજ નહિ પડે. આ રીત સારી કે માઠી નિવડે તે વળી કેટલે દરજ્જે સરકારે ઠરાવેલા અમલદારોના ડહાપણભરેલા તથા વાજબી કે ભુલભરેલા અને ગૅરવાજબી વિચારો તથા કામોપર આધાર રાખેછે. હવે ૩૦ વર્ષેજ નહિ પણ ૨૫ કે ૨૦ વર્ષની મુદતે અથવા કોઈ એવીજ લાંબી મુદતને પત્તે જમીનનો કબજો ધરાવનારા ખેડુતોની હાલત પણ પસંદ કરવા યોગ્ય છે. 'સ્કૉતલંદ'ના ચૉકસ ભાગોમાં લાંબી મુદતને પત્તે જમીનનો કબજો ધરાવનારા ખેડુતોની હાલત વિષે **માલથસ** ઘણું સારૂં મત આપેછે. **મદ્રાસ ઇલાકામાં** ચાલતી **"ધ રાયતવારી સિસતીમ"**ને નામે ઓળખાતી રીત જે પ્રથમ **'કરનલ રીદ'**ના વખ્તમાં ત્યાં દાખળ થઇ હતી, જે પછવાડેથી **'સર તૉમસ મનરો'**ના વખ્તમાં ખેડુતોના બાબમાં ત્યાં ઘણી સારી નિવડી હતી, જે હવડાં પણ દક્ષિણ હિંદુસ્થાન-માં સરકારી મેહેસુલ મેળવવાનું એક સારૂં અને અગત્યનું સાધન છે, જેમાં સરકાર જમીનની માલિકી ભોગવેછે અને ખેડુતો પાસેથી રવૈયાથી મુકરર થાયલું ભાડું લૅછે, અને જેમાં જ્યાં સુધી ખેડુતો રવૈયા પ્રમાણે ભાડું આપ્યા કરે ત્યાં સુધી ઘણુંકરી તેઓનો જમીન ઉપરનો કબજો કાયમ રહેછે,—તે રીત પ્રમાણે જમીનનો કબજો ધરાવનારા ખેડુતોની હાલત હું **ત્રિજા વર્ગ**માં મુકુંછું. આ રીત સામે મુખ્ય વાંધો એ ઉઠાવી શકાય કે જ્યારે સરકાર પોતેજ **જમીનના માલિક** તરીકે તૅમજ ખેડુતો પર પડતાં સંકતોનો નિવેડો આણવામાં **ન્યાયધીશ** તરીકે બીરાજે ત્યારે ખેડુતોના હક બરાબર કૅમ જળવાય? **યુરપના મધ્ય** ભાગોમાં ચાલતી જમીનનો કબજો ધરાવવાની જે રીતને **'ધ મિતેઅર સિસતીમ'** કરી કહેછે તેના ખેડુતોની હાલત મારા વિચાર પ્રમાણે **ચૉઠા** વર્ગમાં મુકાવી જોઇયે. આ રીત **'પીદમૉન્ત,' 'લૉમબાર્દિ'**, તથા **'તસ્કનિ'**માં ઘણી

સારી નિવડેલી, પણ 'ફ્રાન્સ'માં, મુખ્ય કરી 'ફ્રેન્ચ રેવોલ્યુશન' આગમજ, ઘણીજ ખરાબ નિવડેલી માલમ પડીછે. કારણકે, આ રીતમાં 'જમીનનો માલેક'જ 'થાપણવાળો' હોયછે અને તેજ ઘણી 'પીદમોન્ત,' 'લોમબર્દિ,' અને 'તસ્કનિ'માં સઘળા કરો આપતો, પણ 'ફ્રાન્સ'માં ત્યાંના અમીર ઉમરાવો જેઓ ઘણીખરી જમીનના માલેક હતા તેઓ જમીનના સઘળા સરકારી કરમાંથી મોકળા હતા અને કરનો સઘળો બોજો બાપડા ખેડુતો-ને માથે પડતો. 'તસ્કનિ'માં આ રીત ઘણીજ સારી નિવડી હતી એમ નામીચો લખનાર **મો. દી. સિસમૉંદિ** કહેછે. આ રીતમાં જમીનનો કબજો ધરાવવાની મુદત ઠરાવેલી હોયછે, જમીનના માલેકનીજ થાપણ વપરાય છે, અને તે જમીનના માલેકને તેની જમીન અને થાપણના ઉપયોગ માટે ખેડુતો પાસેથી જમીનમાંથી નિપજતી પૈદાસનો કેટલે ઠેકાણે અર્ધો તો કેટલે ઠેકાણે ત્રતયાંશ ભાગ મળેછે. આમાં ખેડુતો એક રીતે જમીન-ના માલેકના ગોયા ભાગ્યાજ ગણાય. આ રીત સામે **ઍદમ સ્મિથ** જે વાંધો ઉઠાવેછે તે થોડે દરજ્જે વાજબી લાગેછે. વાંધો એ છે કે સઘળી પૈદાસ ખેડુતોનાં હાથમાં નહિ જાય તેથી તેઓ પોતાની થાપણ જમીન સુધારવામાં કામે લગાડવાને આંચકો ખાય. **આર્થર યંગ, મી૦ જોન્સ,** અને **મો. દી. ત્રાસી** જેવા લખનારાઓએ આ રીત સામે જે વાંધા ઉઠાવેલાછે તે ઘણે દરજ્જે ભુલભરેલા છે, કારણકે, 'ફ્રેન્ચ રેવોલ્યુશન' આગમજ 'ફ્રાન્સ'માં ચાલતી આ નામની રીતપરથી તેઓએ પોતાનાં મત બાંધેલાં લાગેછે. સઘળા વાંધા ધ્યાનમાં લીધા છતાં આ ખેડુતોને 'મદ્રાસ'ના 'રાયત્સ' તરીકે ઓળખાતા ખેડુતો કરતાં ફકત **એકજ પાયરી** ઉતરતા ગણવા મને વાજબી લાગેછે. હિંદુસ્થાનના એક આગલા **ગવર્નર જૅનરલ—લૉર્ડ કૉર્નઉઑલિસે** બંગાલમાં દાખળ કીધેલી અને હવડાં **ત્યાં** તેમજ વળી **વાવ્ય-ખુણાંના પ્રાંતોમાં** ચાલતી **"ધ પર-મનન્ત સૅતલમૅન્ત,"** એટલેજે, **"જાતુકનો જમીનનો કબજો ધરાવવાની રીત"** પ્રમાણે હસ્તી ભોગવનારા ખેડુતો પણ આ **ચોઠા વર્ગમાંજ** મુકાઇ શકાય. આ રીત પ્રમાણે **સરકાર** અને **જમીનદારો** વચે એવો કરાર થાયલોછે કે **જમીનદારો** સરકારને જાવેદાન સુધી દર વર્ષે રૂપિયાની એક ચોકસ રકમ આપ્યા જાય, જેમાં સરકારથી કાંઇપણ વધઘટ કે ફેરફાર થઇ શકે નહિ. અને જમીનદારોનો જમીન પરનો કબજો પેલી ઠરાવેલી

રકમ આપ્યા કરે ત્યાં સુધી કાયમ રહેછે. આ રીત જેમ ખેડુતોને તેમ થોડે દરજ્જે સરકારને પણ નુકસાનકારક ગણાય, કારણકે, જમીનદારો ખેડુતો પાસેથી વધારે અવેજ માગી શકે એવી સ્થિતીમાં હોયાને લીધે જેમ બને તેમ તેઓ બાપડા ખેડુતો પર વધારે બોજો નાખેછે, ત્યારે, બીજા હાથ ઉપર, સરકાર જમીનદારને આપેલો કોલ તોડવાને અશક્ત હોયાથી પોતાનાં મેહેસુલમાં કાંઇપણ વધારો કરી શકતી નથી. આયરલંડમાં ચાલતી "ધ કોતિયર સિસતીમ"ને નામે ઓળખાતી રીત માહેલા ખેડુતો આથી ઊતરતા, એટલેજે, **પાંચમા વર્ગમાં** મુકાવા જોઇયે. એ રીતમાં ભાડું હરીફાઇથી મુકરર થાયછે, એટલે, જે ખેડુત સર્વથી વધારે ભાડું આપે તેને જમીન આપ્યામાં આવેછે, જેથી એમાં ભાડું મોટું હોયછે એટલુંજ નહિ પણ જમીનનો કબજો ધરાવવાની મુદત બાંધેલી નહિ હોયાને લીધે ભાડું વારંવાર બદલાઇ જાયછે. ખેડુતોના બાબમાં આ રીત ઘણી ખરાબ ગણાય તોય એ કાંઇ સર્વથી ખરાબ રીત નથી; એનાં કરતાં વધારે ખરાબ રીત તો **રશિયામાં** ચાલતી "ધ સર્ફ્‌-સિસતીમ"ને નામે ઓળખાતી રીત કહેવાય, કારણકે, તેમાં ખેડુતની હાલત ગોયા એક ગોલામના જેવીજ છે. ફેર માત્ર એટલોજ કે ગોલામને નહિ મળતો એક ચોકસ હક આવી કિસમનો ખેડુત ભોગવી શકેછે, તે એ કે એક ગોલામને તો જે જમીનપર તે કામે લાગેલો હોય તે જમીન વેચાય કે નહિ વેચાય તોપણ તેનો ધણી ગમે ત્યારે વેચી શકે, પણ આવો ખેડુત તો જે જમીનપર તે ખેતી કરતો હોય તે જમીનની સાથેજ વેચાઇ શકાય. પણ **સર્વથી ખરાબ રીત** તો તે ગણાય કેજેમાં **ખેડુતો ગોલામ હોયછે.** આવા ખેડુતોને તેઓનું પોષણ કીધા ઉપરાંત બીજું કાંઇ આપ્યામાં આવતું નથી. **અમેરિકામાં** કેટલી વખતે ટુક જગ્યામાં તેઓની મોટી સંખ્યા કામે લગાડયાથી પેદાસ સારી નિપજેલી માલમ પડીછે. એમ હોયા છતાં આ રીત ખેડુતોના તેમજ ખુદ જમીનના માલેકોના બાબમાં ઘણીજ નાપસંદ છે એવો વિચાર હું આપુંછું, અને તેમ કરવાનાં ઘણાં કારણો છે. પેહેલું તો, આવા ખેડુતો **અણકિસબી** હોયછે; બીજું તો, જે સઘળું કામ તેઓને સોંપેલું હોય તેનો મોટો ભાગ બને ત્યાં સુધી ઉડાવી કહાડવાની કોશેશમાં તેઓ મશગુળ રહે, કારણકે, છુટાપણું શું તે તો તે બાપડા જાણેજ નહિ; ત્રિજું તો, તેઓ

પાસથી બરાબર મેહેનત લેવા માટે તેઓપર ચોકી રાખવી જોઇયે, જેનો ખર્ચ બેસે; યાતો તેઓને રાહા દેખાડનાર ઊપરીઓ રાખવા જોઇયે, જેઓને 'મેહેનત-દામ' આપવું પડે, અને એ પ્રમાણે ખર્ચ વધે. એ વતરોગે બીજાં ઘણાં કારણો અપાઇ શકાય જે સઘળાં વિષે આવાં એક ટુક ભાષણમાં બોલવું ઠીક નહિ લાગે.

વખત જતે આ ગોલામી મેહેનત જડ-મુળથીજ નિકળી જશે અને ગોલામી મેહેનતનું નામ પણ તદન ગુમ થઇ જશે એવી આશાનાં જે કિરણો સુધારો અને તેની સાથે કદીપણ નહિ તુટે એવી સગાઇ ધરાવનારી તેની બેહેન છુટાપણું દુનિયાના સર્વ ભાગોપર ફેંકે છે તેથી સંતોષ પામી આ ભાષણ હું ખતમ કરૂં છું.

સમાપ્ત.

દૉલત કૅમ અદલબદલ થાયછૅ તે વિષે

'જ્ઞાન પ્રસારક મંડળી' માં તા૦ ૯ મી એપ્રિલ ૧૮૭૮ ને દિને કીધેલું

ભાષણ પેહેલું.

—∞—

સાહેબો,

"દૉલતની અદલાબદલી"—એ આજનાં ભાષણની બાબદ છૅ. 'અર્થશાસ્ત્ર'ના સંબંધમાં કીધેલાં આગલાં બે ભાષણોની બાબદો કરતાં આ બાબદ વધારે અગત્યની છૅ ઍમ જો હું કહું તૉ તેના ટેકામાં રજુ કરવાને મારી પાસે સારી દલીલો છૅ. સઘળીને પડતી મેળી નિચળી દલીલ પરજ તમારૂં ધ્યાન લગાડવું બસ થશે. એક નામીચો લખનાર 'અર્થશાસ્ત્ર'ને જે નામ આપવાની ભળામણ કરેછૅ તેનો અર્થ 'દૉલતની અદલાબદલી વિષેનું શાસ્ત્ર' કરી થાયછૅ, અને આજનું ભાષણ પણ એજ બાબદ વિષે છૅ. હવે 'અર્થશાસ્ત્ર' ફ્કત 'દૉલતની અદલાબદલી'જ વિષે શીખવતું નથી, જેથી ઉપર જણાવેલું નામ જો એ શાસ્ત્ર ધારણ કરે તૉ એ શાસ્ત્રનો વિસ્તાર જેટલો બોહોળો હોવો જૉઇયે અને છૅ તે કરતાં ઘણો ઓછો સમજાય અને એ શાસ્ત્રને ગૅરઇનસાફ પોંહોંચે. એટલું છતાં પણ એક જાણીતા વિદ્વાન તરફથી આવું નામ સૂચવ્યામાં આવ્યુંછૅ—એ બીના તમને જણાવવામાં મારો મુખ્ય હેતુ 'દૉલતની અદલાબદલી'નો ભાગ 'અર્થશાસ્ત્ર'ના બીજા ભાગો કરતાં કેટલો વધારે અગત્યનો ગણાય-છૅ તે પુરાવા સાથે દેખાડવાનોછૅ. વળી બીજી દલીલ એ છૅ કે કેટલાક લખનારાઓ 'અર્થશાસ્ત્ર'ની વ્યાખ્યા આપતાં તેને 'કિમત વિષે શીખવ-નારૂં શાસ્ત્ર' કહેછૅ, અને 'કિમત' ફ્કત આજનાં ભાષણ માહેલી એક બાબદ છૅ.

જ્યારે કેટલાક લખનારાઓ 'કિમત'ને આટલોબધો વજન આપે-છે ત્યારે પેહેલાં 'કિમત' એટલે શું, તે કેટલા પ્રકારની છે, અને અર્થ-શાસ્ત્રમાં તે કેમ વપરાયછે તે વિષે ટુકમાં સમજણ આપવી જોઇયે. 'કિમત'-ના બે અર્થ થાયછે;—એકતો, 'ઉપ્યુગતપણું' એટલેજે, 'ખપમાં આવવા-નો ગુણ,' અને બીજોતો, 'અદલબદલ થઇ શકવાનો ગુણ,' ઇઆને, 'ચીજો ખરીદવાની શકિત.' આ કારણને લીધે 'કિમત' બે પ્રકારની ગણાયછે—જે માહેલી એક 'ખપ-સંબંધી કિમત' અને બીજી 'અદલા-બદલી-સંબંધી કિમત' તરીકે ઓળખાયછે. પણ 'અર્થશાસ્ત્ર'માં 'કિમત'નો અર્થ 'ચીજો ખરીદવાની શકિત' થાયછે અને ચીજો ખરીદવાની શકિત-માં ઉપ્યુગતપણું સમાયલું હોયછે. એમ બનેછે કે કેટલીક ચીજો ઘણી ઉપ્યોગી હોયા છતાં અદલાબદલીના સંબંધમાં ઘણી થોડી કિમત ધરાવે-છે. વળી કેટલીકમાં તો અદલબદલ થવાની શકિત કેવળ હોતીજ નથી. જે હવા આપણે સ્વાસમાં લઇએ છીએ, જે હવા વગર આપણને એક ઘડી પણ ન ચાલે, જે હવા આપણી જીંદગીનો મુખ્ય આધાર છે તે હવા કેટલી ઉપ્યોગી છે? તોય આ હવા ખુદરતની બક્ષેસથી આપણને કાંઇપણ રંજ વગર અથવા કાંઇપણ દામ આપ્યા વિના મળી શકેછે, અને એ સબબને લીધે તે દોલત ગણાતી નથી તથા તેના બદલામાં આપણને કાંઇ બીજી ચીજ મળી શકતી નથી. હવે જે ચીજ અદલાબદલી સંબંધી ઘણી કિમત ધરાવે તે ઉપ્યુગતપણાંના બાબમાં કાંઇપણ કિમત ન ધરાવે—એ બનવું અશકય છે. દાખલા તરીકે, હીરા કે માણક લઇએ. હીરા તથા માણક ચીજો ખરીદવાની ભારે શકિત ધરાવેછે, પણ તેથી ઉપ્યુગત-પણાંના બાબમાં તેઓ થોડી કિમત ધરાવતાં નથી. ત્યારે સવાલ ઉઠેછે તે એ કે ઊપ્યુસ્તપણું એટલે શું? ફીલસુફો અને નીતિશાસ્ત્રીઓ મોજ-મજેહથી જે કાંઇ વિરૂધ હોય તેમાં 'ઉપ્યુગતપણું' સમાયલું ગણેછે, પણ 'અર્થશાસ્ત્ર'માં 'ઉપ્યુગતપણું' ઇઆને, 'ખપમાં આવવાનો ગુણ' એટલે 'કાંઇપણ હોંસ કે શોખ પુરો પાડે અથવા કાંઇપણ મતલબ સારે એવો ગુણ.' હવે 'ચીજો ખરીદવાની શકિત' એટલે 'એવો ગુણ કે જેને લીધે તે ગુણ ધરાવનારી ચીજને બીજી ખરીદ થઇ શકે એવી ચીજો ઊપર તે ગુણનાં પ્રમાણ મુજબ ઘણો કે થોડો અખત્યાર મળે.'

એક ચીજના બદલામાં કેટલીક ચીજોનો મોટો તો કેટલીક ચીજો-

નો નાનો જથો મળેછે ; એટલુંજ નહિ, પણ વળી એક ચીજના અવેજ-માં બીજી ચીજ એક વેળાય જેટલી મળેછે તે કરતાં બીજી વેળાય વધતી કે ઓછી મળેછે. ચીજોની ઊત્પત્તિ પર બેસતા ખર્ચના ફરકને લીધે તેમજ તેઓની પેદાસ અને ખપનાં પ્રમાણમાં વધઘટ થવાના સબબે આવા બનાવો બનેછે. અગર પાંચ રતલ ચાહે ઉપજાવી કહાડવા માટે જેટલો ખર્ચ લાગે તેટલોજ એક મણ ખાંડની ઊત્પત્તિ પર બેસે તો પેલી પાંચ રતલ ચાહેના બદલામાં પેલી એક મણ ખાંડ મળે, ઇઆને, પેલી 'પાંચ રતલ ચાહે'ની કિમત અથવા મૂલ 'એક મણ ખાંડ' કહેવાય. હવે ચાહે તેમજ ખાંડનો ખપ આગલની માફક હોય પણ ચાહેની પેદાસ ઘટીને પાંચને બદલે હડી રતલ ચાહે ઉપજે તો ખાંડ પ્રત્યે ચાહેની કિમત આગલ કરતાં વધીને બેવડી થાય અને ચાહે પ્રત્યે ખાંડની કિમત ઘટીને અર્ધી થાય. ચાહે અને ખાંડની પેદાસ ઇઆને છત જેટલીને તેટલીજ રહે પણ ચાહેનો ખપ વધે તોય ખાંડ પ્રત્યે ચાહેની કિમત વધે અને ચાહે પ્રત્યે ખાંડની કિમત ઘટે. ચાહેની છત વધે તેમજ તે સાથે ખપ વધે પણ છત કરતાં ખપ અતિ-ઘણો વધારે નિકળે અને ખાંડની પેદાસ તથા ખપમાં કાંઇપણ ફેરફાર થાય નહિ, ત્યારે પણ ખાંડ પ્રત્યે ચાહેનું મૂલ વધે અને ચાહે પ્રત્યે ખાંડનું મૂલ ઘટે. વળી ખાંડની છત કે ખપમાં કાંઇપણ ફેર પડયા વગર ચાહેની છત ઘટે અને ખપ વધે ત્યારે તો ખાંડ પ્રત્યે ચાહેનું મૂલ અતિ-ઘણું વધે અને ચાહે પ્રત્યે ખાંડનું મૂલ અતિઘણું ઘટે.

હવે નિચળા ચાર સબબોથી ખાંડ પ્રત્યે ચાહેનું મૂલ ઘટે અને ચાહે પ્રત્યે ખાંડનું મૂલ વધે ;—

(૧) ચાહે અને ખાંડની પેદાસ ઇઆને છત જેટલીને તેટલી રહે પણ ચાહેનો ખપ ઘટે.

(૨) ચાહે અને ખાંડનો ખપ જેટલોને તેટલો રહે પણ ચાહેની પેદાસ ઇઆને છત વધે.

(૩) ખાંડની પેદાસ તથા ખપમાં ફેરફાર થયા વગર ચાહેની પેદાસ તેમજ ખપ સાથે વધે પણ ખપ કરતાં પેદાસ અતિઘણી વધારે નિપજે.

(૪) ખાંડની પેદાસ અને ખપમાં ફરક પડયા વિના ચાહેની પેદાસ વધે અને ખપ ઘટે.

આ છેલાં કારણથી ખાંડ પ્રત્યે ચાહનું મૂલ અતિઘણું ઘટે અને ચાહ પ્રત્યે ખાંડનું મૂલ અતિઘણું વધે.

ઊપળી સમજણ પરથી **મૂલને** લગતા કાનુનો ઇઆને છત અને ખપનાં પ્રમાણને લગતા કાયદાઓનો ખ્યાલ આપણને આવેછે. અને એમ સિદ્ધ થાયછે કે સઘળી ચીજોનું મૂલ સાથે લાગું વધે કે ઘટે નહિ, પણ એકનું જો ચહડે તો બીજી વસ્તુનું પડે, એટલેજે, કેટલીકનું મૂલ વધે ત્યારે બાકીનીઓનું મૂલ ઘટે. જે ચીજોનું મૂલ વધે તેના બદલામાં બાકીની ચીજોનો જો આગલ કરતાં વધારે આવે અને જે ચીજોનું મૂલ ઘટે તેના બદલામાં બાકીની ચીજો આગલ કરતાં ઓછી આવે. **કિમત** અને **મૂલ** હું એકજ અર્થમાં વાપરૂંછું અને એક ચીજનું **મૂલ** ઇઆને **કિમત** એટલે તે ચીજના બદલામાં બીજી કોઇ ચીજ જેટલી આવે તે સમજવું. પણ **કિમત** અને **ભાવ**માં કાંઈ ફરક છે. **ભાવ** એટલે એક ચીજને બદલે જેટલા પૈસા ઉપજે તે. 'દૉલતની વેંહેંચણી' વિષે ૧૮૭૫માં છપાવેલાં મારાં પુસ્તકના સંબંધમાં બનેલા બનાવ પરથી **મૂલ** ઇઆને **કિમત** અને **ભાવ** વચેનો ફરક તમારાં મનમાં સેહેલથી ઊતરશે. આ પુસ્તકનો નકલ એકના ચાર આના લેખે **ભાવ** રાખ્યો હતો, ત્યારે ૪૦૦) નકલનો ૧૦૦) રૂપિયા ભાવ થયો, પણ ચૉકસ સબબને લીધે એક ચૉપડી વેચનારને મેં તે ૪૦૦) નકલ આપી તેની પાસેથી તેના બદલામાં ૨૧)ના ભાવનાં ૩૦) અને ૨૧।)ના ભાવનાં ૧૦) મળી ૪૨॥) રૂપિયાના અવેજનાં ૪૦) ગુજરાતી નકશાનાં પુસ્તકો લીધાં. ત્યારે આ ૪૦) નકશાનાં પુસ્તકો મારાં 'દૉલતની વેંહેંચણી'ના ગ્રંથની ૪૦૦) નકલનું **મૂલ** ઇઆને **કિમત** કહેવાય.

કોઇપણ પદાર્થનું મૂલ મુકરર કરવામાં બે તત્વો અવશ્ય ગણાયછે. એકતો, **'ઉપયુગતપણું'** એટલેજે એવો ગુણ કેજે ધરાવ્યાના સબબે કોઇપણ શૉખ પુરો પડે, કોઇપણ મતલબ સરે, અથવા કોઇપણ કામના પૂર્ણ થાય. બીજું તો, 'મેહેનત કે એવુંજ બીજું દામ આપ્યા વિના નહિ મળી શકવાનો ગુણ.' કોઇપણ ચીજ ગમે તેવી ઊપયોગી હોયા છતાં જો તે મેહેનત વગર મળી શકે તો તેના બદલામાં કોઇપણ દહાડે બીજી ચીજ મળે નહિ, તેમજ, બીજા હાથ ઊપર, જે ચીજ શ્રમલભ્ય, એટલે, 'મેહેનતથી મળે તેવી' હોય પણ તે 'ઊપયોગી' નહિ હોય તો તેનું મૂલ કોઇ દહાડે ઊપજે નહિ.

મૂલ ઇઆને **કિમતના** સંબંધમાં દૉલતને ત્રણ પ્રકારમાં વેંહેંચી નાખ્યામાં આવીછે જે નિચે પ્રમાણે છે ;—

(૧) એવી કિસમની દૉલત કે જેનો જો઼ડો ચૉકસ હદવાલો હોયછે અને જે તે હદથી જીઆદા થઇ શકે નહિ, જૅમકે, અસલી પ્રવીણ ઉસતાદોનાં ચિત્રો અને કોટરકામો; ઘરોને માટે જૉઇયે તેવી સગવડભરેલી, સારી હવાવાલી, કુસાદે જગ્યાઓ ; પુરાણાં ક્વચિતજ મળી આવતાં પુસ્તકો, શિક્કાઓ, અને જીજ્ઞાસુ ચીજો. આવાં દ્રવ્યની કિમત ઇઆને મૂલ છત અને ખપનાં સમપ્રમાણથી મુકરર થાયછે. 'છત' એટલે વેચવા કહાડેલો જો઼ડો ; 'ખપ' એટલે જેટલો જો઼ડો શક્તિમાન લોક ખરીદવા ચાહતાં હોય તે. ફકત મરજીથી ખરીદી થઇ શકતી નથી ; મરજી સાથે શક્તિ ભેગી હોવી જૉઇયે. જો મરજીથીજ બધું બનતું હતે તૉ દરેક જન શેઠ થવા માગતે ત્યારે ચાકર કૉણ થતે અને દરેક જન ઉસતાદનો દરજ્જો મેળવવા ચાહતે ત્યારે ચેલો કૉણ થતે, દરેક જન કારૂનનો ગંજ કે ક્રીસસનો ખજાણો ધરાવવાની મકસદ રાખતે ત્યારે ગરીબ કે ભીખારી લોકની હસ્તી ક્યાં હતે, અને દરેક જન નિરોગી અને સુખી થવા ઇચ્છતે ત્યારે દર્દ અને દુઃખ ક્યાં હતે ?

(૨) બીજી પ્રકારની દૉલત એવી છે કે જેનો જો઼ડો મેહેનત અને ખર્ચ કર્યાથી પુષ્કળ વધી શકે પણ આવી વધના દરેક તબક્કે જે મેહેનત અને ખર્ચ બૅસે તે પેલી વધનાં પ્રમાણ સાથે મુકાબલો કરતાં ઘણાં વધારે થાય. આ જાતનું દ્રવ્ય અર્થશાસ્ત્રમાં ઘણી અગત્ય ધરાવેછે. ખેતીથી તૅમજ ખાણમાંથી નિપજતી સઘળી પૅદાસ, ઇઆને, લગાર સાધારણ રીતે કહીએ તૉ, જમીનમાંથી ઉપજતો સઘળો અસબાબ દૉલતના આ વર્ગમાં આવેછે. આવાં દ્રવ્યના બાબમાં જે બૅ પરિણામો નિપજેછે તે એ કે જમીનનું ભાડું આપવું પડેછે અને વસ્તિની ચૉકસ હદ અવશ્ય ગણાયછે. ખેતીથી નિપજતી પૅદાસ હવા, વરસાદ, રૂતુના તહરેવાર ફેરફારો વગેરેગે એવાં કારણો પર આધાર રાખેછે કે જેમાં આદમજાતનું કાંઇપણ ચાલી શકતું નથી, અને એટલામાટે જે મેહેનત અને થાપણ આવી જાતનાં દ્રવ્યની ઊત્પત્તિમાં કામે લગાડયામાં આવેછે તેને ઘણી મુશ્કેળી અને ગૅરફાયદા નડેછે. આવાં દ્રવ્યનું મૂલ સર્વથી ખરાબ મામલામાં બૅસતા ઊત્પત્તિના ખર્ચથી મુકરર થાયછે. આવાં દ્રવ્યની અદલાબદલી ફીફાયતભરેલી કરવામાં સરકારની મદદ અવશ્ય છે. એક દેશની સરકારે તે દેશની જે પૅદાસ બીજે દેશ જતી હોય અને ત્યાંનાં બજારમાં બીજા

દેશોની પેદાસ સાથે હરીફાઇ કરવી પડતી હોય તે પેદાસની નિકાસ પર જગાત નાખવી નહિ જોઇયે. આપણા ખુદ દેશના સંબંધમાં આ બાબમાં ઘણો સંતોષકારક દેખાવ આપણી નજરે પડેછે. આપણા દેશમાં નકામી પડી રહેલી જગ્યાઓ સરકારે ચાહ-રોપનારાઓને ઘણી કીફાયતભરેલી સરતે આપીછે એટલુંજ નહિ પણ આપણા દેશની જે ચાહ ઇંગ્લંદ જાયછે તેને ઇંગ્લંદનાં બજારમાં ત્યાં જતી **ચીનની** ચાહ સાથે હરીફાઇ કરવી પડેછે, તેથી હિંયા ચાહની નિકાસ પર કાંઇપણ જગાત લીધામાં આવતી નથી. આપણા દેશથી નિકાસ થતા રૂને ઇંગ્લંદનાં બજારમાં **અમેરિકા**-ના રૂ સાથે હરીફાઇમાં ઊતરવું પડેછે, એટલામાટે એ જિન્નસની નિકાસ પર પણ જગાત લેવામાં આવતી નથી. આપણા દેશમાં કેટલીક જિન્નસો-ની નિકાસ પર લેવાતી જગાત વાજબી અને વાંધા વગરની કહેવાય. આપ-ણા દેશમાં **'ગલી'**નો મોટો પાક ઊતરેછે. **સ્પેન**માં જેટલી 'ગલી' ઊપજેછે તે એટલી તો થોડી હોયછે કે ખરી રીતે જોતાં 'ગલી'નો ધંધો હિંદુસ્થાનના એકલા હાથે રહેલો ગણાય. વળી આપણા દેશમાં જેટલા **'ચોખા'** થાયછે તેટલા બીજે કેડે થતા નથી અને **'ચોખા'**નો ધંધો પણ ગોયા આપણા એકલા હાથે હોય એમ આપણને લાગેછે. આ કારણને લીધે **'ગલી'** તેમજ **'ચોખા'**ની નિકાસ પર લેવાતી જગાત કાંઇપણ પ્રકારે વાંધાભરેલી નહિ કહેવાય. **'અફીમ'**નો ધંધો પણ આપણા એકલા હાથે રહેલો છે. મુંબઇથી નિકાસ થતાં **'અફીમ'**નો જે પાક **માલવા** અને **રજપુતાના**માં થાયછે તેઊપર **ઇનદોર** આગલ જગાત લીધામાં આવેછે. આ જગાત સામે પણ કોઇ કિસમનો વાંધો ઊઠાવી શકાય નહિ. આપણી સરકારના બાબમાં જે આવો સંતોષકારક મામલો આપણી નજરે પડેછે તેથી સુધરેલાં બ્રિતિશ રાજ્યની કીર્તિમાં ઉમેરો થાયછે.

(૩) ત્રિજી જાતનું દ્રવ્ય એવું હોયછે કે જે બેહદ વધી શકે પણ જેની વધનો ખર્ચ તે વધનાં પ્રમાણ મુજબ ચહડતો નથી, એટલેજે, તે વધ સાથે સરખાવતાં ખર્ચ ઓછો લાગેછે. કારખાનાંમાં બનતી સઘળી જિન્નસો આ પ્રકારનું દ્રવ્ય ગણાય. આવાં દ્રવ્યનો જેમ જો વધે તેમ તેનું મૂલ ઘટે. જિન્નસો બનાવવામાં કામે લાગતા અસબાબનો અવેજ, તે અસબાબની જિન્નસો બનાવવા પર બેસતું મેહેનત-દામ, અને શિરસ્તા મુજબનો નફો મળી જે ખરેખર ઊત્પત્તિ-ખર્ચ લાગેછે તેટલું આ જાતનાં દ્રવ્યનું મૂલ ઉપજેછે.

મૂલને લગતા સાધારણ કાનુનો તપાસ્યા બાદ **પૈસા** જેવી એક અદલાબદલીની મારફતની ગૅરહાજરીથી થતી અસરો આપણે જોઇએ. પૈસા એક એવું સાધન છૅ કે જેથી જુદી જુદી કિમતોનું એક સામાન્ય માપ કરવાને બની આવેછૅ. જો એવી એક મારફત નહિ હતે તો તે માપ કૅમ થઇ શકતે? જો એવી એક મારફત નહિ હતે તૉ માલ લાવલઇ-જાવ કરવા પાછલ ભારે ખર્ચ લાગતે અને વખ્ત ગુમાતે. ઍમ સમજો કે મારી પાસે પાંચ ખુરસી અને પાંચ બલદ છૅ, જેના અવેજમાં મને અનાજ અને લુગડાં લૅવાંછૅ. હવે પેહેલાં તૉ કોણ પાસેથી મને જોઇતી ચીજો મળશે તે મુકરર કરવું જોઇયે. એક ધણી આપવા ના કહે તૉ બીજા પાસે અને બીજો ના પાડે તૉ ત્રિજા પાસે જવામાં કેટલી રંજ ખેંચવી પડે અને કેટલો વખ્ત ગુમાય? વળી કોઇ અનાજ અને લુગડાં આપવા કહે તૉ પછી જે જાત અને જેટલાં મને જોઇયે તેટલાં તેનાથી આપવાને બનશે કે નહિ તે ચૉકસ કરવું જોઇયે. અગર મને એક બલદના અવેજનો અનાજ જોઇતો હોય અને પેલો અનાજવાલો અર્ધા બલદના અવેજનોજ અનાજ આપી શકે ઍમ હોય તૉ તેને હું અર્ધો બલદ કાપીને કૅમ આપું? એવી રીતે એક ભાંજગડનો નિવેડો આવે કે બીજી અડચણ નડે. જૅમ આગલા વખ્તમાં ઘણાંક જંગલી રાજ્યોમાં તૅમજ હાલ પણ કેટલાક જંગલી લોકોમાં દૉલતની અદલાબદલી પૈસાની મારફતે થતી નથી. ત્યાંની જે પૅદાસ આપણને જોઇતી હોય તેનો ચૉકસ જોઠો એક બાજુએ મુકી તેના બદલામાં જે ચીજ આપવી હોય તે બીજી બાજુએ મુકવી પડેછૅ; જૅમકે, મને 'હાથીદાંત' જોઇતું હોય અને મારે તેના બદલામાં 'ખિલા' આપવા હોય તૉ જેટલું 'હાથીદાંત' મને જોઇતું હોય તેટલું એક બાજુએ મુકવું, અને જેટલા 'ખિલા' મારે આપવા હોય તેટલા બીજી બાજુએ મુકવા. પછી તે જંગલી મુલકના રેહેવાસીને જો 'ખિલા' જોઇતા હોય તૉ તે પેલો 'ખિલા'નો જોઠો ઊંચકી લૅ એટલે પેલું 'હાથીદાંત' મારે ઊંચકી લૅવું એવી મંજુરિયાત તેણે આપેલી ગણાય. પણ જો પેલો 'ખિલા'નો જોઠો તે નહિ ઉપાડી લૅ અને પોતાનાં 'હાથીદાંત'નો જોઠો તે પાછો ખેંચી લૅ તૉ તેપરથી મારે બૅ ત્રણ કિસમની અટકલ બાંધવી પડે. ઇખ્આ તૉ હું ઍમ અનુમાન કરૂં કે તે ધણીને 'ખિલા' જોઇતા નથી અને 'ખિલા'ના બદલામાં તે 'હાથીદાંત' આપવા માગતો

નથી, ઇઆતૉ હું ઍમ તર્ક બાંધું કે 'બિલા'નો એટલાબધો જોડો તેને જૉઇતો નથી અને તેના અવેજમાં એટલુંબધું 'હાથીદાંત' તે આપવા માગતો નથી, ઇઆતૉ મારી કલ્પના ઍમ દૉડે કે 'બિલા'નો જેટલો જોડો હું આપવા માગુંછું તે તેને થોડો પડયો હશે. હવે 'બિલા'નો જોડો વધાર્યા પછી પણ જો તે ધણી તે નહિ ઊપાડે તૉ હું પેલા 'હાથી-દાંત'નો જોડો ઘટાડું. ઍમ થયા પછી પણ જો તે 'બિલા' નહિ લૅ તૉ મારે કાંઇ બીજી ચીજ જે તે લૅવાને રાજી હોય તેની સાથે 'હાથીદાંત'-ની અદલાબદલી કરવી પડે, અને તે ચીજ શી હશે તે શૉધી કહાડતાં અને મેળવતાં ગુંચવાડાની આંટીમાં મારે વિટલાયા વિના છુટકો નહિ. પૈસા જેવાં અદલાબદલીનાં એક સાધનની ગૅરહાજરીમાં દરેક સાટું કરતી વેળાય જુદી જુદી ગણત્રિ કરવી પડે અને ચાલતાં મૂલ જેવું કાંઈ હોયજ નહિ. **વાર** કે **ફુત**નું સામાન્ય રૂપ આપ્યાથી જુદી જુદી લંબાઇ કે પોહો-ળાઇનો મુકાબલો કરવાનું જૅમ સવળ થઈ પડેછૅ, તૅમ **રૂપિયા** કે એવીજ કિસમનું બીજું સામાન્ય રૂપ આપ્યાથી જુદી જુદી કિમતોની સરખામ-ણી કરવી સેહેલ થઇ પડેછૅ. આવું એક સામાન્ય રૂપ આપ્યાથીજ જુદી જુદી કિમતોને આપણે ચહડતા ઉતરતા વર્ગમાં ગોઠવી શકીએ, અને દરેક પુરૂષ પાસે જે કાંઇ હોય તે સઘળાંની સેહેલાઇથી ગણત્રિ કહાડવાને બને, કારણકે, ઘણી ચીજોના એકેક સાથના તહરેવાર પ્રકારના આડા-અવડા સંબંધો યાદ રાખવા કરતાં સઘળી ચીજોનો એક સામાન્ય ચીજ સાથનો સંબંધ ધ્યાનમાં રાખવો વધારે સેહેલ છૅ. સામાન્ય ભાષામાં તહરે-વાર કિમતો કહી કે લખી બતાવવાનો ફાયદો જાતે એટલો મોટો છૅ કે અગર **રૂપિયો** એક કિમત-ધરાવનારો, ખરી હસ્તી ભોગવતો પદાર્થ નહિ હતે તૉય ગણત્રિની એક ખ્યાલી મારફત તરીકે તે વપરાત એવો સંભવ દિસેછૅ, **આફ્રિકા**ના કેટલીક ગનેઆતના લોકોમાં એક શોધી-કહાડેલી, ખ્યાલી યુક્તિથી કિમતની ગણત્રિ કરવાનો રેવાજ ચાલતો કહેવાયછૅ. ખરી ચીજ તરીકે હસ્તી નહિ ભોગવતી પણ સગવડ માટે શોધી-કહાડેલી **'મૅકુયુત'** નામની એક ખ્યાલી મારફતથી તેઓ કિમતની ગણત્રિ ઇઆને **માપ** કરેછૅ. એક ચીજની ૫૦) **મૅકુયુત** તૉ બીજીની ૧૦૦) અને ત્રિજીની ૨૦૦) ઍમ તેઓ કિમત મુકરર કરેછૅ. ખાધ–ખૉરાકીની વસ્તુઓ અથવા કાપડ પણ અદલાબદલીની મારફત તરીકે વપરાઇ શકે, પણ તેઓ એવી

ચીજ નથી કે જેનો મોટો જથ્થો રાખવાને સર્વે ખુશી હોય અને જે રહ્યાથી કાંઇપણ પ્રકારે ખરાબ નહિ થાય અથવા જેની કિમતમાં વારંવાર ઘણો મોટો ઘટાડો નહિ થાય. આવાં કારણોને લીધે ઘણીખરી સઘળી પ્રજાઓએ ગોયા એકમત થઈ 'કિમત' ઇઆને 'ખરીદવાની શક્તિ'-ના મેળ અને 'અદલાબદલીની મારફત' તરીકે ઘણા આગલા વખતથીજ ચોકસ ધાતુઓ ઠરાવેલીછે, જેમાં સોનુ અને રૂપું મુખ્ય છે. આ બે ધાતુઓ આવાં કામ માટે જોઇતા ગુણો જેટલે દરજ્જે ધરાવેછે તેટલે દરજ્જે બીજી કોઇપણ વસ્તુ ધરાવતી નથી એમ કહીએ તો વાંધાભરેલું નહિ ગણાય. 'કિમતનો મેળ' એટલેજે 'એવું સાધન કે જેમાં બીજી સર્વે ચીજોની કિમતનું માપ થઇ શકે.' આ સાધન એવું જોઇયે કે જેનું મૂલ વારંવાર બદલાયા નહિ કરે. સોનુ અને રૂપું એવી ચીજો છે કે જેઓનું મૂલ બીજી વસ્તુઓની માફક વારંવાર બદલાતું નથી, અને એટલામાટે તેઓ 'કિમતના મેળ' તરીકે ઘણાં યોગ્ય સાધન ગણાય. વળી એ ઉપરાંત તેઓમાં બીજા એવા ગુણો છે કે જેને લીધે '**કિમતનાં સામાન્ય માપ**' તરીકે અને **પૈસા** તથા 'અદલાબદલીની મારફત' દાખલ તેઓને ચુંટી કહાડવાને મજબુત સબબ મળેછે. આ ધાતુઓ ખુદ કિમત ધરાવેછે, એટલે, તેઓ 'બેંકની નોત' કે એવાંજ બીજાં 'કાગજ-ચલન'ની માફક ફકત સગવડ માટે રેવાજ કે કબાલા પ્રમાણે બંધાયલી કિમત ધરાવનારી ચીજો નથી. વળી થોડાં કદમાં તેઓ મોટી કિમત ધરાવેછે, તેઓ કાટ ખાઇ જતી નથી, તેઓ સફાઇદાર અને જોવા ગમે એવી હોયછે, તેઓ ટકાઊ અને સેહેલાઇથી લાવલઇજાવ થઈ શકે એવીછે, તેઓ ઘણા ભાગમાં વેંહેંચાઇ જાય એવો ગુણ ધરાવેછે, તેઓ ટિપ્યાથી લાંબી પોહોળી થઇ શકેછે, અને તેઓના પૈસા કે શિક્કાનો જ્યારે ખપ નહિ હોય ત્યારે તે પૈસા ગાળી નાખી તેઓને પાછું ચોખી ધાતુનું રૂપ આપવું બહુ સેહેલ પડેછે. તવારીખના સફા ફેરવતાં આપણને જણાયછે કે કેટલાક દેશોમાં **રૂઆંને** પૈસા લેખે વાપર્યામાં આવ્યાંછે તો કેટલાકમાં **ગાય-ઢોરને**, કેટલાકમાં **ચાહેનાં પાંદડાંનાં** બનાવેલાં નાનાં નાનાં ગુંચડાંને તો કેટલાકમાં વળી **કોરીને** અને **સિંધવના ગાંગડાને**, અને **ચીનાઈ તારતરી**, કે **આફ્રિકા**, કે **એબિસીનિયા**, કે પૃથ્વિના બીજા ભાગોને પડતા મેળી, આ **ભરતખંડની** આપણી પોતાની ભૂમીનો દાખલો લઇએ

તો તેમાં પણ એક વખતે કોરી અને બદામ અદલાબદલીની મારફત તરીકે ખપમાં આવેલી કહેવાયછે. વળી ધાતુના બાબમાં પ્રાચીન કાળમાં રોમ શેહેરમાં ફકત ત્રાંબાના અને સ્પાર્તામાં માત્ર લોખંડના પૈસા બનાવવામાં આવતા હતા. પણ જે જે પ્રજાઓ વેપારનાં બળે કે ઉદ્યોગની ખુબીથી કે પારકા દેશો પર ફતેહ મેળવ્યાના સબબે સોનુ રૂપું મેળવવાને સામર્થવાન થઈ હતી તેઓએ તો સોના રૂપાંની ઉપર દરશાવેલી ખુબીને લીધે ઘણા આગલા વખતથીજ તે ધાતુઓને અદલાબદલીની મારફત તરીકે પસંદ કીધી હતી. હવે જયારે સઘળી ચીજો ખરીદવા તથા વેચવામાં સોનુ અને રૂપું સાધારણ મારફત થઇ પડયાં ત્યારે તે ધાતુઓના, સગવડભરેલાં અને ઠરાવેલાં પ્રમાણ મુજબ, એક બીજા સાથે સંબંધ ધરાવનારા નાના મોટા ભાગો કરી તેઓના શિક્કા બનાવવાનો લોકોને વિચાર આવ્યો, અને એ રીતે શિક્કા હસ્તીમાં આવ્યા. દરેક રાજ્યમાં આ શિક્કા પાડવાનું કામ સરકાર પોતાના લાભને અર્થે પોતાને માથે રાખતી. આથી કાંઈપણ ખામેકી નહિ થાય એવી ભરૂસાદાર જામીનગીરી લોકને મળતી. પણ આ જામીનગીરી પર મેળેલા વિશ્વાસનો વારંવાર ઘાત થાયલો આપણ તવારીખ પરથી જાણયે છીએ. ઉડાઉ સરકારોએ પોતાની નિચ મતલબ સારવાના હેતુથી અને પોતાના માગનારાઓનાં ખરાં લેહેણાંનો મોટો ભાગ ડુબાડવાની ધારણાથી શિક્કાઓની અસલ કિમતને અતિઘણી ઘટાડવાને આંચકો ખાધો નથી. આથી સરકારને તેમજ બીજા કરજદારોને ખુશબખ્તી થતી અને બાપડા માગનારાઓ મરવા પડતા. આ કેવી દુઃખદાયક આપખુદી! ઇંગ્લંદમાં આગલ ૨૪) કેરેત સોનામાં ફકત ૦॥) ગ્રેન મિશ્ર-ધાતુ આવતી. તેને બદલે આઠમા હેન્રી રાજાના વખતમાં ૨૨) કેરેત ચોખું સોનુ અને ૨) કેરેત, એટલે ૮) ગ્રેન મિશ્ર ભેળવામાં આવતી. આ પ્રમાણે ફકત સોનાની ચોખાઈનું માપ ઘટાડયામાં આવ્યું ન હતું. રૂપાંના બાબમાં પણ દર ૪) આઉંસ ચોખાં રૂપામાં ૨૫તે ૨૬તે થાયલા તબક્કાઓની આખેરીએ મિશ્ર-ધાતુની ભેળ ૮) આઉંસ સુધી વધી ગઈ હતી. 'ઇંગ્લંદ' કરતાં 'સ્કોતલંદ' અને 'આયરલંદ'માં આથી વધારે ખરાબ બનાવ બનેલો છે. 'ફ્રાન્સે' આ બાબમાં 'સ્કોતલંદ' કરતાં પણ વધારે માઠો દેખાવ દીધેલો તવારીખ પરથી માલમ પડેછે. 'મિલ' ટકોર કરી કહેછે કે 'એક શિલિંગને એક પાઉન્દ

તરીકે ગણી ૧૦) પાઉન્ડનું કરજ ૧૦૦) શિલિંગથી અદા થઇ શકે એવી લુચ્ચાઇ જે વપરાતી તેનાં કરતાં વધારે સારી યુક્તિ તૉ ૧૦૦)— એ સંખ્યાને ૫૦ની સંખ્યા બરાબર ગણવાનો ધારો બાંધવાની કહેવાય. આ યુક્તિ પેહેલી યુક્તિ કરતાં કાંઇપણ પ્રકારે વધારે હિણપરિત લગાડનારી નહિ ગણાય.'

હવે ખ્રિસ્તિઓનાં ધર્મ-પુસ્તક જેવી એક પુરાણી કેતાબમાં ધાતુનાં પૈસા ઇત્યાને શિક્કાનાં જે નામ આપણી નજરે પડેછે તેની ટુક તપાસ કરીએ. 'જૅનિસિસ'ની કેતાબમાં **ઍબ્રાહામ** વિષે કાંઇ આવેલુંછે. 'ઍબ્રાહામ' શબ્દનો અર્થ 'એક મોટી ઓલાદનો પીતા' કરી થાયછે. આ 'ઍબ્રાહામ' 'સારાહ' નામની ઓરત સાથે પરણ્યો હતો. જ્યારે તે ૧૧૦ વર્ષની વયે પુગ્યો ત્યારે તેની ૯૦ વર્ષની ધણિયાણીએ એક 'બેટા'ને જન્મ આપેલો કહેછે. આ બેટાનું નામ 'આઈઝેક' કરી રાખ્યું હતું. ૧૨૭ વર્ષની વયે 'સારાહ' મરણ પામી. તેણીને દાટવા માટે ઍફ્રૉનનાં ખેતરમાં 'મૅકપિલા'નો ગોફો ઍબ્રાહામ'ને જોઇતો હતો. ઍફ્રૉને તે ગોફો ખેતર સાથે 'ઍબ્રાહામ'ને આપવા કહયો. ઍબ્રાહામે ઍફ્રૉનને કહયું કે "તે ખેતરનાં હું તને પૈસા આપું તે તું લે એટલે હું ત્યાં મારાં મુએલાં આદમીને દાટું." ઍફ્રૉને જવાબ દીધો કે "મારૂં સાંભળ; તે જમીન ફક્ત ૪૦૦) શૅકલના અવેજની છે. એ રકમની શી બિસાદ? માટે તું તારાં મુએલાં આદમીને ત્યાં સુખેથી દાટ." આ વાતમાં જે પૈસા-ચલનનું નામ આવેછે તે અસલ ઇયાહુદી ચલન હતું. આ 'શૅકલ'ની કિમત વિષે લગાર મતફેર છે. કેટલાક તેને ૨) શિલિંગથી જરા વધારે અવેજનો તૉ કેટલાક તેને લગભગ ૨॥) શિલિંગ બરાબર ગણેછે. 'ક્રૉનિકલ્સ' નામની કેતાબમાં નિચળા સખુનો આપણી નજરે પડેછે;—"સોનાના ૫) હજાર **તૅલન્ત** અને ૧૦) હજાર **ડ્રૅમ** અને રૂપાંનાં ૧) હજાર **તૅલન્ત.**" 'તૅલન્ત' પણ ઇયાહુદી ચલન હતું. 'રૂપાંનો એક તૅલન્ત' ૩૦૦૦) શૅકલ, એટલે ૩૪૦૦) રૂપિયાથી વધારે અવેજની બરાબર ગણાતો. 'સોનાનો એક તૅલન્ત' ૫૪) હજાર રૂપિયાથી વધારે અવેજનો કહેછે. વળી એક ઠેકાણે 'દારિક' નામના અસલી ઇરાની શિક્કાની નોંધ લીધેલી માલમ પડેછે. આ 'દારિક' શિક્કો સોનાનો હતો અને તે ૧) રૂપિયાના અવેજનો ગણાતો. દારાના વખતમાં તે હસ્તીમાં આવ્યો હતો, જે પરથી

૧૦

તેને 'દારિક' એટલે 'દારાનો બનાવેલો શિક્કો' કરી કહેછે. આ શિક્કા ઊપર એક બાજુએ ગુડણમંડિયે બેઠેલા એક **તીરંદાઝનો** છાપ પાડેલો હતો, જે ઈરાનની એક વખતની તવારીખનો ગોયા ચિતાર આપેછે. ખરા સોનાના શિક્કા દાખળ-કરનાર તરીકેનું માન કેટલાકો 'દારા'ને આપેછે. બીજાઓ એમ કહેછે કે પેહેલાં તો તે શિક્કાઓ શિક્કા તરીકે નહિ પણ ચાંદ તરીકે વપરાતા હતા. **મિશ્રદેશના** લોક વિષે એમ કહેછે કે તેઓમાં અસલ 'સોના-ચલન' વપરાતું અને ત્યાર પછી 'રૂપાં-ચલન' ત્યાં દાખળ થયું જેને લીધે રૂપાંને તેઓ **સફેદ સોનુ** કરી કહેતા. ઇતિહાસ-કર્તા તેમજ કવિ, **જબાન-સનોશી** તેમજ ન્યાયશાસ્ત્રી, રાજ્ય-અધિકારી તેમજ લશ્કરી અમળદાર, ગણિતશાસ્ત્રી તેમજ સિલ્પશાસ્ત્રી તરીકે વખાણાયલો નામીચો નર **જુલિયસ સીઝર** પોતાના એક **લેતિન ગ્રંથ**માં કહેછે કે ગોલના લોકો ચોકસ વજનની સોનાની અને લોખંડની વીઠી પૈસા લેખે વાપરતા. ઇરાનના સોનેરી શિક્કા 'એથન્સ' શેહેરમાં સિકંદર બાદશાહના વખત સુધી ચાલતા હતા.

હવે **'બેવડો મેળ'** એટલે શું? 'બેવડો મેળ' એટલે સોનાનું અને રૂપાંનું બેવડું ચલન જે માહેલાં કોઇમાં પણ બીજી સઘળી ચીજોની કિમતનું માપ થાય અને જે માહેલાં કોઇએકથી હરકોઈ પૈસા-સંબંધી દાવો અદા થઇ શકે. **મિલ** અને બીજા કેટલા લખનારાઓ આ 'બેવડા મેળ'ની વિરૂધ મત આપેછે. એટલુંજ નહિ, પણ ૧૭૧૭થી ૧૮૧૬ સુધી એક આખી સદીનો 'ઇંગ્લંદ'નો અનુભવ તેમજ ૧૮૫૬ પછીનો 'ફ્રાન્સ'નો અનુભવ અને ત્યાર પછીના બીજા દેશોમાં બનેલા બનાવો જે વિષે બીજી જોગવાઇએ બોલવામાં આવશે—તે સઘળાં એક દેશમાં 'બેવડો મેળ' ચલાવવો કેવો કઠ્ઠેડો અને વાંધાભરેલો છે તેની સાબેતી આપેછે. જ્યાં જ્યાં નહિ હોય ત્યાં ત્યાં સોના અને રૂપાંનો બેવડો મેળ દાખળ કરવા, જ્યાં જ્યાં બેવડો મેળ ચાલતો હોય ત્યાં ત્યાં તે કાયમ રાખવા, અને સોના રૂપાંની એકમેક સાથની કિમતનું પ્રમાણ ધારાથી મુકરર કરવા માટે યુનાઇતેદ સ્તેત્સના પ્રેસિદંતે બોલાવવા ધારેલાં **પ્રજા-મંડળ** વિષે બોલતાં લંદનનું નામીચું પત્ર—"**ધ ઈકોનોમિસ્ત**" 'બેવડો મેળ' દાખળ કરવાની સૂચનાને "૧૯મી સદીની અનુભવ મેળવ્યા વગર કીધેલી ખ્યાલી સૂચના" તરીકે ગણેછે, અને કહેછે કે "પાકો અનુભવ મેળવ્યા બાદ આ ૧૯મી સદીમાં આવી

સૂચના કોઇપણ બાહાલ રાખે નહિ." 'બેવડો મેળ' કફોડો માલમ પડ્યા-થીજ ૧૮૧૬માં ઇંગ્લંદે 'સૉનાનો એકલો મેળ' દાખળ કીધો. ઇંગ્લંદનો દાખલો 'પૉર્તુગલે' પછવાડેથી પકડ્યો. થોડાંજ વર્ષ થયાં જરમનિએ પોતાનો રૂપાંનો મેળ કહાડી નાખી તેને બદલે સૉનાનો મેળ દાખળ કીધો. દૅનમાર્ક, નૉરઉએ, સુઇદન, અને યુનાઇતૅદ સ્તેત્સમાં પણ ૧૮૭૩ થી સૉનાનો એકલો મેળ ચાલુ થયો. 'બેવડો મેળ' ગૅરફાયદાભરેલો તથા અગવડભરેલો કૅમ છૅ તે વિષે કોઇ બીજાં ભાષણમાં બોલવાનો મારો વિચાર છૅ. આપણા ખુદ દેશમાં 'રૂપાંનો' એકલો મેળ' ચાલેછૅ, જે 'સૉનાના એકલા મેળ'થી ઊતરતો ગણાયછૅ. બંગાલના માજી લફ્તનંત ગવર્નર—તે આપણા હાલના ગવર્નર નામદાર **સર રિચર્દ તૅમપલની** જે ગણત્રિ ૧૮૭૨-૭૩ની હિંદુસ્થાન-સંબંધી 'પારલામૅન્તરી બ્લુ બુક'માં નોંધાયલીછૅ તે તપાસતાં માલમ પડેછૅ કે ૧૮૩૫)થી ૧૮૭૧) સુધીમાં આપણા દેશની **નિકાસ** ૧૦) અબજ ૧૨) કરોડ રૂપિયાની અને **આયાત** ૮) અબજ, ૫૮) કરોડ રૂપિયાની હતી. પણ ઇંગ્લંદમાં હિંદુસ્થાનને ખાતે બૅસતો સઘળો ખર્ચ જે **સૅક્રેતરી ઑાવ સ્તેત**નાં બિલમાં સમાયલો હોયછૅ, જેવોકે **સિવિલ સરવિસ, લશકર** તથા પૅનશનનો ખર્ચ, તૅમજ આપણા દેશનાં કરજનું વ્યાજ, ઇત્યાદિ, તેની રકમ ઉપળી મુદતમાં ૧) અબજ, ૧૩) કરોડ રૂપિયાની હતી. ઉપળી ૮) અબજ, ૫૮) કરોડની આયાતની રકમમાં આ રકમ ઉમેરતાં ૯) અબજ, ૭૧) કરોડ રૂપિયા થાયછૅ, જે નિકાસના ૧૦) અબજ, ૧૨) કરોડ રૂપિયામાંથી બાદ કરતાં હિંદુસ્થાનની બાકી ૪૧) કરોડ રૂપિયાની રહેછૅ. પરંતુ આ બાકી રહી એટલે ઍમ નહિ સમજવું કે એટલું નાણું આપણા દેશમાં આવ્યું. ખાનગી આસામીઓને હિસાબે, 'ઘરનાં ભાડાં,' 'વૅપારના નફા,' 'જમીનગીરી,' 'જૉઇન્ત-સ્તૉક કંપનીએ ઉઠાવી લીધેલાં કામોમાંથી નિપજતા નફાના ફાળા,' ઇત્યાદિ, તરીકે હાલ દર વર્ષે હિંયાથી ૩॥) કરોડ રૂપિયા ઇંગ્લંદ જાયછૅ. આગલ એટલી મોટી રકમ જતી નહિ હતી, માટે વર્ષ દહાડે ૩॥)ને બદલે ૩) કરોડ ગણતાં પણ ઉપળી ૩૬) વર્ષની મુદતમાં ૧) અબજ, ૮) કરોડ, અને ફકત ૨॥) કરોડ લેખે ૯૦) કરોડ રૂપિયાની ગંજાવર રકમ થવા જાયછૅ. વળી વાહાણ તથા આગબોતના નોળ તરીકે એટલાં વર્ષમાં આપણા દેશમાંથી કેટલા રૂપિયા ઇંગ્લંદ ગયા

હશે તેની ગણત્રિ કહાડી તે ઉમેરો, અને પછી દર વર્ષે આપણા દેશને કેવી ગંજાવર, કેવી શક્તિ રકમ ઇંગ્લંડ મોકળવી પડે છે તે તમને જણાશે. જે ગંજાવર રકમ ફક્ત આપણી સરકારને દર વર્ષે હવડાં ઇંગ્લંડ મોકળવી પડે છે તે પર ૩) કરોડથી વધારે રૂપિયાની હુંડિયામણ-ખોટ ખમવી પડે-છે. બીજી જે રકમો જાયછે તે પર થતું નુકસાન તો વળી જુદું. હવે ૧૮૫૨થી ૧૮૭૦ સુધી હિંદુસ્થાનનું ચીન ઊપર ૧) અબજ, ૧૨) કરોડ રૂપિયાનું લેહેણું નિકળતું. એજ અરસામાં ચીનથી ઇંગ્લંદ તરફ થાયલી નિકાસ ૧) અબજ, ૯૮) કરોડ રૂપિયાની અને ઇંગ્લંદના માલની ચીન-માં થાયલી આયાત ૮૬) કરોડ રૂપિયાની હતી, જેથી ઇંગ્લંદ પર ૧) અબજ, ૧૨) કરોડ રૂપિયાનું ચીનનું લેહેણું રહ્યું. આપણાં લેહેણાંનો ચીને ઇંગ્લંદ પર હવાળો સોંપ્યો અને આપણા દેશ પર નિકળતાં લેહેણાં-ને પેટે ઇંગ્લંદે તે હિસાબ ચુકવ્યો. ચીનનું ઇંગ્લંદ પર નિકળતું લેહેણું કમ થતું થતું થોડાં વર્ષ પર તદ્દન નિકળી ગયું, જેથી ઇંગ્લંદ પરનો હવાળો બંધ થયો, આપણને ઇંગ્લંદ વધારે મોટી રકમ મોકળવી પડી, અને હુંડિયામણની ખોટ વધતી ગઈ. આ હુંડિયામણની ખોટ મટાડવા-નો ઉપાય શોધતાં 'સોનાના એકલા મેળ' પર આપણું ધ્યાન દોડેછે. એક ચોકસ કારણની અસર તરીકે આ 'મેળ' આપણા દેશમાં દાખળ થાયલો સારો ગણાય. પણ સવાલ ઊઠેછે તે એ કે 'સોનાનો મેળ' આપણા દેશમાં હવડાં દાખળ થઇ શકે? હું કહું છું કે "નહિ ; તે હવડાં બની શકે એમ નથી. ૫) કે ૭) દાયકામાં કદાચ તે પાર પડી શકે." જ્યારે 'જરમનિ' જેવી મોટી શાહાનશાહાતને 'ફ્રાન્સ'થી આઇતું સોનું મળ્યા છતાં પોતાનો 'રૂપાંનો મેળ' કહાડી નાખી તેને બદલે 'સોનાનો મેળ' દાખળ કરતાં ઘણાં વર્ષ સુધી રંજ ખેંચવી પડી અને ઘણો ભોગ આપ-વો પડયો, જ્યારે 'જરમનિ'નાં રદ થાયલાં 'રૂપાં-ચલન'નું રૂપું ઇંગ્લંદ અને ઇંગ્લંદની મારફતે હિંદુસ્થાન મોકળી આપવાની જોગવાઈ છતાં સોના પ્રત્યે રૂપાંની કિમત પર ઘણી માઠી અસર થઈ, અને જ્યારે 'જરમનિ'એ એ કામ આરંભ્યું ત્યારે નૉરવેએ, સુઇદન, તથા ડેનમાર્કમાં રૂપાંનો મેળ ચાલતો અને રૂપાંનો ખપ હાલ કરતાં ઘણો વધારે હતો અને તે છતાં 'જરમનિ'ને ભારે નુકસાન થયું, ત્યારે આપણા દેશમાં એ કામ સરંજામ પોહોંચાડતાં કેવી અડચણો નડે? એકતો, આપણા

ગરીબડા દેશના લોકના મોટા ભાગની હાજતો ઘણી હદવાલી હોયછે. બીજું તો, જે મોટી રકમ હાલ રૂપાં-ચલન લેખે વપરાયછે તેનું તાવીને પાછું રૂપું કરીએ તો તે રૂપું બાહેર મોકળી આપવાનો માર્ગ ક્યાં છે, એટલે, તે રૂપું વેચવાનું બજાર ક્યાં છે? વળી એકબારગી તે રૂપું વેચવાને આપણે શક્તિમાન થઇએ તોય તે વેચાણથી કરોડો અને કરોડો રૂપિયાનું જે મોટું નુકસાન થાય તે કોણ ખમે અને તે ખમવાને શું આપણો દેશ હાલ સામર્થવાન છે ? પણ હિંયાજ અડચણોનો અંત આવતો નથી. ઇંગ્લંદનું આપણી ઉપર દર વર્ષે મોટું લેહેણું નિકળ્યાને લીધે આપણા બાબમાં હુંડિયામણ ખરાબ ઉતરેછે, અને સોનાના લાઠા આપણા દેશમાં આણવા ઘણા મોઘા પરેછે તે એટલાં સુધી કે ૧) પાઉન્દમાં આવતું સોનું બાપડી આપણી સરકારને લગભગ ૧૦ાા) રૂપિયે પડે. હવે જ્યારે સરકારને એ ભાવે સોનુ પડે ત્યારે તે આપણને ૧) પાઉન્દનો આખતો તૈયાર શિક્કો ૧૦) રૂપિયે કેમ આપે? માટે સોનાના લાઠા આપણા દેશમાં કીફાયતે આણવાનો કાંઇક ઉપાય લેવો જોઇયે અને ત્યાર પછી તરત નહિ પણ ઘણી લાંબી મુદતે આપણા દેશમાં સોનાનો મેળ દાખળ કરવામાં આપણ ફતેહમંદ ઉતરીએ. આ ઉપાય શો છે તે વિષે બોલતાં જે નિશાળ હું ચલાઊંછું તેના સંબંધમાં બે વર્ષ ઉપર બનેલા એક બનાવની મને નોધ લેવી પડેછે.

સ્ત્રિના નામને જેબ આપનારી, પોતાનાં સદગુણોના તેજથી દીપી નિકળેલી, પોતાનાં સુભ કામોના પ્રકાશથી આશકારા થાયલી, પોતાની મેહેનતના મધુર ફળોની સુગંધથી ખુશબોદાર બનેલી, ભરતખંડની પારકી ભૂમીનું સુખ કાળજીથી હૈડે ધરનારી, પેલી નામાંકિત, જગ-પ્રસિદ્ધ, પરોપકારી બાનુ—**મિસ મેરી કારપેન્તર**, જેણીને એક ઊપયોગી મંડળમાંથી તેણીની વયની જઇફીમાં પણ તેણીથી હાર પડેલાં સુભ કામોની ખિલતી બલિહારી અને પુર જવાનીમાં રાક્ષિ કાળ ચોરી ગયો, જેણીનાં મરણના દુઃખદાયક સમાચાર ગયા જુન માસની તા૦ ૧૮મીને દિને વિજલીના કાસદે આ હિંદ-ભૂમીમાં પોહોંચાડયાબાદ ઘણે ઠેકાણે ગોયા ગમગીનીનો પરદો ફરી વળ્યો હતો, અને જેણીએ પોતાની જઇફીમાં આપણા દેશનાં ભળાંને અર્થે પોતાનાં વતનથી હઝારો કોસની મંજળ કરી, દામ ખર્ચી, રંજ ખેંચી, ત્રણથી વધારે વખ્ત આપણા દેશની મુલાકાત લીધી

હતી,—તે **સ્ત્રી-કેળવણીની** ખેરખાહે વિદ્યા-રવિનાં કિરણથી પ્રાચીન કાળમાં ઑરૉશન થાયલી આ ભૂમીની ૧૮૭૬માં જે છેલી મુલાકાત લીધી તે અરસામાં અતરેની "ઑલફ્રેદ સ્કૂલ"ની ભેટ લેતાં તે નિશાળના વિદ્યાર્થીઓ હજુર કરેલાં નાદર ભાષણમાં શીખામણના કેટલાક બોધ આપ્યાબાદ નિચળા સખુનો કહી સંભળાવ્યા હતા ;—"મારા ખુદ અનુભવનાં પરિણામ તરીકે સેવતે મારે આટલું તો કહ્યા વિના નહિ ચાલતું કે હિંદુસ્થાનનાં સાધનો પુષ્કળ અને મોતબર છે, પણ તે સઘળાં ખિલવવાં જોઇયેછે."—આ કેવા સખુનો ! સાધારણ અવસરે ઓચરેલા આ સખુનો બે વર્ષથી વધુ મુદત ગુજર્યા બાદ એક અસાધારણ અને માહાભારત શાસ્ત્રના સંબંધમાં એક ડીકટ, ગુચવણભરેલા, અને ભારે ચર્ચાને જન્મ આપનારા સવાલના બાબમાં આ ભાષણ મધે મને યાદ કરવા પડશે એવો તે સમયે મારાં સ્વપ્નમાં પણ મને ખ્યાલ ન હતો. પણ આ સખુનોની ખુબી, આ ભાષણમાં સમાવેલી એક બાબદ સાથના આ સખુનોના સંબંધ, અને આ સખુનોની સચ્ચાઈ, જેનો પાયો એક કાબેલ નારની મેહેનત, તપાસ અને અનુભવ ઉપર રચાયલો છે—એ સઘળાંને લીધે તેઓની મને નોધ લેવી પડી છે.

ત્યારે **મારા સ્વદેશી ભાઇઓ**, તમારા દેશનાં સાધનો ખિલવો, આ હિંદ-ભૂમીનાં ભિત્તરમાં ખુદરતે જે અખુટ ખજાણો ભરેલો છે તે બાહેર આણો, તમારા દેશમાં કેળવણી, ઉદ્યોગ, અને કળા-કઉશળનો પ્રસાર કરો, તમારી ઊત્કંઠાનો ઇંગાર ભકભકતો કરો, તમારી મરણ-કાંડે આવેલી ઊલતની નિંદમાંથી જાગૃત થાઓ, તમારા દેશમાંથી દર વર્ષે કેવી ગંજાવર રકમ ઇંગ્લંદ જાયછે તેનો વિચાર કરો, તે રાક્ષિ રકમપાછળ હુંડિયામણ તરીકે જે નુકસાન ખમવું પડેછે તે કેટલું મોટું છે તેનો દરિયાફ્ત કરો, આ નુકસાનમાંથી બચવાના ઊપાય તરીકે તમારા દેશની પેદાસ મેહેનત અને ઊમંગથી વધારો, અને ઇંગ્લંદના સંબંધમાં તમારા દેશની આયાત કરતાં તમારા દેશની **નિકાસમાં** એટલો બધો વધારો કરો, કે હિંદુસ્થાનને લીધે ઇંગ્લંદમાં બેસતો સઘળો ખર્ચ તેમજ ખાનગી આસામીઓને હિસાબે હિંયાથી જતાં સઘળાં નાણાંનો અવેજ વળ્યા ઉપરાંત ઇંગ્લંદ ઉપર તમારા દેશનું લેહેણું નિકળે, જેથી હુંડિયામણમાં ફાયદો થાય, અને સોનાના લાઠા કીફાયતે હિંયા આણવાની સંધિ મળે. આ લાઠાના રફ્તે

રૂફતે શિક્કા પાડવાને અને યોગ્ય વખ્તે અને યોગ્ય પ્રકારે મળતી જોગવાઇનો લાભ લઇ 'રૂપાંના એકલા મેળ'ને બદલે 'સૉનાનો એકલો મેળ' આપણા દેશમાં દાખળ કરવાને, આપણા ગરીબડા દેશને માતબર બનાવવાને, આપણા કરજદાર મુલકને માગનારની હાલતે પોંહોંચાડવાને, આપણા દેશને થાતું મોટું નુકસાન બચાવવાને અને તે નુકસાનને બદલે મોટો ફાયદો કરવાને, તથા આપણા દેશના હાલના સિહા હિગામને બદલે પ્રકાશતું ભવિષ્ય સંપાદન કરવાને, ખુદરતના ખાવંદ-ની રેહેમથી, આપણી મેહેનત અને ઊમંગની ખુબીથી, આપણા વૅપાર અને ઊદ્યોગનાં બળથી, અને આપણા રાજ્ય-કર્તાઓની વૅપાર-સંબંધી તૅમજ બીજી સર્વ પ્રકારની અદલ રાજ્ય-નીતિથી આપણ સામર્થવાન થઇએ એવી દોઆ ગુજારી આ ભાષણ સમાપ્ત કરૂં છું.

સમાપ્ત.

દૉલત કૅમ અદલબદલ થાયછૅ તે વિષે

'જ્ઞાન પ્રસારક મંડળી' માં તા૦ ૨૩ મી એપ્રિલ ૧૮૭૮ ને દિને કીધેલું

ભાષણ બીજું.

સાહેબો,

'દૉલતની અદલાબદલી' વિષેનાં પેહેલાં ભાષણની આખેરીએ આપણા દેશની આયાત કરતાં નિકાસ અતિ-ઘણી વધારવાની કેટલી જરૂર છૅ તે આપણે જોઇ. ૧૮૭૧થી ૧૮૭૫ સુધીના પાંચ વર્ષના હિસાબ તપાસતાં 'હિંદુસ્થાન'ની 'આયાત' કરતાં 'નિકાસ' ૯૬) કરોડ રૂપિયાની વધારે થાયલી માલમ પડેછૅ, જે બીના સંતોષકારક છૅ. દર વર્ષે ।। સરવાયાંનાં અનુક્રમે આ વધ ૨૨ા), ૨૧ાા),૧૯ા), ૧૫ા), અને ૧૭ાા) કરોડ રૂપિયાની અને વર્ષે દહાડાની રાસ કહાડતાં ૧૯) કરોડ રૂપિયા ઉપરની થવા જાયછૅ. આ દુનિયાની સપાટી પર હસ્તી ભોગવતા જે સર્વે દેશો સાથે આપણા દેશનાં દ્રવ્યની અદલાબદલી થાયછૅ તેમાં ઇંગ્લંદ અને તેથી ઉતરતો ચીન સાથનો આપણો સંબંધ ઘણો અગત્યનો ગણાયછૅ. નિચળાં કારણોને લીધે 'ઇંગ્લંદ' સાથનો આપણો સંબંધ સર્વેથી વધારે અગત્ય ધરાવેછૅ. એકતો, આપણો દેશ ઇંગ્લંદમાં બનતાં ચોકસ જાતનાં કાપડનું સર્વેથી મોટું ઘરાક છૅ; બીજુંતો, હિંદુસ્થાનનો મોટો ભાગ ઇંગ્લંદની રાણીની હકુમત તળે છૅ; અને ત્રિજુ તો, આપણા દેશનો બોહોળો વૅપાર ખિલવવાનું મુખ્યકરી 'ઇંગ્લંદ'ના હાથમાં છૅ. 'ચીન' સાથનો આપણો સંબંધ એટલામાટે અગત્યનો ગણાયછૅ કે જે ચીજનો 'ચીન'-માં મોટો ખપ છૅ તે ચીજ આપણોજ દેશ 'ચીન'ને પુરી પાડેછૅ અને તેમાંથી જે મેહેસુલ આપણી સરકારને મળેછૅ તે 'જમીનમાંથી નિપજતાં મેહેસુલ' શિવાય બીજાં સઘળાં સાધનોમાંથી ઉપજતાં મેહેસુલ કરતાં વધારે છૅ.

'ચીન'થી 'ચાહે,' 'રેસમ,' વતરોગે બીજી જિનસો જૅમ આપણા દેશમાં આવેછે તૅમ આપણા દેશમાંથી ત્યાં 'રૂ,' 'ચોખા,' અને 'અફીમ' જાયછૅ. 'અફીમમાંથી આપણી સરકારને દર વર્ષે કરોડો રૂપિયાનું કૅફને બદલે ભાન વધારનારૂં, મીથાંમાંથી મળતા મીઠાસ કરતાં વધારે મીઠું મધ મળેછૅ. એ વસ્તુ એવી છૅ કે તે વગર ચીનાઓને ચાલતું નથી. તેનાં 'ઉત્પત્તિ-દામ' કરતાં બેવડું, ચૉવડું, છ-ઘણું, આઠ-ઘણું વઠિક દામ આપી તે લૅવાને ચીનાઓ તૈયાર થાયછે. **બંગાલ, બનારસ, બહાર, માલવા,** અને **રજપુતાના** તરફથી અફીમનો એટલો મોટો જથ્થો 'ચીન' જાયછે કે ચાહે, રેસમ, ઈત્યાદિના બાબમાં આ દેશ પર નિકળતું 'ચીન'નું લેહેણું ફીટી જઈ, દુનિયાની વસ્તિના પાંચમા ભાગથી ખિચ-વસાયલા તે દેશ ઉપર ઊલટું આપણા દેશનું ૧૦) કરોડ રૂપિયાથી વધારે માગતું દર વર્ષે નિકળેછૅ.

'અફીમ'નો ધંધો ગોયા આપણા એકલા હાથે છે તેથી અફીમની ટુંક હકીકત અતરે આપવી જરૂરની છૅ. **બંગાલનાં અફીમ**નો પાક ત્યાંના સરકારી અમળદારોનાં ખાસ ઊપરીપણાં હેઠળ હોયછૅ. ત્યાં અફીમ જાહેર લીલાંઉથી વેચવામાં આવેછૅ, અને જેટલી પેટી વેચવાની હોયછૅ તેની સંખ્યા આગલથી જણાવ્યામાં આવેછૅ. "પારલામૅન્તરી બ્લુ બુક" ઉપરથી માલમ પડેછૅ કે આ અફીમની એક પેટીનો **રાસ-ભાવ** ૧૮૫૬માં ૮૯૦) રૂપિયા હતો, જે ઉપરથી વધતાં વધતાં ૧૮૬૦માં તે ૧૯૨૦) રૂપિયા સુધી થયો હતો. ૧૮૬૪માં ભાવ પાછો એટલોબધો પડી ગયો કે તે ૬૪૦) રૂપિયા પર આવી ગયો, અને ત્યાર પછી ૧૧૯૦) અને ૧૩૯૦) રૂપિયા વચે હેરફેર થતો રહેલો છૅ. ૧૮૬૧ માં બંગાલનાં અફીમની નક્કિ ઉપજ ૨ા) કરોડ રૂપિયાની હતી. તે પરથી વધીને એક દાયકામાં તે ૫) કરોડ, ૩૦) લાખ રૂપિયાની થઇ હતી. મુંબઈ ઈલાકામાંથી નિકાસ થતાં અફીમનો પાક **માલવા** અને રજપુતાનામાં થાયછૅ. **ઈન્દૉર** કે **અમદાવાદ** આગલથી પસાર કરતાં આ 'અફીમ' પર જગાત લીધામાં આવેછૅ. આ જગાત ૧૮૫૯ સુધી દર પેટીએ ૪૦૦) રૂપિયા હતી, જે ૧૮૬૦માં ૫૦૦), ૧૮૬૧માં ૬૦૦), અને ૧૮૬૨માં ૭૦૦) રૂપિયા સુધી વધી ગઈ હતી. આ છેલ્લી રકમ ઘણી ભારી હોયાને લીધે એકજ વર્ષમાં તેને પાછી ૬૦૦) રૂપિયા પર ઓસાડી

નાખ્યામાં આવી. ત્યાર પછી ૬૦૦) રૂપિયાજ રહેલી છે. આ અફીમ-માંથી જગાત તરીકે નિપજતી વર્ષ દહાડાની નક્કિ પૈદાસ વધતામાં વધતી ૧૫) વર્ષ ઉપર ૩l) કરોડ રૂપિયાની થઈ હતી. મુંબઇથી નિકાસ થાયલાં અફીમની પેટીની સંખ્યા ૧૮૬૨માં સર્વેથી મોટી હતી. આ સંખ્યા ૫૧૨૨૮) હતી. આખાં હિંદુસ્થાનનાં અફીમમાંથી સરકારને નિપજતી ઉપજ ૧૮૫૬ સુધી ૫) કરોડ રૂપિયાની હતી. ત્યારપછી કલકતામાં ભાવ વધી ગયો તેથી તેમજ ઇન્દોર આગલ જગાત વધી તેને લીધે સરકારી ઉપજ વધીને ૧૮૬૧માં ૬) કરોડ રૂપિયાની, ૧૮૬૨માં ૮) કરોડની ઉપર, અને ૧૮૭૧માં ૯l) કરોડની થઇ હતી. ૧૮૬૧થી ૧૮૭૩ સુધી વર્ષ દહાડા-ની શસ કહાડતાં આ ઉપજ ૮) કરોડ, ૧૦) લાખ રૂપિયાની થવા જાય-છે. ૧૮૭૪માં સઘળી મળી અફીમની ૯૪૭૪૬) પેટીની નિકાસ થઇ હતી, જે લગભગ ૧૨) કરોડ રૂપિયાના અવેજની હતી. ૧૮૭૫માં ૮૮૩૫૦) પેટીની હિંદુસ્થાનથી નિકાસ થઈ હતી, જે માહેલી ૭૭૧૮૬) પેટી ચીન તરફ રવાના થઈ હતી. અફીમમાંથી આપણી સરકારને શું મળેછે તેમજ ચીન તરફ આપણા દેશમાંથી અફીમની કેટલી મોટી નિકાસ થાયછે તે આપણે જોયું. ૧૮૭૨માં આપણા દેશથી ૧૦ll) કરોડ રૂપિયાનું અફીમ, લગભગ ૧l) કરોડ રૂપિયાનો રૂ, ૧૧) લાખ રૂપિયાના ચોખા અને બીજી જિનસો મળી જે ૧૨) કરોડ રૂપિયા ઉપરની નિકાસ થઇ હતી તેના બદલામાં ચીનથી અતરે ફકત ૫૨) લાખ રૂપિયાનું રેસમ, ૨૦) લાખ રૂપિયાની ચાહે અને બીજો એટલો થોડો માલ આવ્યો હતો કે 'ચીન' ઉપર ૧૦) કરોડ, ૭૧) લાખ રૂપિયાથી વધારે મોટી રકમ આપણાં લેહેણાં તરીકે નિકળતી હતી.

ઇંગ્લંદથી 'કાપડ', 'સુતર,' 'કોલસા,' 'ધાતુ' વતરોગે જે માલ આપણા દેશમાં આવેછે તેના અવેજમાં આપણા દેશમાંથી 'રૂ,' 'ચાહે,' 'ઘંઉ,' 'ઉન,' 'કોકો,' 'ચામડાં,' 'અળસી,' ઇત્યાદિની ઇંગ્લંદ તરફ નિકાસ થાયછે. ૧૮૭૫માં થાયલી આપણા દેશની નિકાસમાં ૧૩l) કરોડ રૂપિયા ઉપરનો 'રૂ,' આસરે ૨l) કરોડ રૂપિયાની 'ચાહે,' લગભગ ૪l) કરોડનાં 'કાચાં તથા પાકાં ચામડાં' અને ૧) કરોડ, ૬૭) લાખ રૂપિયાનાં 'ઘંઉ' હતા. એજ વર્ષમાં 'અળસી,' 'સરસી' અને 'તળ'ની સઘળી મળી ૫ll) કરોડ રૂપિયાની નિકાસ થઈ હતી, જેમાંથી 'અળસી'નો મોટો ભાગ

ગ્રેત બ્રિતનમાં અને થોડો અમેરિકામાં, 'સરસી' ગ્રેત બ્રિતન અને ફ્રાન્સમાં, અને 'તળ' મુખ્યકરી ફ્રાન્સમાં ગઇ હતી. આપણા દેશની નિકાસમાં સેંહેંકડે ૮૦) ટકા ઉપર **કાચી પૅદાસ ઇખ્આને ચીજો બનાવવાનો અસબાબ** હોયછે, જે ઘણા દેશોના ઉધ્યોગ અને વૅપારને વધારવાનું એક મુખ્ય સાધન થઇ પડેછે, પણ જે માહેલો મોટો ભાગ ઇંગ્લંદ રવાના થાયછે.

આપણા દેશની **આયાત** તયા **નિકાસનો** હિસાબ મુખ્યકરી **ઇંગ્લંદ અને ચીનના** સંબંધમાં તપાસ્યા બાદ, 'દૉલતની અદલાબદલી'માં કામ આવતાં એક મુખ્ય સાધનની નોંધ લઇએ. આ સાધન **'આંટ'** છે. 'આંટ' જાતે પૈસા નથી પણ તે પૈસાની ગરજ સારેછે. 'આંટ' જાતે 'દૉલતની ઉત્પત્તિ' નથી પણ તે 'દૉલતની ઉત્પત્તિ'નાં સાધનો વધારે ફાયદાકારક થવા માટે એક હાથથી બીજે હાથ જવાનો અખ્ત્યાર આપેછે. 'આંટ' વગર દેશદેશો વચેનો વૅપાર ચાલી શકે નહિ. 'આંટ' થી કરી એક શખ્શ બીજાની થાપણ વાપરી શકે છે, અને તેથી ઘણી વેળાય બનેલું છે તેમ 'દ્રવ્ય-ઉત્પત્તિ' પર સારી અસર થાયછે. **'આંટ'** જાતે 'દૉલત ઉત્પન્ન કરવાની શકિત' ધરાવતી નથી, પણ 'ખરીદવાની શકિત ધરાવનાર હથિયાર' તરીકે તે ઘણી અગત્યની ગણાય. 'આંટ'થી નાણાંની ધીરધાર થાય છે. હવે જો 'આંટ' નહિ હોય તો કોઇ અક્કલહિણ આદમીને હાથ વારસા તરીકે કે બીજી કોઇપણ પ્રકારે આવેલી મોટી દૉલતના શા હાલ થાય? તે દ્રવ્યનો ધણી તો તેનો યોગ્ય અને મોટો લાભ પ્રાપ્ત થાય એવો ઉપયોગ કરી જાણતો નથી, ત્યારે 'આંટ' વિના તે દૉલત અયોગ્ય રીતે વપરાય તેમાં નવાઇ શી? **'શેકસપીઅર'**નો **'હૅમલૅત'** નામનો વખાણાયલો નાટક જે થોડુંજ થયું અતરેના નાટકતખ્તા ઉપર એક જાણીતા ખેલાડીની ટોળકીએ ભજી બતાવી આપણને રિજવ્યા હતા, તે નાટકમાં બીરાજનાર પેલો બુઢો, અનુભવિ, દરેક ચીજમાં માથું મારનાર, દરેક બાબદમાં પોતાનું મત આપનાર, દરેક વાતની કાનોસી કરનાર, તોય ઘણીજ ઉમદા સલાહ આપનાર અને કિમતી બોધ દેનાર—**લૉર્દ ચેમબરલેન પોલોનિયસ** પોતાના દીકરા **લેઅરતીસને ફ્રાન્સ** જતી વેળાય જે શીખામણ આપેછે. અને જે શીખામણ નામીચા ફીલસુફ બેકનના એક સર્વથી સારા નિબંધનીસાથે મુકાબલો કરી શકે એવી છે, તેમાં નિચે પ્રમાણેના સખુનો આપણી નજરે પડેછે;—

" કદી પણ પૈસા ઉછીનાં લઇશ કે ધીરીશ મા, કારણકે, પૈસા ઉછીનાં આપ્યાથી વારંવાર પૈસાના પૈસા ડુબેછે અને વળી દોસતીમાં ખલલ પડેછે, અને પૈસા ઉછીનાં લીધાથી કરકસર નાબુદ થાયછે. "

પેલા ડહાપણના ભંડાર—પોલોનિયસની બીજી સઘળી નશિહતો જોકે સારી છે, અને જોકે ઉપલી નશિહત પણ એક ફળાણા કે ફળાણા ચૉકસ શખ્શના બાબમાં અથવા દરેક શખ્શને જુદો એટલે બીજા કોઇપણ સાથે કાંઇપણ સંબંધ નહિ ધરાવનાર લેખે ગણતાં પસંદ કરવા યોગ્ય લાગે, તૉય 'અર્થશાસ્ત્ર'ના કાનુનો તરફ નિધા કરતાં, દેશદેશો વચેના વૅપાર તરફ નજર કરતાં, દરેક પુરૂષને એક 'ટોળી' કે 'મંડળી' કે 'પ્રજા'ના 'આખાં બાંધાના એક ચૉકસ ભાગ' તરીકે ગણતાં, ઘણીજ કફોડી અને વાંધાભરેલી જણાયછે. અગર 'પોલોનિયસ'નાં કહેવા મુજબ ધીરધાર જેવું કાંઇ હોયજ નહિ તૉ દેશદેશો વચેનો વૅપાર ભાગી પડે એટલુંજ નહિ, પણ કેટલીક દૉલત નકામી, ઉપ્યોગ વિના પડી રહે, 'દ્રવ્ય-ઉત્પત્તિ'નો વધારો થતો અટકે, દુનિયાનો રાધાટ ગોયા ચાલી શકે નહિ, અને દરેક વહેવારમાં અડચણની આંતીનો ગુંટાળો વળી જાય. જે માણસ પોતાની 'આંટ'નો લાભ લઇ માલ ખરીદે તે ગોયા રોકડ નાણે તે માલ ખરીદતો હોય તે બરાબર ગણાય. એનું કારણ સેહેલ છે. રોકડ નાણે ચૉકસ જાતનો માલ ખરીદયાથી તે માલનો ખપ વધ્યાને લીધે જે અસર તેના ભાવ ઉપર થાય તેવીજ અસર ફકત 'આંટ'થી તે માલ ખરીદયા પછી પણ થાય.

'આંટ'નો લાભ લૅવાનાં મુખ્ય હથિયાર 'બૅંક' અથવા 'નાણાંવતીની પેહેડી' હોયછે. એટલામાટે 'બૅંક' વિષે થોડું કહેવું જોઇયે. 'બૅંક' શબ્દ ઇંગ્રેજી છે. ફ્રૅન્ચ ભાષામાં તેને બાંક કહેછે. ઇટૅલિયન શબ્દ 'બૅન્કો' જેનો અર્થ 'બાંક' અથવા 'બાજટ' કરી થાયછે તે ઉપરથી એ બોલ નિકળેલોછે. આગલા વખ્તમાં બજારમાં 'બાંકની બૅઠક' કરી ત્યાં નાણાંની અદલાબદલી કરવાનો રેવાજ ચાલતો હતો. આવી પેહેલી બૅઠક ઇતલિમાં ઈ. સ. ૮૦૮માં ઊભી થઇ હતી, અને 'ઉત્તર ઇતલિ'ના 'લૉમબર્ડિ' નામના મુલકમાં ઇયાહુદી વૅપારીઓએ શરાફીની પેહેલ કહાડેલી કહેવાયછે. વળી કેટલાક તૉ એમ કહે છે કે 'લૉમબર્ડિ'ના વૅપારીઓમાં ૧૩મી સદીની શરૂઆતમાં 'હુંડી'ની માર-

ફ્રતે નાણું વાળવાનો રેવાજ ચાલતો હતો. 'ફ્રાન્સ'ના દક્ષિણ ભાગોમાં પણ એવો રેવાજ એજ સમયે ચાલુ થાયલો કહેવાયછે. 'લોમબર્ડિ'ના વેપારીઓને નાણાંવતી ઇઆને શરાફનો ધંધો તેમજ વેપાર એટલોતો લાભકારક થયો કે રફ્તે રફ્તે તેઓએ દરેક દેશમાં પોતાનો પગ-પેસારો કીધો. 'ઇંગ્લંદ'માં પણ તેઓ ગયા, અને લંદનના જે મોહોલામાં તેઓનાં ધંધાનું મુખ્ય મથક હતું તેનું નામ "લોમબર્ડ સ્ત્રીત" કરી રાખ્યામાં આવ્યું હતું. આ મોહોલામાં હજુર પણ કેટલી મુખ્ય બેંક છે. આ મોહોલાના સંબંધમાં ઉઇલિયમ જૉન લૉસન' નામના 'બેંકિંગ' ઉપર એક નાદર પુસ્તક રચનારના બાબમાં બનેલો બનાવ મને યાદ આવેછે. એક વેળાય ફરતાં ફરતાં તેણે આ મોહોલામાં એક ઘર જોયું, જેમાં ઘણાં માણસો વારંવાર જતાં અને પાછાં બાહેર આવતાં. આ જોઇ, તેણે એક શખ્શને પુછ્યું કે "ભાઇ, આ ઘર શા માટે છે?" પેલાએ જવાબ દીધો કે 'એ તો બેંકિંગ-હાઉસ છે.' 'બેંકિંગ-હાઉસ' એટલે શું તેનો વિચાર કરતો કરતો લૉસન પોતાનાં ઘર તરફ ગયો. એક શબ્દ-કોશમાં જોયાથી તેને માલમ પડ્યું કે "બેંકર" એટલે "પૈસાની અદલાબદલી કરનાર." જે નિશાળમાં તે આગલ જતો હતો ત્યાં એવો ધારો હતો કે ચૉકસ જાતના પૈસા જેને "ઑસપિતલ-મનિ" કહેતા તેજ વાપરવા. આથી જે કોઇ નિશાળિયા પાસે બીજી જાતના પૈસા હોતા તે પેલા "ઑસપિતલ-મનિ" સાથે તેને બદલી લેવા પડતા, અને એ રીતે "નાણું'ની અદલાબદલી કરનાર"નો ખ્યાલ ગોયા બચપણથીજ 'લૉસન'નાં મનમાં રમી રહ્યો હતો. ૧૬) વર્ષની વયે તેણે નિશાળ છોડી દીધી હતી, અને તે ચાકરીની શોધમાંજ હતો. એટલામાટે બીજે દહાડે તે પેલાં 'બેંકિંગ-હાઉસ' આગળ પાછો ગયો, અને જેમ તેમ કરી અંદર દાખળ થયો. થોડો વાર ઉભો રહી તેણે એક જનને પુછ્યું કે "સાહેબ, તમને કોઇ લખનાર જોઇયેછે?" પેલાએ કહ્યું કે "તમને કોણે કહ્યું કે અમોને એક લખનાર જોઇયેછે?" લૉસને જવાબ વાળ્યો કે "મને કોઇએ એમ કહ્યું નથી, પણ મેં નિશાળ છોડી દીધીછે અને મારાં માતાજી સાથે રહુંછું, જેવણ મને આળસુ પાડી રાખી મારૂં પેટ ભરવાને અશક્ત છે." આ જવાબથી અચરત થઇ પેલો ધણી લૉસનને પોતાના ભાગિયા પાસે લઇ ગયો. ત્યાં લૉસને કહ્યું કે "જો મારાથી કોઇપણ રીતે મારૂં ગુજરાન થઇ શકે તો મારા દોસ્તોના ટુકડા-ખાઉ

તરીકે હું રહેવા માગતો નથી." પેલા ભાગિયાને આ ઠરાવ પસંદ પડયો, જેથી લૉસનની વય શી હતી, તેણે નિશાળ ક્યારે છોડી, તેના દસ્તખત કેવા હતા—તે વિષે તેણે તલાસ કીધી. લૉસને સઘળો ખોલાસો કીધો, અને પોતાની "ઍક્સરસાઇસ-બુક" જે તે પોતાનાં ગજવામાં લઈ ગયો હતો તેમાંથી પોતાના દસ્તખત દેખાડયા. પેલા ભાગિયાએ પુછયું "તમે જામીનગીરી આપી શકશો ?" "સિક્યુરિટિ" બોલનો અર્થ "જામીનગીરી" થાયછે તે સમજ્યા વગર લૉસને એકદમ જવાબ દીધો કે "હા, સાહેબ." વળી એક ચૉકસ શખ્શનું નામ આપી તેણે કહ્યું કે "જોઇયે તો મારા-વિષે આ ધણી સૉડે તલાસ કરો." થોડા દહાડા પછી પેલાં 'બૅંકિંગ-હાઉસ'માં ૭૦૦) રૂપિયાનાં સાલિયાણાંની એક લખનાર તરીકે લૉસનને ચાકરી મળી. પાછલથી ત્યાંજ તેને એક મોટો ઓધો મળ્યો, અને તે એક ગ્રંથ-કર્તા તરીકે જાણીતો થયો. આ બનાવ ઉપરથી આપણને ત્રણ ચાર ધડા શીખવાની સંધિ મળેછે. એકતો, 'જે ચીજનું પેહેલાં કાંઇપણ જ્ઞાન નહિ હોતું તે પણ તેની પાછલ લાગ્યાથી મેહેનત અને ઉમંગની ખુબીથી બરાબર સમજવાને આપણ સામર્થવાન થઇએ છીએ;' બીજો-તો, કુદરતના કાનુનોને અનુસરતી રીતે નાની નાની પાયરી રફતે રફતે ઓળંગી મોટાં અને ઉંચા પગથ્યાં ઉપર આપણો પગ મેળવાને આપણ શક્તિવાન થઇએ છીએ, અને અંધકાર કે રખડતી રજળતી હાલતમાંથી અજવાલામાં અને માનમાં આવ્યે છીએ;' ત્રિજોતો, 'જે ધંધા કે કામ તરફ આપણાં મનની ખુદરતી વળાણ હોયછે તે હાંસલ કરવાની દૈવ્યજોગે આપણને સંધિ મળી આવેછે, જે બરાબર રીતે અને યોગ્ય વખ્તે હાથ કર્યાથીજ આ દુનિયાના નાટક-તખ્તા ઉપર એક ખેલાડી તરીકેનો આપણો ભાગ ફતેહમંદીથી આપણે બજાવી શકીએ.'

યુરપમાં જે શેહેરો પેહેલવેહેલાં વૅપારનાં બળે માતબર થઇ ઊંચે દરજ્જે પુગ્યાં તે ઇતલિના શેહેરો 'વૅનિસ,' 'જિનોઆ,' 'પાઇઝા,' ઇત્યાદિ હતાં. 'લૉમબર્દિ'ના વૅપારીઓ વિષે ઇંગ્લંદમાં એમ માણતા હતા કે 'જિનોઆ,' 'લક્કા,' 'ફ્લૉરૅન્સ,' કે 'વૅનિસ'માં તેઓની ઊત્પત્તિ થઇ હતી, અને નવમા પોપ ગ્રૅગરીએ મઠ તેમજ બીજી મંડળીઓને નાણું પુરૂં પાડવાના હેતુથી તેઓને ઇંગ્લંદ મોકળ્યા હતા. આ ઇયાહુદીઓ મોટું બ્યાજ ખાવા માટે જાણીતા થયા હતા, અને ઇંગ્લંદમાં તેઓએ બ્યાજનો

દર પાછલથી એટલોબધો વધારી મેળવ્યો હતો કે તેઓને રાણી ઇલિઝાબેથના વખતમાં ઇંગ્લંડથી કહાડી મેલ્યા હતા. જ્યારે આ ઇયાહુદીઓનો 'લોમબર્દિ'માં ધંધો ભાગી પડયો, ત્યારે લોકોએ તેઓની 'બાંકની બેંક' ભાંજી નાખી, જે પરથી 'દિવાળું-કહાડનાર'નો ઇંગ્રેજી શબ્દ "**બેંક્રપ્ટ**" જન્મ પામ્યો.

'**બેંકિંગ**' શબ્દ પેહેલવેહેલાં જે પુરૂષો પોતાનું નાણું બીજાઓને કાંઇપણ ઉપયોગમાં વાપરવા માટે બ્યાજે ધીરતા હતા તેઓના ધંધાને લાગુ પાડવામાં આવતો હતો. 'બેંકિંગ'ના કારભારનું જે રૂપ હવડાં આપણી નજરે પડેછે તે કાળનાં ફરતાં ચક્ર સાથે થતા ફેરફારોનું પરિણામ છે. વખત જતે નાણાંવતીઓ જાણવા લાગ્યા કે બીજાઓનાં નાણાં પણ તેઓને પોતા પાસે રાખવા તથા પોતાનાં નાણાં માફક ઉપયોગમાં લાવવાની જોગવાઇ મળ્યાથી તેઓને પોતાને તેમજ નાણાંના ધણીઓને ફાયદો થાય. એટલામાટે 'બેંકિંગ'નો કારભાર જેવો હાલ આપણને જાણીતો છે તેને મળતો પેહલાં કયા દેશમાં અને કયારે દાખળ થયો હતો તેની તપાસ કરવી જોઇયે. જોકે ઇસુ ખ્રિસ્તની ૧૪૬) વર્ષ આગલ પણ '**એથન્સ**' શેહેરમાં 'ભકિતનાં મંદીરો'માંથી બ્યાજે નાણું ધીરવાનો રેવાજ ચાલતો હતો જોકે એક લખનારનાં કહેવા મુજબ છેક '**દિમૉસ્થિનીઝ**'ના વખતમાં પણ '**એથન્સ**'માં **બેંકિંગનું** કામ પુર જોસથી ચાલતું હતું, અને જોકે **રોમ** શેહેરમાં એ કામની શરૂઆત આસરે ૨૩) સદી અગાઉ થાયલી કેહેવાયછે, તોય હવડાંને મળતો કારભાર ઇસુ ખ્રિસ્ત પછીની **૧૨**મી સદીમાં '**ઇતલિ**'માં પેહેલવેહેલો દાખળ થયો હતો. **યુરપમાં** જે જાહેર **બેંક** સર્વથી પેહેલી સ્થાપ્યામાં આવી હતી તે '**બેંક ઑવ વૅનિસ**' હતી. આ બેંકની સ્થાપણ કયારે થઇ તે વિષે મતફેર છે. કેટલાકનાં કહેવા મુજબ **૧૧૫૦** માં, તો **મી૦ ફ્રેદિક મારતિન**નાં લખ્યા પ્રમાણે **૧૧૫૫** માં અને **મી૦ આરથર ક્રમ્પ**ના વિચાર મુજબ ૧૧૭૧ માં આ બેંકની સ્થાપણ થઇ હતી. ત્યાંની સરકારને બ્યાજે ઉછીનાં નાણાં જોઇતાં હતાં તેથી આ 'બેંક' ઉભી થઇ હતી. જે બેંક હાલ સર્વથી મોટી ગણાયછે, જે બેંકમાં લંડનની બીજી સઘળી બેંકનાં ખાતાં પડેલાં છે, અને જે બેંકનું ટકાઉપણું બ્રિતિશ શાહાનશાહાતનાં ટકાઉપણાં સાથે મુકાબલો કરી શકે—તે બેંક પણ ઇંગ્લંદની સરકારને બ્યાજે ઉછીનાં નાણાં જોઇતાં

હતાં તેથી જન્મ પામી હતી ઍમ લૉર્ડ મૅકૉલેની ઇંગ્લંદની તવારીખ ઉપરથી માલમ પડેછે. આ 'બૅંક ઑાવ ઇંગ્લંદ'ની સ્થાપણ ૧૬૯૪ના જુલાઇ માસની તા૦ ૨૭મીને દિને થઇ હતી. આ બૅંકની ટુક હકીકત આ પ્રસંગે આપવી વ્યર્થ નહિ ગણાશે. ૧૬૯૦માં ઇંગ્લંદની સરકારને ૨) કરોડ રૂપિયાની જરૂર પડી. આ રકમ માહેલો અર્ધો ભાગ 'લૉતરિ-બૅંક'થી ઊભો કીધા પછી બાકી રહેલો અર્ધો ભાગ 'લૅન્દ-બૅંકની મારફતે ઉભો કરવાની દરખાસ્ત થઈ હતી, પણ તે કાંઈ અમળમાં આવી નહિ. ૧૬૯૧માં ઉઇલિયમ પૅતર્સન નામના એક સ્કૉત્ચમૅને પ્રજાને લગતી એક જાહેર બૅંક સ્થાપવાની સૂચના કીધી. આ સૂચના તે વખ્તે કોઇએ ઉંચકી લીધી નહિ, તેથી તે ઍમની ઍમ જમીન-દોસ્ત થઈ. આખરે ૧૬૯૪માં સરકારને નાણાંની ઘણી જરૂર પડી. આ વખ્તે પૅતર્સને કીધેલી સૂચના બીજાઓએ ઉંચકી લીધી અને 'બૅંક ઑાવ ઇંગ્લંદ' હસ્તીમાં આવી, જેથી સરકારને ૮) ટકાનાં બ્યાજે ૧) કરોડ રૂપિયા મળ્યા. ત્રણ વર્ષમાં આ બૅંકની થાપણ ૨) કરોડ રૂપિયાની થઈ. ૧૭૦૮માં રાણી ઍનનાં રાજ્યમાં એ થાપણ વધીને ૪) કરોડની અને ત્યારપછી એક વર્ષમાં ૬) કરોડની થઇ. ૧૭૨૦માં પેહેલા જિયૉર્જ રાજાના વખ્તમાં એ થાપણ ૧૦) કરોડની, અને બીજા જિયૉર્જનાં રાજ્યમાં ૧૭૫૦નાં સાલમાં તે ૧૧) કરોડની થઇ. આ છેલી રકમ પરથી વધીને આ સદીમાં તે ૧૪) કરોડ પર આવી. ઇંગ્રેજી પ્રજા વિષે જોકે ઍમ કહેવાયલું છે કે તે તો ગોયા દુકાણદારનોજ ધંધો લઈ બેઠીછે તોય એજ ધંધાની એક સાખા—નાણાંની અદલાબદલી તથા ધીરધાર, સાટાં અને તહરેવાર પ્રકારના વહિવાતથી કરી જે ધણીઓ ઇંગ્લંદમાં કરોડપતી થઈ ગયાછે તે સઘળા પારકા દેશના અથવા પારકી ઑલાદના છે. 'બૅરિંગ્સ' જરમનિથી આવેલા, 'ઘૅલ્લુસન્સ' ફ્રાન્સથી આવેલા, અને 'રોથ્સ-ચાઇલ્દ,' 'ગોલ્દસ્મિદ' અને 'સૅમ્પસન ગિ.ચૅ.ન' જેવા કરોડપતી નાણાંવતીઓ ઇયાહુડી તોખમનાં કહેવાયછે.

બૅંક બે પ્રકારની હોયછે. એકતો, ખાનગી બૅંક, અને બીજીતો, જૉઇન્ત-સ્તૉક બૅંક. 'ખાનગી બૅંક'માં આગલ ધારાની બંદીને લીધે ૬થી વધારે ભાગીદારો સામેલ નહિ થઈ શકતા. પાછલથી સંખ્યાના બાબમાં ધારો ફેરવાયો હતો. 'જૉઇન્ત-સ્તૉક બૅંક'માં ભાગીદારોની સંખ્યા ઘણી

મોટી હોયછે, અને ઘણા 'શૅર' કહાડી નાની રકમથી એક મોટી થાપણ ઉભી કર્યામાં આવેછે.

'બૅંકિંગ'નો કારભાર એવી કિસમનો છે કે તે બરાબર ચલાવવા માટે 'જૉઇન્ત-સ્તૉક કંપની' સર્વથી લાયક ગણાય. **ઍદમ સ્મિથ**ના આ વિચારને **સર હૅન્રી પારનૅલ** ટેકો આપી કહેછે કે 'બૅંકિંગ'નું કામ લોકોની સલામતીને અનુસરતું તેમજ ફાયદો હાંસલ થાય તેવું ચલાવવા કાજે મોટી થાપણની જરૂર છે, જે પુરી પાડવાની શક્તિ બે ચાર ભાગીદારોમાં હોતી નથી, અને તેથી ભાગીદારોની સંખ્યા જેમ બને તેમ મોટી હોવી જોઇયે એટલુંજ નહિ પણ તે બાબમાં ધારાની કાંઇપણ બંદી નહિ હોવી જોઇયે. **બૅંકનું કામ** કાંઇ લોકનાં નાણાંની ફક્ત સંભાળ લેવાનું નથી, પણ તે નાણાંનો ઉપયોગ કરવાનું અને તે ઉપયોગનો બદલો કેટલીક વેળા વ્યાજ રૂપે તે નાણાંના ધણીઓને આપવાનું છે. આ પ્રમાણે 'બૅંક'ની મારફતે એક દેશનાં 'ધાતુ-ચલન'નો ઘણો બોહોળો ઉપયોગ થાયછે. પણ 'બૅંક'નાં કામની હિંયા હદ આવતી નથી. **'ધાતુ-ચલન'**નો ઉપયોગ કરવા ઉપરાંત 'બૅંક'નું બીજું મોટું કામ **'બૅંક-નોત'**નાં રૂપમાં એક વધારે સસ્તું અને સગવડભરેલું ચલન પુરૂં પાડવાનું છે, અને એજ કારણને લીધે **રિકાર્દો** કહેછે કે "બૅંકની સ્થાપણ થયા પછી ફક્ત સરકારજ 'કાગજ-ચલન' કહાડવાની કે શિક્કા પાડવાની સતા ધરાવતી નથી." એક દેશનું ચલન જેટલે દરજ્જે શિક્કાથી તેટલેજ દરજ્જે કાગજથી પણ વધી શકે. બૅંકનાં કામકાજ ઉપર તેમજ તેનાં કાગજ-ચલન કહાડવા ઉપર સરકારનો જે કાબુ હોયછે તે ઘણાઓ વાંધાભરેલો ગણેછે, પણ **મકલક** જેવો લખનાર એમ કહેછે કે સરકાર બૅંક પાસેથી જે જામીનગીરી માગેછે તે લોકની સલામતી માટે અવશ્ય છે. 'બૅંક ઑવ ઇંગ્લંદ' જે 'નોત' કહાડેછે તેને માટે સરકારને જામીનગીરી આપવી પડેછે. લુચ્ચાઇ અટકાવવા તથા ખરી હાલતની ખાતરી આપવા માટે સરકાર આવી રીતે વચે પડે એ વાજબી છે. નામીચો ફ્રેન્ચ અર્થશાસ્ત્રી **મો. સે** સરકારના આવા હકની તરફેણ કરેછે.

હવે **'બૅંક'**થી હાંસલ થતા ફાયદાઓની ટુંક તપાસ કરીએ. 'બૅંક'થી દોલત હમેશ ફરતી રહેછે. જયાં તેનો ખપ હોય ત્યાં તે કામે લાગેછે, અને દોલત-ઉત્પત્તિની વધને ઉત્તેજન મળેછે. વળી **'નોત,' 'ચૅક,' 'હુંડી'** જેવાં સગવડભરેલાં **કાગજ-ચલન**નો જે મોટો ફાયદો આપણ ભોગવ્યે છીએ

તે પણ બૅંકને લીધે છે. 'બૅંકની સ્થાપણથી હાંસલ થતા ફાયદા'ને 'આપણા ધોરી રસતાઓને ગોચા અનાજનાં ખેતર બનાવી દઇ હવામાંથી ગોચા રસતો બનાવ્યાથી નિપજતા ફાયદા' સાથે **ઍડમ સ્મિથ** સરખાવેછે. જે દૌલત કદાચ એક ઠેકાણે નકામી પડી રેહેતે તે બીજે ઠેકાણે ઉપયોગમાં આવે અને તે ઉપયોગનો બદલો તે **દૌલતના ધણીને** તેમજ જે ખાતાંની મારફતે તે દૌલતનો ઉપયોગ થાય તે ખાતાંને, એટલે, ખુદ **બૅંકને**, અને વળી તે દૌલતના **ઉપયોગ-કરનાર** ધણીને મળે, જેથી દુનિયામાં પૅદા થતી દૌલતનો વધારો થાય—એ સઘળા બૅંકથી નિપજતા ફાયદા કાંઇ નજીવા કે હલકા નહિ ગણાય. **પૈસાનેજ દૌલત** તરીકે ગણવાનો જે ખોટો વિચાર 'ઍડમ સ્મિથ'ના વખત અગાઉ લોકોનાં મનમાં મજબુતીથી બેસી ગયો હતો તે ખોટો વિચાર જડ-મુળથી ઉખેડી નાખવામાં સગવડભરેલાં 'કાગજ-ચલન'થી જે મોટો ટેકો આપણને મળેછે તે પણ 'બૅંકથી નિપજતો એક ફાયદો ગણાય. વળી 'બૅંક'નો મોટો ફાયદો તો જેને વૅપારીઓ **"લૅતર્સ ઑાવ ક્રૅદિત"** કરી કહેછે તેમાં સમાયલો છે. ત્યારે **"લૅતર્સ ઑાવ ક્રૅદિત"** એટલે શું તે જોઇએ. **"લૅતર્સ ઑાવ ક્રૅદિત"** એટલે એવા દસ્તાવેજો કે જેની ખુબીથી, કોઇપણ બૅંક સાથે ગોઠવણ કીધા મુજબ, એક વૅપારી પોતાને અથવા પોતાના ઘરાકોને હિસાબે જે માલ પોતાના દેશમાંથી બીજા દેશમાં પોતાના આડતિયા ઉપર વેચવા મોકળે તેનો સેંહેંકડે ૭૫) કે ૮૦) કે ૮૫) ટકા કે જેટલોબી આગમજથી ઠરાવેલો હોય તેટલો પૈસા-રૂપી અવેજ પોતાના આડતિયા ઉપર એક હુંડી લખી તે પેલી બૅંકને વેચી તરતજ મેળવી શકે, **અને** માલ પોતાનો હોય તો તે નાણું પોતે રાખે, અને જો ઘરાકનો હોય તો તે નાણું આગમજથી ઘરાકને આપે, અથવા જેની રૂએ બીજા દેશના વૅપારીને હિસાબે કાંઇપણ ખરીદી કરવી પડે તે ખરીદીનો પુરેપુરો પૈસા-રૂપી અવેજ ખરીદ થાયલો માલ વાહાણ કે આગબોત પર ચહડતાંને વાર હુંડીની મારફતે ખરીદનાર ધણીને તે બૅંક પાસેથી મળી શકે. દાખલા તરીકે એમ સમજો કે **મુંબઈ**માં મારી એક પેહેડી છે અને લંડનમાં **મિલિયોનૅર બ્રધર્સ**ના નામની મારી આડત છે. મારી પોતાની 'આંટ' સારી છે, પણ મારી પેહેડીની થાપણ ઘણી નાની છે. જે ઘરાકો મારી મારફતે મારા આડતિયા પર 'કમિશને' વેચવા હિંયાથી **રૂ** અને **ઘંઉ** મોકળવા ધારે-

છૅ તેઓને તે માલનાં થોડાં નાણાં આગમજથી જોઇયેછૅ, જે આપવા-ની મારી ગુંજાસ નથી, પણ મારા આડતિયા હિંયાની **નૅશનલ બૅંકની** લંડનની પેહેડી સાથે ગોઠવણ કરી મારી ઊપર એવા દસ્તાવેજ મોકળી આપેછૅ કે જેની રૂએ ચોકસ હદ સુધી અતરેની 'નૅશનલ બૅંક'ને મારા આડતિયા પર લખેલી હુંડી વેચી રૂ તથા ઘંઉ વેચવા મોકળનાર મારા ધરાકોને હું નાણાંની ઠરાવેલી રકમ આગમજથી પગાર કરી શકુંછું, તેમજ, બીજા હાથ ઉપર, મારા આડતિયાઓએ પોતાને કે પોતાના ધરાકો-ને હિસાબે હિંયાથી **અળસીની** કે બીજા માલની જે ખરીદી કરવા લખ્યું હોય તે ખરીદીનો અવેજ ખરીદ થાયલો માલ ચહડતાંને વાર તરતજ મને પાછો મળી શકેછૅ. આ દસ્તાવેજો તે "**લૅતર્સ ઑાવ ક્રૅદિત**" કરી કહેવાય, અને જ્યારે એથી દેશદેશો વચે થાતી દૉલતની અદલાબદલીની ફાયદાકારક વધ નિપજેછૅ, ત્યારે 'બૅંક'થી હાંસલ થતો "**લૅતર્સ ઑાવ ક્રૅદિત**"નો ફાયદો ઘણો મોટો ગણાય. માલ વેચવા મોકળનારને આગમજ-થી જે નાણું પગાર કર્યામાં આવેછૅ તેનું પ્રમાણ તે માલ કઇ જાતનો છૅ, તે જે બજારમાં જનાર છૅ ત્યાં તેના ભાવમાં વારંવાર વધઘટ થાયછૅ કે નહિ, તે મોકળનાર ધણીની 'આંટ' સારી છૅ કે નહિ, અને તે માલનાં વેચાણ પર લાગતો સઘળો ખર્ચ સેંહેંકડે ઘણા કે થોડા ટકા આવશે તેની ગણત્રિ—એ સઘળાં પર આધાર રાખેછૅ.

લંદનમાં જુદી જુદી **બૅંકનાં** એક બીજાં ઉપર નિકળતાં લેહેણાંનો અતિ-ઘણી સગવડભરેલી અને ફાયદાકારક રીતે ફડચો આણવાનો જે ઊપાય ત્યાં શોધી કહાડયામાં આવ્યોછૅ તે ૧૭૭૫માં સ્થાપેલું "**ધ લંદન ક્લિયરિંગ-હાઉસ**" નામનું ખાતું છૅ. આવાં ખાતાંનો લાભ "**ધ મૅન-ચૅસ્તર ક્લિયરિંગ-હાઉસ**"ને લીધે **મૅનચૅસ્તર** પણ ભોગવેછૅ, પરંતુ આપણો દેશ તે ફાયદો ભોગવવાથી બેનસિબ રહેલોછૅ. **ક્લિયરિંગ-હાઉસ** વિષે તેમજ **બૅંકને** લગતા હિંયાના રેવાજથી જુદી કિસમના જે રેવાજો લંદનમાં ચાલેછૅ તે વિષે પાછલથી **'બૅંક'**ના સંબંધમાં વિગતવાર ખોલાસો હું કરીશ, માટે પેહેલાંતો 'જૉઇન્ત-સ્તૉક કંપની'થી ચાલતાં બીજી સર્વ પ્રકારનાં કામમાં તેમજ 'બૅંક'માં **'મૅનૅજર'** રાખવાની કઇ સરત ફાયદા-કારક ગણાય તેની નોંધ લેવાને હું દરૂસ્ત ધારૂંછું. 'પગારદાર મૅનૅજર'ને બદલે 'નફામાંથી ચોકસ ભાગ આપવાની સરતે મૅનજર રાખવામાં' બૅંક તેમજ બીજાં દરેક જૉઇન્ત-સતૉક ખાતાંને ઘણો લાભ પ્રાપ્ત થાયછૅ, અને

નશામાં ભાગ રાખ્યાથી 'મૅનૅજર'ને જેટલી ચૅંપ રહેછે તેટલી તેને પગાર-દાર તરીકે રાખ્યાથી તેનામાં રહેતી નથી.

'આંટ' પૈસાની ગરજ પાંચ જુદાં રૂપમાં સારેછે. આ પાંચ રૂપ નિચે મુજબ છે;—(૧) 'ખરી હુંડી;' (૨) 'સગવડ માટે ખોટી હુંડી;' (૩) 'પ્રૉમિસરિ નોત;' (૪) પ્રૉમિસરિ કર્નસિ-નોત' ઇઆને 'બૅંક-નોત;' અને (૫) 'ચૅક.'

'હુંડી' એટલે એવો દસ્તાવેજ કે જેની રૂએ એક આસામીનું કે એક ઠેકાણાંનું કરજ બીજા આસામીનાં કે બીજાં ઠેકાણાંનાં કરજ સાથે અદલબદલ થઈ શકે. દેશદેશો વચે થાતી દ્રવ્યની અદલાબદલીનો હિસાબ ચુકવવામાં 'હુંડી' એક અગત્યનું હથિયાર છે, અને તેની મુખ્ય મારફત 'બૅંક' હોયછે. વૅપારને અર્થે દેશદેશોનાં એકમેક ઉપરનાં લેહેણાંનો અવેજ સોના કે રૂપાંના લાઠા અથવા શિક્કાની મારફતે વાળતાં લાગતો ભારે ખર્ચ અને રહેતો જોખમ દુર કરવાની મકસદથી 'હુંડી' પેહેલ-વેહેલાં દાખળ કર્યામાં આવી હતી. એક 'હુંડી' સાથે જેઓને લાગતું-વળગતું હોયછે તેઓ નિચળા ત્રણ વર્ગમાં આવી શકે;—(૧) 'હુંડી-લખનાર;' (૨) 'જે ધણી પર 'હુંડી' લખ્યામાં આવે અને જે તે હુંડી બાહાલ રાખી શિકારે તે;' અને (૩) 'જે ધણીને હુંડી પગાર કરવી પડે તે.' વૅપારીઓમાં એક ચાલુ રેવાજ એ છે કે જે માલ ખરીદ્યો હોય તેનું નાણું તરત પગાર કરવું નહિ, પણ વૅપારની ચૉકસ સાખા અને ચૉકસ જિનસો પ્રમાણે ચોકસ મુદત બાંધી તે મુદત પુરી થવે પગાર કરવું. આ મુદત એક, બે, કે ત્રણ મહીનાની કે વધારે લાંબી પણ હોય. વળી કેટલીક વખ્ત 'હુંડી' તરત પગાર કરવાની પણ હોયછે. 'હુંડી'થી થતી સગવડનો થોડોઘણો ખ્યાલ નિચળા દાખલા ઉપરથી તમને તરત આવશે. ઍમ સમજો કે **મૅનચૅસ્તર**માં મારી આડત છે જે **રૉસ ઍન્દ રૉબર્તસન**ને નામે ચાલેછે. હવે એ આડતિયાએ પોતાને હિસાબે વેચવ માટે મારી ઉપર ઘણો માલ મોકલ્યોછે. આ માલ વેચાયા પછી સઘળો હિસાબ હું તેને વાળવાનો, પણ મારા આડતિયાને તે માલના અવેજમાં આગમજથી થોડું નાણું જોઇયેછે. ત્યારે તેઓ શું કરે? ઠરાવેલી સરત મુજબ તે માલની સેંહેંકડે ૭૫) કે ૮૦) ટકાની તેઓ મારી ઉપર 'હુંડી' લખેછે, અને તે 'હુંડી' કોઇ 'બૅંક' કે 'પેહેડી'ને વેચી નાણું મેળવેછે.

આ 'હુંડી' ત્રણ મહીનાની મુદતની છૅ, માટે નાણું વસુલ થાય ત્યાં સુધીનું વ્યાજ બાદ ગયા પછી મારા આડતિયાને નાણું મળેછૅ. હવે 'હુંડી' મને મળેછૅ એટલે તે પર સહી કરી હું તે બાહાલ રાખુંછું. પછી મુદત પાકવે જે બઁક કે પેહેડીની મારફતે મને તે હુંડી મળી હોય ત્યાં તે હુંડીનાં નાણાં હું ભરૂંછું. પણ જો તે 'હુંડી' મળતાંને વાર તરત હું તે પગાર કરવા ચાહું તૉ તે 'હુંડી' પાકે ત્યાં સુધીની મુદતનું વ્યાજ કાપી લઇ હું નાણાં ભરૂં. ઇંગ્રેજી વૅપારીઓની તૅમજ ઇંગ્રેજી ધોરણ પ્રમાણે ચાલતી દેશી વૅપારીઓની પેહેડીમાં આવતી હુંડી જૅમ શિકારવી પડેછૅ તૅમ હિંદુઓની ગામઠી પેહેડી પર આવતી એકબીજાની 'હુંડી' કાંઇ શિકારવી પડતી નથી, પરંતુ જે પેહેડી પર તે આવેછૅ તેના ચૉપડામાં રકમ, તારીખ, અને બીજી વિગતો સાથે ફકત તે નોંધાયછૅ.

હુંડિયામણનો ભાવ વારંવાર બદલાયછૅ. આ ફેરફાર એવાં તહરેવાર રાજ્યદ્વારી તૅમજ વૅપાર-સંબંધી કારણોથી થાયછૅ કે જેઓ દરરોજ 'હુંડી' વેચતા અને ખરીદતા હશે તેઓનાં મનમાંપણ તેનો ખ્યાલ આવતો નહિ હશે. હુંડિયામણનો મુખ્ય કાનુન એ છૅ કે વૅપારથી જોડાયલા બૅ દેશો માહેલા જે દેશની આયાત કરતાં નિકાસ વધારે હોય, અને તેથી જેનું લેહેણું વધારે નિકળે, તે દેશના બાબમાં હુંડિયામણ સારૂં ઉતરેછૅ. જયારે બન્ને દેશોની એકમેકના સંબંધમાં આયાત તથા નિકાસ સરખો હોયછૅ, ત્યારે હુંડિયામણ **સરભર** કહેવાયછૅ; પરંતુ જે દેશની આયાત વધારે હોયછૅ તેને હુંડિયામણ નુકસાનકારક થાયછૅ, અને જેની નિકાસ વધારે હોયછૅ તેને હુંડિયામણ ફાયદાભરેલું થઇ પડેછૅ. વળી બૅ દેશો માહેલો જે દેશ **'લોન-આપનાર'** એટલે **'નાણાં-ધીરનાર'** હોય તેની વિરૂધ હુંડિયામણ નિવડે, અને જે દેશ **'લોન-લૅનાર'** એટલે **'ઉછીનાં નાણાં કહડાવનાર'** હોય તેની તરફેણમાં હુંડિયામણ થાય. **સારૂં** કે **ખરાબ હુંડિયામણ** એટલે શું તેની સમજણ નિચે મુજબ છૅ. અગર **લંદન** અને **મુંબઈ**—એ બૅ શેહેરો વિષે બોલતાં આપણ ઍમ કહીએ કે હુંડિયામણ લંદનની તરફેણમાં અને મુંબઇની વિરૂધ છૅ તૉ તેનો અર્થ ઍમ થાય કે લંદનની મુંબઇ ઉપરની હુંડીઓ **'દિસ્કાઉન્તે'** વેચાયછૅ, એટલે, જેટલી રકમ મેળવવાની તે હુંડીઓની મકસદ તે કરતાં ઓછી રકમ ખરીદનારને લંદનમાં આપવી પડેછૅ, અને મુંબઈની લંદન

ઉપરની હુંડીઓ **પ્રીમિયમે** વેચાયછે, એટલે, જેટલી રકમ મેળવવાની તે હુંડીઓની મતલબ તે કરતાં વધારે રકમ ખરીદનારને હિંયા આપવી પડેછે. એક દેશમાં વ્યાજનો દર મોટો હોયાને લીધે જો બીજા દેશથી મોટી થાપણની ત્યાં ફેરબદલી થાય તો તેથી પણ હુંડિયામણ પર અસર થાયછે. એ અસર કેવી થાયછે તે આપણે એક દાખલાથીજ તપાસીએ. અગર મુંબઇમાં વ્યાજનો દર મોટો હોયાને લીધે લંડનથી મોટી થાપણની હિંયા ફેરબદલી થાય તો લંડનમાં મુંબઇ ઉપરની હુંડીઓનો મોટો ખપ જાગે અને તે હુંડીઓ લંડનમાં **પ્રીમિયમે** વેચાય, જેથી, આગલ સમજાવ્યા મુજબ, હુંડિયામણ લંડનની વિરૂધ અને મુંબઇની તરફેણમાં કહેવાય.

'સગવડને માટે ખોટી હુંડીઓ' જેને ઇંગ્રેજીમાં **'ઍકૉમોડેશન-બિલ્સ'** અથવા **'ફિકતિશિયસ બિલ્સ'** કરી કહેછે તેની હવે સમજણ લઇએ. લંડનના એક વૅપારીને દસ હઝાર રૂપિયાની જરૂર પડીછે, માટે હિયાંનો એક સારી આંટવાલો વૅપારી જે તેનો મિત્ર લાગે તેને તે અરજ કરેછે કે "ત્રીશ દહાડાની મુદતની જે હુંડી **આગ્રા બૅંક**ની મારફતે હું તમ પર લખું તે મેહેરબાની કરી તમારે બાહાલ રાખવી અને મુદત પુરી થવે હું પોતે તે પગાર કરીશ ઇઆર્તો તમે પગાર કરી શકો તેવી જોગવાઇ કરી આપીશ." મુંબઇના વૅપારીની આંટ પર પેલા લંડનના વૅપારીને જે હુંડી તે લખેછે તેનું રોકડ નાણું મળેછે, અને એ પ્રમાણે તેની તરત વેળાય ગરજ સરેછે. જ્યારે તે હુંડી પાકેછે ત્યારે પેલો લંડનનો વૅપારી પોતાના મુંબઇના મિત્રને, પોતાની કબુલાત મુજબ, તે હુંડી પગાર કરવાનું સાધન પુરૂં પાડેછે, અને એ રીતે કામ લાગતી હુંડીઓને **'ઍકૉમોડેશન-બિલ્સ'** કરી કહેછે. હવે આ 'સગવડને માટે ખોટી હુંડી' અને 'ખરી સાહુકારી હુંડી' કઈ રીતે એકમેકને મળતી આવેછે અને કઈ રીતે એકમેકથી જુદી છે તે તપાસીએ. બન્ને એકસરખાં કાગજ-ચલન છે અને બન્ને એકસરખી રીતે પગાર થાયછે—એ બાબમાં તેઓ મળતી ગણાય, પરંતુ 'સગવડને માટે ખોટી હુંડીઓ' 'ખરી સાહુકારી હુંડીઓ'ના જેવી સલામત નહિ કહેવાય તેમજ તેઓ બરાબર વખ્તે પગાર નહિ થાય એવો સંભવ રહેછે, અને તેઓની મતલબ કાંઇજ નહિ પણ ગોયા એક સાધારણ 'પ્રૉમિસરિ નોત'ના જેવી

ગણાય. 'પ્રૉમિસરિ નોત' કરતાં તેઓ વધારે સારી એટલામાટે ગણાય કે તેઓમાં 'પ્રૉમિસરી નોત'ની માફક એટવડી નહિ પણ બેવડી જામીનગીરી હોયછે.

પણ **'પ્રૉમિસરિ નોત'** એટલે શું? 'પ્રૉમિસરિ નોત' એટલે એવો દસ્તાવેજ કે જેમાં એક કરજદાર પોતાના માગનારનું લેહેણું કબુલ રાખી તે પગાર કરવાને તે બંધાયલો છૅ એવી સહી આપેછે. આ દસ્તાવેજ અને 'હુંડી'માં ફેર માત્ર એટલો કે 'હુંડી'માં જે બ્યાજ ગણવામાં આવેછે તે એમાં ઘણુંકરી ગણાતું નથી, તેમજ 'હુંડી' તો ઘણુંકરી ચોકસ મુદતે પગાર થાયછે, પરંતુ 'પ્રૉમિસરિ નોત'ના બાબમાં ઘણુંકરી માગનારને જોઇયે તે વખ્તે તત્કાળ નાણું પગાર કરવું પડેછે. હવે **'સરકારી લોન ઇઆને પ્રૉમિસરિ નોત'**માં તો હમેશાં બ્યાજ મળેછે. આ બ્યાજનો દર સરકારને જોઇતી નાણાંની રકમ અને તે મેળવવાનાં સાધન તથા જોગવાઇનાં પ્રમાણ ઉપર આધાર રાખેછે.

રફ્તે રફ્તે સુધરેલા દેશોમાં 'નાણું-ધીરનારાઓ' પોતાની 'આંટ'નો લાભ લઇ 'પ્રૉમિસરિ નોત'નાં રૂપમાં પૈસા તરીકે ચાલતું એક 'કાગજ-ચલન' દાખળ કરવા લાગ્યા. આ 'પ્રૉમિસરિ નોત'માં તે 'નોત-ધરાવનાર' શખ્શને જોઇયે ત્યારે તરત તેમાં નેમેલી રકમ પગાર કરવાને પેલા 'નાણું-ધીરનારાઓ' બંધાતા, અને લોકોને તે 'નાણું-ધીરનારાઓ' ઉપર પુરતો વિશ્વાસ હોયાને લીધે ખરીદી કરવામાં કે લેણ-દેણનો હિસાબ ચુકવવામાં તે 'કાગજ-ચલન' તેઓ ખુશીથી વાપરતા. આવો બનાવ બન્યાને લીધે ખુદ પૈસાનો ઉપ્યોગ આ 'કાગજ-ચલન'ની રકમનાં પ્રમાણમાં ઘટવા લાગ્યો. પાછલથી દેશદેશોની સરકારો પોતાની 'આંટ'નો લાભ લઇ, એક ફાયદાકારક રેવાજ તરીકે, દૉલતની અદલાબદલીની એક કાગજ-રૂપી મારફત તરીકે, અને પૈસા લેખે વપરાતાં એક સગવડભરેલાં સાધન દાખલ, પોતાની 'પ્રૉમિસરિ નોત' કહાડવા લાગી. આ 'પ્રૉમિસરિ નોત'ને સાધારણ રીતે **કર્નસિ-નોત'** કહેછે. વળી **ઇંગલંદ**માં **'બેંક'**ને પણ એવી **નોત** કહાડવાનો અખ્તયાર હોયાને લીધે તેને **'બેંક-નોત'** કહેછે. આ **'પ્રૉમિસરિ કર્નસિ-નોત'**ની રૂએ સરકારને વગર બ્યાજે નાણું મળી શકેછે અને વળી તે નાણાંનું સરકાર પોતે બ્યાજ ઉપજાવેછે. આવાં 'કાગજ-ચલન'થી લોકને બહુ સગવડ થાયછે અને નાણું તરત પગાર

કરવાની તે 'નોત'માં આપેલી હાકેમની કબુલાતને ગોયા પોતાના હાથમાં તે નાણું હોય તે બરાબર લોક સમજેછે. ઇંગ્લંદની તવારીખના સફા ફેરવતાં આપણને માલમ પડેછે કે '**બેંક ઑાવ ઇંગ્લંદ**'ની સ્થાપણ થયા આગમજ આવાં 'કાગજ-ચલન'ને મળતું જે હથિયાર ઇસ્મોને સાધન ત્યાં કામ લાગતું હતું તે 'સૉનીઓને ત્યાં મુકેલાં નાણાંની તે સૉનીઓએ આપેલી **રિસીત**' હતી. હાલ જૅમ 'બૅંક-નોત'નો એક હાથથી બીજે હાથ ફેરબદલી થાયછે, તૅમ આગલ આ '**રિસીત**' પણ લૅણ-દૅણના હિસાબ ચુકવવામાં એક હાથથી બીજે હાથ જતી. બરાબર રીતે બોલીએ તૉ 'બૅંક-નોત' ૧૬૯૫માં ઇંગ્લંદમાં દાખળ થાયલી કહેવાય. હવે હાલનાં અને તે વખતનાં આ 'કાગજ-ચલન' વચે કાંઈ ફરક માલમ પડેછે. તે ફરક એ કે તે વખતે **બૅંક ઑાવ ઇંગ્લંદ** પોતાની 'નોત' પર સેંકડે દર રોજ ૨) પૅન્સ લેખે બ્યાજ આપવાને બંધાતી હતી, પણ હવડાં તૅમ કાંઈ નથી. ૧૭૫૯નાં સાલની આગમજ ઓછામાં ઓછી **૨૦) પાઉન્દની નોત** નિકળતી હતી, પણ એ સાલમાં પેહેલ વેહલી **૧૫**) અને **૧૦**) પાઉન્દ ની **નોત** નિકળી, **અને** ૧૭૯૫માં **૫) પાઉન્દની નોત** નિકળવા માંડી. હવડાં પણ એ બૅંકની ઓછામાં ઓછા અવેજની જે 'નોત' નિકળેછે તે **૫) પાઉન્દની** છે. ૧૮૪૪માં **સર રૉબર્ત પીલની** મેહેનતથી પસાર થાયલા **બૅંકિંગ-ઍક્તની** રૂએ ખાનગી નાણાંવતીઓને નોત કહાડવાની બંદી થઇ હતી, પણ ૧૭૮૧માં **ચૅકનો** ખપ ઘણોજ સાધારણ અને બોહોળો થઇ પડયો, અને ત્યારથીજ ખાનગી નાણાંવતીઓએ 'નોત' કહાડવાનું બંધ કીધેલું કહેછે.

હવે '**ચૅક**' એટલે શું? '**ચૅક**' પણ એક એવું 'કાગજ-ચલન' છે કે જેની રૂએ કાંઇપણ પૈસા-સંબંધી દાવો અદા થઈ શકે. દૉલતની અદલાબદલી તથા વૅપારના સંબંધમાં તેથી ઘણી સગવડ હાંસલ થાયછે, અને નાણાંની ગરજ સરેછે. ઘણીજ નજીવી રકમો શિવાય નાણું પગાર કરવાનું તે એક મુખ્ય હથિયાર છે. જોકે ઍમ કહેવાયલું છે કે એ 'કાગજ-ચલન' ઘણા આગલા વખતથીજ હસ્તી ભોગવેછે, તૉય બરાબર તપાસ કરતાં આપણને માલમ પડેછે કે ઇંગ્લંદમાં કે કોઇપણ બીજા દેશમાં **એક** કે **સવા સદી** થઇ જેટલો બોહોળો તેનો ઉપયોગ થતે આવ્યો છે તેટલો આગલ કોઇપણ વાર હતો નહિ. **ચૅક** ઉપર હાલ જૅમા

સ્ટૅમ્પ મારવામાં આવેછે તેમ કાંઇ ૧૮૫૩નાં વર્ષ સુધી ઇંગ્લંડમાં નહિ હતું. ખરૂં કહીએ તૉ ૧૮૫૮માં એક ધારો પસાર થયો હતો જેની રૂએ ખાનગી આસામીઓના બીજાઓને નાણું આપવાના '**ચૅક**' ઉપર ત્યાં 'એક પૅનિનો સ્ટૅમ્પ' મારવો પડતો, પરંતુ જે ધણી પોતાના ખુદ ખપ માટે **ચૅક** લખતો તે 'ચૅક' ઉપર 'સ્ટૅમ્પ'મારવો પડતો નહિ હતો. પાછલથી આ ફરક નિકળી ગયો, અને સ્ટૅમ્પ માર્યા વગરના જે 'ચૅક' ધારાથી વિરૂધ નહિ ગણાતા તે ચૉકસ 'સરકારી ઑફિસ', 'ધર્મખાતાં', 'ગરીબોનું રક્ષન-કરનારી મંડળીઓ', ઇત્યાદિના હતા. જે દહાડે એક 'ચૅક' લખ્યો હોય ત્યાર પછીની તારીખ જો તેમાં ભરી હોય તૉ તે 'ચૅક' ધારાથી વિરૂધ ગણાય, અને તે 'ચૅક-લખનાર'ને તૅમજ જે 'બૅંકવાલો' જાણીબુજીને તે 'ચૅક'નું નાણું પગાર કરે તેને ૧૦૦૦) રૂપિયા સુધીના દંડની સજા ધારાથી ફરમાવેલી છૅ. વળી જે ધણીને નાણાં મળવાનાં હોય તે ધણી પણ અગરે જાણીબુજીને તે ચૅક વટાવવા જાય તૉ તેને પણ ૨૦૦) રૂપિયાનો દંડ થાય. ઇનસાફની અદાલતોમાં થાયલા ચુકાદાઓ ઉપરથી ઍમ જણાયછૅ કે જે ધણીને કોઇપણ બૅંક ઉપરનો **ચૅક** મળ્યો હોય તે ધણીએ તે 'ચૅક' જે દહાડે તેને મળ્યો હોય તેની બીજે દહાડેનો ચૅકનાં નાણાં પગાર કરવાનો બૅંકનો વખ્ત ખતમ થાય તે આગમજ તે બૅંકમાં તે 'ચૅક' વટાવવા માટે હાજર કરવો જૉઇયે, અને જો તે મેહેતલ કરતાં વધારે મૉડું થાય અને તેટલાં 'ચૅક-લખનાર' કે 'બૅંક' દિવાળું કહાડે તૉ તેનો જોખમ પેલા 'ચૅક રાખી-મેળનાર'ને સર રહેછૅ. અગર 'ચૅક-લખનાર' પોતે દિવાળું નહિ કહાડે પણ પેલી 'બૅંક' દિવાળું કહાડે, તૉપણ પેલા 'ચૅક-ધરાવનાર'ને નાણું પગાર કરવાને 'ચૅક-લખનાર' ધારાથી બંધાયલો નહિ ગણાય. જો 'બૅંક' સલામત હોય પણ ધારાથી ફરમાવેલી મૉડામાં મૉડી મુદત 'ચૅક' વટાવ્યા વિના પસાર થાય, અને પેલો 'ચૅક-લખનાર' તેટલાં મરણ પામે તૉ તે 'ચૅક' પગાર કરવાનું ના પાડવાનો 'બૅંક'ને અખત્યાર છૅ. ઇંગ્લંડમાં તૉ ફકત ઘણીજ નાની રકમો શિવાય સઘળી રકમો પગાર કરવામાં 'ચૅક' કામે લાગેછૅ. હવે વારંવાર ઍમ બનેછૅ કે 'ચૅક-આપનાર'નું જે બૅંકમાં ખાતું હોયછૅ તેજ બૅંકમાં 'ચૅક લૅનારનું' પણ ખાતું હોયછૅ, જેથી બૅંકના ચૉપડામાં પેલા 'ચૅક-આપનાર'નાં જમે-ખાતાંમાંથી પેલી 'ચૅકની રકમ'

ઉધાર-ખાતાંમાં નાખી 'ચૅક-લૅનાર'નાં જમે-ખાતાંમાં તે રકમ નોંધવામાં આવેછૅ, અને એ પ્રમાણે પૈસાની કઇપણ મારફત વગર લૅણ-દૅણનો હિસાબ ચુકી શકે. અગર આ શેહેરના સઘળા રહેવાસીઓનાં ખાતાં એકજ 'બૅંક'માં હોય અને સઘળાં નાણાં 'ચૅક'ની મારફતેજ પગાર કરવાનાં હોય તૉ કોઇપણ વહિવાત માટે શરૂઆતથી તે આખેરી સુધી પૈસાની કઇપણ જરૂર પડે નહિ. પરંતુ આ ખ્યાલી હિગામ છોડી દઇ, લંદન શેહેરમાં હાલ જે રાધાટ ચાલેછૅ તેની નોંધ લઇએ. હવડાં લંદનમાં ઘણાંજ નાનાં છુટક કામોના બાબમાં કે ચાકરોના પગારની અથવા મેહેનત-દામની રકમ ઘણીજ નજીવી હોય તેનાજ સંબંધમાં 'પૈસા' કે 'નોત'નો વેહેવાર ચાલેછૅ. લંદનમાં તૉ ઘણુંકરી સઘળા દુકાણદારોનાં પણ બૅંકમાં ખાતાં હોયછૅ, અને ઘણુંકરી સઘળી લૅવડ-દૅવડ ત્યાં 'ચૅક'ની મારફતેજ થાયછૅ, તે એટલાં સુધી કે જે નાની નાની રકમો દુકાણદારોને પગાર કરવા માટે હિંયા આપણને પેહેલાં બૅંકમાંથી નાણું મેળવવું પડેછૅ તે રકમો પણ ત્યાં 'ચૅક'ની મારફતે આપ્યામાં આવેછૅ. વળી ત્યાં જે ધણીને એક ચૉકસ બૅંક ઉપરનો 'ચૅક' મળ્યો હોય તે ધણીને તેજ બૅંકમાં તે 'ચૅક' વટાવવો પડતો નથી, પરંતુ જે બૅંકમાં તે ધણીનું પોતાનું ખાતું હોયછૅ (અને લંદનમાં તૉ ઘણુંકરી દરેક જનનું કોઇને કોઇપણ 'બૅંક'માં ખાતું હોયછૅ,) તે બૅંક ઉપર પેલો 'ચૅક' તે મોકળી આપેછૅ અને પેલી બૅ 'બૅંક' પોત પોતા વચે તે હિસાબ ચુકતો કરેછૅ, જેથી એક બૅંકમાં 'ચૅક-આપનાર'ને ખાતે જે રકમ ઊધાર્યામાં આવેછૅ તે બીજી બૅંકમાં 'ચૅક-લૅનાર'ને ખાતે જમે થાયછૅ. આવા સગવડભરેલા રેવાજથી મેહેનત અને વખ્તનો ઘણો બચાવ થાયછૅ તૅમજ પૈસા જેવી મારફતનો ઉપ્યોગ કમતર થાયછૅ. પરંતુ 'બૅંક'ને લગતી એક ચૉકસ ગોઠવણને લીધે જે સર્વથી મોટી સગવડ અને સર્વથી મોટો ફાયદો લંદન ભોગવેછૅ તેથી આપણું શેહેર બેનસિબ રેહેલુંછૅ. આ ગોઠવણ શી છૅ અને તેથી શા ફાયદા હાંસલ થાયછૅ તેની નોંધ લઇ આ ભાષણ હું સમાપ્ત કરીશ. આ ગોઠવણથી લંદનની જુદી જુદી બૅંક ચૉકસ કામોના સંબંધમાં ગોયા એકજ ખાતું બની જાયછૅ. આ ગોઠવણથી જુદી જુદી બૅંક ઉપર લખેલા જે 'ચૅક' એક 'બૅંક'માં જાય તેમાં જે ચૉકસ બૅંક ઉપર દરેક 'ચૅક' લખેલો હોય ત્યાંથી

તે વટાવી મંગાવવો પડતો નથી, પરંતુ "ધ ક્લિયરિંગ-હાઉસ" નામનું લંડનમાં એક મકાન છે ત્યાં દર રોજ બપોરના ત્રણ કલાકે દરેક બૅંકનું માણસ પોતાની બૅંકમાં બીજી જુદી જુદી બૅંક ઉપર લખાયલા જે સઘળા 'ચેક' આવેલા હોય તે લઈ જાયછે, અને પોતાની બૅંક ઉપર લખાયલા જે 'ચેક' બીજી બૅંકમાં ગયા હોય તેની સાથે અદલાબદલી કરી લઇ, ક્વચિતજ પૈસાથી કરી, પરંતુ ઘણુંકરી 'બૅંક ઑવ ઇંગ્લંદ' જેમાં બીજી દરેક બૅંકનું ખાતું હોયછે તે ઉપર એક ચૅક આપીને અથવા લઇને વધઘટના હિસાબનો ફડચો આણેછે. આ ગોઠવણને લીધે, લંદન શેહેરમાં ચાલતો દર રોજનો **કરોડો રૂપિયાનો વહેવાર** તેમજ ઇંગ્લંદનાં બીજાં શેહેરો જેની 'હુંડી' પણ 'લંદન'ના આડતિયાઓ ઉપર આવેછે તેનો સઘળો વહિવાત થોડા **લાખ રૂપિયાથી** ચાલી શકેછે. રાસ કહાડતાં એ રકમ ૨૦) લાખ રૂપિયા-થી વધુ હોતી નથી. લંદનની ૯) મોટી 'જોઇન્ત-સ્તૉક બૅંક' માહેલી કોઈ-પણ ચાર બૅંકના સંબંધમાં એક દાખલો આપ્યાથી આ વહિવાત કેમ ચાલેછે તેની સમજણ તમારાં મનમાં સેહેલાઇથી ઉતરશે. એમ સમજો કે આજે ત્રણ વાગ્યા આગમજ '**લંદન ઍન્દ ઉઍસ્તમિન્સ્તર બૅંક**'માં '**સિતિ બૅંક**' ઉપરનાં ૧૦) લાખ રૂપિયાનાં, '**યુનિયન બૅંક**' ઉપરનાં ૫) લાખ રૂપિયાનાં, અને '**આલાયન્સ બૅંક**' ઉપરનાં ૧૫)લાખ રૂપિયાનાં મળી જુમલે ૩૦) લાખ રૂપિયાનાં '**હુંડીનાં બિલ**' તથા 'ચૅક' આવેલાંછે, તેમજ '**સિતિ બૅંક**'માં 'લંદન ઍન્દ ઉઍસ્તમિન્સ્તર 'બૅંક' ઉપરના ૧૦॥) લાખ રૂપિયાના, અને 'યુનિયન બૅંક' ઉપરના ૧૪॥) લાખ રૂપિયાના મળી જુમલે ૨૫) લાખ રૂપિયાના 'ચૅક' આવ્યાછે, અને '**યુનિયન બૅંક**'માં 'લંદન ઍન્દ ઉઍસ્તમિન્સ્તર બૅંક' ઉપરનાં ૫) લાખ રૂપિયાનાં અને 'સિતિ બૅંક' ઉપરનાં ૧૪॥) લાખ રૂપિયાનાં મળી જુમલે ૧૯॥) લાખ રૂપિયાનાં '**હુંડીનાં બિલ**' અને 'ચૅક' આવેલાંછે, તથા '**આલાયન્સ બૅંક**'માં 'લંદન ઍન્દ ઉઍસ્તમિન્સ્તર બૅંક' ઉપરના ૧૪॥।) લાખ રૂપિયાના 'ચૅક' આવ્યા છે. ત્યારે આ ચાર બૅંકની ફક્ત એક બીજા સાથના વહેવારની આજના એકજ દહાડાની રકમ જુમલે ૮૯) લાખ રૂપિયાની થઇ, પરંતુ એ સઘળાંનો ફડચો ફક્ત પોણા લાખ રૂપિયાના ચૅકથી આવેછે તે કેમ? 'લંદન ઍન્દ ઉઍસ્તમિન્સ્તર બૅંક'ના 'સિતિ બૅંક' ઉપર ૧૦) લાખ ત્યારે 'સિતિ બૅંક'ના તેની ઉપર ૧૦॥) લાખ

રૂપિયા માગતા છે, માટે 'સિટિ બૅંક'ને 'લંડન ઍન્ડ વેસ્ટમિન્સ્તર બૅંક' ૫૦) હઝાર રૂપિયાનો એક ચૅક 'બૅંક ઑવ ઇંગ્લંદ' ઉપર આપીને તે હિસાબનો તરત ફડચો લાવેછે. હવે 'લંડન ઍન્ડ વેસ્તમિન્સ્તર બૅંક'ના 'યુનિયન બૅંક' ઉપર જેમ ૫) લાખ રૂપિયા નિકળેછે તેમ 'યુનિયન બૅંક'નું તેની ઉપર પણ તેટલુંજ લેહેણું નિકળેછે, માટે એ બે બૅંક વચેના હિસાબનાં પાસાં એમના એમ મળી ચુક્યાં. 'લંડન ઍન્દ વેસ્તમિન્સ્તર બૅંક'ના 'આલાયન્સ બૅંક' ઉપર ૧૫) લાખ રૂપિયા માગતા છે અને આલાયન્સ બૅંક'નું તેની ઉપર ૧૪॥) લાખ રૂપિયાનું લેહેણું નિકળેછે, ત્યારે 'આલાયન્સ બૅંક' તેને ૨૫) હઝાર રૂપિયાનો ચૅક આપી પોતાનો હિસાબ ચુકવેછે. હવે 'સિટિ બૅંક'નું 'યુનિયન બૅંક' ઉપર જેટલું લેહેણું છે તેટલુંજ 'યુનિયન બૅંક'નું તેની ઉપર લેહેણું છે, જેથી તેઓ વચેનો હિસાબ એમનો એમ પટી જાયછે. એ પ્રમાણે 'પોણા લાખ રૂપિયાના ચૅક'થી કરી ૮૯) લાખ રૂપિયાનો વહિવાત થાયલો ગણાય. આ ચાર બૅંકનો દાખલા તરીકે લીધેલો નહિ, પણ લંડનની સઘળી બૅંકનો ખરો ચાલતો એકમેક સાથનો બોહોળો વહિવાત જો આપણ ધ્યાનમાં લઇએ તો 'લંડન ક્લિયરિંગ-હાઉસ'-થી કેવો મોટો ફાયદો થાયછે તેનો બરાબર ખ્યાલ આપણને આવે. આવી રીતે ચાલતો વહિવાત કેટલો બોહોળો છે તેનો સંપૂર્ણ ખ્યાલ 'લંડન ક્લિયરિંગ-હાઉસના' ચીફ઼ ઇન્સ્પૅક્તરની સહી સાથે તે ખાતાંનો ગયા ફ઼ેબ્રુ-આરી માસની ૨૦મી તારીખે ખતમ થતાં અઠવાડિયાંના ૬) દહાડાનો 'હુંડી' અને 'ચૅક'નો જે હિસાબ લંડનનાં 'ધ ઇકૉનૉમિસ્ત' નામનાં નામીચ્યાં પત્રમા છપાયલો છે તે ઉપરથી આવેછે. મેં ૬) દહાડા કહ્યા છે તેનું કારણ એ કે રવિવારને દિને તો સઘળું કામ બંધ રહેછે. આ હિસાબ તપાસતાં એમ માલમ પડેછે કે એક દહાડામાં જેમ વધતામાં વધતો લગભગ ૩૩॥) કરોડ રૂપિયાનો તેમ ઓછામાં ઓછો ૧૬) કરોડ રૂપિયાથી વધારે અવેજનો વહિવાત થાયલો છે. ૬) દહાડાના વહિવાતની સામટી રકમ ૧) અબજ, ૧૬) કરોડ, ૪૩) લાખ, અને ૩૦) હઝાર રૂપિયાની છે, જે ઉપરથી દર રોજની રાસ ૧૯) કરોડ, ૪૦) લાખ, અને ૫૫) હઝાર રૂપિયાની આવેછે. આ રકમ કાંઇ નાની છે? આ વહિવાત કાંઇ જેવો તેવો કહેવાય? આવો બોહોળો વહિવાત ફ઼ક્ત થોડા લાખ રૂપિયાની મારફ઼તે ચાલી શકે

એ કાંઇ જેવો તેવો ફાયદો? આ 'લંદન ક્લિયરિંગ-હાઉસ'નો મોટો ફાયદો તેમજ તેથી ઘણે દરજ્જે ઉતરતો 'મૅનચેસ્તર ક્લિયરિંગ-હાઉસ' નો ફાયદો આપણા રાજ્ય-કર્તાઓની ભૂમીને મુબારક હોજો, પરંતુ આપણા ખુદ દેશમાં 'બૅંકિંગ'ના રેવાજમાં રફતે રફતે સુધારો થઈ એને મળતી ગોઠવણ દાખલ થાયલી જોવાને અને થોડે પૈસે એટલો બોહોળો નહિ તોય મોટો વહિવાત ચલાવવાને આપણો દેશ સામર્થવાન થાય તે સમય જોવાને આ હિંદ-ભૂમીનો એવો કોણ બેટો છે કે જે મગરૂબ થશે નહિ?

સમાપ્ત.

દૉલત કૅમ ખર્ચાયછૅ તે વિષે,

અને મુખ્ય કરી,

સરકારી ખર્ચ ઉપજાવી કહાડવાનાં સાધનો— કર, ઈઆને વૅરા, જગાત, ઈત્યાદિને લગતા કાનુનો વિષે 'જ્ઞાન પ્રસારક મંડળી'માં

તા૦ ૧૮ મી ફૅબ્રુઆરી ૧૮૭૯ને દિને

કીધેલું ભાષણ.

સાહેબો,

લોકોપયોગી થવાની સુભ નૅમ રાખનારી અને જાણવા યોગ્ય જ્ઞાનનો પ્રસાર કરનારી આ પ્રસિદ્ધ થાયલી મંડળી તરફથી આગલાં વર્ષોમાં 'અર્થશાસ્ત્ર'ના ત્રણ ભાગ—દ્રવ્યોત્પત્તિ, દ્રવ્ય-વિભાગ, અને દ્રવ્યની અદલાબદલી વિષે મૅં ભાષણ કીધાં છૅ, અને એજ શાસ્ત્રના બાકી રહેલા એક અગત્યના અને વારંવાર ભારે ચર્ચાને જન્મ આપનારા ભાગ ઉપર આજ દિને તમારી સનમુખ ઉભો રહી, મારી નાકેશ શક્તિ મુજબ, થોડા વિચાર જાહેર કરવાની જે સંધિ મને મળીછૅ તેથી મને અત્યંત સંતોષ ઉપજેછૅ, "દૉલતનો ખર્ચ, અને મુખ્યકરી, રૈયત તરફની પોતાની પવિત્ર ફરજો અદા કરતાં સરકારને જે ખર્ચ બૅસેછૅ તે 'કર' 'જગાત,' ઇત્યાદિની મારફતે ઉપજાવી કહાડવાના કાનુનો"—એ આજનાં ભાષણનો વિષય છૅ. આ વિષય એટલોતો ઓહોળો છૅ કે તે ઉપર પાંચ કે છ ભાષણો આપેલાં પણ ,પુરતાં ન કહેવાય, પરંતુ **સરસ્વતી માતાનાં મંદીરના** દાખળ થવા માટે મુશકેળીથી ભરેલા એક ભાગના ઉંબર ઉપર જેઓએ કદીપણ પોતાનો પગ મેળેલો નહિ હોય તેઓને આ શાસ્ત્રના હરકોઇ ભાગ વિષે ગમે તેટલી સેહેલાઇથી સમજ પડે એવી રીતે અને તે ઉપરાંત રસીલી ઍબારતમાં વિચારો જણાવ્યા છતાં તે વિચારો સમજવે કઠણ અને મનમાં ગોખવા માટે લુખા અને રસ વગરના લાગે એવો સંભવ હોયાને લીધે આ બાબદ એકજ ભાષણમાં ખતમ કરવાને હું દરૂસ્ત ધારૂંછું.

દુનિયામાં જે સઘળું દ્રવ્ય પૅદા થાયછૅ તે પૅદા કરવાની મોટી મકસદ એ છૅ કે તેનો ઉપયોગ થાય, કારણકે, દરેક શખ્શને કઇપણ ચીજનો ખપ ઇઆને કાંઇને કાંઇપણ ખર્ચ હોવો જોઇયે. ઍમ હોયછૅ

કે કેટલાક માણસો ઉત્પાદકો કે મેહેનત-કરનારા હોતા નથી, પરંતુ તેટલા માટે તેઓને કઇપણ ચીજનો ઉપયોગ નહિ કરવો પડે એ બનવું અશક્ય છે. દોલતનો ઉપયોગ ઇઆને ખર્ચ બે રીતે થઇ શકે. જે પ્રમાણે મેહેનત બે પ્રકારની હોયછે તે પ્રમાણે દ્રવ્ય-ખર્ચ પણ બે પ્રકારનો હોયછે. જે પ્રમાણે મેહેનત ઉત્પાદક, એટલે, 'ટકાઉ-ઉપયોગ-ધરાવનારી અને પોતાના બનાવનારાઓની હાજરી કે ગેરહાજરીમાં પણ પોતાનું મૂલ ઉપજાવી શકે એવી ચીજોની ઉત્પત્તિ કરનારી' હોયછે, અથવા **અનુત્પાદક**, એટલે, 'ટકાઉ-ઉપયોગવાલી, કિમત ધરાવનારી ચીજોના સંગ્રહમાં કઇપણ વધારો ન કરનારી' હોયછે, તે પ્રમાણે દોલતનો ખર્ચ પણ **ઉત્પાદક** અથવા **અનુત્પાદક** હોયછે. **ઉત્પાદક ખર્ચ** એટલે એવો ગુણકારો ખર્ચ કે જે બીજું વધારે દ્રવ્ય ઊત્પન્ન કરે, અને **અનુત્પાદક ખર્ચ** એટલે એવો અયોગ્ય અને નકામો ખર્ચ કે જેનું પરિણામ બીજાં વધારે દ્રવ્યની ઉત્પત્તિમાં નહિ નિપજે. જેઓ કોઇપણ દ્રવ્યોત્પાદક ઉદ્યોગમાં રોકાયલા હોય, એટલે, જેઓ તરેહવાર જાતની પેદાસ ઉગાડવામાં કે તરેહવાર જાતનો માલ બનાવવામાં મશગુળ હોય, ઇઆને જેઓની મેહેનત સીધી કે આરકતરી રીતે કાંઇપણ દ્રવ્યની ઉત્પત્તિમાં નિપજે તેઓનોજ ખર્ચ ઉત્પાદક અને ગુણકારો ગણાય, પરંતુ એવી કિસમના આસામીઓ જે સર્વ પ્રકારનો ખર્ચ કરે તે 'ઉત્પાદક' નહિ કહેવાય. ખપના સંબંધમાં વસ્તુઓ ત્રણ પ્રકારની ગણાયછે;—એકતો, '**જરૂરિયાતની વસ્તુઓ**; બીજીતો, '**મર્યાદાની વસ્તુઓ**'; અને ત્રિજીતો, '**મોજમઝાની વસ્તુઓ**. 'જરૂરિયાતની વસ્તુઓ'તે એવી વસ્તુઓ કે જે જીંદગી જાળવવાને તથા કામ કરવાની શક્તિઓ સારી હાલતમાં રાખવાને જરૂરની હોય. 'મર્યાદાની વસ્તુઓ' તે એવી વસ્તુઓ કે જેનો ખપ મંડળીમાં મોભો જાળવવાને અવશ્ય હોય. 'મોજમઝાની વસ્તુઓ' તે એવી ચીજો કે જે જીંદગી કે કામ કરવાની શક્તિઓ જાળવવા માટે અથવા મંડળીમાં મોભો ટકવી રાખવા માટે જરૂરની નહિ હોય, પણ જે ફકત કોઇ હોંસ કે શોખ પુરો પાડવા માટેજ વપરાય. 'અર્થશાસ્ત્ર' પ્રમાણે 'દોલતનો ઉત્પાદક ખર્ચ' તેજ ગણાય કે જે મેહેનતકરનારાઓની દ્રવ્યોત્પાદક શક્તિ જાળવી રાખે અથવા તેમાં વધારો કરે. બીજા બોલોમાં બોલીએ તો તે એવો ખર્ચ કે જેની અસર તરીકે બીજું

તેટલુંજ કે વધારે દ્રવ્ય ઉપજે. 'જરૂરિયાતની' તેમજ 'ખરી મર્યાદાની' સઘળી વસ્તુઓનો ખપ ગુણકારી અને ઉત્પાદક કહેવાય, પરંતુ 'મોજ-મઝાની' ચીજો પર ઉદ્યોગી કે અયાસુઓએ કીધેલો ખર્ચ અયોગ્ય, અનુત્પાદક, નુકસાનકારક ગણવો જોઇયે, કારણકે 'દોલતની ઉત્પત્તિ' એવા ખર્ચની મકસદ નહિ હોતી એટલુંજ નહિ, પણ એવા ખર્ચથી દોલતની ઉત્પત્તિના બાબમાં કઇપણ ફાયદો થતો નથી. જોકે રેવાજને લીધે, તેમજ જુદા જુદા માણસોના મંડળીમાં હોતા ઉંચા અને હલકા દરજ્જાના ફરકને લીધે, અને મેહેનતની ખુબી સર્વથી ઉંચી પ્રકારની કરવા માટે જોઇતી ચીજોનાં અવશ્યપણાંને લીધે, કેટલી 'મોજમઝાની ચીજો' પણ 'જરૂરિયાતાતની ચીજો' તરીકે ગણાયછે, તોય ખરી રીતે અર્થશાસ્ત્રના કાનુનો તરફ નિઘા કરતાં, આઇસક્રીમ, મેવા, મીઠાઇ, ફળ, ઇત્યાદિ, ખાવા ઉપર, શૅમપેન કે બીજા ઉંચા દારૂ તથા સોદાઉૉાતર, લેમનેદ, ઇત્યાદિ, પીવા ઉપર; 'લગ્ન પર ફકત બડાઇને માટે થતા નાચરંગ અને મેજબાનીઓ' ઉપર, નાટકો જોવા જવા તથા તેમને આસરો આપવા ઉપર બેસતો ખર્ચ. અને એવીજ કિસમનો બીજો સઘળો ખર્ચ નકામો, નુકસાનકારક, અનુત્પાદક લાગેછે. આવો અયોગ્ય ખર્ચ જે પુરૂષો, ટોળીઓ, મંડળીઓ, શેહેરો; કે દેશો કરતાં હોય તેઓને જોકે તે નુકસાનકારક ગણાય અને જોકે આવા ખર્ચથી 'દેશનાં સામુદાયિક દ્રવ્ય' પર ઘણી માઠી અસર થાય, તોપણ બીજા પુરૂષો, બીજી ટોળીઓ, બીજી મંડળીઓ, બીજાં શેહેરો, અને બીજા દેશોને તેથી મોટો લાભ પ્રાપ્ત થાય એમ વારંવાર બનેલુંછે. આપણાં ખુદ મુંબઈ શેહેરના બાબમાં આવા નુકસાનકારક ખર્ચના સંખ્યાબંધ દાખલા આપણી નજરે પડેછે. શેર-સત્તાની વેલાય 'ઇતેલિયન ઑપેરાવાલાઓ' અને તેઓમી આગલ તેમજ પાછલ તરેહવાર પારકી 'નાટક-ટોળીઓ', 'સરકસવાલાઓ', 'જાદુઈ તલેસમાત દેખાડનારાઓ', ઇત્યાદિ, જે લખ્ખો રૂપિયાના નફાથી પોતાનાં ગજવાં તર કરી ગયલાં —તે સઘળો નફો—તે ઇતલિ, અમેરિકા, જરમનિ, અને બીજાં પારકાં મુલકોને થાયલો નફો, આ મુંબઇ શેહેરના અયોગ્ય, વ્યર્થ, નકામા, નુકસાનકારક, અનુત્પાદક ખર્ચની ગવાહી આપેછે.

મોતેબર જરથોસ્તી દીનનું સર્વથી પેહેલું ફરમાન એ છે કે દરેક પુરૂષે રાસ્તી અખત્યાર કરવી જોઇયે. આ ફરમાન ફકત એજ પવિત્ર ધર્મમાં છે એમ હું કહેવા માગતો નથી. એ ફરમાન બીજા દરેક ધર્મનું ફરમાન હોવું જોઇયે—પછી તે ધર્મ હિંદુ હોય કે મહુમદિયાન, ઇયાહુદી હોય કે ખ્રિસ્તી. દરેક ધર્મને ગોયા એક મુલક સાથે સરખાવ્યે તો તે મુલકનો દરવાજો 'નીતિ' ગણાય, એટલામાટે એ ફરમાન દરેક ધર્મમાં સમાયલું જોઇયે. હવે એ મોતેબર ફરમાનને અગર દરેક જન પુરતું માન આપી આ દુનિયાના નાટક-તખ્તા ઉપર પોતાનો ભાગ બજાવે તો 'દ્રવ્ય-ખર્ચ'ના બાબમાં મોટો લાભ પ્રાપ્ત થયા વિના રહે નહિ. એક લખનાર એમ કહેછે કે એક દેશમાં સરકારને લાગતા ખર્ચને અર્થે રૈયતને કોઇપણ કર કે વેરો આપવો ન પડે તોય "આળસાઇ ગોયા બેવડો કર થઇ પડે અને ઉડાઉપણું ચોવડા કરની ગરજ સારે." હિંયા મારે એટલુંજ ઉમેરવું છે કે 'અપ્રમાણિકપણું ઇઆને લુચ્ચાઇ છ-ઘણા કરનું મુળ થઇ પડે.' અગર દરેક માણસ પોતાના વહેવારમાં પ્રમાણિકપણે વર્તે તો 'વકીલ', 'બૅરિસ્તર' અને ધારાના બીજા હિમાયતીઓનાં ગજવાં તર કરવા પાછલ તેમજ લાંચ-રૂશવતનાં રૂપમાં દૉલતનો જે લખલુટ ખર્ચ થાયછે તે થતો અટકે. એક કજિયો ચલાવવા પાછલ કેટલો મોટો ખર્ચ લાગેછે તેમજ વકીલો પોતાનાં કૂળને લાગ ફાવે ત્યારે કેવી રીતે વેતરેછે તેના એકાદ બે રમુજી દાખલાઓ પર તમારૂં ધ્યાન લગાડવાથી આ પ્રકારનો ખર્ચ કેટલો નુકસાનકારક છે તે તમને તરત જણાશે. આ દાખલા ખરેખર બનેલા હોય કે ખોટી રાહ ઉપર ચાલતાં અટકાવવાની મકસદથી તે જોડી કહાડેલા હોય કે ગમે તે કિસમના હોય તોપણ તે ઉપરથી જે બદીના આપણ ભોગ થઇ પડીએ છીએ તે બદી તજી દેવા માટે આપણને એક કિમતી ધડો મળેછે.

એક વેળાય બે સગા કોઇ મિલકત બાબે કજિયો લડતા હતા. આ કજિયો ઘણાં વર્ષ સુધી ચાલ્યો અને મિલકતની નજદીક સઘળી કિમત અદાલતના ખર્ચમાં પેસી ગઇ. આ ઉપરથી ન્યાયધીશે થોડી બદામ મંગાવી. આ બદામ ભંજાવીને તેણે એક રકાબીમાં તેનાં મગજ મુકાવ્યાં, અને બીજી બે રકાબીમાં કોટલાં મુકાવ્યાં. પછી પેલી ત્રણ રકાબી અદાલતમાં મંગાવી તેણે પેલા કજિયા-લડનારાઓને કહ્યું કે "જુઓ, આ ત્રણ

રકાબીમાં શું છે? વચલી રકાબીમાં મગજ છે તે ગોયા અદાલતનો ખોરાક થઇ પડયોછે, અને તમારે માટે તો ફકત આ કોટલાં રહી ગયાં છે."

હવે બીજો દાખલો શો છે તેની નોંધ લઇએ. એક વેળાય એક શેહેરના બે રહેવાસીઓ વચે ટંટો થયો. એક જને તે શેહેરના સર્વથી કાબેલ ધારાના હિમાયતીને પોતાનો કજિયો સોંપ્યો. પછી અતફાક એવો બન્યો કે પેલો બીજો ધણી પણ પોતાનો કજિયો તેનેજ સોંપવા ગયો. પેલા ધારાના હિમાયતીએ કહ્યું કે "હું તો તમારી સામી બોરદુવાલાનો કજિયો લઈ ચુકયો છું, માટે દલગીરી સાથે તમારો કજિયો લેવાને ના પાડવાની મને ફરજ પડેછે. પરંતુ મારો એક કાબેલ મિત્ર છે, જે મારા કરતાં પણ ધારાનું વધારે ઉંડું અને બોહોળું જ્ઞાન ધરાવેછે તે પર, તમારી મરજી હોય તો, હું ભલામણની ચીઠી લખી આપું." પેલાએ હા પાડી; ત્યારે તે વકીલે પોતાના મિત્ર ઉપર નિચે મુજબનો 'શિફારશ-પત્ર' લખ્યો ;—

"મારા પ્રિય મિત્ર——

મને તો એક ફરબે મેંઢું પેતરવાનું હવડાં મળ્યું છે, અને તમારે માટે મેં એક બીજું તેવુંજ ફરબે મેંઢું મોકલ્યું છે."

આ પત્ર લઇને પેલા વકીલના કાબેલ મિત્ર પાસે જવા માટે તે નિકળ્યો. પણ પેલા પત્રમાં શું લખ્યું હશે તે જાણવાની તેની ખાએસ થઇ, તેથી રસતામાંજ તેણે તે પત્ર ઉખેડીને વાંચ્યો. જ્યારે તે બાપડાએ જોયું કે તે પત્રમાં તો તેનું અમ્બાર ભરવાની વાત આવેલી હતી, ત્યારે પેલા બીજા વકીલને ત્યાં જવાને બદલે તે પોતાના દુશમનને ત્યાં ગયો, અને જોકે તેઓ વચે એકબીજાનું મોહ જોવાનો વહેવાર નહિ હતો તોય તેણે પોતાના દુશમનને પેલો પત્ર વંચાવ્યો. આ પત્ર વાંચ્યા પછી તેઓ સમજુતી પર આવી ગયા, અને પેલો કજિયો ચલાવવાનું માંડી વાળ્યું. અગર આ પ્રમાણે સમજુતી નહિ થઇ હતે તો કેવી નુકસાનકારક રીતે તેઓ પોતાનો પૈસો ગુમાવતે તે સમજવું સેહેલ છે.

રૈયત સરકારને જે વેરા અથવા કરો આપેછે તે પણ દોલતનો ખર્ચ કહેવાય. આ કર આપવા જોઇયે કે નહિ અને શા માટે તેની તપાસ કરતાં જે સવાલ ઉઠેછે તે એ કે 'સરકાર શું શું કરેછે અને કરી શકેછે?' હરકોઈ કામ કરાવવા માટે તે કામ કરનારને તેની મેહેનતનું દામ આપણને આપવું પડેછે, જોકે કેટલાંક સખાવતનાં કામ માટે કેટલાકોને

જે કઈ તેઓ કરેછે તેનો બદલો મળતો નથી, અથવા મળતો હોય તોય તે લેવાને તેઓ ના પાડેછે. હવે એક રાજ્યમાં જે **સર્વેથી અગત્યનાં** કામ થાયછે તે તે રાજ્યની **હાકેમ** ઇઆને **સરકાર** કરેછે. રાજ્યમાં હોતા દગલબાજો, લુચ્ચાઓ, લુટારાઓ, ઇત્યાદિ, સામે રૈયતના જાન તથા માલની સંભાલ રાખવાના ઉપાયો સરકારને લેવા પડેછે. પરદેશી ચઢાઇ-કરનારાઓ સામે રૈયતનો બચાવ કરવા માટે સરકારને લશ્કર તથા દરિયાઈ ફોજ રાખવી પડેછે. સુલેહનો ભંગ થતો અટકાવવાને તેમજ ગુન્હેગારોને પકડવા માટે પોલીસ રાખવી પડેછે. ઇનસાફને માટે અદાલતો, કોટવાલો, ન્યાયધીશો, ઇત્યાદિ, રાખવા પડેછે. લોકોની કેળવણી માટે કેળવણી-ખાતાં અને તેઓ ઉપર તકેદારી કરવા માટે ઉપરીઓ રાખવા પડેછે. અપરાધીઓને કેદ કરવા માટે બંદીખાનાં ઇઆને તુરંગો બાંધવી પડેછે. દેશમાં ચાલતા શિક્કા પાડવાનું તેમજ કાગજ-ચલન કહાડવાનું કામ પણ સરકારનું છે. ઘણુંકરી દરેક સુધરેલા દેશમાં કાગજ-પત્ર એક ઠેકાણેથી બીજે ઠેકાણે પોહોંચાડવા માટે સરકારનેજ **ટપાલ-ખાતું** રાખવું પડેછે. ઘણી વેળાય સરકારનેજ સડકનો રસતો બાંધવો પડેછે, અને તે ઉપર પોતાને હિસાબે આગ-ગાડી ચલાવવી પડેછે. વળી ગરીબોના બચાવેલા પૈસા એકઠા કરવા માટે સરકારને 'બેંક' સ્થાપવી પડેછે. એક રાજ્યનો ગોયા એક કારખાનાં સાથે મુકાબલો કરીએ તો તે રાજ્યની **રૈયત** તે **'કારખાનાંના ભાગીદાર'** ગણાય અને તે રાજ્યની **સરકાર** તે કારખાનાંનો **'કારભારી'** ઇઆને **'રખેવાલ'** કહેવાય. હવે જ્યારે સરકાર આવી રીતે આપણી સેવા બજાવે, જ્યારે સરકાર આવી રીતે આપણું રક્ષણ કરે, જ્યારે **ટપાલ-ખાતાં** જેવાં મહાભારત કામો જેટલી ઝડપથી, જેટલી સંભાળથી, જેટલી ચોકસાઇથી, અને જેટલી કરકસરથી ચલાવવાં જોઇયે તેવી રીતે સરકારથીજ બની શકેછે અને તેવાં કામ સરકારજ કરેછે, જ્યારે બનતાં સુધી સર્વ પ્રકારની આપણી સગવડ સરકારજ સાચવેછે, અને જ્યારે દરેક વાતમાં આપણને સરકારનોજ આસરો લેવો પડેછે, ત્યારે સરકારને તેની મેહેનતનો અવેજ રૈયત તરીકે શું આપણે નહિ આપીએ? જો એ અવેજ નહિ આપીએ તો સરકાર નિભી પણ કેમ શકે? ઇંગ્લંદ અને અમેરિકામાં જેમ ખાનગી ભાગીદારોની થાપણથી સરકારની મદદ વગર આગ-ગાડીઓ ચલાવ્યામાં આવેછે તેમ બીજા સઘળા દેશોમાં બનતું નથી. બીજે ઘણે ઠેકાણે તો

સરકારને તે કામ સદંતર કે થોડે દરજ્જે કરવું પડેછે. વળી કેટલાંક કામો એવાં હોયછે કે જે ખાનગી ભાગીદારોથી પણ થઈ શકે, તૉય સાધારણ વૅપારીઓ કે કારખાનાંવાળાઓનો તેમાં વિશ્વાસ નહિ થઈ શકે તે સબબને લીધે સરકારને પોતાને કરવાં પડેછે, અને જો સરકાર તૅમ ન કરે તૉ કોઇ વેળાય સરકારનો પણ નાસ થાય. અગર લડાઇની વખ્તે જે અસબાબ જૉઇયે તેમાં 'આટો' ખરાબ હોય, કે 'દારૂગોળો' ખરાબ હોય, કે 'ગોશ્ત' ખરાબ હોય, તૉ પછી લશ્કરના શા હાલ? સરકારનાં અગત્યનાં કામકાજોની આપણે નોધ લઇ ચુક્યા, અને સરકારને 'કર' આપવાની જરૂર પણ આપણે જૉઇ. સરકારનાં કામકાજોમાં અપરાધીઓને શોધી કહાડી તૅમને ઘટતી સજાએ પોંહોચાડવાનાં કામને પણ આપણે એક અગત્યનું કામ ગણ્યુંછે, એટલામાટે, પ્રાચીન કાળમાં અપરાધીઓના સંબંધમાં યુરપમાં શૉ ધારો હતો અને હાલ કેવો છૅ તેની ટુક નોધ હિંયા લૅવી વ્યર્થ નહિ ગણાશે. 'અપરાધ' બૅ પ્રકારના હોયછે. તે ઇઆતૉ એક કે વધારે આસામીઓ સામે થાયલો કહેવાય, ઇઆતૉ આખાં ટોળાંકે આખી પ્રજા સામે થાયલો ગણાય. અગર એક પુરૂષે કઇ હાથદરાજી કીધી હોય અથવા બીજી એવી વર્તણુક ચલાવીહોય કે જેથી બીજા ચૉકસ શુરૂષ કે પુરૂષોનેજ નુકસાન થયું હોય, પણ તેથી આખી મંડળીને કે આખાં ટોળાંને કઇપણ હાન નહિ પોંહોચી હોય, તૉ તે પુરૂષે કીધેલો અપરાધ પેહેલી પ્રકારનો ગણાય. કોઇપિણ એવું કામ કે જેથી મંડળીના કાયદા તુટે અથવા આખાં ટોળાંને ખોટું થાય તે બીજી પ્રકારનો અપરાધ ગણાય. ઘણા આગલા વખ્તમાં અગર કોઇ શખ્શને ઇજા થતી તૉ એક રાજ્યની સરકાર પોતાની એટલીજ ફરજ સમજતી હતી કે પેલા 'ઇજા-ખમનાર' શખ્શને પેલા 'ઇજા-કરનાર' ધણી પાસેથી નાણાંનાં રૂપમાં તે ઇજાનો બદલો મેળવવામાં મદદ કરવી જૉઇયે. યુરપના સર્વેથી અસલી કાયદામાં આદમીઓને થાયલી ઇજાને ગોયા 'કરજ'નું રૂપ આપેલું હતું, અને અગર એક માણસ પર કોઇ બીજા શખ્શને ઇજા કરવાનો વાંક પુરવાર થતો તૉ ન્યાયધીશો ઇજા-ખમનાર ધણીને પેલા અપરાધી પાસે દંડ તરીકે ચૉકસ રકમ અપાવતા, અને જો પેલો અપરાધી તે રકમ નહિ આપતો અથવા આપી નહિ શકતો, તૉ એવું હુકમનામું કહાડતા કે જેથી તે અપરાધી પેલા ઇજા-ખમનાર માણસનો ગોલામ થઇ રહેતો. વળી પ્રાચીન કાળમાં એક ખુનીને

પણ ઘણુંકરી જે ધણીનું તેણે ખુન કીધું હોય તે ધણીના વારેસોને માટે, દંડ આપવાની સજા થતી હતી. આ દંડની રકમ પેલાં ખુન-થાયલાં આદમીના દરજ્જા પ્રમાણે મુકરર થતી હતી. અપરાધના બાબમાં અર્વાચીન કાળના ધારા તદન જુદા અને સુધરેલા પાયા ઉપર રચાયલા માલમ પડેછે. હવડાંના ધારા પ્રમાણે અગર એક જને જાણીબુજીને દ્વેષભાવ અથવા કપટથી કોઇ બીજા શખ્શને કઇપણ પ્રકારની નુકસાની કીધી હોય, તો તે પણ ગોયા આખી મંડળીને નુકસાની કીધા બરાબર ગણાયછે. એક શખ્શે ખોટી સહી કરી કે ખોટા દસ્તાવેજ ઉપજાવી કહાડી દગલબાજીથી કોઇ બીજાને ફસાવ્યો હોય તો તે અપરાધ હવડાંના ધારા મુજબ આખાં ટોળાં ઇઆને આખી મંડળી સામે કીધેલો ગણાય, કારણકે 'આંટ,' 'ઉત્પાદકોની પરસ્પર સહાય, અને 'એકમેક ઉપરનો વિશ્વાસ' જે એક મંડળીને મંડળી તરીકે વર્તવાને ઘણી અવશ્ય સરતો ગણાય, તે ઉપર આવી દગલબાજીથી ઘણી માઠી અસર થાય, અને તેથી મંડળીને ઢોકો પોંહોચે. આગલા વખ્તમાં તો અગર એક ધણીનું ખુન થયું હોય તો તે ધણીનાં કુટંબને તેથી જે નુકસાન ગયું હોય તેનો અવેજ, આગલ કહ્યા મુજબ, પેલા ખુની સાડેથી ફકત દંડનાંજ રૂપમાં મળતો હતો, પરંતુ હવડાંના ધારા મુજબ એક ખુનીને મંડળીની સલામતીનો કાનુન તોડનાર તેમજ મંડળીને નુકસાન કરનાર અપરાધી તરીકે ગણવામાં આવેછે, અને તે અપરાધ માટે તેને પોતાનો પ્યારો જાન ખોવો પડેછે. આગલ કોઇ શખ્શે કોઇપણ રાજ્યમાં કોઇ ફોજદારી અપરાધ કીધો હોય કે તે ત્યાંથી બીજાં રાજ્યમાં નાહાસી જતો અને એ રીતે સજામાંથી છટકતો હતો, પરંતુ હાલ તેવો હિગામ નથી. જેમ જેમ લોક વધારે અને વધારે સુધરતાં જાયછે તેમ તેમ એવી બાબદો-માં સારા બંદોબસ્તો થતા જાયછે, અને દેશદેશોની સરકાર નાહાસી આવેલા એવા ફોજદારી અપરાધીઓને ઘટતી સજાએ પોંહોચાડવા માટે જે દેશથી તેઓ નાહાસી આવેલા હોય તે દેશની સરકારને સ્વાધીન કરવાના પોત પોતા વચે કોળ-કરારો કરતી જાયછે. કેટલા અપરાધ એવા હોયછે કે તેઓ 'ફોજદારી અપરાધ' તરીકે ગણાય, ઇઆતો 'દીવાની મુકદમા'નું રૂપ પકડે. અગર એક શખ્શ દ્વેષભાવથી બીજા વિષે એવું લખાણ કરે અથવા બોલે કે જેથી તે બીજા ધણીની આબરૂને દાઘ લાગે, મંડળીની નજરમાં તે ધણી હલકો પડે, અથવા તે ધણીના ધંધાને હાનિ પોંહોચે

તો તેવા વાંક માટે તે ધણી પેલા શખ્ય ઉપર ઇખ્આતો દર્મેજની ફરિયાદી મંડી દીવાની મુકદ્દમો ચલાવે, ઇ઼ સ્ તે. ફોજદારી અદાલતમાં ઘસડી તેને ઘટતી સજાએ પોહોંચાડી શકે. આવી કિસમના અપરાધથી મંડળીને વધારે નુકસાન થાયછે કે પેલા ચોકસ ધણીને તે હજુર સુધી ધારાથી મુકરર થયું નથી, અને એટલામાટે એવા અપરાધી ઉપર દીવાની કે ફોજદારી— એ બે માહેલો કોઇપણ મુકદ્દમો ચલાવી શકાયછે.

હવે કોઇ કહેશે કે સરકાર ઘણાં અગત્યનાં કામો કરેછે એટલામાટે સરકારને તેની મેહેનતનો કઇપણ અવેજ મળવો જોઇયે—એ ખરૂં છે, પરંતુ સરકારને જ્યારે જમીનમાંથી મેહેસુલ મળેછે ત્યારે બીજા 'કરો'-ની જરૂર શી છે? આ સવાલનો જવાબ ઘણો સેહેલો છે. 'જમીનમાંથી નિપજતું મેહેસુલ' સઘળો ખર્ચ કરવાને પુરતું નહિ હોતું, અને તેથી મેહેસુલનાં બીજાં સાધનેની જરૂર પડેછે.

આપણા ખુદ દેશમાં બ્રિતિશ સરકારને મેહેસુલ ઉપજાવી કહાડવાનાં મુખ્ય સાધનો શાં છે અને કેટલાં છે તે તપાસી, આપણા રાજ્ય-કર્તાઓની ભૂમીનાં મેહેસુલનાં સાધનો સાથે તેમનો મુકાબલો કર્યાથી એ બે દેશોની હાલતમાં શો અને કેટલો ફરક છે તે આપણને તરત જણાશે. હિંદુસ્થાનમાં સરકારી મેહેસુલ ઉપજાવવાનાં સઘળાં મળી જ્યારે ૨૦) મુખ્ય સાધન છે, ત્યારે ઇંગ્લંદ-માં તેવાં ૧૦) પણ નથી. આખ્ખાં 'હિંદુસ્થાન'નો વિસ્તાર 'ઇંગ્લંદ', 'સ્કૉતલંદ,' 'આયરલંદ,' અને 'ઉએલ્સ'ના સામટા વિસ્તાર કરતાં ૧૨) ઘણો વધારે છે, યુરપના પાંચ સરખા ભાગ કરી તે માહેલા બે ભાગ સાથે જોડી નાખીએ તો તે કરતાં પણ વધારે મોટો છે, અને ઇંગ્રેજી હકુમત તળેનાં સઘળાં રાજ્યોના વિસ્તારના ત્રિજા ભાગની બરાબર છે. હવે આ ભરત-ખંડનો જેટલો ભાગ બ્રિતિશ સરકારની પાધરી હકુમત તળે છે તે આખ્ખાં હિંદુસ્થાનના પાંચ સરખા ભાગ કરી ત્રણ ભાગ સાથે કરી નાખીએ તે કરતાં પણ વધારે મોટો છે. આખ્ખાં 'હિંદુસ્થાન'ની વસ્તિ ૨૪) કરોડની કહેવાયછે, જે 'યુરપ'ની વસ્તિના અર્ધા ભાગથી વધારે, 'ગ્રેત બ્રિતન'ની વસ્તિથી ૭) ઘણી વધારે, અને 'ચીન' શિવાય પૃથવિના બીજા કોઇપણ દેશની વસ્તિ કરતાં વધારે મોટી છે. આ વસ્તિનો નજદીક પોણો ભાગ ખુદ બ્રિતિશ સરકારની હકુમત હેઠળ વસેછે, એટલું છતાં પણ ૧૮૫૭માં જ્યારે 'ઇંગ્લંદ'નું વાર્ષિક મેહેસુલ ૭૨) કરોડ રૂપિયા ઉપરનું હતું ત્યારે આ

'બ્રિતિશ હિંદ-ભૂમી'નું મેહેસુલ ૩૨) કરોડ રૂપિયાથી પણ ઓછું હતું, અને એક દાયકા ઉપર જ્યારે ઇંગ્લંદનું મેહેસુલ ૭૫) કરોડ રૂપિયાથી પણ વધારે હતું ત્યારે હિંદુસ્થાનનું વધી વધીને આસરે ૫૩) કરોડ રૂપિયાનું થયું હતું, જ્યાર પછી તે ૫૩) થી ૬૩) કરોડ સુધી હેર ફેર થતું રહેલું છે. **હિંદુસ્થાન**માં 'જમીન-મેહેસુલ' આપણા દેશનાં સામટાં મેહેસુલના ત્રિજા ભાગ કરતાં અતિ વધારે ઉપજેછે, ત્યારે 'ઇંગ્લંદ'નું 'જમીન-મેહુસુલ' આપણાં જમીન-મેહેસુલના પચ્ચાસમા ભાગ જેટલું પણ થતું નથી. આપણા દેશમાં જમીનથી ઉતરતું મેહેસુલનું બીજું સાધન **'અફીમ'** છે, જેમાંથી આપણી સરકારને એટલી મોટી ઉપજ થાયછે કે ઘણી વેલાય 'જમીન-મેહેસુલ'માં તે ઉમેરતાં આપણા દેશનાં સામટાં મેહેસુલના અર્ધા ભાગ બરાબરની રકમ થવા જાયછે. આવું સાધન ઇંગ્લંદમાં નથી. 'અફીમ'થી ઉતરતી પૅદાસ આપણી સરકારને **'નીમક'**માંથી થાયછે, અને તે આપણા દેશનાં સામટાં મેહેસુલના આઠમા ભાગ બરાબર થવા જાયછે. ઇંગ્લંદમાં એવી કોઇ ઉપજ નથી. હવે ઇંગ્લંદને જ્યારે **'અકબારી'** અને **'કુસ્તમ્સ'**માંથી ત્યાંનાં સામટાં મેહેસુલના ત્રણ-પંચમાંઉશ ભાગ કરતાં પણ વધારે મળેછે, ત્યારે આપણા દેશમાં એ બે સાધનોમાંથી થતી ઉપજ સામટાં મેહેસુલના અગીઆરમા ભાગ જેટલી પણ નથી. આપણા દેશને જેટલું મેહેસુલ **'સ્તૅમ્પ્સ'**માંથી મળેછે તે કરતાં ચાર-ઘણું વધારે ઇંગ્લંદને તેમાંથી મળેછે. **'ટપાલ'**માંથી જેટલી પૅદાસ આપણી સરકારને થાયછે તે કરતાં છ-ઘણી, બલકે, તેથી પણ વધારે પૅદાસ ઇંગ્લંદને થાયછે. **કમાઈ-વૅરો** (જેને ઇંગ્રેજીમાં **'ઇનકમ-તૅકસ'** કહેછે તે) ઇંગ્લંદની સરકારને થોડા બીજા પ્રત્યક્ષ વૅરા સાથે મળીને ત્યાંનાં સામટાં મેહેસુલનો પાંચમો ભાગ આળતો, પરંતુ આપણા દેશમાં એ વૅરો જ્યારે નાખવામાં આવ્યો હતો ત્યારે તેમાંથી ઘણી નજીવી આવક થાયલી જણાયછે. હવડાં **'ધંધાદારો ઉપર નાખેલા વૅરા'** ('લાઇસન્સ-તૅકસ') માંથી જે ઉપજ થાયછે તે આપણા દેશનાં સામટાં મેહેસુલનો એક નજીવો ભાગ ગણાય. 'રેલઉએ'માંથી આપણી સરકારને સામટાં મેહેસુલના લગભગ સોળમા ભાગ જેટલી ઉપજ થાયછે, પરંતુ તેવું સાધન ઇંગ્લંદમાં નથી. આ સદીમાં 'મરાઠા લડાઇ', 'પિંદારા સાથની લડાઇ', 'નીપૉલ', 'બરમા', 'આફઘાનિસ્તાન', 'પંજાબ', અને 'ચીન' સાથની લડાઇઓ, તેમજ ૧૮૫૭માં ઉઠેલા ભયંકર બળવાને લીધે આપણા દેશની

તીજોરીમાં મોટી ખોટ ગયલી કહેવાયછે, અને આપણા દેશને માથે ૧l) અબજ રૂપિયાથી વધારે મોટું કરજ છે, તોય આપણો એક આગલો ખજાન્ચી એમ કહેતો કે 'હિંદુસ્થાનની આવક ઑસ્ત્રિયાની આવકની બરોબર, પ્રશિયાની આવક કરતાં વધારે, અને રશિયાની આવક કરતાં સેહેજ ઓછી ગણાય'. આપણા દેશનાં મેહેસુલનાં કેટલાં સાધન એવાં છે કે તે ઘણા ફાયદાકારક થઇ શકે. મુખ્યકરી 'ટપાલ-ખાતું' અને 'રેલઉએ-ખાતું' એવી કિસમનાં સાધન કહેવાય. ૧૮૭૭માં આપણી સરકારને 'રેલઉએ'માંથી જે ઘણી સારી ઉપજ થઇ હતી તે 'દુકાળ'ના સબબે માલની જે પુષ્કળ લાવલઇજાવ થતી હતી તેને લીધે કહેવાયછે, પરંતુ ગયે સાલ ઘંઉ તથા બીજા અનાજની હિંયાથી થતી નિકાસ ઘણી કમતર હોયાને લીધે માલની લાવલઇજાવ પણ ઓછી થઇ હતી, અને તે છતાં તે સાલના પેહેલા ૬) માસની 'રેલઉએ-ખાતાં'ની આવક ઘણી મનમાનતી હતી. આપણી સરકારને સર્વેથી ઘણું 'ઈસ્ત ઇન્દિયા રેલઉએ'-માંથી મળેછે. 'બરોદા' કરતાં 'જી.આઇ.પી.' રેલઉએનો જેમ ખર્ચ ચાર-ઘણો છે તેમ તેની આવક પણ ચાર-ઘણી છે, અને આપણી સરકારને 'બરોદા' કરતાં 'જી.આઇ.પી.' રેલઉએમાંથી વધારે મેહેસુલ ઉપજેછે. 'ઈસ્ત ઇન્દિયા રેલઉએ' ખરીદવાનો હિંદુસ્થાનની સરકારનો વિચાર જો અમળમાં આવે તો સરકારનું તે પગલું દહાપણભરેલું ગણાય. આ 'રેલઉએ-કંપની' સાથે ૧૮૫૪માં એવું લખત થયું હતું કે કંપનીને જોઇતી જગ્યા સરકાર મુફત આપે, સરકારની જામીનગીરી માટે સરકારને ઠરાવેલું લવાજમ મળે, આ જામીનગીરીનો ૯૯)વર્ષનો પત્તો પુરો થયા બાદ જમીન તેમજ રેલઉએ સરકાર હસ્તગત થાય, અને જો સરકારની મરજી પડે તો લખતની તારીખથી ૨૫) કે ૫૦) વર્ષ થયાં પછી ૬) માસની અંદર સરકાર તે 'રેલઉએ' ખરીદી શકે. હિંદુસ્થાનની સઘળી રેલઉએ જો આપણી સરકારના હાથમાં આવે તો આપણા દેશનાં મેહેસુલમાં અતિ-ઘણો વધારો થાય. પરંતુ ૧૮૭૧માં કેટલીક 'રેલઉએ-કંપનીઓ' સાથે થાયલા નવા કરારમાં, લખતને ૨૫) વર્ષ થયાં પછી ૬) માસમાં 'રેલઉએ' ખરીદવાની જે સરકારની સતા હતી તે કહાડી નાખી, ૫૦) વર્ષ પછીજ ૬) માસમાં ખરીદવાની સતા બાહાલ રાખવામાં આવીછે. આ સબબને લીધે 'જી.આઈ.પી. રેલઉએ' ૧૮૯૯ની આગમજ, 'બરોદા રેલઉએ

૧૯૦૫ ની આગમજ, અને 'મદ્રાસ રેલ્વેએ' ૧૯૦૭ ની આગમજ આપણી સરકાર ખરીદી શકે નહિ. બ્રિટિશ હિંદુસ્થાનનું ગયાં વર્ષનું મેહેસુલ કાંઈ સારૂં નહિ કહેવાય. 'અફીમ'માંથી નહિ ધારેલી મોટી પેદાસ થવા સિવાય મેહેસુલનાં બીજાં મુખ્ય સાધનોમાંથી પેદાસ કમતર થઈ હતી, તોય એજ વર્ષમાં દુકાળની આફ્તો મટાડવાના બંદોબસ્ત માટે ૧॥) કરોડ રૂપિયાનું ફંદ ઉભું કરવાને તેમજ બીજાં કારણો માટે જોઈતું નાણું મેળવવાને 'ધંધા-રોજગાર ઉપર નાખેલા કર' જેવા નવા વેરાને લીધે ખર્ચ બાદ કરતાં ૨) કરોડ, ૧૩) લાખ, ૬૦) હજાર રૂપિયાની રકમ ફાજલ રહેવાની વકી છે. પરંતુ હાલ ચાલતી 'આફ્ઘાન લડાઈ'નો સઘળો ખર્ચ પારલામેન્તે હિંદુસ્થાનને માથે નાખ્યોછે, તેથી એક સુભ કામ માટે નવા વેરાથી ઉભી થાયલી આ રકમ 'અર્થ-શાસ્ત્ર' પ્રમાણે 'લડાઈના નકામા, અનુત્પાદક, વ્યર્થ, નુકસાનકારક ખર્ચ'માં ઘસડાઈ જશે એવો સંભવ છે. આપણા દેશના વઝીર લૉર્ડ ક્રેનબ્રૂકનાં કહેવા પરથી એ સંભવને ટેકો મળેછે. હવે એ ખર્ચ 'અર્થશાસ્ત્ર'ના કાનુનો તરફ જોતાં આપણા દેશે આપવો જોઈયે કે નહિ તેની ટુંક તપાસ કરીએ. આ તપાસ કરતાં પ્રથમ જે સવાલો ઉઠેછે તે એ કે 'આ લડાઈ ઉઠવાનું મુખ્ય કારણ શું.' અને 'આ લડાઈ ફક્ત સરહદ પર થતી બીજી લડાઈઓના જેવીછે કે તેથી જુદી કિસમની?' ૧૮૭૭માં જ્યારે 'રશિયા' અને 'તર્કિ' વચે લડાઈ ઉઠી ત્યારે ઇંગ્લંદની સરકારે રશિયાના શાહનશાહને જો એમ કહ્યું હોત કે "તમારે ગમે તો તમે તમારાં રાજ્ય સાથે તર્કિની શાહનશાહત જોડી નાખો; તેમાં અમને કંઈપણ અડચણ નથી; તમે તમારે ગમે તે કરો"; તો રશિયા કાબુલમાં પોતાનું 'એલચી-ખાતું' મોકળતે નહિ, કાબુલના અમીરની દોસ્તી સાંધતે નહિ, અમીર શેરઅલી ઉપર પોતાનો વગ કે દબાણ ચલાવતે નહિ, અંગ્રેજી એલચી-ખાતું કાબુલ મોકળવાની જરૂર પડતે નહિ, તે એલચી-ખાતું અમીર પાછું ફેરવતે નહિ, ઇંગ્રેજી દોસ્તી તરફ અમીર અવિશ્વાસુ થતે નહિ, અને એ પ્રમાણે 'રશિયા' પરદા પછવાડે ભરાઈને અમીરને બાહેર પાડતે નહિ. 'યુરપ'મા પોતાનો કાબુ વધારવાની 'રશિયા'એ જે મતલબ રાખેલી તે 'ઇંગ્લંદે' ઉંધી વાળી, અને તે ઉંધી વાળવામા જોકે 'ઇંગ્લંદ' કાંઈ ખોટું કીધું નહિ તોય તે નાખુશીને લીધે 'રશિયા'એ એશિયામાં પોતાનો વાગવગ વધાર

વાની અને ઇંગ્રેજ સરકારને હિંદુસ્થાનમાં ખેંચન કરી 'યુરપ'માં ઇંગ્લંદ-નો વગ તોડવાની કોશેશ કીધી. એ ઉપરથી એમ સિદ્ધ થાયછે કે 'યુરપ'માં ઇંગ્લંદના લાભને નુકસાન થતું અટકાવવા માટે આ લડાઈ ઉભી થઇ. વડા પ્રધાન 'લૉર્ડ બીકન્સફીલ્ડે' પણ પારલામેન્તમાં કીધેલાં એક ભાષણમાં આ લડાઇના સવાલને એવુંજ રૂપ આપેલું વર્તમાન-પત્રોએ જાહેર કીધું હતું, જોકે એ મત પાછલથી તે નામદારે ફેરવ્યું હતું. ત્યારે આ લડાઇ સરહદ ઉપરની બીજી લડાઇઓથી કેવળ જુદીજ કિસમની ગણાય. અગર એ સરહદ ઉપરની લડાઇ હતે તો "ધ ઇકૉનૉમિસ્ત"નાં કહેવા પ્રમાણે "હિંદુસ્થાનની સરકારે તેની છેડતી લેવાની કદી-પણ જરૂર નહિ હતી, કારણકે, આફ્ઘાન લોકો હિંદુસ્થાન ઉપર થોડીજ ચઢાઇ કરવાના હતા, અને એકબારગી જો તેઓ ધસારો કરતે તો હિંદુસ્થાનની સરકાર તેઓને હંસેજી કહાડવાને પુરતી સામર્થવાન હતી." પરંતુ 'આફ્ઘાનિસ્તાન'માં 'રશિયા'નો કાબુ અને વગ વધ્યાથી યુરપમાં 'ઇંગ્લંદ'ના મોભા અને વગને ધક્કો પોહોચે એવો સંભવ હોયાને લીધે તેનો આગમજથી અટકાવ કરવાને તેમજ રશિયાની ફુળવણીથી ફુળણજી બની ગયલા અમીર શેરઅલીની ગરૂરી તોડવા કાજે આ લડાઇ ઉઠાવવાની જરૂર પડી. એટલામાટે 'અર્થશાસ્ત્ર'ના કાનુનો પ્રમાણે આ લડાઇનો ખર્ચ હિંદુસ્થાને નહિ આપવો જોઇયે. હિંદુસથાનની ગયાં વર્ષની આવક-માંથી ખર્ચ બાદ કરતાં ૨) કરોડ રૂપિયા ઉપરની રકમ ફાજલ પડવાની વકી છે અને તેથી આપણો દેશ આ લડાઇનો ખર્ચ આપી શકે એવી હાલતમાં છે—તેવી દલીલ લાવી આપણા દેશને માથે એ ખર્ચ નાખેલો, 'પારલામેન્તના ઍક્ત'ની રૂએ તપાસવાનું મુકી દઇ, રાજ્યનીતિ વિષે કદી-પણ બોલવાનું મોકુફ કરી, ફકત આ લડાઇનાં કારણો તપાસતાં અને 'અર્થશાસ્ત્ર'ના કાનુનો જોતાં, વાંધાભરેલો લાગેછે. સર સ્તૅફર્દ નૉર્થકોતે આપણને ધીરજ આપીછે કે 'પેહેલાં તો સઘળો ખર્ચ હિંદુસ્થાન આપશે અને પછી તેનો થોડો બોજો ઇંગ્લંદ ઉપર નાખવો ધટારત હશે તો તપાસ કીધા બાદ તેમ પણ થશે.' પરંતુ "ધ ઇકૉનૉમિસ્ત"નાં કહેવા મુજબ જે ખરી તલાસ કરવીછે તે એ નહિ કે આ ખર્ચનો થોડો બોજો પોતાને માથે લેઈ ઇંગ્લંદે હિંદુસ્થાનને સહાય થવું જોઇયે કે નહિ,

પણ આ સઘળો ખર્ચ જે ઇંગ્લંડે આપવો જોઇયે તે માહેલો થોડોક ભાગ હિંદુસ્થાનની તીજોરીમાંથી મેળવવાને કંઇપણ વજણદાર કારણ છે કે નહિ?" આ સવાલ ઉપર આટલું બધું લંબાણ કરવાની એક ચોકસ કારણને લીધે જરૂર જણાઇછે. તે કારણ એ છે કે એ ખર્ચ જ્યારે આપણા દેશે આપવોછે ત્યારે આપણા કર-ભરનારાઓને તેથી ખમવું પડે એવો સંભવ છે, કારણકે, લડાઇનો ખર્ચ ઉપજાવી કહાડવા માટે ઘણુંકરી જે કર નાખવામાં આવેછે તે પેલો કાનુનમાં વાજબી, પરંતુ અમલમાં આણતાં ઘણો કફોડો, કઢંગો, જીવ-કકળાવનારો, અન્યાય-ભરેલો, **ઉપજ-વેરો** ('ઇનકમ-ટૅક્સ') છે, જે, અનુભવની શીખામણને માન આપી, આપણી માયાલુ સરકાર આપણી ઉપર પાછો લાગુ પાડે એમ નથી, તોય તેના નાના ભાઇ **'ધંધા-રોજગાર ઉપરના વેરા'** ('લાઇસિન્સ-ટૅક્સ')ને આપણા દેશમાં વાધારે વખ્ત હસ્તી ભોગવવાનો સંભવ રહેછે.

મારી મકસદ કોઇપણ પ્રકારે સરકાર કે રાજ્યનીતિની સામે બોલવાની નથી, પણ ફક્ત **'અર્થશાસ્ત્ર'**ના કાનુનો પ્રમાણે આપણા દેશના સંબંધમાં કયા ખર્ચ અને કયા કર વાંધાભરેલા ગણાય તે દલીલ સાથે દેખાડવાની છે. 'ઇંગ્લંદ' ઘણો માતબર દેશ છે. ત્યાં ઘણા કર પોષાય-છે. ત્યાં 'કુત્રા' ઉપર પણ વેરો લેવાયછે. ગયાં વર્ષમાં ત્યાંનાં મેહેસુલનાં ત્રણ મુખ્ય સાધનો—**કસ્ટમ્સ, સ્ટૅમ્પ્સ,** અને **એક્સાઇસ** (એટલે, તે ખુદ દેશમાં ઉત્પન્ન થતા માલ ઉપરનો વેરો) એટલી તો ઓછી ઉપજ-વાળાં નિવડયાં કે ગયા એપ્રિલ માસમાં ત્યાં 'તંબાકુ ઉપરની જગાત' તેમજ 'કુત્રા ઉપરનો વેરો' વધાર્યામાં આવ્યો. આ વધ પણ ત્યાં પોષાઇ. ૧૮૫૭ થી ૧૮૭૮ સુધી ૨૨) વર્ષના અરસામાં **લિબરલ પ્રધાન-પદે** ૧૩) વર્ષ હકુમત ચલાવી. ત્યારે **કૉનસરવેતિવ પ્રધાન-પદે** ૯) વર્ષ સરદારી ભોગવી. આ ૧૮૭૯નાં સાલમાં પણ 'રાજ્ય-સંબંધી કાયદા ફેરફાર વિના જેવાને તેવાજ રહે એવું મત ધરાવનારૂં' **કૉનસરવેતિવ પ્રધાન-પદ** ઇંગ્લંદ-નાં રાજ્યનું સુકાન ફેરવેછે. પણ જ્યારે ૧૩) વર્ષની મુદતમાં **લિબરલ પ્રધાન-પદે** કરોડો રૂપિયાના કર ઘટાડી નાખ્યા, ત્યારે ૯) વર્ષમાં **કૉનસર-વેતિવ પ્રધાન-પદે** ઘટાડો કરવાને બદલે ૬) કરોડ રૂપિયા ઉપરના

અવેજના કરો વધારેલા જણાયછે. હવે ઇંગ્લંદમાં એ કરની વધ ઘણી ભારી પડતી નથી. પરંતુ આપણો ગરીબડો દેશ કરનો ભારે બોજો ખમી શકે નહિ. 'ધંધા-રોજગાર' ઉપર જ્યારે હિંયા કર નાખવામાં આવ્યો ત્યારે ચર્ચા પર ચર્ચા ચાલી એટલુંજ નહિ. પણ હુલ્લડ વટિક થયું. આપણા ખૈરખાહ—જૉન બ્રાઇતની ગણત્રિ પ્રમાણે આપણા દેશમાં ઇગ્લંદ કરતાં મજુરી બાર-ઘણી સસ્તી પડેછે. એ ઉપરથીજ આપણા દેશની ગરીબાઈ અને આપણા મજુરોની કંગાળ હાલતનો ખ્યાલ આપણને આવેછે.

ઇંગ્લંદ અને હિંદુસ્થાનનાં મેહેસુલનાં મુખ્ય સાધનોનો તેમજ એ બે દેશોની હાલતનો જોઇતો મુકાબલો આપણે કરી ચુકયા. હવે કોઇ-પણ દેશની સરકારને જે ખર્ચ લાગે તે કેમ ઉપજાવી કહાડવા તે જોઇએ. સરકારને બેસતા ખર્ચ માટે રૈયતે કર આપવા અવશ્ય છે તે તો આપણે જોયું, પરંતુ સઘળો ખર્ચ હમેશાં કરથીજ ઉપજી શકે એમ નથી. કેટલી વેળાય **લોન** કે **પ્રૉમિસરિ-નોત** ની મારફતે સરકારને નાણું ઉભું કરવું પડેછે. **લોન** ઘણી વેળાય ઉત્પાદક ઉદ્યોગમાં નહિ પણ અનુત્પાદક રીતે ખર્ચાયછે. આવો ખર્ચ અટકાવવાનું કામ સેહેલ નથી. જેમ જેમ વખ્ત પોતાનો રસતો કાપતો જાયછે, તેમ તેમ હાકેમો તથા પ્રજા-ઓ દહાપણમાં વધારે અને વધારે આગલ પગલાં ભરેછે અને આવો ખર્ચ કમતર થતો જાયછે. હવે સરકારને પોતાના ખર્ચ માટે જેમ **'કર'**થી તેમ **'લોન'**થી નાણાં મળેછે, ત્યારે **'કર'** અને **'લોન'** વચે શો ફરક છે તે તપાસીએ. **'કર'** 'આવક' કે 'ખર્ચ' ઉપર નાખવામાં આવેછે. પણ **'લોન'** 'થાપણ'માંથી ઉભી થાયછે. **'કર'**થી મોજ-મઝા કમતર થાય, પરંતુ **'લોન'**થી ચીજોનો ભાવ વધે. **'કર'**થી ખર્ચ કરવાની લોકની સામાન્ય શક્તિ ઓછી થાય, પણ **'લોન'** સાથે તો 'નાણાં-ધીરનાર' તથા 'નાણાં ઉછીનાં-લેનાર'નેજ લાગતું-વળગતું હોયછે. **'કર'** જાતે જુલમાતભરેલો ગણાય, પણ **'લોન'**થી કોઈ મંડળીની તરત વેળાય-નીજ સગવડ ઉપર સેહેજ માઠી અસર થાય.

ચૉકસ **કર** કે **વેરા** ચૉકસ સબબોને લીધે એક દેશમાં કબ્જાતો તેના આખા વિસ્તાર પર કબ્જાતો તેના ચૉકસ ભાગ ઉપર નાખવામાં

આવે. સરકારનાં જે કામનો આખા દેશનો દરેક ભાગ લાભ લેતો હોય તે કામ ઉપર લાગતો ખર્ચ આખા દેશે 'કરનાં રૂપમાં આપવો જોઇયે, પરંતુ જે કામથી તે દેશના ચોક્કસ ભાગનેજ ફાયદો થતો હોય તેનો ખર્ચ તે ચોક્કસ ભાગેજ કરનાં રૂપમાં આપવો એવો આ શાસ્ત્રનો કાનુન છે. ઇંગ્રેજીમાં પેહેલા પ્રકારના 'કર'ને **ઇમપીરિયલ ટેક્સ** અને બીજા પ્રકારના 'કર' ને **લોકલ ટેક્સ** કરી કહેછે. **ગરીબાઈ** તથા **અપરાધોથી** ગોયા આખી પ્રજા ઇઓને આખા દેશ ઉપર અસર થાયછે. આ બે માહેલી પેહેલી ચીજનો અટકાવ કરવા અને બીજીને ઘટતી સજાએ પોહોંચાડવા પાછળ ખર્ચ થવો જોઇયે. આ ખર્ચ આખી પ્રજા ઇઓને આખા દેશે આપવો ઘટારત છે, પરંતુ એક દેશના જે ચોક્કસ ભાગ ઉપર તેઓની હરતીથી વધારે માઠી અસર થતી હોય તે ભાગે તે ખર્ચનો મોટો હિસ્સો આપવો જોઇયે. અગર કોઈ દેશ ઉપર એક દુશમન ચઢાઈ કરે તો તેથી તવંગરોના તેમજ ગરીબોના જાન, માલ, અને ઉદ્યોગ ઉપર એકસરખી માઠી અસર થાય, અને એટલામાટે તે દેશનો બચાવ કરવા પાછળ જે ખર્ચ ત્યાંની સરકારને લાગે તે ખર્ચ આખી પ્રજા પાસેથી લેવો જોઇયે. પરંતુ સરકારની ફરજ છે કે તે ખર્ચ કરકસરથી જેમ બને તેમ ઓછો કરવો જોઇયે.

આપણે આગલ કહ્યું કે રૈયતે સરકારને 'કર' કે 'વેરા' આપવા અવશ્ય છે. હવે એક રાજ્યની આબાદાની તથા રૈયતનો સંતોષ વધારવા કાજે તેમજ સરકારની હાકમાઈ વધારે મજબુતીથી સ્થાપવા માટે આ પણ અવશ્ય છે કે આ 'વેરા'ની સંખ્યા બનતાં સુધી ઘણીજ ઓછી હોવી જોઇયે, અને વળી તે 'વેરા' એવી કિસમના હોવા જોઇયે કે તેઓનો બોજો રૈયતને ભારી લાગે નહિ.

દરેક શખ્શ જે રાજ્યમાં તે વસેછે તે રાજ્યની સરકારનો આસરો ભોગવેછે. ત્યારે દરેક શખ્શે સરકારને 'કર' આપવો જોઇયે. પરંતુ દરેક શખ્શ કઇને કઇપણ કમાઈ કરતો હોય એમ નથી, માટે કમાઈ વગરના આસામીઓનો 'કર' તેઓનું પોષણ-કરનાર મુરબ્બીઓને આપવો પડેછે. આ ઉપરથી એમ સિદ્ધ થાયછે કે એક શખ્શને તેની મેહેનતથી તેનું પોતાનું ગુજરાન કરવા પાછલ તેમજ જેઓનું પોષણ કરવાને

તે બંધાયલો હોયછે અથવા બંધાયછે તેઓનાં પોષણ ઉપર બેસતો ખર્ચ બાદ કર્યા પછી બાકી રહેલી તેની ઉપજમાંથી કર આપવા પડેછે.

કેટલા 'વેરા' એવા હોયછે કે જે એક માણસ ચાહે તો આપે અને ચાહે તો નહિ આપે, પરંતુ તે તેના પોતાના ખપ ઉપર આધાર રાખેછે. 'ઉઆઇન', 'શેમપેન', 'બ્રેન્દિ', 'કૉફિ, ઇત્યાદિ, એવી ચીજો નથી કે જે દરેક શખ્શે પીવી જોઇયે, 'તંબાકુ' એવી વસ્તુ નથી કે જે ખાધા વગર કે વાપર્યા વગર દરેક માણસને ચાલે નહિ, અને એ પ્રમાણે ઘણી વસ્તુઓ એવી છે કે જેનો ઉપયોગ અવશ્ય નથી પણ માણસની મરજી ઉપર આધાર રાખેછે. આવી વસ્તુઓના ઉપયોગથી જે શખ્શ પહરેજ રહે તેને તે ચીજો ઉપરનો કર આપવો પડતો નથી. બીજા હાથ ઉપર, કેટલા 'વેરા' એવા હોયછે કે જે આપવાની એક શખ્શની મરજી હોય કે નહિ હોય તોપણ તે આપવાની તેને ફરજ પડેછે. ઉપજ-વેરો', 'ઘર-વેરો', ઇત્યાદિ, એવી કિસમના 'વેરા' છે.

'વેરા' બે પ્રકારના હોયછે. તેઓ ઇઆતો **પ્રત્યક્ષ** હોયછે, ઇઆતો **પરોક્ષ** હોયછે. **'પ્રત્યક્ષ વેરા'** એટલે એવા 'વેરા' કે જે તેજ ધણીઓ પાસેથી સીધી રીતે લેવામાં આવેછે કે જેઓ ઉપર તેનો બોજો નાખવાનો ઠરાવ છે, અને **'પરોક્ષ વેરા'** તે એવા 'વેરા' કે જેનો બોજો જેઓ ઉપર નાખવાનો ઠરાવ છે તેઓ ઉપર તે આરકતરી રીતે પડેછે, પરંતુ તે 'વેરા' પાધરા તેઓ પાસેથી લેવામાં નહિ આવતા. કેટલા 'પ્રત્યક્ષ કરો'ની વિરૂધ બોલેછે, પણ જે કારણો તેઓ આપેછે તે ઘણા વજણ-દાર નથી. બીજા હાથ ઉપર, કેટલા લખનારાઓ વાજબી દલીલો લાવી 'પ્રત્યક્ષ વેરા' ની તરફેણ કરેછે. ઇંગ્લંદના લોક 'પરોક્ષ વેરા' પસંદ કરેછે. 'પ્રત્યક્ષ વેરા'ની તેઓ સામે છે. એક ઇંગ્રેજ-બચ્ચાને કર-ઉઘરાવ-નારનું મોહ જોવાને કે જે વખતે ગમે તેવી તોછડાઇથી કર આપવા માટે તે કહે તે વખતે તરત 'કર' આપી દેવાની પોતા ઉપર ફરજ પડેલી જોવાને ઘણો કમકમાત ઉપજેછે, અને એટલામાટે 'પ્રત્યક્ષ વેરા'ની તે વિરૂધ હોય એ સ્વભાવિક છે. હવે **'કર' ઉપજ** કે **ખર્ચ** ઉપર પડેછે. 'ખર્ચ-વેરા' ઘણુંકરી 'પરોક્ષ' હોયછે, પરંતુ કોઇ કોઇ 'પ્રત્યક્ષ' હોયછે. જેવા કે, 'ગાડી-વેરો' 'ઘોડા-વેરો', ઇત્યાદિ. 'ઘર-વેરો,' જેમ કેટલે ઠેકાણે

તે લેવાયછે તેમ, પાધરો ઘર-વાપરનાર ઇમ્યાને ભાડુત પાસે લેવામાં આવે ત્યારે તે **પ્રત્યક્ષ** કહેવાય. જ્યારે એક માલ-બનાવનાર કે માલ-વેચનાર પાસે તે માલનો 'વેરો' એવી મતલબથી લેવામાં આવે કે તે માલના ઉપ્યોગ-કરનાર પાસેથી તે માલ બનાવનાર કે વેચનાર ધણી તે વેરો મજરે લેશે ત્યારે તે 'વેરો' **પરોક્ષ** કહેવાય, પરંતુ જ્યારે માલના ઉપ્યોગ-કરનાર સોંડેથીજ પાધરો 'વેરો' લેવામાં આવે ત્યારે તે 'વેરો' **પ્રત્યક્ષ** ગણાય.

ઉપજનાં ત્રણ મુખ્ય સાધન 'જમીન', 'મેહેનત' અને 'થાપણ' છે. એટલામાટે ઉપજનાં ત્રણ મુખ્ય રૂપ **ભાડું, મુસારો** અથવા **મેહેનત-દામ,** અને **નફો** કહેવાય. **બખ્શેશ** કે **લુટ** શિવાય બીજી સઘળી ઉપજ એ ત્રણ માહેલાં કોઇપણ રૂપમાં નિપજેલી ગણાય, અને એટલામાટે 'ઉપજ-વેરો' પણ ત્રણ પ્રકારનો થઈ શકે. ખેતી-જમીનનાં ભાડાં ઉપરનો કર જમીનના માલેકોનેજ માથે પડેછે. આપણા દેશમાં ઘણીખરી જમીન સરકારની માલેકી તળે હોયાને લીધે, સરકાર પાસેથીજ ખેડુતો જમીન ભાડે લેછે, અને 'જમીન-કર' 'જમીન-ભાડાં' સાથે એવી રીતે ભેળાઇ જાયછે કે તે બેમાં ઘણો તફાવત હોય એમ જણાતું નથી. 'મેહેનત-દામ' ઇમ્યાને 'મુસારા' ઉપર પડતો 'વેરો' કાંતો 'મજુરો'ને નુકસાનકારક થઇ પડે, અથવા, તેમ નહી થાય તો, તેનો બોજો 'થાપણવાલા' ઉપર પડવો જોઇયે. એટલામાટે મજુરોના મુસારા ઉપર વેરો નાખવો નહિ જોઇયે. હરકોઇ દ્રવ્યોત્પાદક ધંધાના 'નફા' ઉપર લેવાતા વેરાનો બોજો જોકે પેહેલાં તો થાપણવાલા ઇમ્યાને ધંધા-કરનાર ઉપર પડેછે, તોય આખરે તે વેરો તે ધંધામાંથી નિપજતી જિનસોના ઉપ્યોગ-કરનાર ઉપર પડેછે.

'ઇનકમ-ટેક્સ'નાં સાધારણ નામે ઓળખાતો .ઉપજ-વેરો **સરકારનાં જાફક-મેહેસુલ** તરીકે લેતો કરવો **પસંદ કરવા યોગ્ય નથી.** લડાઈ, ફિતુર, ઇત્યાદિ જેવા બારીક સમયેજ એ વેરો ઉઘરાવેલો વાંધા-ભરેલો નહિ ગણાય. કાનુનમાં અદલ હોવા છતાં આ 'કર' શા માટે પસંદ કરવા યોગ્ય નથી તેની તપાસ કરવા આગમજ '**વેરાના સાધારણ નિયમો**'-ની ટુંક નોંધ લઇએ.

નામાંકિત **ઍડમ સ્મિથે** આપેલા **'વૅરાના ચાર સાધારણ કાનુનો'** જે મોટાં માન સાથે સર્વ અર્થશાસ્ત્રીઓએ બાહાલ રાખ્યાછે તે નિચે મુજબ છે;—

કાનુન પેહેલો.—એક રાજ્યમાં વસનાર દરેક શખ્શે તે રાજ્યના આસરા તળે જે ફાયદો તે ભોગવતો હોય તેનાં પ્રમાણમાં, સરકારનો ખર્ચ નિભાવવા કાજે, પોતાની શક્તિ મુજબ મદદ કરવી જોઇયે.

કાનુન બીજો.—દરેક કર ચોકસ અને નિયમીત થાયલો હોવો જોઇયે. એટલે, વખ્તે વખ્ત રાજ્ય-કર્તાની મરજીમાં આવે તેટલો અથવા તે ચાહે ત્યારે આપવાનો નહિ જોઇયે.

કાનુન ત્રિજો.—દરેક કર એવી કિસમનો હોવો જોઇયે કે તે કર-ભરનારને ભારી લાગે નહિ એટલુંજ નહિ, પણ તે આપવાનો વખ્ત કર-ભરનારની સગવડને અનુસરતો હોય.

કાનુન ચોહો.—કોઇપણ કરમાંથી સરકારી ખજાણામાં જેટલું નાણું ખરેખર આવતું હોય તે કરતાં રૈયત પાસેથી રતિ-ભાર પણ વધારે નહિ ઉઘરાવવામાં આવે એવી ચોકાસી તથા એવો બંદોબસ્ત હોવો જોઇયે.

'વૅરાનો પેહેલો કાનુન' ટુકમાં કહીયે તો એમ છે કે 'દરેક શખ્શે પોતાનાં ગજવાં માફક કર આપવો જોઇયે.' એ કાનુનની મુખ્ય મકસદ **'વૅરાની સમાન્તા'**માં સમાયલીછે. 'વૅરાની સમાન્તા' એટલે 'કરનું સમ-પ્રમાણ'. દરેક શખ્શ કરની સરખી રકમ ભરે તેમાં કઇ 'વૅરાની સમાન્તા' નહિ કહેવાય. તે તો ઉલટું 'સમાન્તા'ની વિરૂધ ગયલું કહેવાય. જે કરથી પૈસાદારની ફકત મોજમઝામાં લગાર ખલલપડે પણ ગરીબને જોઇતો ખોરાક કે વસ્ત્ર ન મળે, ઇમ્આને જેટલો કર મહીને દહાડે ૧૦૦)રૂપિયા કમાનાર આપે તેટલોજ કર જો મહીને દહાડે ૨૦૦) કે ૩૦૦) રૂપિયા કમાનાર આપે તો તેમાં 'કર'ની 'અસમાન્તા' ગણાય, પરંતુ જે 'કર' થી સર્વને સરખું ખમવું પડે, જે 'કર'થી જરૂરિયાતની ચીજો મેળવવામાં અડચણ નહિ નડે, અને જેથી ૧૦૦)રૂપિયાની કમાઇવાલાને જેટલું આપવું પડે તે કરતાં બેવડું ૨૦૦) રૂપિયાની કમાઇવાલાને અને ત્રણ ઘણું ૩૦૦) રૂપિયાની કમાઇવાલાને આપવુ પડે તેમાં 'વૅરાની સમાન્તા' અને 'વાજબીપણું' ગણાય. કારણકે જે કર

રૈયતના સામાન્ય ફાયદાને અર્થે લેવાય તેનો બોજો રૈયતના એક ચોકસ ભાગ કે એક ચોકસ શખ્શ કરતાં બીજા કોઇ ચોકસ ભાગ કે ચોકસ શખ્શ ઉપર યોગ્ય પ્રમાણ કરતાં 'વધતો કે ઓછો નહિ પડવો જોઇયે. જાણીતો ફ્રેનચ રાજ્યાધિકારી તથા ગ્રંથકાર મો. તીએ એવો વિચાર આપેછે કે '**કરનો દર**' ગોયા '**વિમાના દર**'ને અનુસરતો જોઇયે. **તવારીખ**ના સફા ફેરવતાં '**કર**' ના બાબમાં ઘણું દુ:ખદાયક ચિત્ર વારંવાર આપણી નજરે પડેછે. ઇંગ્લંડમાં **બીજા રિચર્ડ, સાતમા** તથા **આઠમા હેન્રી** અને બીજા રાજાઓના વખતમાં ઉઠેલાં હુલ્લડને એક કોરે મુકી, આખાં **યુરપ**ને એક વેળાય ધુજાવનાર પેલો ૧૭૮૯નો મહાભારત '**ફ્રેન્ચ રેવોલ્યુશન**', જેથી **પેરિસ** અને **લિઑના** મોહોલાઓમાં ગોયા લોહીની નદીઓ વહેતી થઇ હતી, જેથી રાજા કે રાણી, શાહજાદા કે શાહજાદી, દલેર ને જંગી મરદ, કે નાજુકને બાહીકણ ઑરત, કે નિરદોષ કુમળાં બાળક, નાપાક દગલબાજ કે **સત્યતા દેવી**નો પુંજારો—એ સઘળાં, એક સરખી રીતે ફાંસીનાં લાકડાં પર ભોગ થઇ પડયાં હતાં, અને જેથી જે ધણી રાજ્યની લગામ આજે પોતાના હાથમાં લેતો તેને આવતી કાળે પોતાનો પ્યારો જાન સુળી ઉપર ખોવો પડતો, તે બનાવ શાથી બન્યો તેની ટુંક તપાસ કરીએ. ફ્રાન્સની જમીનનો પોણો ભાગ **અમીર-ઉમરાવને** હસ્તગત હોયા છતાં '**જમીન-વેરા**'ના બોજામાંથી ફ્રેન્ચ સરકારે તે બડે સાહેબોને મોકળા કીધા હતા અને બાપડા ગરીબ તથા મધ્યમ શક્તિના આસામીઓ ઉપર તે કરનો ભારે બોજો પડતો, જેથી ત્યાંની રૈયતે સરકારને અરજ કીધી કે "આપની મરજીમાં આવે તો અમીરો તેમજ ધર્મગુરૂઓ સોડેથી 'જમીન-વેરો' લેતો કરો અને આપની મરજીમાં આવે તો તેઓની માફક અમારી ઉપરથી પણ તે બોજો કહાડી નાખો." આ અરજ સરકારે બાહાલ નહિ રાખી. લોકોએ રાજ્યકારભાર ચલાવવા માટે એક 'પ્રજા-મંડળી' ઉભી કીધી, '**પેરિસ**'ના બચાવ માટે એક લશ્કરી ટુકડી તૈયાર કીધી, અને **બાસ્તીલનું** કેદખાનું જેમાં ફ્રેન્ચ રાજાઓને અકારા થઇ પડેલા શખ્શોને વગર તપાસે બંદીવાન તરીકે રાખ્યામાં આવતા હતા તે ભાંજી નાખ્યું. પરંતુ આ પ્રમાણે થોડા સુભ કામોની શરૂઆત થયા બાદ **ગતિના નિયમો**ને અનુસરતી રીતે કામ આગલ ચાલતુંજ ગયું, અને કમકમાટ—ઉપજાવનારાં ઘાટકીપણાંના

શું અદના કે આલા, શું રાજા કે ફકીર, શું ઘરડા કે જવાન, શું મોટા કે નાના, શું મરદ કે ઑરત, શું લુચ્ચા કે ભોળા, કઇપણ ફરક વગર એકસરખી રીતે ભોગ થઇ પડયા. '**કરની અસમાન્તા**'થી. નિપજતાં આવાં દુઃખદાયક પરિણામથી આપણને કેવો કમકમાટ ઉપજેછે!

'**વૅરાના બીજા કાનુન**'ની સમજ એ છે કે દરેક વૅરો 'કયારે ભરવો' અને 'કેટલો ભરવો' તે આગમજથી સરકારે મુકરર કરી રૈયતને જાહેર કરવું જૉઇયે. સરકારની મરજીમાં આવે ત્યારે અને સરકારને ગમે તેટલો તે વૅરો માગે ઍમ નહિ જૉઇયે. લોકોને જ્યાંસુધી પોતાની માલમતા અને ધન-પુંજીની સલામતી વિષે ધીરજ કે જામીનગીરી નહિ હોય ત્યાં સુધી દ્રવ્યનો સંગ્રહ કરવા ઇચ્છાને પોતાના ખપથી વધારે પૅદા કરવાની તેઓને ચૉંપ રહે નહિ કે હોંસ થાય નહિ– એ સ્વભાવિક છે. આવી જામીનગીરીની ગૅરહાજરીથી દ્રવ્યોત્પત્તિ ઉપર કેવી માઠી અસર થાય તે વિચારી લેવું સેહેલ છે.

વૅરાના ત્રિજા કાનુનની સમજ એ છે કે સરકારે 'વૅરા-ભરનાર'ને સઘળી સગવડનો અને તેટલો લાભ આપવો જૉઇયે. દાખલા તરીકે, 'જમીન વૅરો' લેવાનો વખ્ત સરકારે એવો મુકરર કરવો જૉઇયે, કે જ્યારે 'જમીન-પૅદાસ' વેચી નાખી ખેડુત નાણું ભરવાને તૈયાર હોય.

વૅરાના ચૉઠા કાનુનની સમજ એ છે કે જે વૅરો ઉઘરાવવામાં ઘણા માણસો રાખવા પડે અને તેથી ખર્ચ ઘણો લાગે, અથવા જે વૅરાથી દાણચોરી કે લાંચ-રૂશવતને ઉત્તેજણ મળે, અને વૅપાર કે દૉલતની ઉત્પત્તિ વધારવામાં અડચણ નડે, તેવા વૅરાની હરતી નહિ જૉઇયે. અગર જે કરથી સરકારી તીજોરીમાં ૧૦) લાખ રૂપિયા નક્કિ આવે, પરંતુ તે પર ખર્ચ એટલો મોટો લાગે કે રૈયત પાસેથી ૫) કે ૭) લાખ રૂપિયા ખર્ચના અર્થે વધારે લૅવામાં આવે, અને ૨) કે ૩) લાખ રૂપિયા લુચ્ચા, અપ્રમાણિક કર-ઉઘરાવનારોને રૈયત પાસેથી લાંચ-રૂશવત કે દાણચોરીનાં રૂપમાં મળે, એટલેજે, સરકારી તીજોરીને ૧૦) લાખ રૂપિયાની નક્કિ ઉપજ આપનાર એક 'કર'ના રૈયતને લગભગ ૨૦) લાખ રૂપિયા આપવા પડે, તે કર ઘણોજ નુકસાનકારક અને વાંધાભરેલો ગણાય. ફ્રાન્સમાં ઘણી વેળાય ઍમ બનેલુંછે કે જેટલું નાણું સરકારી તીજોરીમાં 'કર' તરીકે

આવતું તે કરતાં ચાર-ઘણું વધારે નાણું રૈયત પાસેથી ઉઘરાવવામાં આવતું. હવે એ પરિણામ કેટલે દરજ્જે કર ઉઘરાવવા પાછળ ઉડાઉ અને લખલુટ ખર્ચથી તૅમ કેટલે દરજ્જે વળી લાંચ-રૂશવત અને દાણચોરીની અસરથી નિપજેલું ગણાય.

વૅરાના ઉપર જણાવેલા **ચાર મુખ્ય કાનુનોનો** સાર માત્ર એટલોજ છે કે—એક રૈયત માહેલા દરેક શખ્શે પોતાની સરકારને પોતાની શક્તિ મુજબ કર આપવો જૉઇયે; કરની ચૅાકસ રકમ તૅમજ કર આપવાનો ચૅાકસ વખ્ત મુકરર હોવો જૉઇયે; કર 'પ્રત્યક્ષ' હોય કે 'પરોક્ષ' હોય તૅાય તે ભરવાનો વખ્ત કર-ભરનારની સગવડને અનુસરતો હોવો જૉઇયે; અને કર એવા પ્રકારના હોવા જૉઇયે કે જે ઉઘરાવવા પાછલ ઘણો થોડો ખર્ચ લાગે, જેમાં દાણચોરી કે લાંચ-રૂશવતને ફાવવાને બને નહિ, જેથી દ્રવ્યોત્પત્તિ કે વૅપારમાં કઇપણ ખલલ પડે નહિ, અને જેમાંથી સરકારને મળે તે કરતાં રૈયતનાં ગજવાંમાંથી બનતાં સુધી વધારે મોટી રકમ નિકળવાને સંધિ મળે નહિ.

હવે *ઇનકમ-તૅક્સ*નાં સાધારણ નામે ઓળખાતો **ઉપજ-વૅરો** અગર નિચલા ત્રણ નિયમોને અનુસરતી રીતે નાખવામાં આવે તૅા તે કાનુનમાં ઘણોજ અદલ ગણાય;—

નિયમ પેહેલો.—ફક્ત ગુજરાન થઇ શકે એટલીજ નાની જે ધણીની કમાઈ હોય તે ધણી ઉપર વૅરો નાખવો નહિ જૉઇયે, અને તેટલી કમાઈને વૅરામાંથી બાતલ રાખવી ઘટારત છૅ.

નિયમ બીજો.—ગુજરાન કરવા માટે અવશ્ય હોતી આ ચૅાકસ કમાઈ કરતાં જે ધણીની ઉપજ વધારે હોય તે ધણી પાસેથી તેની સઘળી કમાઈ ઉપર નહિ, પરંતુ પેલી અવશ્ય રકમ બાદ કરતાં જે વધારો બાકી રહે તે વધારા ઉપરજ વૅરો લૅવો જૉઇયે.

નિયમ ત્રિજો.—કોઇપણ ધંધામાંથી નિપજતી ઉપજનો જેટલો ભાગ બચાવીને થાપણ તરીકે વાપરવામાં આવે તે ઉપર વૅરો નાખવોજ નહિ જૉઇયે, પરંતુ જો આ નિયમ અમલમાં આણવો મુશ્કેળ કે અશક્ય હોય તૅા, **વંશપરંપરાની કમાઈ** ઉપર જેટલો મોટો વૅરો નાખવામાં આવે તે કરતાં **વૅપાર-ધંધામાંથી હાંસલ થતી ઉપજ** ઉપર ઘણો ઓછો વૅરો લૅવો જૉઇયે.

આવી રીતે નખાતો **ઇનકમ-ટૅક્સ** જાતે ઘણોજ વાજબી અને વાંધા વગરનો લાગેછે, પરંતુ લોકની હવડાંની નીતિ-સંબંધી હાલત તરફ નિધા કરતાં એ વૅરો કોઇને પણ ગૅરઇનસાફ પોંહોંચાડયા વિના અમલમાં આણવો અશક્ય લાગેછે. **પેહેલાંતો** દરેક જનની ખરેખરી ઉપજ શી હોય તે મુકરર કેમ થઇ શકે? થોડા પ્રમાણિક આસામીઓ પોતાની ખરી આવક જણાવે, ત્યારે અપ્રમાણિક માણસો જેઓ પોતાનાં અંતઃકરણની થોડીજ પરવાહ રાખેછે (અને એવાં માણસોની સંખ્યા ઘણી મોટી હોયછે) તેઓ પોતાના લાભને અર્થે ખોટું પત્રક ભરી આપી સરકારને ઠગે, અને જેટલું આપવું જોઇયે તેટલું નહિ આળે. આથી ખરાં પ્રમાણિક લોક ઉપર જોઇયે તે કરતાં વધારે ભારી બોજો પડે, અને તેઓનાં પ્રમાણિકપણાંનો ગોયા તેઓને મોટો દંડ આપવો પડતો હોય તે બરાબર ગણાય. **બીજી અડચણ** એ છે કે દરેક માણસને પોતાનો હિસાબ સરકારમાં રજુ કરવો પડે, જેથી કોઈ આબરૂદાર આસામી જેમ તેમ ભરમ રાખી પોતાનું ગુજરાન કરતો હોય તેનો સઘળો ભરમ ઉઘાડો પડી જાય. **ત્રિજી અડચણ** એ છે કે એ કર અમલમાં આણતાં સરકારી કારકુનો પોતાને મળેલી સતા જુલમાતભરેલી અને આપખુદ રીતે વાપરે તથા કર-ઉઘરાવનારો લાંચ-રૂશવત લે, અને તેથી કર-ભરનારી રૈયતને ગૅરઇનસાફ થાય એવો સંભવ રહેછે. આવી આવી અડચણોને લીધે આ **ઇનકમ-ટૅક્સ** કોઇપણ અસાધારણ કારણ વગર કોઇપણ રાજ્યમાં નાખવો નહિ જોઇયે એવું ઘણાખરા અર્થશાસ્ત્રીઓ મત આપેછે. લડાઇના હિંગામમાં કે એવા કોઇ બારીક વખ્તે સરકારને નાણાંની તંગી પડે અને ગમે તેમ કરી જારતી મેહેસુલ ઉપજાવી કહાડવાની સરકારને ફરજ પડે ત્યારેજ આ વૅરો રૈયત પર નાખેલો વાંધાભરેલો નહિ ગણાય. જ્યારે આ **ઇનકમ-ટૅક્સ** તા૰ ૨૪ મી જુલાઇ ૧૮૬૧ ને દિને આપણા દેશમાં પેહેલવેહેલો દાખળ કર્યોમાં આવ્યો, ત્યારે **પંજાબથી કન્યાકુમારી** સુધી અને **કરાંચી**-થી બંગાલ સુધી ભારે શોર મચી રહ્યો હતો, અને **મદ્રાસના માનવંત ગવર્નર સર ચાર્લ્સ ટ્રૅવિલિયને** એક મોતબર **મિનિત** ઘડી તે સામે **પ્રોટેસ્ત** કીધો હતો. આપણા દેશમાં થાપણ થોડી હોવાને લીધે આપણને મોગ્રી થાપણનું વ્યાજ આપવું પડેછે. આપણો દેશ ગરીબડો છે.

આપણા દેશમાં મજુરોના મુસારા ઘણા હલકા અને નાના હોયછૅ. આપણા દેશમાં મોટી કમાઈ કરનારાઓની સંખ્યા ઘણી હદવાલી હોયછૅ. આવાં આવાં જાસ્તી કારણોને લીધે આપણા દેશમાં તો એ કરની હસ્તી મુતલગ નહિ જૅાઇયે. જે વાંધા આ **ઇનકમ-તૅકસ** સામે લાગુ પડેછૅ તેમાંથી હિંયા લૅવાતો તેનો નાનો ભાઇ **લાઈસન્સ-તૅકસ** (ધંધા-રોજગાર ઉપરનો કર) ઘણે દરજ્જે મોકળો નહિ થઇ શકે. એટલામાટે આ 'લાઇસન્સ-તૅક્સ'ની હસ્તી પણ હિંયા જૅમ બને તૅમ જલદી બંધ થાય તૅા ઠીક.

જિન્નસ-વૅરા કાંતૅા **પ્રત્યક્ષ** હોયછૅ કે **પરોક્ષ** હોયછૅ. એની સમજણ દાખલા સાથે મૅં આગલ આપીછૅ, પરંતુ આ પ્રસંગે મારે એટલું જણાવવું જૅાઇયે કે ઘણાખરા 'જિન્નસ-વૅરા' **પરોક્ષ** હોયછૅ, અને એજ કારણને લીધે 'જિન્નસ-વૅરા'નો વિચાર કરતાં 'પરોક્ષ વૅરા'નો વિચાર આપણા મનમાં આવેછૅ. 'જિન્નસ-વૅરા' ત્રણ કિસમના હોયછૅ;—એકતૅા, 'દેશમાં ઉત્પન્ન થતી જિન્નસો ઉપર લૅવાતો વૅરો,' જેને ઇંગ્રેજીમાં **ઍક્સાઇસ** કરી કહેછૅ તે; **બીજોતૅા**, 'દેશમાં આવતા માલ ઉપર લૅવાતો વૅરો' જેને ઇંગ્રેજીમાં **કસ્તમ્સ** કરી કહેછૅ તે; અને **ત્રિજોતૅા**, 'દેશની અંદરને અંદર જે માલ એક જગ્યાથી બીજી જગ્યાપર આવજાવ કરે અથવા વેચાય તે ઉપર પડતો વૅરો' જેને ઇંગ્રેજીમાં **તોલ્ઝ ઍન્દ ત્રૅનઝિત દ્યુતીઝ** કરી કહેછૅ તે. આ દરેક કિસમના 'જિન્નસ-વૅરા'થી ઉત્પત્તિ-ખર્ચ વધવોજ જૅાઇયે. એક દેશમાં બીજે દેશથી આવતા કોઇપણ અસબાબ કે કાચી પૅદાસ ઉપર વૅરો લૅવામાં આવે તૅા તેથી તે અસબાબની બનાવેલી જિન્નસોની તે દેશથી થતી નિકાસ ઉપર કેવી અસર થાય તેનો કોઇપણ દાખલો અભ્યાસ કરવા યોગ્ય હોય તૅા તે **ગ્રેત બ્રિતનનો** છૅ. ૧૮૫૯ થી ૧૮૭૩ સુધીની 'ગ્રેત બ્રિતન'ની વાર્ષિક આયાત તથા નિકાસના અહેવાલની પ્રગત થાયલી ચૅાપડીમાં ઘણી લક્ષ-પાત્ર બીના આપણી નજરે પડેછૅ. ૧૮૩૧માં **રૂની આયાત** ઉપર 'ગ્રેત બ્રિતન'માં દર હંદરવેતે ૫) શિલિંગ, ૧૦) પૅન્સની જગાત લૅવાનું **શરૂ** થયું. ૧૮૪૫માં આ જગાત કહાડી નાખ્યામાં આવી, અને તે વર્ષમાં 'ગ્રેત બ્રિતન'થી **સુતરાઉ કાપડની થાયલી નિકાસ** ૧૮૩૧ થી ૧૮૪૪ સુધીનાં દર વર્ષમાં થાયલી નિકાસ સાથે સરખાવતાં **બેવડી**

કરતાં પણ વધારે હતી. પાછલથી વધતી વધતી ૧૮૯૦માં તે નિકાસ છ-ઘણી કરતાં પણ જાસ્તી, ૧૮૯૭માં **સાત-ઘણી**, અને ૧૮૭૨માં **આઠ-ઘણી** કરતાં પણ વધારે થઈ. આ ઉપરથી સાર માત્ર એટલો નિકળેછે કે કોઇપણ **અસબાબની** આયાત-જગાત નિકળી ગયાથી તે અસબાબની બનાવેલી જિન્નસોની નિકાસમાં વધારો થવાને ઉત્તેજન મળેછે.

ખપના સંબંધમાં વસ્તુઓ ત્રણ પ્રકારની છે તેનો ખોલાસો મેં આગલ આપ્યોછે. હવે એ માહેલી **જરૂરિયાતની વસ્તુઓ** ઉપર અથવા તે વસ્તુઓ ઉત્પન્ન કરવામાં કામે લાગતા **અસબાબ** ઉપર જે 'વૅરા' લૅવામાં આવે તે કઢંગા અને વાંધાભરેલા ગણાય, પરંતુ **મૉજ-મઝાની વસ્તુઓ** ઉપર પડતા 'કર' પસંદ કરવા યોગ્ય કહેવાય. જે 'મૉજમઝાની ચીજો' ફકત **બડાઇ** અને **ફિશિયારીને** ખાતર **તવંગર** લોકો પોતાના ખપમાં લૅછે તે પર જે વૅરા લૅવામાં આવે તે ઘણા **વાજબી અને પસંદ કરવા લાયક** ગણાય. **શાહાદી-રામશની** અને એવી કિસમની બીજી ખુશ-ખુશાળીનાં **જમનો** ઉપર જો 'કર' નાખવામાં આવે તો, **અર્થશાસ્ત્રના** કાનુનો મુજબ, તે 'કર' ઘણો **સુતરો, ફાયદા-કારક, અને પસંદ કરવા યોગ્ય** કહેવાય. નકામી બડાઈ, ફિશિયારી, તથા મૉજમઝાને ખાતરજ વપરાતી જિન્નસો ઉપર પડતો કર સારો ગણવાનું કારણ એ છે કે તે એવા આસામીઓ પાસેથી લૅવામાં આવે કે જેઓની સઘળી ઉપજ 'જરૂરિયાતની વસ્તુઓ' પાછલ નહિ ખર્ચાતી હોય, અને વળી જે વસ્તુઓ ઉપર તેનો મોટો ભાગ ખર્ચાતો હોય તે વસ્તુઓનો આવા 'વૅરા'ને લીધે ખપ ઓછો થઇ, દૉલતની ઉત્પત્તિના બાબમાં કઇ ફાયદોજ નિપજે. **મો. સિસમૉંદિનાં** કહેવા પ્રમાણે આ 'વૅરો' "સરકારનું એવી કિસમનું મેહેસુલ ગણાય કે જેથી 'દ્રવ્યોત્પત્તિ'ના બાબમાં કોઇને પણ નુકસાન નહિ થાય."

જિન્નસ-વૅરાના સંબંધમાં અર્થશાસ્ત્રના જે સાત નિયમો ધ્યાનરાખવા જોગ છૅ તે નિચે પ્રમાણે છે;—

(૧) નકામી બડાઇ કે મોટાઇને ખાતર વપરાતી જિન્નસો, મુખ્યકરી, 'કિમતી ઝવેરાત,' 'ઘરેણાં,' ઇત્યાદિ, ઉપર નાખેલો 'વૅરો' ઘણો ગુણકારો કહેવાય.

(૨) દરેક રાજ્યમાં સરકારે બનતાં સુધી ઘણીજ થોડી વસ્તુઓ ઉપર 'વેરો' નાખવો જોઇયે.

(૩) કોઇપણ 'વેરો' એવો મોટો નહિ હોવો જોઇયે કે જેમાંથી છટકી જવાને કોઇપણ યત્ન કરે.

(૪) 'દારૂ' તથા એવીજ બીજી 'કુફ્રની વસ્તુઓ' ઉપર 'વેરો' લીધેલો સારો ગણાય.

(૫) 'જરૂરિયાતની વસ્તુઓ' ઉપર ઘણુંકરી 'વેરો' જોઇયેજ નહિ, પરંતુ જ્યારે તેમાંથી સરકારને મોટું મેહેસુલ મળી શકે, (જેમકે આપણી સરકારને 'નીમક'માંથી મળેછે) ત્યારે તે 'વેરો' એટલો હલકો હોવો જોઇયે, કે તે કોઇને ભારી નહિ પડે.

(૬) એક દેશમાં આયાત થતી જિન્નસો ઉપરજ 'કર' નાખવો, એટલે, બનતાં સુધી એક દેશની નિકાસ ઉપર 'વેરો' નહિ લેવો. પરંતુ, જ્યારે ચોક્કસ નિકાસ થતી જિન્નસો સરકારને એક મોટું મેહેસુલ ઉપજાવી કહાડવાનું સાધન હોય, ત્યારે તેઓ માહેલી જે ચીજોને બાહારગામનાં બજારમાં બીજા દેશોની તેવીજ પેદાસ સાથે હરીફાઇમાં ઉતરવું નહિ પડતું હોય, તેઓ ઉપર 'વેરો' નાખેલો વાંધાભરેલો નહિ ગણાય. આગલાં ભાષણમાં વિગતવાર કારણો સાથે સમજાવ્યા મુજબ, આપણા દેશથી નિકાસ થતી ત્રણ જિન્નસો—ગલી, **અફીમ,** અને **ચોખા** ઉપર નાખેલો **વેરો** વાંધાભરેલો નહિ કહેવાય, તેમજ **ચાહ** અને **રૂ**ની નિકાસ ઉપર **વેરો** લેવો નહિ જોઇયે. આ બે જિન્નસોની નિકાસ ઉપર વેરો લેવામાં આવતોજ નથી—એ સંતોષકારક બીના આપણા રાજ્ય-કર્તાઓ 'અર્થશાસ્ત્ર'ના કાનુનોને કેવું માન આપેછે તેની ગવાહી તરીકે નોંધી શકાય.

(૭) બનતાં સુધી સરકારે જિન્નસોના ઉપયોગ-કરનારાઓ પાસેથી, તે જિન્નસો બનાવનારની મારફતે આડકતરી રીતે નહિ, પણ પાધરો 'પ્રત્યક્ષ વેરો' લેવો, કારણકે, માલ-ઉત્પાદકોને માથે પ્રથમ 'વેરો' પડયાથી, વારંવાર બનેછે તેમ, માલ-વાપરનાર પાસેથી તે વેરો મજરે લેતાં, તેઓ તે માલનો ભાવ અતિ-ઘણો વધારી મેળેછે, અને પોતે જેટલો 'વેરો' સરકારને આપેછે તે કરતાં વધારે માલ-વાપરનાર પાસેથી તેઓ લેછે.

ઇંગ્રેજીમાં જેને **લૉ-ટૅક્સિસ** કરી કહેછે અને જે ઘણુંકરી 'ઇન-સાફ-અદાલતની ફી'નાં રૂપમાં હસ્તી ભોગવેછે તે **અર્થશાસ્ત્ર** પ્રમાણે ઘણા ખરાબ અને કઢંગા ગણાય, કારણકે, દાદ-શોધનાર ઉપર લાગુ પડયાથી તે ગોયા દુઃખ પર ડાહામ સરખા થઈ પડેછે. **સાટાં** ઈઆને **કબાલા** ઉપર પણ 'કર' પડેછે. 'સ્થાવર મિલકતનાં ખત' એક નામ ઉપરથી બીજાં નામ પર ફેરવી આપવા ઉપર પડતો 'કર' ઘણો અગત્યનો **સાટાં-વૅરો** ગણાયછે. **વહેવાર-વૅરા**નાં મથાળાં તળે 'ટપાલ-વૅરો' તેમજ 'વર્તમાન-પત્ર પર પડતો વૅરો' આવે. વર્તમાન-પત્રને બનતાં સુધી સરકારે સઘળી સગવડ કરી આપવી જોઇયે, અને તે પર 'વૅરો' લેવો પસંદ કરવા જોગ નથી.

એક દેશમાં **સામાન્ય સરકારી કરો** ઉપરાંત બીજા ચૉકસ કરો હોયછે જેને **લોકલ** અથવા **મ્યુનિસિપલ ટૅક્સિસ** કહેછે. 'રસતા કે પૂલ બાંધવા' ઉપર, 'મોહોલાઓની ગલીચી દુર કરવા' ઉપર, 'મોહોલાઓમાં રોશની તથા પરસબંદી કરવા' ઉપર, 'રસતા પર પાણી સિંપવા' માટે તથા 'રસતા સાફ કરવા' ઉપર, 'હલાલખોરના મુસારા આપવા' કાજે, 'ગટર બાંધવા' પાછલ અને એવાં બીજા 'શેહેર-સુધરાઇનાં કામો' ઉપર લાગતા ખર્ચ ઉપજાવી કહાડવા માટે જે કરો લેવામાં આવેછે તેને **મ્યુનિસિપલ ટૅક્સિસ** કહેછે. જ્યાં સુધી એક શેહેરના દરેક લટાને એકસરખો ફાયદો થાય ત્યાં સુધી સઘળાઓએ આ 'કરો' કઇપણ ફરિયાદ વગર આપવા જોઇયે.

જે દેશને કઇપણ કરજ નહિ હોતું અને જ્યાં કર ઘણા થોડા હોયછે તે દેશનું ભવિષ્ય સારૂં નિવડે, પરંતુ જે દેશને મોટું કરજ હોય તેનું ભવિષ્ય સિહા હોવું જોઇયે—એવું અનુમાન કરવું વાજબી ગણાય. એટલામાટે આ ભાષણનું સેવત આણતાં મારે એટલી દોઆ ગુજારવીછે કે આપણા દેશની તેમજ ઇંગ્લંદની સરકારી તીજોરીમાંથી લખલુટ ખર્ચ થવાની જે ફરિયાદ વારંવાર ઉઠેછે તે ફરિયાદને હવેપછી કઇપણ કારણ નહિ મળે, ઇંગ્લંદની માફક આપણા દેશની તીજોરી પણ આબાદ થાય, પ્રમાણિકપણું, દહાપણ, રાસ્તી, અને બીજા સદગુણો ઍખત્યાર કરી બન્ને દેશના લોક 'અર્થશાસ્ત્ર' પ્રમાણે અવિવેકી, નુકસાનકારક, અયોગ્ય,

અનુત્પાદક ખર્ચ કરતા અટકે, આપણા 'ભરતખંડ'માં દૉલતની એવી રેળછેળ થાય કે તેને માથે ૧1) અબજ રૂપિયા ઉપરનું જે મોટું દેવું છે તે ફીટી જાય, વિવેકી, ગુણકારો, યોગ્ય, દ્રવ્યોત્પાદક ખર્ચ વધી આપણી હિંદ-ભૂમીની જાહો-જલાલીમાં ઉમેરો થાય, અને આપણા દેશના કરો દિન પર દિન એટલા તો કમતર થતા જાય કે થોડા વખ્તમાં તેઓની હસ્તી પણ આપણને ગોયા માલમ નહિ પડે.

આ હિંદ-ભૂમીનો કોઇપણ ખરો બેટો એવો નહિ હશે કે જે ઉપલી દોઆમાં પોતાનાં ખરાં અંતઃકરણથી સામેળ નહિ થાય, જે પોતાના દેશનાં દ્રવ્યમાં વધારો થાયલો જોવાને ખંતી નહિ હોય, જે પોતાના દેશની આબાદાની અને મોટાઇની ઇંતેજારીથી રાહ જોતો નહિ હોય, અને જે પોતાને, પોતાના સ્વદેશી ભાઇઓને, અને પોતાના રાજ્ય-કર્તાઓને સુખી જોવાને ઇચ્છતો નહિ હોય. કોણ ખરો ઇંગ્રેજ-બચ્ચો એવો હશે કે જે ઉપલો મામલો જોવાને આતુર નહિ હોય, જે આ શાહાનશાહાતની જાહોજલાલી અને કિર્તીમાં પોતાના દેશની જાહોજલાલી અને કિર્તીનો વધારો સમજતો નહિ હોય, જે હિંદુસ્થાનના લાભ સાથે ઇંગ્લંદનો લાભ ઘણા અટલગના સંબંધથી જોડાયલો નહિ ગણે, અને જે સ્વાર્થ સાથે પરોપકાર ભેગો રાખવામાં પોતાની ફરજ સમજતો નહિ હોય!

સમાપ્ત.

સૉના પ્રત્યે રૂપાંની કિમતમાં થાયલા ઘટાડાનાં કારણો, તે ઘટાડાથી વૅપાર તૅમજ હિંદુસ્થાનની સરકારના આબમાં થતી અસર, અને તે અસર દુર કરવાના ઉપાયો, ઈત્યાદિ, વિષે 'જ્ઞાન પ્રસારક મંડળી'માં તા૦ ૨૭ માર્ચ ૧૮૮૦ને દિને કીધેલું

ભાષણ.

સાહેબો,

ખુદરતનો ખેલ કેવો અજાયબ જેવો છૅ! કાળનાં ફરતાં ચક્ર સાથ કેવા વિચિત્ર બનાવો બનેછૅ, કેવા મહાભારત ફેરફારો થાયછૅ! એક જમાનો એક ચિત્ર આપણી હજુર ધરેછૅ તૉ બીજા જમાનામાં તેથી કેવળ જુદોજ હિગામ આપણી નજરે પડેછૅ. એક વખ્ત એવો હતો કે જયારે જેઓ રૂપાંનાં ઘરેણાં પેહેરતાં તેઓ તવંગર ગણાતાં. હાલ મુફલેસમાં મુફલેસ રૂપાંનાં ઘરેણાં પેહેરેછૅ. એક વખ્ત એવો હતો કે જયારે રૂપાંનાં વાસણ અને રૂપાંનાં કાંટા ચમચા વાપરવામાં મોટી ઉકમાઇ ગણાતી હતી. હાલ કોઇ ભળતો પણ રૂપાંનાં કાંટા ચમચા વાપરેછૅ. શૅર સત્તાના દુઃખદાયક ભોપાલાં જયારથી બાહેર પડયાં ત્યારથી આપણા વૅપારમાં પૅવસ થાયલી ખરાબી આજ દોહોડ દાયકો થયો નિકળતી નથી. 'ફ્રાન્સ' અને 'જરમનિ' વચે લડાઇ ઉઠી ત્યારથી 'યુરપ'નો વૅપાર જે પડતો ચાલ્યો છૅ તે એક દાયકો થવા છતાં સુધરતો નથી. વારંવાર હુંડિયામણ શિરસ્તાથી વેગળું જાયછૅ તથા ખરાબ થાયછૅ, તૅમજ આપણી સરકારને મોટું નુકસાન આવેછૅ— એવી ફરિયાદો આપણા કાન પર આવ્યા કરેછૅ. એ સઘળી બીનાઓ થોડે કે ઘણે દરજજે એક મહાભારત બનાવ પર આપણું ધ્યાન ખેંચેછૅ, કે જે મહાભારત બનાવને લીધે બે ખાસ **કમિશનો** બેઠાં હતાં, જે

મહાભારત બનાવને લીધે હિંયાજ નહિ, ઇંગ્લંડમાંજ નહિ, પણ આખી સુધરેલી દુનિયામાં ભારે ધભરાટ અને ઉઠલ-પાઠલ થાયલી આપણુ જાણ્યે છીએ, જે મહાભારત બનાવને લીધે સભાઓ પર સભાઓ ભગાયલી, ભાષણો પર ભાષણો અપાયલાં, ચર્ચા પર ચર્ચા ચાલેલી, અને અરજીઓ પર અરજીઓ થાયલી આપણુને મશહુર છે, જે મહાભારત બનાવને લીધે આપણી સરકારને થતી મોટી ખોટ દુર કરવાના હેતુથી આપણા દેશમાં ચાલતો **કિમતનો મેળ** બદલવાની વર્તમાન-પત્રો અને ચૅાપાનિયાંઓમાંજ નહિ પણ **પારલામૅન્તમાં** વટિક સૂચના થાયલી આપણુને ખબર છે, અને જે મહાભારત બનાવને લીધે એશિયાના મુલકો **હિંદુસ્થાન** અને **જેપાન**-થીજ નહિ, ફ્રાન્સના મુખ્ય મથકો **પૅરીસ, બોરદો, મારસેલ્સ**, તથા **શૅરબુર્ગ**થીજ નહિ, **યુરપનાં બીજાં રાજ્યોથી**જ નહિ, અમૅરિકામાં **યુનાઈતેદ સ્તેત્સ, ચીલિ, બોલીવિયા,** અને **પીરૂ**થીજ નહિ, પણ છેક **આફ્રિકાના આલજીરીઆ** મુલકમાંથી પણ ઇંગ્લંદના પ્રદેશ-ખાતાંના વજીરને રૂપાંની ઉત્પત્તિ તથા વેંહેંચણી, આયાત તથા નિકાસ, તેમજ રૂપાંનું ચલન અને તેને લગતા ધારાઓની જાણવા યોગ્ય, બારીક, વિગત-વાર, મળી શકે એટલી હકીકત મેળવવાની ફરજ પડી હતી. એ બનાવ શો છે? એ બનાવ ૧૮૭૨ના નવૅમ્બર માસથી 'સોના પ્રત્યે રૂપાંની કિમતમાં થાયલો ઘટાડો'છે. ત્યારે રૂપાંની **કિમત** એટલે શું? રૂપાંનો **ભાવ**? ના, નહિ. **ભાવ** અને **કિમત** વચ્ચે ફેર છે. તે ફેર શો છે? **ભાવ** એટલે એક ચીજના બદલામાં જેટલા પૈસા આવે તે. **કિમત** ઇઆને **મૂલ** એટલે એક ચીજની બીજી ચીજ ખરીદવાની શક્તિ, એટલેજે, એક ચીજના બદલામાં બીજી ચીજ જેટલી મળે તે. દાખલા તરીકે, આ ચસમાનું ઘર લઇએ. એનો **ભાવ ત્રણ રૂપિયા** કે **ચાર** રૂપિયા કહેવાય, પરંતુ એને બદલે તમારામાંથી કોઇ મને ૧૦) કે ૧૫) રૂપિયાના અવેજનું એક **ઘડિયાળ** કે તેટલા અવેજની એક **સૅાનાની પૅનસિલ** આપો તો પેલું **ઘડિયાળ** અથવા **પૅનસિલ** ચસમાનાં ઘરનું **મૂલ** ઇયાને **કિમત** કહેવાય. એજ પ્રમાણે રૂપાંનો ભાવ તે તોલે ૧) રૂપિયો એમ કરી કહેવાય. પણ હવે એક તોલા રૂપાંમાં ૯) સેર ખાંડ આવે કે ૪) સેર ઘી આવે તો પેલી ૯) સેર ખાંડ કે ૪) સેર ઘી પેલા એક તોલા રૂપાંની કિમત ગણાય. રૂપાંની

કે હરકોઇ બીજી ચીજની કિંમત તેની છત અને ખપનાં પ્રમાણ પર આધાર રાખેછે. સૅાનાની માફક રૂપાંનો ખપ ઇઆને ઉપયોગ પણ બે પ્રકારનો છે. એકતો, ઘરેણાં તથા વાસણો વગેરે હુનરથી બીજી ચીજો બનાવવાનો ખપ; બીજો વધારે બોહોળો અને અગત્યનો ઉપયોગ પૈસા ઇઆને શિક્કા તરીકે રૂપાં-ચલનનો ખપ. જેમ બીજી ચીજોનું **મૂલ** ઇઆને **કિમત** વારંવાર બદલાયછે, તેમ સૅાના રૂપાંની કિમત વારંવાર બદલાતી નથી, અને એ કારણને લીધે, મુખ્યકરી તેઓને પૈસા અથવા શિક્કાનાં રૂપમાં **કિમતના મેળ** તરીકે વાપરવામાં આવેછે. ત્યારે **કિમતનો મેળ** એટલે શું? **કિમતનો મેળ** એટલે 'એવું સાધન કે જેમાં બીજી સઘળી ચીજોની કિમતનું માપ થાય, અને જેમાં કોઇપણ નાણાં-સંબંધી દાવો અદા થઇ શકે.' ત્યારે કોઈ એમ પુછશે કે ૧૮૭૨ના નવેંમ્બર માસથી રૂપાંની કિમતમાં જે ઘટાડો થયો તે આગમજ કોઈ પણ વખ્ત શું રૂપાંની કિમતમાં ફેરફાર થયો ન હતો? જવાબ તેનો એ છે કે આ ઘટાડો થયો તે આગમજની ચાર પાંચ સદીમાં ત્રણ ચાર વખ્ત રૂપાંની કિમતમાં મોટી વધઘટ થઇ હતી. એટલામાટે રૂપાંની આગલી તવારીખ આપણે તપાસીએ અને તે તવારીખ શું ચિત્ર આપણી હજુર ધરેછે તે જોઇએ.

૧૪ મી સદીની અધવચ સુધી ઇંગ્લંડમાં ૪) આઉંસ રૂપાંમાં, એટલે, ૨૦) શિલિંગ બદલે, ૧) કુઑર્તર ઘંઉ મળતો હતો, પરંતુ ઇંગ્લંડના ત્રિજા ઍડઉઅર્ડ રાજાને ગાદી ઉપર આવ્યાને પચીસમું વર્ષ બેઠું ત્યારથી તે રાણી ઇલિઝાબેથનાં રાજ્યની શરૂઆત સુધી ૨૦૦) વર્ષ કરતાં વધારે લાંબી મુદતના અરસામાં, ૧) કુઑર્તર ઘંઉ ૨૦) શિલિંગને બદલે ૧૦) શિલિંગમાં મળતો. હવે જેટલો અનાજ આગલ ૨૦) શિલિંગમાં મળતો હતો તેટલોજ આ અરસામાં ૧૦) શિલિંગ બદલે મળવા લાગ્યો— એ બીના પરથી અનુમાન એટલુંજ નિકળેછે કે ઉપલી ૨૦૦) વર્ષ કરતાં જાસ્તી મુદત સુધી 'અનાજ પ્રત્યે રૂપાંની કિમત', ઇઆને, બીજા બોલોમાં બોલીએ તો, 'અનાજ ખરીદવાની રૂપાંની શક્તિ' વધીને આગલ કરતાં બેવડી થઈ હતી. ઇંગ્લંડનો દાખલો છોડી દઈ, યુરપનાં બીજાં રાજયો-માં એ સમયે કેવો મામલો હતો તે તપાસીએ. **ફ્રાન્સ** આ બાબમાં

આપણું ધ્યાન પેહેલું ખેંચેછે. ૧૩ મી તથા ૧૪ મી સદીના ભાવ સાથે સરખાવતાં ૧૫ મી સદીની આખેરીએ તેમજ ૧૬ મી સદીની શરૂઆતમાં ફ્રાન્સમાં અનાજનો ભાવ ઘણોજ પડી ગયલો માલુમ પડેછે. 'અનાજ પ્રત્યે રૂપાંની કિંમત' આ પ્રમાણે ફક્ત 'ઇંગ્લંદ' અને 'ફ્રાન્સ'માં નહિ પણ 'યુરપ'ના ઘણાખરા દેશોમાં એ સમયે વધેલી હતી. આ કિંમતની વધનું કારણ શું? કારણ એ કે યુરપમાં તે વખ્તે ખેતીનો ખોહોળો ફેળાવો તેમજ રાજ્ય-સંબંધી સુધારો થવા લાગ્યો, અને તે સુધારાને અનુસરતો રૂપાંનો ખપ પણ વધવા માંડયો, પરંતુ રૂપાંની ઉત્પત્તિ કે છતમાં કઇપણ વધ થઈ નહિ હતી. કેટલાક જાણનારાઓ એમ કહેછે કે જુલિયસ સીઝરે 'ગ્રેત બ્રિતન' ઉપર ચઢાઇ કીધી ત્યારથી તે 'અમેરિકા'ની ખાણોની શોધ નિપજી ત્યાં સુધી રૂપાંની કિંમત ગળતીજ ગઈ હતી. ૧૨૦૨થી ૧૫૯૭ સુધીની ઘંઉના ભાવની ફ્લીતઉદે આપેલી ટીપ તપાસતાં એવી ગણત્રિ નિકળેછે કે ૧૩ મી સદીની શરૂઆતથી ૧૬ મી સદીની અધવચ સુધી ઘંઉનો દર ૧૨) વર્ષનો 'રાસ-ભાવ' ગળતોને ગળતોજ ગયો હતો.

૧૫૭૦ થી ૧૬૪૦ સુધી અનાજનો ભાવ વધતો ગયો. જેટલો અનાજ ૧૩૫૦ માં અને તેની આગમજ ૨૦) શિલિંગ બદલે મળતો હતો, અને જેટલો અનાજ ૧૩૫૨ થી તે ઇલિઝાબેથ રાણીનાં રાજ્યની શરૂઆત સુધી ૧૦) શિલિંગ બદલે મળતો હતો, તેટલોજ અનાજ ૧૫૯૫થી ૧૬૨૬ સુધીની ઈતન કાલેજની ખરીદીના હિસાબ ઉપરથી ૩૨) થી લગભગ ૪૦) શિલિંગે વેચાયલો જણાયછે. આ ઉપરથી એ સમયે 'અનાજ પ્રત્યે રૂપાંની કિંમત' અતિ-ઘણી ઘટેલી સિદ્ધ થાયછે. હવે આ ઘટાડો થવાનું કારણ શું? કારણ માત્ર એ કે યુરપમાં સુધારા અને ઉદ્યોગના વધારાને લીધે રૂપાંનો જેટલો ખપ વધ્યો તે કરતાં અમેરિકામાં પુષ્કલ ખાણોની શોધને લીધે યુરપમાં રૂપાંની છત અતિ-ઘણી વધી પડી. આ ઘટાડો કેટલેક દરજ્જે બીજા ચાર્લ્સ રાજાના વખ્તમાં પણ ચાલુ રહ્યો હતો, અને એ રાજાનાં રાજ્યમાં ઇંગ્લંદમાં ચાલતા રૂપાંના શિક્કામાં એટલી બધી મિશ્ર-મેળ થવા માંડી કે ધારાથી ઠરાવેલાં પ્રમાણ કરતાં સેંહેંકડે લગભગ ૨૫) ટકા ઓછું રૂપું શિક્કામાં વપરાતું.

૧૭ મી સદીની આખેરીથી રૂપાંની કિમત પાછી વધવા લાગી. **ઈતન ફ્રૉલેજના** હિસાબ ઉપરથી ૧૮મી સદીનાં પેહેલાં ૬૪) વર્ષનો અનાજનો 'રાસ-ભાવ' ૧૭ મી સદીનાં છેલાં ૬૪) વર્ષના 'રાસ-ભાવ' કરતાં સેંહેંકડે ૨૫) ટકા ઓછો માલમ પડેછે, જેથી રૂપાંની કિમત તેટલાં પ્રમાણમાં વધેલી કહેવાય. ૧૮ મી સદીમાં 'અનાજ પ્રત્યે રૂપાંની કિમત'માં આ વધ નિપજવા તથા ટકી રહેવાના શા સબબો હતા તેની ટુક નોધ લઇએ. ઇંગ્લંદ, હૉલંદ, ફ્રાન્સ, જરમનિ, સુઇદન, દૅનમાર્ક, રશિયા, વતરેગે યુરપના બીજા દેશોમાં ખેતી તેમજ હુનરથી ચીજો બનાવવાના ઉદ્યોગમાં ઘણો વધારો થતો ગયો, અને તે વધારા સાથે યુરપમાં રૂપાંના શિક્કા, ઘરેણાં, વાસણો, ઇત્યાદિના ખપનો પણ વધારો થયો. વળી 'ઇંગ્રેજી સંસ્થાનો,' 'પૂર્વ હિંદી બેટો' તેમજ 'અમેરિકા'માં રૂપાંની છતનાં પ્રમાણમાં ખપ નિકળતો ગયો. તવારીખના સફા ફેરવતાં આપણને જણાયછે કે ૧૬મી સદીમાં યુરપની પ્રજાઓમાં ફકત **પૉર્તુગલના લોકનો** પૂર્વ સાથે બરાબર વેપાર ચાલતો હતો, અને છેક તે સદીની આખેરીએ **વલંદા-લોક** 'પૂર્વ હિંદી બેટો' સાથે વેપાર કરવા લાગ્યા. ૧૭મી સદીના મોટા ભાગ સુધી પૂર્વનો વેપાર મુખ્યકરી આ બે પ્રજાઓ વચે વેંહેંચાઇ ગયલો કહેવાય, જોકિ **ઇંગ્રેજ અને ફ્રેન્ચ લોકના 'હિંદુસ્થાન'** સાથના વેપારની શરૂઆત પણ એજ સદીમાં થઇ હતી. પરંતુ ૧૮મી સદીમાં 'ઇંગ્રેજ' અને 'ફ્રેન્ચ' લોકનો પૂર્વ સાથનો વેપાર ઘણો વધી પડયો, **'રશિયા'**ની આગલી રાજ્યધાની મૉસ્કોનો 'ચીન' સાથે વેપાર શરૂ થયો, અને **સુઈદન** તથા **દેનમાર્ક** 'પૂર્વ હિંદી બેટો' સાથે વેપાર ચલાવવા લાગ્યા. વળી એજ સદીમાં **અમેરિકાનો** પૂર્વ સાથનો પાધરો વેપાર રફતે રફતે વધતો ગયો. આવા સબબોથી છતની વધનાં પ્રમાણમાં રૂપાંનો ખપ પણ વધે તેમાં નવાઇ શી! **અનાજ પ્રત્યે રૂપાંની કિમતની** ૧૪થી ૧૮મી સદી સુધીની ટુક હકીકત આપ્યા બાદ, હવે **સૉના પ્રત્યે રૂપાંની કિમતની** ટુક નોધ લઇએ. 'અમેરિકા'માં રૂપાંની ખાણોની શોધ થઇ તે આગમજ યુરપના જુદા જુદા દેશોમાં ૧૦)થી ૧૨) આઉંસ રૂપાંમાં ૧) આઉંસ સૉનુ મળતું. ૧૭મી સદીમાં તેમાં ફેરફાર થયો, અને ૧૪)થી ૧૫) આઉંસ રૂપાંના બદલામાં ૧) આઉંસ સૉનું મળવા લાગ્યું, એટલે,

'સૉનુ ખરીદવાની રૂપાંની શક્તિ' ઇઆને 'સૉના પ્રત્યે રૂપાંની કિમત' ઘટી. આ ઘટાડાનું કારણ શું? કારણ એજ કે, સૉનાની ખાણો કરતાં રૂપાંની ખાણો વધારે ફળદ્રુપ નિકળી, અને રૂપાંની ઉત્પત્તિ સૉનાની ઉત્પત્તિનાં પ્રમાણમાં અતિ-ઘણી વધી પડી. ૧૮ મી સદીમાં ચીનમાં ૧૨) આઉંસ રૂપાં બદલે ૧) આઉંસ સૉનુ મળતું હતું, પરંતુ કલકતામાં ૧) આઉંસ સૉનુ મેળવવા ૧૫) આઉંસ રૂપું આપવું પડતું. ૧૮૧૬માં ઇંગ્લંદમાં સૉના-રૂપાંના બેવડા મેળને બદલે સૉનાનો એકવડો મેળ દાખળ કરવામાં આવ્યો, અને થોડું પછી પૉર્તુગલમાં પણ તેમજ થયું, જેથી એ બે દેશોમાં રૂપાંનો ખપ ઘણો ઓછો થયો. એટલું છતાં આ ૧૯ મી સદીમાં ૧૮૭૨ આગમજ 'સૉના પ્રત્યે રૂપાંની કિમત'માં ઘણો ઘટાડો થયો ન હતો, પણ કોઇ વેળાય ૧૫ા) આઉંસ તો કોઇ વેળાય તેથી ઓછું અને કોઇ વેળાય તેથી સેહેજ વધારે રૂપું ૧) આઉંસ સૉના બરાબર ગણાતું—એમ 'રૂપાંની કિમતમાં થાયલી ગળતર'ની તપાસ કરવા માટે ઠરાવેલી આમની સભાની ખાસ કમિતિ આગલ રજુ કરેલાં પ્રમાણ ઉપરથી માલમ પડેછે. ત્યારે સવાલ ઉઠેછે તે એ કે ૧૮૭૨માં રૂપાંની કિમત જેટલી પડી તેટલી 'ઇંગ્લંદ' અને 'પૉર્તુગલ'માંથી રૂપાંનો મેળ નિકળી ગયો તે સમયે કે ત્યારપછી થોડુંકમાં કેમ નહિ પડી? એનો જવાબ નિચલી વિગતો ઉપરથી કેટલે દરજ્જે મળેછે, પરંતુ ટુકમાં તે એમ અપાય કે જેમ જેમ ઇંગ્લંદ અને પૉર્તુગલમાં રૂપાંનો ખપ કોટા થતો ગયો તેમ તેમ તેની ઉત્પત્તિમાં કઇપણ વધારો થયા વિના બીજે ઠેકાણે તેનો ખપ રફતે રફતે વધતો ગયો. વળી પાછલથી રૂપાંના ખપની વધ સાથે સૉનાની ઉત્પત્તિ થોડીક મુદ્દત સુધી વધી પડી હતી. ૧૮૪૬માં રશિયામાં સૉનાની શોધ થઇ. ૧૮૪૯માં કૅલિફૉર્નિયાનું સૉનુ પેહેલ-વેહેલું ઇંગ્લંદ આવ્યું. ૧૮૫૧માં ઑસ્ટ્રેલિયામાં સૉનાની શોધ નિપજી. ૧૮૫૨ થી ૧૮૬૧ સુધી સૉનાની ઉત્પત્તિ વધતીજ ગઇ, અને 'અમૅરિકા' તેમજ 'ઑસ્ટ્રેલિયા'થી જઠાબંધ સૉનુ યુરપમાં આવવા માંડયું. આ સબબોને લીધે 'રૂપાં પ્રત્યે સૉનાની કિમત' એટલી બધી ઘટવા લાગી કે તે સમયે હૉલંદે 'રૂપાંનો એકવડો મેળ' દાખળ કર્યો. 'સૉનાનો ખપ હિંદુસ્થાનમાં નિકળવાથી સૉનાની ગળતરનો અટકાવ થશે'—એવું કારણ

જણાવી **સર ચાર્લ્સ ટ્રૅવિલિયને** પોતાના ૧૮૬૪ના મેહેસુલ-સંબંધી રિપૉર્તમાં એવી સૂચના કીધી હતી કે હિંદુસ્થાનમાં સૉના-ચલન દાખલ કરવું. સૉનાની છતમાં થાયલા વધારા અને કિંમતમાં થાયલા ઘટાડાનું **ફ્રાન્સ**માં જે પરિણામ નિપજ્યું હતું તે એ કે ૧૮૫૧થી ૧૮૬૭ સુધી ૧૭) વર્ષમાં ત્યાં જ્યારે ૮) કરોડ રૂપિયાથી પણ ઓછા અવેજના રૂપાંના શિક્કા પાડયામાં આવ્યા, ત્યારે સૉનાના શિક્કા ૨) અબજ, ૩૨) કરોડ રૂપિયાથી જાસ્તી અવેજના થવા ગયા. બીજા હાથ ઉપર, ૧૮૫૧ પછી પૂર્વ તરફ રૂપાંનો ખપ જાગ્યો. ખાસ સબબોને લીધે મુખ્યકરી 'હિંદુસ્થાન'માં ઘણુંજ રૂપું આવવા લાગ્યું. આ સબબો નિચે મુજબ છે;—

(૧.) ૧૮૫૫માં 'યુરપ'માં સર્વ ઠેકાણે રેસમનો પાક બગડી ગયો, જેથી તે પૅદાસનો, ઘણાં વર્ષ સુધી, 'ચીન,' 'જેપાન', અને 'હિંદુસ્થાન' ખાતે ખપ જાગ્યો, અને **મી૰ રૉલૅન્દ હૅમિલતન**નાં કહેવા પ્રમાણે આ ખપને લીધે કેટલુંક સુધી દર વર્ષે ત્રણે દેશ મળી ૮)થી ૧૦) કરોડ રૂપિયાનું રેસમ 'યુરપ' જતું.

(૨.) ૧૮૫૬માં **ક્રિમિયાની મહાભારત** લડાઈ જેમાં તર્કિની તરફથી ઇંગ્લંદે અને **ફ્રાન્સે** સાથે મળી રશિયાને હરાવ્યો તે ઉઠી, અને તેને લીધે આગલ જે પૅદાસ 'ઇંગ્લંદ' તેમજ યુરપના બીજા દેશોમાં 'રશિયા'થી જતી હતી તે 'હિંદુસ્થાન'થી જવા લાગી.

(૩.) ૧૮૫૭માં હિંદુસ્થનમાંજે મોટો બળવો ઉઠયો તે બૅસાડી દેવા નાણાંની મોટી રકમ બાહેરથી હિંયા લાવવી પડી.

(૪.) ૧૮૬૧માં **અમૅરિકાની** લડાઈને લીધે ત્યાંથી ઇંગ્લંદ જતો 'રૂ' બંધ પડયો, અને 'રૂ'નો વૅપાર હિંદુસ્થાનના એકલા હાથે આવ્યો, જેથી 'રૂ'ના ભાવ વધી ગયા, અને હિંદુસ્થાનમાં રૂપાંની મોટી નગડી ઘસડાઇ આવી.

(૫.) 'નેહેરો' અને 'સડકના રસતા' બાંધવા પાછલ તથા 'બંગાલના દુકાળ'ની પીડા ટાલવા કાજે બૅઠેલા ખર્ચ માટે મોટી રકમ હિંદુસ્થાનમાં લાવવી પડી હતી.

વળી ૧૮૬૫માં જ્યારે ફ્રાન્સનો શાહાનશાહ **ત્રિજો નેપોલિયન** ઘણીજ ચહડતી દશાએ પોહોચ્યો હતો, ત્યારે 'ફ્રાન્સ', 'ઇતલિ', 'બૅલજિયમ',

અને 'સુઇતઝરલૅન્દ'નું એક **પ્રજા-મંડળ** ઉભું થયું હતું, જે **લૅતિન યુનિયનને** નામે ઓળખાયછે. આ 'યુનિયન'માં ૧૮૬૮નાં વર્ષમાં 'ગ્રીસ' સામેળ થયું. આ પાંચ રાજ્યોમાં, આગલો રેવાજ ચાલુ રાખવાના કરાર મુજબ, **સૉના તેમજ રૂપાંનો બેવડો** મેળ ચાલેછે, અને 'સૉના પ્રત્યે રૂપાંની કિમત' નિયમીત થાયલી છે. ૧૮૭૪ સુધી એ રાજ્યોમાં રૂપાંના શિક્કા પાડવાની હદ બાંધેલી નહિ હતી. ૧૮૭૨ સુધી 'ઇંગ્લંદ' અને 'પૉર્તુગલ' શિવાય આખી સુધરેલી દુનિયામાં કેટલેક ઠેકાણે 'સૉના તેમજ રૂપાંનો બેવડો', તો કેટલેક ઠેકાણે 'ફકત રૂપાંનો મેળ' ચાલતો હતો. આવા આવા સબબોને લીધે ૧૮૭૨ની આગમજ ૨૨) વર્ષ સુધી લંદનનાં બજારમાં કોઇ પણ વેળાય ૧) આઉંસ રૂપાંનો ભાવ ૬૦) પૅન્સ-થી ઓછો થયો ન હતો. ૧૮૫૯માં ૧) આઉંસ રૂપાંનો ભાવ લંદનનાં બજારમાં ૬૨।।।) પૅન્સ હતો તે ઉપરથી ઘટીને ૧૮૭૩માં ૫૮) પૅન્સની અંદર, અને એ પ્રમાણે ઓસરતાં ઓસરતાં ૧૮૭૬માં છેક ૪૬) પૅન્સ ઉપર તે આવી ગયો. આવા ચાલુ અસાધારણ ઘટાડાનાં કારણો શાં? આ ખાસ કારણોની તપાસ કર્યા આગમજ 'અર્થશાસ્ત્ર'ના કાનુનો પ્રમાણે રૂપાંની કિમતમાં વધઘટ ક્યારે ઇઆને શાં કારણોથી થાય તે જોઇએ.

જે કારણોથી રૂપાંની કિમત વધે તે નિચે પ્રમાણે છે;—

(૧) રૂપાંની છત જેટલીને તેટલી રહે પણ ખપ વધે.

(૨) રૂપાંનો ખપ જેટલોને તેટલો રહે પણ છત ઘટે.

(૩) રૂપાંના ખપ સાથે છત પણ વધે, પરંતુ છત કરતાં ખપ અતિ-ઘણો વધારે નિકળે.

(૪) રૂપાંની છત ઘટે પણ ખપ વધે.

આ છેલાં કારણથી રૂપાંની કિમત અતિ-ઘણી વધે.

નિચે આપેલા ચાર સબબોથી રૂપાંની કિમત ઘટે;—

(૧) રૂપાંની છત જેટલીને તેટલી રહે પણ ખપ ઘટે.

(૨) રૂપાંનો ખપ જેટલોને તેટલો રહે પણ છત વધે.

(૩) રૂપાંની છત સાથે ખપ પણ વધે, પરંતુ ખપના વધારા કરતાં છતનો વધારો ઘણો જાસ્તી હોય.

(૪) રૂપાંની છત વધે પણ ખપ ઘટે.

આ છેલાં કારણથી રૂપાંની કિંમતમાં અતિ-ઘણો ઘટાડો થાય.

હવે ૧૮૭૨થી 'સૉના પ્રત્યે રૂપાંની કિંમત'માં જે અસાધારણ ઘટાડો થવા માંડયો, ઇઆને, 'સૉનુ ખરીદવાની રૂપાંની શક્તિ' અતિ-ઘણી ઓટા થતી ગઈ, તે 'સૉનાની છતના ઘટાડા અને ખપના વધારા'ની સરોભર 'રૂપાંની છતમાં થતા ભારે વધારા અને ખપના ભારે ઘટાડા'ને લીધે હતી. પરંતુ આવો બનાવ કૅમ બન્યો તે આપણે જોઇએ. 'ફ્રાન્સ' અને 'જરમનિ' વચ્ચે ઉઠેલી છેલી લડાઇનું સેવત લાવતાં 'જરમનિ'એ 'ફ્રાન્સ' ઉપર ૨) અબજ, અને ૨૦) કરોડ રૂપિયાના અવેજનો મોટો દંડ નાખ્યો હતો. આ દંડ ૧૮૭૧ની આખેરીએ 'ફ્રાન્સે' 'જરમનિ'ને સૉનામાં પગાર કરવાનું શરૂ કીધું. આ જોગવાઇનો લાભ લઇ 'જરમનિ'એ ૧૮૭૨માં પોતાનો 'રૂપાંનો મેળ' કહાડી નાખી તેને બદલે 'સૉનાનો મેળ' દાખળ કીધો. આ બનાવને લીધે રૂપાંનો મોટો જોઠો 'જરમનિ'માં નકામો થઇ પડયો, અને ૧૮૭૨થી ૧૮૭૭ સુધી ૬) વર્ષમાં ૨૩) કરોડ રૂપિયાના અવેજનું **જરમન રૂપું** ફકત 'ગ્રેત બ્રિતન'માં જઈ પડયું. એજ અરસામાં 'જરમનિ'થી બીજા દેશો ખાતે ૭) કરોડ રૂપિયાનાં રૂપાંની નિકાસ થઇ હતી. એ મુજબ ૬) વર્ષમાં ૨૩) અને ૭) મળી ૩૦) કરોડ રૂપિયાની, એટલે, રાસ કહાડતાં વર્ષે દહાડે ૫) કરોડ રૂપિયાના અવેજની રૂપાંની ખુદરતી ઉત્પત્તિ વધ્યાથી જેવી અસર રૂપાંની કિંમત ઉપર થાય તેવીજ અસર રૂપાંની છતમાં થાયલા આ વધારાથી નિપજી, ઇઆને, સૉનુ ખરીદવાની રૂપાંની શક્તિ ઘટી ગઇ. વળી ૧૮૬૧માં સૉનાની ખુદરતી પૅદાસ લગભગ ૨૫ાા) કરોડ રૂપિયાની હતી, તે ઘટીને ૧૮૭૨માં ૨૨ા) કરોડની થઇ, અને તે સાથે 'જરમનિ'માં સૉનાનો ખપ વધ્યો, ત્યારે, બીજા હાથ ઉપર, રૂપાંની પૅદાસ ૮ા) કરોડ ઉપરથી વધીને ૧૮૭૨માં ૧૪) કરોડની થઇ, એટલે, રૂપાંની પૅદાસ ૨૧) વર્ષમાં સેંહેંકડે લગભગ ૭૫) ટકા વધી ગઇ, અને તે સમ્યે 'જરમનિ'માં તેનો ખપ ઘણો ઓછો થયો. પણ હિંયાજ ખરાબી અટકી નહિ. 'દૅનમાર્ક,' 'નૉરવેએ,' અને 'સુઇદને' 'જરમનિ'નાં પગલાં ઉપર ચાલી ૧૮૭૩માં પોતાનો 'રૂપાંનો મેળ' રદ કીધો અને તેને બદલે 'સૉનાનો મેળ' ચાલુ કીધો. આ

પ્રમાણે સૉનાનો ખપ વધતોજ ગયો અને રૂપાંનો ખપ ઘટતોજ ચાલ્યો. વળી 'અમૅરિકા'માં 'બેવડો મેળ' ચાલતો હતો ત્યાં પણ ૧૮૭૩માં 'સૉનાનો એકવડો મેળ' દાખળ થયો, જેથી રૂપાંનો ખપ વધારે ઓછો થયો અને સૉનાનો ખપ આગલ કરતાં જાસ્તી નિકળ્યો. 'લૅતિન યુનિયન'વાલાં પાંચ રાજ્યો—'ફ્રાન્સ,' 'ઇતલિ,' બૅલજિયમ,' 'સુઇતઝરલૅન્દ,' અને 'ગ્રીસ'માં સૉનાની માફક રૂપાંના શિક્કા પાડવાની કદપણ હદ બાંધેલી નહિ હતી તેમાં ૧૮૭૪નાં વર્ષમાં રૂપાંના શિક્કા પાડવાની હદ બાંધવામાં આવી, જેથી રૂપાંના ખપમાં વધારે ઘટાડો થયો. વળી 'યુરપ'માં રૂપાંનું મુખ્ય બજાર **લંદન** છે તેમાં ૧૮૭૫–૭૬માં એવા બનાવ બન્યા કે જેથી રૂપાંની કિમત તે બજારમાં વધારે ગળી ગઇ. તે એ કે ૧૮૭૪ કરતાં ૧૮૭૫માં સીલકમાં જ્યારે ૩) કરોડ રૂપિયાનું સૉનુ ઓછું થયું ત્યારે ૧) કરોડનું રૂપું વધ્યું. ૧૮૭૬માં 'ઇંગ્રેજી સંસ્થાનો'થી 'લંદન' જતુ સૉનુ જ્યારે ૧॥) કરોડનું ઓછું થયું, ત્યારે 'જરમનિ' અને 'ફ્રાન્સ'થી 'લંદન' ખાતે ગયલા રૂપાંના ગંજાવર જથામાં 'ચીન' અને 'જેપાન'નાં રૂપાંથી વધારો થયો. વળી 'યુનાઇતૅદ સ્તેતસ'માં 'ગ્રીનબૅક ઇસ્યુઝ' નામનું તેમજ 'દક્ષિણ-અમૅરિકા', 'ઑસ્ત્રેલિયા', 'ઇતલિ' અને 'તર્કિ'માં ચૉકસ પ્રકારનાં 'કાગજ-ચલન' દાખળ થવાથી રૂપાં-ચલન તરીકે ત્યાં વપરાતું રૂપું કેટલેક દરજ્જે નકામું થઇ પડી, બજારના બીજા સૉદા માફક, છતની વધને લીધે, ઓછા ભાવે વેચાવા લાગ્યું. આવા અકેકને વિસરાવે એવા સંજોગો અકેક પાછલ આવતાજ જવાથી રૂપાંની કિમતમાં ઘટાડો અને ઘટાડોજ થતો ગયો તેમાં નવાઇ શી!

૧૮૭૬માં થાયલી રૂપાંની અસાધારણ ગળતરમાં ૧૮૭૭ની શરૂઆતમાં સેહેજ ઉછાળો થયો, જેથી રૂપાંની કિમત ૧૮૭૪ની હાલતમાં આવી; પરંતુ એ ઉછાળો નાપાયદાર હતો, જેથી રૂપાંની કિમત પાછી ગળવા માંડી, અને હવડાં પણ લંદનનાં બજારમાં રૂપાંનો ભાવ ૫૨) અને ૫૩) પૅન્સની વચે હેરફેર થતો રેહેલો છે. આ ગળતર ચાલુ રાખવાને ઘણાક સબબો મળ્યા, જે નિચે મુજબ છે;—

(૧.) ૧૮૭૬ સુધી જે ખાસ સબબોને લીધે 'હિંદુસ્થાન'માં રૂપાંનો વિશેષ ખપ નિકળ્યો હતો તે સબબોનો અંત આવ્યાથી

હિંદુસ્થાનમાં રૂપાંનો ખપ ઓછો થયો. વળી હિંયાથી 'ઇંગ્લંદ' જતા માલને બદલે જે 'રૂપું' હિંયા આવતું હતું તે હિંદુસ્થાનને લીધે 'ઇંગ્લંદ'માં બેસતા સરકારી ખર્ચ વાળી લેવાની સરકારી હુંડીઓની રીતથી 'લંદન'માંજ રહેવા લાગ્યું, જેથી આગલ જેટલું રૂપું હિંયા આવતું હતું તેનો ફકત ૦।) ભાગ આવવા લાગ્યો. સરકારી હુંડીઓની રીત તે એકે આપણી સરકાર ઉપર ઇંગ્લંદની સરકારનું લેહેણું વાળી લેવાને સેક્રેતરી ઑવ સ્તેત આપણી સરકાર ઉપર હુંડી લખેછે, અને ઇંગ્લંદના વેપારીઓ આપણા દેશનો જે માલ ખરીદેછે તેનો અવેજ રૂપાંમાં હિંયા વાળવાને બદલે આપણી ઉપર નિકળતાં ઇંગ્લંદનાં લેહેણાંને પેટે પેલી હુંડીઓ ખરીદેછે અને તેના અવેજમાં લંદનમાંજ રૂપું આપેછે. ૧૮૫૭ના બળવા આગમજ આ હુંડીઓ ૫)કરોડ રૂપિયાની હતી તે ઉપરથી વધીને હવડાં તેઓ ૧૫) થી ૧૬) કરોડ રૂપિયાની થવા જાયછે, અને આ હુંડીઓનો ખપ હોય કે ન હોય, તોપણ અઠવાડિયાંમાં એક વખ્ત જાહેર લીલાંઉથી તે વેચી નાખવામાં આવેછે. મૂલના નિયમો મુજબ વાંધાભરેલી ઠરતી આ રીતને લીધે રૂપાંની ગળતર ચાલુ રહે તેમાં નવાઇ શી!

(૨) ૧૮૭૬ પછી ફ્રાન્સમાં રૂપાંના શિક્કા પડતા તદન બંધ થયા.

(૩) ૧૮૭૭માં 'હૉલંદ'માં 'સૉનાનો એકવડો મેળ' ચલાવવામાં આવ્યો, જેથી સૉનાનો ખપ વધ્યો અને રૂપાંનો ખપ ઓછો થયો.

(૪) ૧૮૭૭માં તેમજ ૧૮૭૮માં રૂપાંની ખુદરતી ઉત્પત્તિમાં ૧) કરોડ અને ૬૦) લાખ રૂપિયાનો વધારો થયો.

(૫) ૧૮૭૮માં 'લૅતિન યુનિયન'વાલાં બધાં રાજ્યોમાં રૂપાંના શિક્કા પાડવાનું તદન બંધ કરવાનો ઠરાવ થયો.

(૬) ૧૮૭૮ની આખેરીએ 'બ્રેઝીલ'નાં એક પ્રગણામાં સૉનાની ખાણોના ઉદ્યોગ ઉપર સેંહેંકડે ૪) ટકાનો 'વૅરો' નાખવામાં આવ્યો. આ 'વૅરો' પેહેલાં સૉનાની ખુદ ઉત્પત્તિ ઉપર ૪) ટકા લેખે લેવાનો ઠરાવ હતો. પાછ્લથી નક્કિ નફા ઉપર ૪) ટકાનો વૅરો નાખવામાં આવ્યો.

'બ્રેઝીલ'માં ઇંગ્રેજી થાપણથી અને ઇંગ્રેજી સાહસિકપણાંથી ચાલતા આવા ઉદ્યોગને આવા વેરાથી ઢોકો પોહોંચે, અને તે ઉદ્યોગ ચલાવનારાઓને તે ધંધાથી હાથ ઉઠાવવાને સબબ મળે એ સ્વભાવિક છે.

(૭) ૧૮૭૯ના જાન્યુઆરી માસમાં 'ઑસ્ટ્રિયા'ની રાજ્યધાની 'વિએના'માં એવું જાહેરનામું કહાડવામાં આવ્યું કે વધુ ખબર આપવામાં આવે ત્યાં સુધી ત્યાંની ટંકસાળમાં શિક્કા પાડવા માટે રૂપું લેવું નહિ.

(૮) 'જરમનિ' પાસે હજુર કેટલું રૂપું વેચવાનું બાકી છે, અને તે ક્યારે વેચવામાં આવશે તે વિષેનું અજ્ઞાનપણું અને તેના સંબંધમાં વારંવાર ઉડતી અફ્‌વાઓ રૂપાંની ગળતર ચાલુ રાખનારો, વારંવાર ઘભરાટ મચાવતો તથા હજુરપણ નડયા કરતો એક મોટો સબબ ગણાય.

'સોનુ ખરીદવાની રૂપાંની શક્તિ'માં ઘટાડો થવાનાં 'કારણો' અને તે ઘટાડો ચાલુ રહેવાના સબબોની ટુંક તપાસ કર્યા બાદ, હવે તે ઘટાડાથી થાયલી અને થતી 'અસરો'ની નોધ લઇએ. જયારથી રૂપાંની આ ગળતર શરૂ થઇ ત્યારથી દરેક પાછળ આવતું વર્ષ આગલાંને વિસરાવે એવું 'વેપારના બાબમાં' નિવડયું છે, જોકે આજ ત્રણ ચાર માસ થયા લંદનનાં બજારમાં તેમજ હિંયા તેજી થાયલી આપણ જાણયે છીએ, કે જે તેજી વધુ વાર નિભે એવી લાગતી નથી. 'ગ્રેત બ્રિતન'ની નિકાસ તપાસતાં ૧૮૭૨માં તે જેટલી હતી તે કરતાં ૧૮૭૮માં ૫૮) કરોડ રૂપિયાની ઓછી થાયલી જણાયછે. એનું કારણ શું? કારણ એ કે કેટલે દરજો 'ગ્રેત બ્રિતન'ના માલનો ખપ ઓછો થયો, અને કેટલે દરજ્જે ભાવ ઓછા ઉપજ્યા. પણ આ ખપ ઓછો થવાનાં અને ભાવ ઓછા ઉપજવાનાં કારણો શાં? 'ફ્રાન્સ' અને 'જરમનિ' વચે તેમજ 'રશિયા' અને 'તર્કિ' વચે ઉઠેલી છેલી મહાભારત લડાઇઓ, 'હિંદુસ્થાન' તથા 'ચીન'માં પડેલા ભારે દુકાળો, આપણા ખુદ દેશની તેમજ બીજા દેશોની 'ઇંગ્લંદ'ના જેવોજ ચોકસ માલ બનાવવાની હરીફાઇ, તેમાં વળી રૂપાંની ગળતર ચાલુ રહ્યાથી 'હુંડિયામણ' વારંવાર શિરસ્તાથી એટલું તો વેગળું જતું ચાલ્યું કે હુશિયારમાં હુશિયાર વેપારીની ગણત્રિ પણ ચુકતી અને ખોટ આવવાનો સંભવ રહેતો,—

એ સઘળાં કારણોને લીધે 'ગ્રેત બ્રિતન'નોજ નહિ, પરંતુ દુનિયાના સર્વે ભાગોનો વેપાર પડતોજ ચાલ્યો. 'વેપારના બાબમાં' હુંડિયામણ-ખોટથી થતી અસર કરતાં રૂપાંની ગળતરથી 'આપણી સરકારના બાબમાં' વધારે માઠી, વધારે નુકસાનકારક, વધારે દુઃખદાયક, અને વધારે ચાંપતા ઉપાયોની અગત્ય સિદ્ધ કરનારી અસર થાયછે. આપણા દેશમાં **રૂપાંનો એકુવડો મેળ** ચાલેછે. આપણું સઘળું મેહેસુલ રૂપાંમાંજ ઉપજેછે. 'જમીન' તથા 'અફીમ'નું મેહેસુલ આપણાં તમામ મેહેસુલના અર્ધા ભાગ જેટલું હોયછે. 'બંગાલ ઇલાકા'માં તથા 'વાવ્ય ખુણાનાં પ્રાંતો'માં 'જમીનનો જાહુક કબજો ધરાવવાની રીત' ચાલેછે, એટલે, જમીનદારો અને સરકાર વચ્ચે એવો કરાર થાયલો કે જમીનદારો સરકારને જાવેદાન સુધી દર વર્ષે રૂપિયાની એક ચૉકસ રકમ આપે. હવે રૂપિયાની કિમત ગમે તેટલી વધે કે ઘટે, એટલે, રૂપિયો સવા રૂપિયાની કિમતનો થાય કે અર્ધા રૂપિયાની કિમતનો થાય, તોપણ સરકાર પેલી રકમમાં કઇપણ વધઘટ કે ફેરફાર કરી શકે નહિ. આવી રીતે ઉપજતું મેહેસુલ વર્ષ દહાડે ૫) કરોડ રૂપિયાનું થાયછે. આ રકમ કઇ નાની નથી, અને રૂપાંની કિમતમાં ઘટાડો થવાથી તેમાં સરકારને મોટી ખોટ આવવી જોઇયે. પણ ખરાબી હિંયાજ અટકતી નથી. રૂપાંની ગળતરથી કેટલે ઠેકાણે બીજી ખરાબી એ પણ નિપજે કે મોઘવારી થાય, ઈઆને, બીજી ચીજોના ભાવ વધે, જેથી મેહેનત-મજુરીનું દામ વધે, સરકારને પોતાના નૉકરોના મુસારા વધારવા પડે, અને લશ્કર પાછલ વધારે ખર્ચ લાગે. આપણા નામદાર **ગવર્નર-જૅનરલ લૉર્ડ લિતને** તા૦ ૨૭ ફેબ્રુઆરી ૧૮૭૭ ને દિને હિંયાથી ઇંગ્લંદ મોકળેલા તારના સંધેસા ઉપરથી સારાં ભાગ્યે આપણા દેશમાં તેમ થાયલું માલમ પડતું નથી. ત્યારે આપણી સરકારને બીજી મોટી ખરાબી થાયછે તે શી? આપણા દેશ માટે ઇંગ્લંદમાં લાગતા ખર્ચની ગંજાવર રકમ આપણા મેહેસુલના ૦।) ભાગની બરાબર થાયછે, અને તે પર 'હુંડિયામણ-ખોટ' ૩) કરોડ રૂપિયાથી વધારે લાગેછે. આ 'હુંડિયામણ-ખોટ'નો ગયાં સાલનો અડસતો ૪) કરોડનો દેખાડવામાં આવ્યોછે, જે લગાર સહરાવેલો લાગેછે. પરંતુ ૪) નહિ તોય ૩॥) કે ૩।) કરોડ—એ કઇ નાની રકમ થઈ?

મેં આગલ કહ્યું કે 'હુંડિયામણ' વારંવાર ખરાબ થાયછે.

'હુંડિયામણના કાનુનો' એક આગલાં ભાષણમાં મેં લંબાણથી સમજાવ્યાછે, તોય તે એટલા અગત્યના છે કે હુંડિયામણ ક્યારે **સરભર** કહેવાય, ક્યારે **સારૂં** કહેવાય, અને ક્યારે **ખરાબ** કહેવાય તેની ફરીથી એક વાર આ ભાષણમાં ટુંક નોંધ લેવી હું અવશ્ય ગણુંછું. જ્યારે એક દેશ બીજા દેશ પાસેથી જેટલું ખરીદે તેટલુંજ તે વખ્તે તેને વેચે, એટલે, દાખલા તરીકે, 'ફ્રાન્સ' 'ઇંગ્લંદ' પાસેથી ચોકસ વખ્તમાં જેટલા અવેજનું **લોખંદ** ખરીદે તેટલાજ અવેજનો તેજ વખ્તમાં 'ફ્રાન્સ' 'ઇંગ્લંદ'ને **દારૂ** વેચે, તો 'હુંડિયામણ' **સરભર** રહે, એટલે, 'ફ્રાન્સ' તેમજ 'ઇંગ્લંદ'ને તેમાં કઇ નફો કે ખોટ થાય નહિ. પરંતુ એવો બનાવ તો ભાગ્યેજ બને.• ત્યારે 'હુંડિયામણ' એક દેશના બાબમાં સારૂં તો બીજાના બાબમાં ખરાબ હોવું જોઇયે. અગર હિંદુસ્થાન ઇંગ્લંદને જેટલો રૂ વેચે તે કરતાં ઓછા અવેજનું તે ઇંગ્લંદ પાસેથી કાપડ ખરીદે, તો આપણા બાબમાં 'હુંડિયામણ' સારૂં ઉતરવું જોઇયે. સાધારણ રીતે કહીએ તો, એક દેશ બીજા દેશને જેટલા અવેજનો માલ વેચે તે કરતાં ઓછા અવેજનો માલ જો તે તેની પાસેથી ખરીદે, ઇઆને, એક દેશની બીજા દેશ ખાતે થતી નિકાસ તેની આયાત કરતાં વધે, તો તે દેશને હુંડિયામણ ફાયદાકારક થાય. હવે એક દેશ બીજા દેશને જેટલું વેચે, તે કરતાં વધારે અવેજનું તેની પાસેથી તે ખરીદે તો તે દેશના બાબમાં હુંડિયામણ ખરાબ થવું જોઇયે.

ઘણાક વેપારીઓ જેમ હુંડિયામણનો તેમજ વેપારના કાનુનોનો ખોટો ખ્યાલ ધરાવેછે. **વેપાર એટલે દેશ દેશો વચે માલની અદલાબદલી**—એ ખરો વિચાર ભુલી જઇ, કેટલાક વેપારીઓ બીજા દેશોનો માલ ખરીદવા વગર પોતાના દેશનો માલ બીજા દેશોને વેચીને પૈસા કે નગદી આણવામાંજ પોતાના દેશનો વેપાર-સંબંધી ફાયદો સમજવાની ભુલ કરેછે. કોઇપણ ચીજ હદ વગરની ઇઆને જોઇયે તે કરતાં વધારે હોય તો તેથી સારાંને બદલે માઠું થાયછે—પછી તે ચીજ સોનુ રૂપું હોય કે કોઇ બીજો પદાર્થ હોય. અલબતાં એ ખરાબી તે ચીજોના ગેરઉપ્યોગથીજ થાયછે, પરંતુ જોઇયે તે કરતાં તે ચીજો વધારે હોવાથી ગેરઉપ્યોગ કરવાને સબબ મળેછે. આપણા ખુદ દેશનોજ દાખલો

લઇયે. 'અમેરિકાની લડાઇ'થી આપણા દેશના 'રૂ'નો ભાવ એકદમ ચ્હડી ગયો, અને તેને લીધે જે મોટી નગદી હિંયા ઘસડાઈ આવી તેથી હિંયાના લોક 'શૅર-સટ્ટા' પાછલ દિવાનાં બની ગયાં. આ દિવાનાંપણાંની ખરાબી હજુર આપણાં જીગરમાં ગોયા ભાલા મિસાલ ખુંચેછે. વળી 'જરમનિ'માં શું થયું તે જોઇએ. 'ફ્રાન્સે' ૨) અબજ, અને ૨૦) કરોડ રૂપિયાના અવેજનું જે સોનુ, 'જરમનિ' સાથે થાયલી છેલી લડાઈની આખેરીએ, 'જરમનિ'ને દંડ તરીકે આપ્યું, તેનો કેટલોક ભાગ 'જરમનિ'-એ કિલ્લાઓ અને બીજાં લડાઇ-ખાતાં ઉભાં કરવા પાછલ ખર્ચી નાખ્યો, કેટલોક ભાગ પછવાડેથી કોઇ નવી લડાઈ ઉઠે તે માટે અનામત રાખી મેલ્યો, અને મોટો ભાગ સટ્ટાબાજોને ધીર્યો, જેથી ખેતી, કારખાનાં, કે વેપારમાં સુધારો થવાને બદલે ઉલટો બિગાડો થયો, મોંઘવારી ચાલુ થઈ, મેહેનત-દામ વધી પડ્યું, ફિકિરિયારીની હદ નહિ રહી, અને એ રીતે જરમનોને ગોયા એવું ઇચ્છવાને કારણ મળ્યું કે "ખોદા કરે ને ફ્રાન્સ સાથે આપણને એક બીજી લડાઇ થાય, અને તેમાં આપણે દંડ આપવો પડે!" **ફ્રિજિયાના** રાજા **માઇદાસની** વાત ઘણાકોને યાદ હશે. આ રાજાને લગતી એક રમુજી કથાથી હિંયા ઘણાકો વાકેફ હશે. એમ કેહેછે કે **પૅન** અને **ઍપૉલો**—એ બે **દેવમાં** વાજીંત્ર વગાડવામાં કોણ ચ્હડેછે તેનો ચુકાદો કરવાનું કામ આ રાજાને સોંપવામાં આવ્યું હતું, અને એ રાજાએ પૅનની તરફેણ ચુકાદો આપ્યો, જેથી **ઍપૉલોએ** તેની ઉપર ખફા થઈ તેના કાન ગધેડાના કાન જેવા બનાવી દીધા. આ બીના કોઇને નહિ માલમ પડે એવા હેતુથી **રાજા માઇદાસ** મોટી કાનિયાની ટોપી પેહેરી રાખતો. પરંતુ જે ખિદમતગાર રાજાના બાલ કાપતો હતો તેને તો આ ગધેડાના કાનની ખબર પડી. સમય એવો બારીક હતો કે પેલા હજામે જો કોઇને તે વાત કહી દીધી હતે તો તેને પોતાનો પ્યારો જીવ ખોવો પડતે. હવે તે વાત પોતાના દિલમાંજ રાખ્યાથી તે વાતનો તેને વારંવાર ઉભરો થઇ આવતો, અને તે ઉભરો કોઇપણ પ્રકારે બાહાર કહાડયા વગર તે હલાક થતો. આ સબબને લીધે પેલા હજામે જમીનમાં એક નાનું બગારૂં પાડયું અને તેમાં ધીમે અવાજે **રાજા માઇદાસને ગધેડાના કાન છે** એમ બોલી તે બગારું પાછું પુરી નાખ્યું. પાછલથી ત્યાં એક બરૂ ઉગ્યું અને તેમાંથી એજ બોલો

નિકળવા લાગ્યા જેથી તે છુપો ભેદ ઉઘાડો પડી ગયો. આ બનાવને ઉપલી વૅપારીઓની ભુલ સાથે કઇ લાગતું-વળગતું નથી તે છતાં તેની નોંધ એટલા માટે લેવામાં આવીછે કે તે ઉપરથી આપણા દુઃખની વાત આપણા કોઇ ખરા જાની મિત્ર આગલ કર્યાથી આપણા દિલમાં પૅવસ થાયલા ગમનો બોજો કેટલે દરજાજે ઓછો થાયછે તે અને તેવી કિસમનું બીજું ગ્નાન આપણને મળેછે. હવે જે વાતનો ઉપલી વૅપારીઓની ભુલ સાથે મુકાબલો કરવો છે તે વાત એ છે કે **બૅકસ (દારૂના દેવ)**ના ગુરૂ અને સાથી **સાઇલીનસની માઇદાસ રાજાએ** ઘણી સારી પરોણાગત કીધી તે ઉપરથી **બૅકસે માઇદાસને** કહ્યું કે "માગ, માગ, જે માગે તે આપું." 'માઇદાસ'ને ત્યાં સૉનાના ઢગ ને ઢગ હોવા છતાં તે જાતે ઘણો લોભી હોવાથી તેણે માગી લીધું કે "એવી અજાયબી શક્તિ મને બખ્શ કે જે કોઇ ચીજને મારા શરીરનો કોઇપણ ભાગ લાગે કે તે ચીજનું તરત સૉનુ બની જાય." **બૅકસે** આ અરજ બાહાલ રાખી. બીજી ચીજોની માફક 'માઇદાસ'નો ખૉરાક પણ સૉનુ થઇ જવા લાગ્યો, અને 'માઇદાસ'ને ભુખે મરવું પડયું. અંતે પોતાના લોભ માટે પશ્ચાતાપ કરી, તેણે પોતાની અરજી પાછી ખેંચી લેવા માગી, જે **બૅકસે** કબુલ કર્યું, અને એ રીતે 'માઇદાસ'નો જીવ બચ્યો. આ ઉપરથી જે વૅપારી ભાઇઓ પોતાના દેશમાં પૈસા અને નગદીજ ઘસડી લાવવામાં અને બીજા દેશનો માલ ખરીદવા વગર પોતાના દેશનો માલ વેચવામાંજ પોતાનો અને પોતાના દેશનો ફાયદો સમજેછે તેઓને ચાનક-આપનારો ઘડો મળશે.

'અર્થશાસ્ત્ર' પ્રમાણે **સરભર, સારાં, અને ખરાબ હુંડિયામણ** વિષે જે સમજ આગલ આપીછે તે ઉપરથી વૅપાર તેમજ સરકારી ખર્ચના બાબમાં આપણા દેશને જતી હુંડિયામણ-ખોટ મટાડવાનો એક ઉપાય એ માલમ પડેછે કે આ હિંદ-ભૂમીના ભિત્તરમાં કુદરતનો જે અખુટ ખજાણો પડેલો છે તે બાહેર આણવો, એટલે, બનતાં સુધી આપણા દેશની પૅદાસ વધારવી, અને ઇંગ્લંદથી હિંયા આવતા માલ કરતાં હિંયાથી ઇંગ્લંદ જતો માલ એટલો બધો તો વધારવો કે ઇંગ્લંદમા

આપણા દેશ માટે લાગતો સરકારી ખર્ચ બાદ જતાં ઇંગ્લંદ ઉપર આપણું લેહેણું નિકળે.

વળી બીજો ઉપાય એ છે કે સેક્રેતરી ઑવ સ્તેતની લંદનમાં સરકારી હુંડીઓ વેચવાની પેલી કફોડી, કઢંગી, વાંધાભરેલી, મૂલના નિયમોથી વેગળી જતી રીતમાં ફેરફાર કરવો. હાલ એ રીત કેવી છે તે આપણે આગલ જોયુંછે. તેમાં જે ફેરફારની અગત છે તે એ કે 'સેક્રેતરી ઑવ સ્તેત' એ હુંડીઓ માટે લંદનમાં કોઇ પણ ઠેકાણે એક ઑફિસ કહાડવી, બીજી બેંક તેમજ શરાફી પેહેડીઓની માફક રવિવાર તથા તેહેવારો શિવાય દર રોજ તે ઑફિસ ઉઘાડી રાખવી, ખપ હોય કે નહિ હોય તોય તે હુંડીઓ જાહેર લીલાંઉથી વેચી નાખવાને બદલે ખપ હોય ત્યારે તેમનું મોટું ખાનગી વેચાણ કરવું, અને ખપ નહિ હોય અથવા બજાર સુસ્ત હોય ત્યારે ઘણા જુજ અવેજની હુંડીઓ વેચવી અથવા તદન નહિ વેચવી.

સોનુ ખરીદવાની રૂપાંની શક્તિ ઘટાડનારાં બે મુખ્ય કારણો—સોનાની પેદાસના ઘટાડા અને ખપના વધારાની સરોબર રૂપાંની પેદાસનો વધારો અને ખપનો ઘટાડો—થોડો વાર રહે એવાં હોવાને લીધે, તેઓની અસર પણ થોડા વારનીજ ગણાય. એ અસર દુર કરવાનું કુદરત અને વખતનેજ સોંપવું જોઇયે—એમ કહેવામાં નિચલી બીનાથી મને ટેકો મળેછે. સેન ફ્રેન્સિસ્કોનો હિસાબ તપાસતાં માલમ પડેછે કે ૧૮૭૮ના પેહેલા ત્રણ માસ સાથે સરખાવતાં ૧૮૭૯ના પેહેલા ત્રણ માસમાં સોનાની ઉત્પત્તિ વધી હતી, અને રૂપાંની ઉત્પત્તિ ઘટી હતી. આ વાત મી૦ ગોશેને પણ થોડાક માસ ઉપર પારલામેન્તમાં જાહેર કીધી હતી. તે નામદાર એમ બોલ્યો હતો કે "અમેરિકામાં રૂપાંની ઉત્પત્તિ ઘટતી જાયછે. રૂપાંની પડેલી કિમત સુધારવાનો એજ ઇલાજ છે કે જયાં તેનો ભાવ ટકી રહે ત્યાં તેની પેદાસ કુદરતનીજ ચારીથી વેંહેંચાઇ જાય."

હવે જરમનિ પાસે કેટલું રૂપું વેચવાનું હજુર બાકી છે, અને તે ક્યારે વેચવામાં આવશે તે વિષેનું અજ્ઞાનપણું અને ઘભરાટ, જે રૂપાંની ગળતર ચાલુ-રાખનાર એક મુખ્ય સબબ ગણાય તે દુર થયા

શકે એવો છે, અને તેમ કરવા માટે 'પારલામેન્ત' પાસે કોઇ ખાસ ધારો પસાર કરાવવાની કંઇ જરૂર નથી. **૧૮૪૪માં સર રૉબર્ત પીલે જે બૅંકિંગ-ઍક્ત** પસાર કરાવ્યો હતો તેમાં 'વેપારની જરૂરિયાતો પુરી પાડવા' માટે અથવા 'શિરસ્તાથી ઘણાં વેગળાં જતાં હુંડિયામણને સુધારવા' કાજે 'બૅંક'ને કદાચ 'રૂપાંનો મોટો જથ્થો ખરીદવો પડે'—એ વાત ધ્યાનમાં રાખેલી માલમ પડેછે. રૂપાંની આવી ખરીદી કરવાની 'બૅંક ઑાવ ઇંગ્લંદ'-ને સતા આપવા માટે તે નામદારે ભારે લડત ચલાવી હતી, અને પોતાની જોસભરી તકરારમાં તે નિચલા સખુનો બોલ્યો હતો;—"બૅંકને રૂપું ખરીદવાની આ સતા આપ્યાથી રૂપું જે ભાવે વેચાય તે કરતાં આ સતાની ગૅરહાજરીમાં તે ઓછે ભાવે વેચાશે. વળી આ સતાની ખુબીથી કોઈ વખ્તે ઉઠતી વેપાર-સંબંધી જરૂરિયાતો પુરી પાડવાને તેમજ શિરસ્તા-થી ઘણાં વેગળાં જતાં હુડિંયામણને બરાબર રાધાટ પર લાવવાને આપણ-થી બનશે."

૧૮૪૪ના 'બૅંકિંગ-ઍક્ત'ની ત્રિજી કલમમાં એમ ફરમાવેલું છે કે **'બૅંક ઑાવ ઇંગ્લંદનાં** નોત કહાડવાનાં ખાતાંમાં કોઇપણ વખ્તે જેટલી સોના-ની નગદી તથા શિક્કા હોય તેના ચોઠા ભાગ સુધીના અવેજની ચાંદી રાખી શકાય.' આ કલમની રૂએ ૧૮૪૬માં જ્યારે 'બૅંક ઑાવ ઇંગ્લંદ'માં સઘળી મળી ૧૪) કરોડ, અને ૮૦) લાખ રૂપિયાના અવેજની નગદી હતી, ત્યારે તેમાં ૨) કરોડ અને ૭૦) લાખ રૂપિયાની ચાંદી હતી. હવે એજ કલમને આધારે ઇંગ્લંદની સરકાર જરમનિની સરકાર સાથે સંવેસો ચલાવી, જરમનિ પાસે હજુર કેટલું રૂપું વેચવાનું બાકી છે તે નક્કિ કરે, અને ચોકસ સરતે તે માહેલો ત્રિજો કે અર્ધો ભાગ 'બૅંક ઑાવ ઇંગ્લંદ'ને ખરીદવા કહે, તો હવડાં જ્યારે તે બૅંકની નગદી સઘળી મલી ૩૫)થી ૩૫ા) કરોડ રૂપિયાના અવેજની છે, ત્યારે તેમાં ૬)થી ૭) કરોડ રૂપીયાની ચાંદી 'જરમનિ' પાસેથી વેચાતી લીધેલી પોષાય. ચોકસ સરત તે એ કે—૬) કે ૭) કે ૮) વર્ષ સુધી કે એવીજ કોઇ ચોકસ મુદત સુધી 'જરમનિ' પોતાનું બાકી રહેલું રૂપું વેચવા કહાડે નહિ, અને ઉપલો ત્રિજો કે અર્ધો ભાગ જે 'બૅંક ઑાવ ઇંગ્લંદ' ખરીદે તે ૧૮૭૬થી અત્યાર સુધીના રૂપાંના ભાવની ગસ

કહાડી તે 'રાસ-ભાવે' ખરીદે. આથી 'જરમનિ' તેમજ 'ઇંગ્લંદ'ને બન્નેને ફાયદો થાય. જે સૉદો વેચાતો લેવાને ઘરાક નહિ મળતું તે સૉદો ઠીક ભાવે ખરીદનાર ઘરાક 'જરમનિ'ને મળે તેથી 'જરમનિ'ને ફાયદો થાય, તેમજ જે ભયને લીધે રૂપાંનું બજાર ગળતું અને 'હુંડિયામણ' ખરાબ થતું તે ભય દુર થવાથી 'ઇંગ્લંદ'ને ફાયદો થાય. વળી આ પ્રમાણે રૂપાંની ગળતરનો થોડે દરજ્જે અટકાવ થવાથી આપણા દેશને તેમજ 'રૂપાં-ચલન'વાલા બીજા દેશોને અને રૂપાંની ઉત્પત્તિ કરનારા 'યુનાઇતેદ સ્તેત્સ' તથા 'અમેરિકા'ના બીજા મુલકોને પણ ફાયદો થાય.

હવે રૂપાંની ગળતર અટકાવવા માટે બીજા જે ઉપાયો સૂચવ-વામાં કે લેવામાં આવેલા છે તે શા છે, અને તે સામે શા વાંધા ઉઠાવી શકાય તેની આપણ તપાસ કરીએ.

ઉપાય પેહેલો.—કેટલાક એમ કહેછે કે ૧૮૭૦ના ૨૩મા એક્તની ૯મી કલમ, જેની રૂએ આપણા દેશમાં ગમે એટલા રૂપિયા પાડવાની છુટ મેળવામાં આવીછે, તે થોડુંક સુધી અમલમાં આવતી બંધ કરી, બાહેરના રૂપિયા હિંદુસ્થાનમાં આવતા અટકાવવા. **બૅંગાલ ચેમ્બર ઑાવ કૅામર્સ**ની ખાસ સભામાં પસાર થાયલા જે બે ઠરાવો ૧૮૭૬ના જુલાઇ માસની તા૦ ૧૭મીને દિને આપણી નામદાર સરકાર ઉપર મોકળી આપવામાં આવ્યા હતા તે માહેલા પેહેલા ઠરાવમાં, રૂપાંની ગળતરને લગતો સવાલ આપણા દેશના નાણાં-સંબંધી તેમજ રાજ્ય-દ્વારી લાભ સાથે અગત્યનો તાલુકો ધરાવનાર હોવાના સબબે, સરકારે તે બાબમાં જે પગલું ભરવા ધાર્યું હોય તે જાહેર કરવાની અરજ ગુજારી હતી, અને બીજા ઠરાવમાં ૧૮૭૦ના ૨૩મા એક્તની ઉપર જણાવેલી ૯મી કલમ થોડુંક સુધી અમલમાં આવતી બંધ કરવાનો ઉપાય સૂચવ્યો હતો. **કલકતા ત્રેદસ ઍસોશિએશન** નામની વેપારી સભાએ ૧૮૭૬ના ઑાગસ્ત માસ-ની તા૦ ૧લીને દિને આપણી નામદાર સરકારને ફીધેલી અરજીમાં પણ રૂપાંની ગળતરથી વેપાર તથા હુંડિયામણના બાબમાં થતાં ભારે નુક-સાનનું અસરકારક ચિત્ર આપ્યા બાદ, તે નુકસાન અટકાવવાને નામદાર સરકાર શો ઉપાય લેવા ધારેછે તે જાહેર કરવાની જરૂર દેખાડી, ઉપલોજ ઉપાય સૂચવ્યો હતો. રૂપિયા પાડવાને લગતી ધારાની આ કલમ

થોડુંક સુધી અમલમાં નહિ આણવાનો તેમજ આપણા દેશમાં બાહેરના રૂપિયા આવતા અટકાવવાનો જે ઉપાય સૂચવવામાં આવ્યો છે તે સામે વાંધો એ છે કે એમ થવાથી જે રૂપિયા હસ્તીમાં હોય તેઓની કિમત અછતને લીધે ઘણી વધે, એટલે, તે રૂપિયામાં જેટલું રૂપું હોય તેની કિમતમાં સરકારી હકસાઇ તથા શિક્કા પાડવાનો ખર્ચ ઉમેરતાં જે મૂલ થવું જોઇયે તે કરતાં પેલા તૈયાર રૂપિયાનું વધી પડેલું મૂલ ઘણું જીઆદા થાય. આગલા વખતમાં, શનિવારે મેહેનત-મજુરી ચુકવી આપવામાં ‘યુરપ'માં રૂપાંના શિક્કાની તંગીથી ભારે અડચણ પડેલી અને રૂપાંના શિક્કાની કોઠળીઓ મનડામણી ઇમ્રાને પ્રીમિયમે વેચાયલી આપણ જાણયે છીએ, ત્યારે હિંયા પણ અછતને લીધે ‘રૂપિયા' ઉપર ‘પ્રીમિયમ' થાય તેમાં નવાઇ શી! વળી એમ થવાથી બીજા દેશોમાં હિંયાના જેવાજ રૂપિયા બનાવવાની લાલચ મળે, અને પોલીસ તથા કસ્તમ-હાઉસની સઘળી ચોકાસી છતાં બાહેરથી હિંયા રૂપીયા આવે, જેથી આગલની માફકજ રૂપિયાનો જથ્થો વધે, અને જે અસર થોડુંક સુધી થાય તે એમની એમ પાછી ઉડી જાય. હવે રૂપિયાની કિમત વધ્યાથી બીજી ચીજોના ભાવ પડે એટલુંજ નહિ પણ એક દુકાણેથી એક રૂપિયામાં જેટલો સોદો મળે તે કરતાં એક તોલો ખરી ચાંદીના બદલામાં ઓછો સોદો મળે એ કેવું કઢંગું? વળી રૂપિયા પાડવાને લગતી ઉપર જણાવેલી ધારાની કલમ અમલમાં આવતી બંધ કરવાથી કિમતના મેળ તરીકે રૂપાંની હસ્તી હિંયા બંધ પડે, કારણકે ‘કિમતના મેળ'ની કઇપણ હદ બાંધવી નહિ જોઇયે. સર જિયૉર્જ કૅમ્બૅલે આપણા દેશને આવતી મોટી ‘હુંડિયામણ-ખોટ' વિષે ૧૮૭૮ના ઑગસ્ત માસમાં આમની સભામાં એક ઘણું અસરકારક ભાષણ કરી એવી દરખાસ્ત મેળી કે “ હિંદુસ્થાનમાં જ્યાં સુધી રૂપિયાની કિમત વધે ત્યાં સુધી બીજા રૂપિયા પાડવા નહિ, અને કિંમત વધ્યા પછી હાલ જેટલું રૂપું એક રૂપિયામાં નાખવામાં આવેછે તે કરતાં વધારે રૂપું નાખી તેના રૂપિયા બનાવવા”. આ દરખાસ્તના પેહેલા ભાગ સામે તો ઉપર દરશાવેલાજ વાંધા લેવાઇ શકાય, પરંતુ બીજો ભાગ વધારે વાંધાભરેલો છે. તે સામે વાંધો એ છે કે ‘નવા, વધારે રૂપું ધરાવનાર રૂપિયા'ને બદલે ‘જુના, હલકા, ઓછું રૂપું

ધરાવનાર રૂપિયા' કૉણ લૅવા માગે, અને એ બૅની અદલાબદલી કરવામાં કેટલી અડચણ થઇ પડે?

બીજો ઉપાય.—હિંદુસ્થાનને આવતી 'હુંડીયામણ-ખોટ' મટાડવાના ચાંપતા ઉપાયો લૅવાની કેટલી જરૂર છે તેવિષે આમની સભામાં તકરાર ચલાવનાર આપણને જાણીતો **મી૦ લો** એક બીજો ઉપાય સૂચવેછે. '**પારલામૅન્ત**'માં તેમજ '**ફૉર્તનાઇતલિ રિવિયુ**માં **મી૦ લો**એ એવી સૂચના કીધી છે કે "નાની નાની રકમો પગાર કરવા માટે રૂપિયાનાં ચલનની હદ બાંધવી, અને સૉનાના આધાર પર હિંદુસ્થાનમાં કાગજ-ચલન દાખળ કરવું, એટલેજે, 'નોત' ને બદલે' 'સૉનુ' મળે અને 'સૉના'ને બદલે 'નોત' મળે." બીજા બોલોમાં કહીએ તો, **ઇંગ્લંદની માફક હિંયા પણ સૉનાનો મેળ દાખલ કરવો**—એવી એ સૂચનાની મતલબ છે. 'ઇંગ્લંદ' સાથના આપણા બોહોળા વૅપારને અર્થે, કે આપણા દેશને માટે 'ઇંગ્લંદ'માં બૅસતા ખર્ચને લીધે, કે બીજા સબબોને લીધે, નાણાંની જે ગંજાવર રકમ દર વર્ષે આપણને 'ઇંગ્લંદ' વાળવી પડેછે તે ઉપર બૅસતી 'હુંડિયામણ-ખોટ' બચાવવા માટે એ ઉપાય સારો ગણાય, અને તે એક વાર દાખળ થયો તો પછી ઠીક નિવડે. પરંતુ હાલ એ ઉપાય દાખળ થઈ શકે ઍમ નથી. આપણા મેળમાં ફેરફાર કરતાંજ ભારે ખોટ આવે, ઘણો ખર્ચ બૅસે, બહુ મુશ્કેળી નડે, અને ઘણો વિલંબ લાગે. 'જરમનિ'-નોજ દાખલો મોજુદ છે. ત્યાં 'ફ્રાન્સ'થી આઇતું સૉનુ ગયું હતું તે છતાં 'જરમનિ'ને મોટું નુકસાન ખમવું પડયું. વળી આપણને જૉઇતું સૉનુ ક્યાંથી મળે? **મી૦ લો** પોતે ઍમ કહેછે કે "અગર મને પોતાને પુછવામાં આવે કે 'એ કામ માટે જૉઇતું સૉનુ ક્યાંથી મેળવવું' તો મારે ખોલ્લે ખોલ્લું કહેવું જૉઇયે કે તે હું જાણતો નથી." 'જરમનિ'એ 'રૂપાંનો મેળ' રદ કરી, 'સૉનાનો મેળ' દાખળ કીધો તેથી કેટલે દરજ્જે રૂપાંની ગળતર થઇ, ત્યારે આવા હિગામમાં આપણા દેશમાં પણ તેવો ફેરફાર કરવામાં આવે તો, રૂપાંનો ખપ ઘણો ઓછો થવાને લીધે, કેટલી વધારે ગળતર થવી જૉઇયે? વળી સૉનાનો ખપ વધવાથી સૉનાની કિમત કેટલી વધવી જૉઇયે? રૂપાંની વધુ ગળતરથી '**ચીન** સાથના આપણા વૅપાર' ઉપર, 'અફીમના મેહેસુલ' ઉપર, અને 'જાડુક કબજાવાલી જમીન

ના મેહેસુલ' ઉપર પણ કેવી માઠી અસર થવી જોઇયે? એટલામાટે, હાલ એક-દમ આપણા દેશમાં 'સૉનાનો મેળ' દાખલ થઇ શકે નહિ. ચાર પાંચ વર્ષમાં પણ તેમ નહિ થાય, તોય તે દાખળ કરવાની કૉશિશ જારી રાખવી જોઇયે, અને બનતી જોગવાઇ હાથ કરવી જોઇયે. એક રીતે, લાંબે વખ્તે, એટલે, ચાર પાંચ દાયકામાં, તે દાખળ થઈ શકે, અને તેમ કરતાં જે ભોગ આપવો પડે તેનો અવેજ વળી જઇને જાડુકનો ફાયદો નિપજે. તે રીત શી છે? આપણા દેશની પૅદાસ ઘણીજ વધારવી, અને 'ઇંગ્લંદ' ખાતે હિંયાથી એટલી તો નિકાસ કરવી કે 'ઇંગ્લંદ'માં આપણા દેશ માટે લાગતો ખર્ચ બાદ કરવા છતાં 'ઇંગ્લંદ' પર આપણું લેહેણું નિકળે, તે લેહેણાંનાં પેટાંમાં રફતે રફતે સૉનાની નગદી આણવી, **મદ્રાસ** ઇલાકામાં **વાઈનાદની સૉનાની** ખાણોની પૅદાસ ફતેહમંદ ઉતારવાને બરાબર સાધનો કામે લગાડવાં, આપણા ગરીબડા દેશના ગરીબડાં લોકો જેઓ માહેલો મોટો ભાગ ખેડુતોનો છે કે જેઓની હાજત ઘણી હદસર હોયછે તેઓની હાજતોને અનુસરતી રૂપિયા રૂપિયાની નોત કહાડવી, (જોકે આવી નોતની મોટી સંખ્યા ગણવા, તપાસવા, તથા નોધવાની કડાકુટને લીધે, તેમજ ખોટી બનાવતની ભયને લીધે, તે સામે 'બૅંક' અને 'નાણાંવતીઓ' વાંધો ઉઠાવે એવો સંભવ છે) અને એ પ્રમાણે ધીમે ધીમે બેમાલમ રીતે આપણું 'રૂપાં-ચલન' કમ કરતાં જવું—તેમાં વળી ખુદરતની યારીથી, વખ્ત અને સુધારાની અસરથી, આપણાં રદ થાયલાં રૂપાં માટે કોઇ જંગલી દેશમાં નવું બજાર નિકળી આવે, તો ઘણું નુકસાન થતું અટકે, અને લાંબી મુદતે આપણા દેશમાં સૉનાનો મેળ દાખળ થાય.

ત્રિજો ઉપાય.—૧૮૭૩માં **અમૅરિકાએ** 'બેવડો મેળ' કહાડી નાખી 'સૉનાનો એકવડો મેળ' ચાલુ કીધો. આ ફેરફાર થયા પછી, **નવેદા** અને બીજી ખાણોની રૂપાંની પૅદાસ ઘણી વધી પડી, જેથી **અમૅરિકાએ** ૧૮૭૮ના ફેબ્રુઆરી માસમાં **ધ બ્લૅન્દ સિલવર બિલને** નામે ઓળખાતો એક ધારો પસાર કીધો. આ ધારાની મકસદ 'બેવડો મેળ' ચાલુ કરવાની હતી. આ ધારામાં એવું ફરમાવ્યામાં આવ્યું હતું કે "યુનાઇતૅદ સ્તેત્સ"ની સરકારી તીજોરીએ **રૂપાંના ડૉલર** પાડવા માટે દર મહીને

ઓછામાં ઓછું ૪૦) લાખ અને વધતામાં વધતું ૮૦) લાખ રૂપિયાના અવેજનું રૂપું ખરીદવું." **પ્રૅસિદંત હેઝની** નામંજુરિયાત છતાં આ ધારો પસાર કર્યામાં આવ્યો હતો. આ ધારા પ્રમાણે વર્ષ દહાડે વધતામાં વધતા ૯) કરોડ, ૬૦) લાખ, અને ઓછામાં ઓછા ૪) કરોડ, ૮૦) લાખ રૂપિયાના અવેજના રૂપાંના શિક્કા 'યુનાઇતૅદ સ્તેત્સ'ની સરકાર પાડી શકે. આ ધારો પસાર થયા પછી ૧૪) માસના અરસામાં 'યુનાઇતૅદ સ્તેત્સ'ની ટંકસાળમાં રૂપાંના જેટલા **દૅાલર** પાડવામાં આવ્યા હતા તેના ૬) સરખા ભાગ કરીએ તો તે માંહેલા ૫) ભાગ કરતાં પણ વધારે અવેજ એ મુદ્દતની આખેરીએ ત્યાંની સરકારી તીજોરીમાંજ પડેલો હતો —ઍમ તીજોરીનો હિસાબ તપાસતાં માલમ પડેછે. આ બીના 'અમૅરિકા'ના લોક સૅાનાને બદલે રૂપાં-ચલન લૅવાને કેવા નારાજી છે તેની સાબેતી આપેછે. ગયાં સાલની આખેરીએ **પ્રૅસિદંત હેઝે** તૅમજ **સૅક્રૅતરી શૅરમૅને** અમૅરિકામાં રૂપાં-ચલન ચલાવવમાં નડતી મુશકેલી વિષે સખ્ત ફરિયાદ કરી ત્યાં 'સૅાનાનો એકવડો મેળ' દાખળ કરવાની મજબુત ભલામણ કીધી હતી. 'યુનાઇતૅદ સ્તેત્સ'ની સરકારને જે જગાત આગલ સૅાનામાં મળતી હતી તે ઉપલાં 'બ્લૅન્દ સિલવર બિલ'ની રૂએ રૂપાંમાં મળવા લાગી, અને તેથી તેને દર વર્ષે ૮૦) લાખ રૂપિયાની ખોટ જવી જોઇયે એવું અનુમાન કરવામાં આવ્યુંછે.

ચોથો ઉપાય.—૧૮૭૮માં **સૅનૅતર ઍલિસનની** દરખાસ્ત ઉપરથી 'યુનાઇતૅદ સ્તેત્સ'ની **સરકારે યુરપ** અને **અમૅરિકામાં** જયાં જયાં 'સૅાના રૂપાંનો બેવડો મેળ' ચાલતો હોય ત્યાં ત્યાં તે કાયમ રાખવા અને જયાં જયાં તે બંધ પડયો હોય ત્યાં ત્યાં તે પાછો અમલમાં લાવવા માટે તૅમજ સૅાના રૂપાંની એકમેક પ્રત્યે કિમત મુકરર કરવા માટે એક **પ્રજા-મંડળ** ભેગું કરવાનો ઠરાવ કીધો. ઇંગ્લંદે પૈહેલાં આ 'મંડળ'માં સામેળ થવાનું 'અમૅરિકા'ની સરકારનું ઇજન બાહાલ રાખ્યું નહિ. પાછલથી **ઇન્દિયા ઑફિસનું** ઘણું દબાણ થયાથી, પોતાના 'મેળ'માં કઇપણ ફેરફાર નહિ કરવો તથા બીજા દેશોમાં ચાલતા 'મેળ' વિષે છુટથી તકરાર કરવા દેવી એવી સરતે તે ઇજન 'ઇંગ્લંદે' બાહાલ રાખ્યું. જરમનિ'એ તો તેમાં સામેળ થવાને નાજ પાડયું. આખરે એ

પ્રજા-મંડળ ૧૮૭૮ના ઑગસ્ત માસમાં ફ્રાન્સના વકીલ મો. લેઑા સેના પ્રમુખપણાં તળે ફ્રાન્સની રાજ્યધાની પૅરિસ ખાતે મળ્યું. 'નૉરવે,' 'સુઇદન,' 'હાલંદ,' 'બેલજિયમ,' 'સુઇત્ઝરલૅન્દ,'—એ સઘળાં 'અમૅરિકા'ની દરખાસ્તની વિરૂધ ગયાં. 'ફ્રાન્સ' તથા 'ઑસ્ત્રિયા' વખ્ત જતે શું થાય તે જોવું એવી અલગ રહેવાની વળાણુ પકડી બેઠાં. 'ઇંગ્લંદે' તો પોતાના 'સૉનાના એકવડા મેળ'માં ફેરફાર ન કરવાની આગલથીજ સરત કીધી હતી. 'યુનાઇતેદ સ્તેત્સ'ના વકીલ મી૦ ગ્રોસબૅકની દરખાસ્તની તરફેણમાં ફકત 'ઇતલિ' હતું. મી૦ ગ્રોસબૅકે પોતાની દરખાસ્ત રજુ કરવા આગમજ એક સુભાષિત ભાષણ કીધું હતું, જેમાં 'યુનાઇતૅદ સ્તેત્સ' રૂપાંની મોટી ઉત્પત્તિ કરનારો મુલક હોવાને લીધે, ત્યાંની સરકાર સ્વાર્થને ખાતર આ પગલું ભરવા માગતી હોય એવો તેણે ઇનકાર કીધો, ૧૮૭૩ માં ત્યાંથી 'રૂપાંનો મેળ' રદ કરવામાં સરકારની મોટી ભુલ થઈ હતી એમ તેણે કબુલ કીધું, અને 'બેવડો મેળ'જ ત્યાંનાં લોકનું ગોયા આપીકું ચલન કહેવાય એવી તકરાર તે લઇ આવ્યો. મી૦ ગ્રોસબૅકને તેના આ ખોલાસાના સંબંધમાં ભરમમાં તેમજ ખોલ્લી રીતે બહુ ઘોણા માર્યા બાદ કઇપણ સેવત આણ્યા વિના આ પ્રજા-મંડળ બરખાસ્ત થયું. ગયાં સાલમાં પણ બીજું એવુંજ 'પ્રજા-મંડળ' એજ કારણ માટે ભેગું કરવાની 'અમૅરિકા'ની સરકારે હિલચાલ કીધી હતી. 'યુનાઇતૅદ સ્તેત્સ કૉન્ગ્રેસ'ના સભાસદ મી૦ કૅલિ અને 'જરમનિ'ના ચૅન્સેલર પ્રિન્સ બિસ્માર્ક'ની મુલાકાતના 'જરમનિ'ના વર્તમાન-પત્રોમાં છપાયલા અહેવાલ ઉપરથી આ મંડળ ફરી ભેગું થશે એમ લાગતું હતું. આ અહેવાલની મતલબ નિચે પ્રમાણે છે;—પ્રિન્સ બિસ્માર્ક સાથે થાયલી મુલાકાત વેળાય 'યુરપ' તેમજ 'અમૅરિકા'માં સર્વ ઠેકાણે 'બેવડો મેળ' ચાલુ કરવા તથા 'સૉના રૂપાંની એકમેક પ્રત્યે કિંમત' ઠરાવવા માટે આગલની માફક એક બીજું 'પ્રજા-મંડલ' બોલાવવાનો 'અમૅરિકા'ની સરકારનો વિચાર છે—એ વાત જ્યારે મી૦ કૅલિએ જાહેર કીધી, ત્યારે પ્રિન્સ બિસ્માર્ક સંતોષ ભેગી અચરતી દેખાડનાર અવાજે બોલ્યો કે "શું એ પક્કો ઠરાવ થઇ ચુક્યો છે?" મી૦ કૅલિએ જવાબ દીધો કે "પ્રૅસિદંત હેઝ જેવા સતાવાલા તરફથી એ વાતની મને ખબર મળી છે". આ પ્રસંગે 'યુનાઇતૅદ સ્તેત્સ'ના એલચી મી૦ ઉહાઇત તરફ જોઇને પ્રિન્સ

બિસ્માર્ક બોલ્યો કે "આ દરખાસ્ત પર લાંબો વિચાર કરવાની કંઇ જરૂર નથી. એ તો તરત બાહાલ રાખવામાં આવે એવી છે". વળી ગયા ઑગસ્ત માસના '**બ્લૅકઉડ મૅગેઝીન**'માં પણ રૂપાંની ગળતર દુર કરવાના હેતુથી 'સોના રૂપાંની એકમેક પ્રત્યે કિમત' મુકરર કરવા માટે એક 'પ્રજા-મંડળ' બોલાવ-વાની ભલામણ કર્યામાં આવી હતી. પરંતુ 'અમેરિકા'ની સરકારને ગયા નવેમ-બર માસની આગમજ એવી ચોકસ ખબર મળી કે 'જરમનિ' આવાં 'પ્રજા-મંડળ'માં સામેળ થનાર નથી. આ કારણને લીધે બીજું 'પ્રજા-મંડળ' ભેગું કરવાની વાત ઉડી ગઇ, અને તેમાં દલગીર થવા જેવું કંઇ નથી.

કિમતના મેળ વિષે લખનારાઓ તેમજ બોલનારાઓમાં બે તડાં પડેલાં છે. કેટલાક 'સોના રૂપાંનો બેવડો મેળ' ચલાવવાની તેમજ 'સોના રૂપાંની એકમેક પ્રત્યે કિમત' ધારાથી મુકરર કરવાની હિમાયત કરેછે. બીજા હાથ ઉપર, વધારે સારી દલીલના આધાર ઉપર તથા ખુદ અનુભવ ઉપર પોતાની તકરારનો પાયો રચીને ઘણાકો 'એકવડા મેળ'ની તરફેણ કરેછે, અને કહેછે કે એક દેશમાં સર્વથી સારો 'કિમતનો મેળ' તે 'સોનાનો એકવડો મેળ' ગણાય અને તેથી ઉતરતો 'રૂપાંનો એકવડો મેળ' કહેવાય. 'ફ્રાન્સ'નો એક જાણીતો અર્થશાસ્ત્રી **મો. દી. શેરનુશી** હાલ 'યુરપ'માં 'બેવડા મેળ'ની હિમાયત કરનારાઓનો આગેવાન ગણાયછે. તે જાતે **અર્થશાસ્ત્રી** છે, પરંતુ આ બાબદની ઝનુની તકરારમાં શાસ્ત્રના કાનુનોને તે એક કોરે મુકેછે. **અમેરિકામાં ધે બાઇ-મિતૅલિક પોપ**નો ઇલકાબ તેને આપવામાં આવ્યોછે. 'ફ્રાન્સ'નો નામીચો રાજમંત્રી **મો. પારિઉ** જેની મેહેનતથીજ પેલું **લૅતિન યુનિયન** નામનું 'પ્રજા-મંડળ' ઉભું થાયલું કહેવાય, જેણે **પૅરિસ**ના ૧૮૭૦ના **મૉનિતરિ કૉનફરન્સ**માં માન લાયક ભાગ લીધો હતો, અને જેનાં ૧૮૭૬ તેમજ ૧૮૭૮માં **ફ્રેન્ચ સૅનૅત**માં કીધેલાં ભાષણો 'કિમતના મેળ'ના બાબમાં ઘણાં અગત્યનાં ગણાયછે તે પોતે તેમજ ઘણાં વર્ષ સુધી 'કિમતના મેળ' વિષે ખાસ અભ્યાસ કર્યા પછી **રવિઉ દે દેઓ મૉંદ**માં લખનાર તરીકે જાણીતો થાયલો **મો. બૉનૅ**, અને વળી **મો. માઇકૅલ શ્વાલિએ**—એ સઘળાઓ 'સોનાના એકવડા મેળ'ની હિમાયત કરેછે. **બૅલજિયમ**.જેમાં હાલ 'બેવડો મેળ' ચાલેછે, અને જેનું 'કિમતના મેળ' સંબંધી મત ઘણું વજાણદાર ગણાય તેનો માજી

ફિનાન્સ-મિનિસ્તર મો. ફ્રેર ઑરબ્યાં પોતાના નાદર ગ્રંથમાં 'બેવડા મેળ'ની ખામીઓ ઉઘાડી પાડી 'સૉનાના એકવડા મેળ' વિષે પસંદગી બતાવેછે. ઍન્તઉઅર્પની ચેમ્બર ઑવ કૉમર્સનો માજી પ્રમુખ મો. બરદોહ્લ જે પોતાના અનુભવને લીધે આ બાબદમાં મત આપવાને ઘણોજ યોગ્ય ગણાય તે પણ 'સૉનાના એકવડા મેળ'ની તરફેણ કરેછે. આ સઘળાઓના વિચાર પ્રમાણે 'સૉનાના એકવડા મેળ'થી ઉતરતો 'રૂપાંનો એકવડો મેળ' કહેવાય. 'સૉનાનો એકવડો મેળ' દાખળ કરવાની પેહેલ-કહાડનાર તરીકે 'ઇંગ્લંદ'ને જેટલું માન ઘટેછે, તે કરતાં આ નિચલી બીનાને લીધે તેને ઓછું માન ઘટતું નથી. તે બીના એ છ કે આ ૧૯મી સદીનોજ તેનો નામીચો અર્થશાસ્ત્રી અને ફીલસુફ—જૉન સ્તુઅર્ત મિલ એકલો નહિ, પણ છેક ૧૭મી અને ૧૮મી સદીના ઇંગ્લંદના નામાંકિત લખનારાઓ જેવાકે લૉક અને સ્મિથ 'કિમતના મેળ' તરીકે, એટલેજે, 'વૅપારને અર્થે કે કોઇપણ બીજી પ્રકારે બીજી સર્વ ચીજોની કિમતનાં માપ કરનારાં સાધન' તરીકે સૉના રૂપાં માહેથી કોઇપણ એકજ ધાતુને વાપરવી 'વાજબી' તથા 'અર્થશાસ્ત્રના કાનુનોને અનુસરતી' ગણેછ,

હવે સૉના રૂપાંના બેવડા મેળ સામે તથા સૉના રૂપાંની એકમેક પ્રત્યે કિમત ધારાથી મુકરર કરવા સામે શા શા વાંધા લૅવાઇ શકાય તેની તપાસ કરીએ. 'અર્થશાસ્ત્ર'નો 'નિકાસનો કાનુન' એ છ કે "એક ચીજ જ્યાં હોય કે બનતી હોય તેનો બાહેર એટલો તૉ વધારે ભાવ આવે કે સઘળો ખર્ચ બાદ કરતાં નફો રહે તૉ તેની ઘણી નિકાસ થાય." આ કાનુન મુજબ, જ્યારે બાહેર સૉનુ મોઘું થાય ત્યારે 'સૉના રૂપાંનો બેવડો મેળ' ચલાવનારા દેશોમાંથી સૉનુ બાહેર જાય અને રૂપુંજ ત્યાં રહે; તૅમ, જ્યારે રૂપું મોઘું થાય ત્યારે રૂપું બાહેર જાય અને સૉનુંજ રહે. વળી એથી કરજદારને લાભ થાય અને માંગનારને ગૅરફાયદો થાય, વારંવાર શિક્કા ગાળી નાખવામાં આવે, અને નામે 'બેવડો' ત્યારે ખરેખર 'ભાગો-તુટો, લુલો-લંગડો, એકવડો મેળ' ચાલે. કોઇપણ ધારો કે કોઇપણ 'પ્રજા-મંડળ' એવી તાકાત નથી ધરાવતું કે તે કોઇપણ ચીજની 'કિમત' ક્યિાને 'મૂલ' મુકરર કરી શકે. 'કિમત' તૉ, આગલ કહ્યા પ્રમાણે, છત અને ખપનાં પ્રમાણ ઉપર આધાર રાખેછ. હવે રૂપાંની ઉત્પત્તિના બાબમાં આપણું કંઇ ચલન નથી. સઘળું ખુદરતનાજ હાથમાં છ. ત્યારે

એકબારગી 'સોના રૂપાંની એકમેક પ્રત્યે કિમત' અગર મુકરર કરવામાં આવે હોય તે કાયમ કેમ રહે? અગર એ બન્ને ધાતુની છતનું પ્રમાણ કિમત મુકરર કરતી વેળાય જેટલું હોય તેટલુંને તેટલુંજ રહે, બન્નેનો સરખોજ ઉપયોગ હોય, બન્ને એકસરખુંજ કામ બજાવે, દરેક પ્રકારે અને દરેક જનને બન્ને એકસરખાંજ દિલપસંદ હોય, તો તેઓની કિમતનું મુકરર કીધેલું પ્રમાણ કાયમ રહી શકે. પરંતુ એમ બને ક્યાંથી? ધારાનો એમાં અખત્યાર શો? ત્યારે કોઇ પુછશે કે 'એ બે ધાતુની એકમેક સંબંધી કિમતનું ધારાથી મુકરર કીધેલું પ્રમાણ 'ફ્રાન્સ'માં અર્ધી સદી કરતાં પણ વધારે લાંબી મુદત સુધી કેમ ચાલુ રહ્યું? તેનો જવાબ એ છે કે—તેમાં પણ થોડોક ફેરફાર થયો હતો, અને એ સેહેજ ફેરફાર સાથે તે પ્રમાણ જે ટકી રહ્યું હતું તે કંઇ ધારાને લીધે નહિ, પણ તે અરસામાં છત અને ખપનો જે હિગામ હતો તેને લીધે.

શાસ્ત્રના કાનુનો હવે એક કોરે મુકી 'બેવડા મેળ'ના બાબમાં ખુદ **અનુભવ** શું શીખવેછે તે જોઇએ. ૧૭૧૭થી ૧૮૧૬ સુધી એક આખી સદી વેર ઇંગ્લંડમાં 'બેવડો મેળ' ચાલતો હતો. ત્યાં બનેલા બનાવ પરથી એમ માલમ પડેછે કે—જે ધાતુની કિમત ગળતી તેમાંજ લોકો દેવું અદા કરતા અને જેની કિમત વધતી તે ધાતુ બાહેર મોકળી દેવામાં આવતી. આ પ્રમાણે નામે 'બેવડો' ત્યારે ખરેખર 'એકવડો' મેળ ચાલતો. પરંતુ 'બેવડા મેળ'ની તરફેણ કરનારાઓ હજુર એમ કહેછે કે—"એ તો આગલા વખતની વાત છે. હાલ વખત ફેરવાઇ ગયોછે અને તેવા વખતમાં જુદુંજ પરિણામ નિપજે." ત્યારે તે સાહેબોને **૧૮૫૬** પછીના **ફ્રાન્સ**ના અનુભવની અને **૧૮૭૪** પછીના **લૅતિન યુનિયન**માં બનેલા બનાવની યાદ આપીએ.

કૅલિફૉર્નિયા અને **ઑસ્ટ્રેલિયા**ની સોનાની શોધથી 'રૂપાં પ્રત્યે સોનાની કિમત' ઘટી અને 'સોના પ્રત્યે રૂપાંની કિમત' વધી, જેથી 'સોના રૂપાંનો બેવડો મેળ' ચલાવનારાં રાજ્યોમાંથી અને મુખ્યકરી **ફ્રાન્સ**થી પુષ્કળ રૂપું બાહેર જવા લાગ્યું, તે એટલાં સુધી કે, ૧૮૫૭માં 'ફ્રાન્સ'માં ફરતા 'પાંચ-ફ્રૅન્ક'ના રૂપાંના શિક્કા ગોયા તદન નાબુદ થયા, 'ફ્રાન્સ'ના વેપારમાં ખલલ પડી, રૂપાં ઉપર મોટું **પ્રીમિયમ** (મનડામણી) થયાને લીધે **કોડ નેપોલિયન**માં આપેલી સતા મુજબ દરેક દેણદારે

સૉનામાં પોતાનું દેવું અદા કરતો, અને 'નામનો બેવડો' ત્યારે 'ખરેખરો ભાગો-તુટો એકવડો મેળ' ચાલતો. ૧૮૫૭માં ફ્રાન્સમાં પડેલી રૂપાંના શિક્કાની તંગી બાબે તપાસ કરવા માટે એક કમિશન ઠરાવ્યામાં આવ્યું હતું. કમિશને પોતાના રિપૉર્તમાં 'ફ્રાન્સ'માં ચાલતા 'બેવડા મેળ'ની ખામીને લીધે તે બનાવ બનેલો જણાવ્યો, અને 'સૉનાનો એકવડો મેળ' 'ફ્રાન્સ'માં દાખળ કરવાની ભલામણ કીધી. જે સખુનો આ ભલામણ કરતાં તે કમિશને વાપર્યાંછે તે નિચે મુજબ છે;—"ઇંગ્લંદે, એટલેજે, જે લોકો 'અર્થશાસ્ત્ર'ના નિયમો તૅમજ વૅપારના મોતેબર કાનુનો વિષે સર્વથી સારી સમજણ ધરાવેછે તેઓએ આપેલો દાખલો આપણે પકડવો જોઇયે." આ કેવા સખુનો! આ સખુનોથી 'સૉનાનો એકવડો મેળ' દાખળ કરવાની પેહેલ-કહાડનાર—ઈંગ્લંદને કેવો જેબ મળેછે! ૧૮૭૦માં પૅરિસમાં મળેલાં મૉનિતરિ કૉનફરન્સમાં મત આપવાને યોગ્ય શખ્શોની ગવાહી લૅવામાં આવી હતી, જે વેળાય બૅરન રૉથ્સચાઇલ્દ જેવા વગ-વાલા નાણાંવતીનાં સઘળાં દબાણ છતાં શાક્ષી-આપનારાઓના બૅ-ત્રત્યાંઉશ ભાગે ઍમ કહ્યું કે "સૉના રૂપાંની એકમેક પ્રત્યે ધારાથી મુકરર કીધેલી કિમત જાહુક નિભે એ બનવું અશક્ય છે."

લૅતિન યુનિયનમાં ૧૮૭૪ પછી બનેલા બનાવ નોધી લૅવા યોગ્ય છે. રૂપાંની ગળતરથી અને સૉનાની કિમતના વધારાથી મોઘું થાયલું સૉનુ બાહેર ઘસડાઈ જાય એ ભયને લીધે, ૧૮૭૪ પછી, 'લૅતિન યુનિયન'વાલાં 'બેવડો મેળ' ચલાવનારાં રાજ્યોમાં પેહેલાં તૉ રૂપાંના શિક્કા કેટલા પાડવા તેની હદ બાંધવામાં આવી હતી, અને પાછલથી રૂપાંના શિક્કા પાડવાનું તદન બંધ કરવું એવો ઠરાવ થયો હતો.

ફ્રાન્સમાં તૉ ત્રણ વર્ષ થયાં રૂપાંના શિક્કા તદન પાડવામાં આવતા નથી એટલુંજ નહિ, પણ 'નામે બેવડો મેળ' ત્યારે, વહિવાટ તપાસતાં, ગોયા 'સૉનાનો એકવડો મેળ' ચાલતો જણાયછે.

રૂપાંની ગળતરનાં કારણો, તે ગળતર ચાલુ રાખનારા સબબો, અને તે ગળતરની વૅપાર તૅમજ આપણી સરકારના બાબમાં થતી અસરની આપણે તપાસ કીધી. રૂપાંની ગળતર ચાલુ રાખનાર એક મોટો સબબ દુર કરવાનો તૅમજ આપણા દેશને આવતો 'હુંડિયામણ-ખોટ' મટાડવાના સારા ઉપાય શા છે તે પણ આપણે જોયા. બીજા ઉપાયોમાં, હદ વગર

રૂપાંના શિક્કા પાડવાનો આપણા દેશનો ધારો થોડુંક સુધી બંધ પાડવા સામે, તેમજ આપણા દેશમાં 'સોનાનો એકવડો મેળ' એકદમ દાખળ કરવા સામે, અને વળી 'સોના રૂપાંના બેવડા મેળ'ની સામે, તથા 'સોના રૂપાંની એકમેક પ્રત્યે કિમત'. ઠરાવવા સામે જે જે વાંધાઓ નિકળી શકે તે આપણે તપાસ્યા. હવે આ ભાષણ સમાપ્ત કરવા આગમજ મને એટલું તો કહ્યા વિના નહિ ચાલતું કે—આપણા દેશનાં ભલાંને અર્થે આપણા સરકારી ખર્ચમાં બનતી તાકીદે ઘણો ઘટાડો થવો જોઇયે. આ ઘટાડો કરવાની સતા આપનારૂં પ્રધાનોનું નવું બિલ જે આમની સભામાં રજુ થઇ ચુક્યુંછે તે વગર ઢીલે અમલમાં આવવું જોઇયે. વળી આપણા દેશનો લશ્કરી ખર્ચ બને તેટલો ઓછો કરવો જોઇયે. આપણો ખેરખાહ પ્રોફેસર ફૉસેત એ બાબે શું કહેછે તે સાંભળો ;——"હિંદુસ્થાનની સરકાર માટે બે માર્ગ ખોલ્લા છે. એકતો, કરજ વધારવું જેથી કરનો બોજો વધે અને રૈયતમાં બેદિલી વધે ; બીજોતો, કરજ ઘટાડવું જેથી કરનો બોજો ઓછો થાય, રૈયત સુખી થાય, અને રૈયતના સુખ જેવા એક મજબુત સ્થંભ ઉપર (આ) હિંદ-ભૂમીમાં બ્રિતિશ રાજ કાયમ રહે. વર્ષ દહાડે ત્રણથી ચાર કરોડ રૂપિયાનો ખર્ચમાં ઘટાડો થાય તો (પેલા 'ઇનકમ-ટૅક્સ'નો નાનો ભાઇ) લાઇસન્સ ટૅક્સ નાબુદ થાય, નીમક પર સરેરાસ મણે બે રૂપિયાની જગાત થાય અને જે મહાભારત, (અગત્યનાં, સુભ) કામો (હાલ) અટકી પડયાંછે તે પાર પડે." આમીન.

સમાપ્ત.

NOTES.

1 દૉલતની ઉત્પત્તિ=Production of Wealth; અર્થશાસ્ત્ર=Political Economy. (p. 1)

2 'Production of Wealth' is but a part of Political Economy. (p. 1)

3 *The Importance of Political Economy.*—Political Economy is a science the knowledge of which is useful alike to the greatest statesman and the humblest student. It is this science which treats of the rise and progress of nations in wealth and prosperity and of the principal means of effecting such progress. (p. 1)

5 *Origin of the Science of Political Economy and of the French Economists.*—Although the extension of the term *Economy* from the frugal management of domestic affairs to that of the *state* dates from such antique times as those of Aristotle, the science of Political Economy in the shape of a complete system is of recent date—a date as recent as the latter half of the eighteenth century. It was the very beginning of this period that gave birth to a celebrated School—that of the French Economists, which had for its founder no less a genius than the philosophic Quesnai. (pp. 2, 3)

5 અર્થશાસ્ત્રનો વિષય=The subject of Political Economy.—Political Economy treats of the nature and origin, the production, distribution, exchange and consumption of wealth. (p. 3)

6 *M. Say's View of Political Economy.*—At the very outset of his 'Cours d'Economie Politique Pratique' (Tome I, pp. 1, 2) M. Say asserts that

"Political Economy is no other thing than the economy of society, and that as the study of the nature and functions of the human body has created an assemblage of notions—a science to which has been given the designation of *Physiology*, so likewise has the study of the nature and functions of the different parts of the *social body* given birth to an association of ideas—a science to which has been given the name of *Political Economy*, and which would, perhaps, have better been denominated (L'Economie Sociale) *Social Economy.*"

The same writer subsequently expresses himself to the import that Political Economy is the *physiology of the social body* and that, therefore, the designation of *Social Economy* would more fully define the scope of this science. But his view that government is not essentially necessary for the social state and that the science in question "regards the political constitution of a state as an accident" is erroneous and open to objection on the ground that the very science presupposes government, implies (if not explicitly marks out) its indispensableness, and takes no account of man 'merely as a social animal.' (p. 3)

માંડળિક શરીર=*The social body.*(p. 3)

7 *Ricardo's View*—The principal problem of the Science is to determine the laws which regulate the distribution of the whole produce of the earth among landlords, capitalists and labourers."–Prin. Pol. Econ. and Taxation. p. 1—(p. 3)

8 *Wealth* does not consist exclusively of money or coins as people generally believe. It may be defined to consist of all material things that have some utility, are limited in supply and subjects of barter. Adam Smith says that *Wealth* is the produce of land and labour which is susceptible of accumulation. Throughout his work Mill uses *wealth* to mean *material wealth*. He defines it to be "all useful or agreeable things which possess exchangeable value." (pp. 3, 4)

The French Economists limit the signification of *wealth* to 'the net produce of land.'—Cours d'Econ. Pol. Prat. Tome I. p. 92.

"Wealth," says M. Say, "is if two sorts"—(I) "les richesses naturelles" et (II) "les richesses artificielles ou sociales," *i. e.*, (I) *natural*, and(II) *artificial* or *social wealth*. *Natural wealth* is "what is bestowed upon us by nature gratuitously and in profusion ; as, for example, the *air* that be breathe, the *light* of the day, *water* that quenches our thirst, etc. It belongs to everybody; to the poor and to the rich alike ; and it is denominated *wealth* in a general and philosophic sense." *Social* or *artificial wealth* is, according to his view, "what is not obtained gratis but by real sacrifice ; as, for example, *food* which cannot be had whithout tillage, *clothes* which cannot be had unless somebody has made them, *houses* which can have no existence unless somebody has built them. The idea of *ownership* is inseparable from it, and proprietorship supposes some society—some conventions and laws. Hence its designation. It is founded on

the right of possession—a right recognized and guarantied by society."
—Cours d'Econ. Pol. Prat. Tome I. pp. 132-4.

9 દ્રવ્ય=Wealth. (p. 4)

10 *The relation of History to Political Economy.*—As observed by M. Say, Political Economy is a science based upon *ascertained facts.* Thus it draws its materials from the past. A bare observation of political facts and of the economical relations of mankind is not adequate to the constitution of a science. It is required that these political facts and economical relations should be registered in a systematized form. It is the function of History to make such a register and furnish observed facts and phenomena and observed economical relations upon which the Political Economist founds his system. History, therefore, lies at the very threshold of Political Economy. It is History that furnishes the Economist with the materials upon which he should operate, and it is the Economist who has to dissect and analyse these materials, to investigate and determine their nature, and to decide how they should be dealt with. (p. 4)

11 દેશ-સ્થિતિ-રીતિ-પ્રકરણ=Statistics. (p. 5)

The relation of Statistics to Political Economy.—Besides being founded on *positive facts*, the science of Political Economy requires something more to complete the basis on which stands its mighty superstructure. That consummative

element of its foundation is *ascertained calculation*, and Calculation falls into the province of Statistics. It is Statistics that furnishes the Economist with a complete statement of the extent of a country, the number of its inhabitants, its agricultural products and manufactures, its wealth and power, its industry, commerce and its other varied resources. Statistics, therefore, is very closely connected with Political Economy and is no less important for the purposes of this science than History. (p. 5)

12 'તત્વ-સિદ્ધાંતો' (૫) ઇત્યાને 'મૂળ-સિદ્ધાંતો' (૩૭)=Elementary or Fundamental Propositions (p. 5) In reference to the four fundamental propositions of Political Economy (p. 5), the reader may also consult Prof. Senior's Treat. of Pol. Econ. p. 26.

13 માણસ જાતની મંડળી તરીકેની હાલતમાં રફતે રફતે થયલા સુધારાના પાંચ તબક્કા=*The five stages of social progress*; મંડળી તરીકેની હાલત=The social state.—(pp. 5, 6)

(*a*) જંગલી હાલત=*The Savage State.*—In this state people were entirely engaged in hunting and fishing, and subsisted almost exclusively on the product of the chase. They had the skins of wild animals for their clothes, and huts of wicker-work formed their habitation. (p. 6)

(*b*) ભરવાડ-સ્થિતિ=*The Pastoral or Shepherd State*, also called the *Nomad State*; મનશીળ વિદ્યાઓ=Speculative Sciences; ખગોળ-વિદ્યા=Astronomy; 'લોક-કથા' અથવા 'દંતકથા'=Tradition; અંક=Act; પ્રવેશ=Scene.—(pp.5, 6)

In the *Pastoral State*—a state as much desirable in itself as for its effects, useful animals began to be domesticated, "milk and its products" formed the principal food of mankind, wealth began to increase, 'ineqality of possessions' arose, new wants and new desires sprang up, which were easily supplied and gratified, and *Speculative Sciences* took their 'first beginnings.'

"The earliest astronomical observations, are attributed by a tradition which has much appearance of truth to the shepherds of Chaldæa."

So says Mill and in support of this we may here quote the following beautiful verses of one of the best English poets of the present century.

"Chaldæan shepherds, ranging trackless fields
Beneath the concave of unclouded skies
Spread like a sea, in boundless solitude,
Looked on the polar star, as on a guide
And guardian of their course, that never closed
His stedfast eye. The planetary five
With a submissive reverence they beheld,
Watched, from the centre of their sleeping flocks,
Those radiant Mercuries, that seemed to move
Carrying through ether, in perpetual round,
Decrees and resolutions of the gods;
And, by their aspects, signifying works
Of dim futurity, to man revealed.
The imaginative faculty was lord
Of observations natural; and thus
Led on, those shepherds made report of stars
In set rotation passing to and fro,
Between the orbs of our apparent sphere
And its invisible counterpart."

Wordsworth's Excursion. Bk. IV.
Despondency Corrected. Vers. 690-708.

These shepherds were also famous for their knowledge of Astrology and were the first to divide the zodiac into twelve signs.

Respecting this Pastoral State we may here cite some observations from Fénélon and Shakspere. But let us first introduce ourselves to Fénélon's *Télémaque*--that admirable epic in which have been described with unrivalled ease, simplicity, pathos and elegance the adventures of Telemachus, son of Ulysses. In it we meet with the following admonitory words of Termosiris, the priest of Apollo, addressed to the hero of the volume;—

" Un jour, mon fils, un jour, les peines et les soucis cruels qui environnent les rois vous feront regretter sur le trône la vie pastorale," i.-e., "One day, my son, one day will the troubles and the cruel cresa that besiege kings make you regret on the throne the life of a shepherd."—Télémaque. Bk. II. p. 29.

Then again, while relating the history of that deity whom Florizel, son to Polixenes—King of Bohemia, represents in Shakspere's "Winter's Tale" (Act IV, Sc. III) as

" the fire-robed god,
Golden Apollo—a poor humble swain,"

Termosiris says—"Apollo, stripped of all his rays, was constrained to turn a shepherd and to tend the herds of King Admetus" (of Thessaly),

–words which import the extreme blissfulness of the pastoral state whether considered absolutely in itself or relatively to other states, inasmuch as even a god had once been a shepherd.

Let us now advert to the Third Part of King Henry VI, Act II, Sc. V, in which we find the

following words bursting forth from the lips of the King himself while deep-distressed in mind,—words in which the *pastoral state* has been pronounced preferable to the *state of kings* and in which a true and elegant picture has been drawn of a shepherd's life, and a graphic description given of its various functions and its blessings:—

"O God, methinks it were a happy life
To be no better than a homely swain;
To sit upon a hill, as I do now,
To carve out dials quaintly point by point,
Thereby to see the minutes how they run.
... ...
So many hours must I tend my flock;
So many hours must I take my rest;
So many hours must I contemplate;
So many hours must I sport myself;
... ...
Ah, what a life were this! how sweet! how lovely!
Gives not the hawthorn bush a sweeter shade
To shepherds looking on their silly sheep
Than doth a rich-embrodered canopy
To Kings that fear their subjects' treachery?
O, yes, it doth; a thousand-fold it doth.
And to conclude,—the shepherd's homely curds,
His cold thin drink out of his leather bottle,
His wonted sleep under a fresh tree's shade,
All which secure and sweetly he enjoys,
Is far beyond a prince's delicates,
His viands sparkling in a golden cup,
His body couched in a curious bed,
When care, mistrust, and treason wait on him." (pp. 6, 7).

(c) Advancing further we come to the *Agricultural State*, the origin of which may be ascribed to the overgrowth of men and cattle, and to the conse-

quent deficiency of 'natural pasture.' When the want of 'natural pasture' began to be felt, men took themselves to the cultivation of land, though under great disadvantages of soil and climate. In this state of society, there arose a *Mercantile Class* made up of two sections, viz, 'grain-dealers' (અનાજના વૅપારીઓ) and 'Money-dealers' (નાણું ધીરનારાઓ) (p. 7)

(*d*) 'કારીગરો' અથવા 'કીસબીઓ'=Artificers; ખપથી જીઆદા નિપજતી પૅદાસ=The surplus produce. (p. 7)
As the land began to yield more than what was required to feed the producers, a portion of the population was released from the duties of agriculture. The hands so released naturally turned to other industries, i. e. the manufacture of various articles to provide for the conveniences, comforts or luxuries of the people. The class of *Artificers* thus came into existence. (p. 7)

(*e*) In due process of time the economy of society required that the manufactured articles should be placed within easy reach of those for whose use they were intended, and in order to meet the convenience of the consumers, there sprang up a class of *Dealers* and *Traders*. (p. 7)

14 *The Mercantile Theory.*—During the prevalence of this system, *money* was regarded as *synonymous with wealth;* importation of the precious metals, such as gold and silver, was highly encouraged;

